મનોવિજ્ઞાન

પ્રવચનકાર

અધ્યાત્મગુણ સંપન્ન પરમતત્ત્વવિદ્

પ.પૂ. પંડિત મહારાજ
શ્રી યુગભૂષણવિજયજી

મનોવિજ્ઞાન

પ્રવચનકાર

અધ્યાત્મગુણ સંપન્ન પરમતત્ત્વવિદ્

પ.પૂ. પંડિત મહારાજ
શ્રી યુગભૂષણવિજયજી

॥ ॐ ह्रीं श्री पार्श्वनाथाय नमः ॥

॥ प.पू. श्री युगभूषणविजयजी सद्गुरुभ्यो नमः ॥

મને પૂજ્યશ્રીના સંપર્ક બાદ ધર્મના ક્ષેત્રમા કયા ગુણો વિકસાવીએ તો આત્મકલ્યાણ થાય. આ તમામ બાબતોનું વિશુદ્ધ જ્ઞાન થયુ. માટે એ જ્ઞાનના રેફરન્સ માટે જ પૂજ્યશ્રીની વાણીને અક્ષરદેહ આપ્યો છે.

આ અક્ષરદેહ રુપ
પૂજ્યશ્રીની વાણીમાં મારી અલ્પ મતિના કારણે જિનાજ્ઞા વિરુદ્ધ કે પૂજ્યશ્રીના આશય વિરુદ્ધ કોઇપણ મારાથી ભૂલચૂક થઇ હોય તો

"ઇ"
તિવિધે તિવિધે
મિચ્છામિ દુક્કડં માંગુ છું.

પ્રસ્તુત લખાણનો સંપૂર્ણ અભ્યાસ બાદ જ
પ્રસ્તુત પદાર્થનો વિશદ બોધ થશે

લી. દર્શનાના જયજિનેન્દ્ર

॥ ૐ શ્રી પાર્શ્વનાથાય નમઃ ॥

॥ પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ॥

૯-૭-૯૫
રવીવાર

॥ મનોવિજ્ઞાન ॥ ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ ૮૪ લાખ જીવાયોનિમાંથી માનવભવને સાર્થક કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

શાસ્ત્રકારોએ માનવભવના બેમોઢે વખાણ કર્યા છે. મનુષ્યભવની સાર્થકતા જેટલી પણ કહી શકાય તેટલી ઓછી છે. શાસ્ત્રકારોએ દેવભવના વખાણ નથી કર્યા. આમ જોતા તો ચાયકે માનવભવમાં વખાણવા જેવુ શું છે, તે જ પ્રશ્ન છે ? તેની સામે દેવતાઈ ભવમાં દેવનો ભવ વિશિષ્ટ છે. પરંતુ માનવભવની વિશિષ્ટતાઓમાં તેનું મન આવે છે. દેવતાઓનું મન શક્તિ અને કિંમતની દૃષ્ટિએ ઘણુ હીન છે, જ્યારે માનવંમન અગાઢ શક્તિવાળુ છે.

માનવદેહની વિશિષ્ટતા ઓછી છે, તે કાચના વાસણ જેવુ છે. પણ માનવમનની શક્તિ અગાઢ છે. Human brain unparalled છે.

આધુનિક વિજ્ઞાન જેને મન કહે છે તેને શાસ્ત્રકારો મન નથી કહેતા, પણ તે મનપર્યાપ્તિ છે. જ્યારે મન મનોવર્ગણાના પુદ્‌ગલોમાંથી બનેલુ છે. મનની અગાઢશક્તિનુ વર્ણન શાસ્ત્રમા છે, જેનો આપણે પણ પ્રત્યક્ષ અનુભવ કરીએ છીએ. મનને ઓળખવાની જરુર છે. આપણને મનની ખૂબી અને ખામીનો પરિચય નથી.

આપણે બધા હંમેશા દૂરની વસ્તુમાં જ વધારે રસ લઈએ છીએ, નજીકની વસ્તુમાં નહિ. જેમ મહિને મળનારા માણસ સાથે વધારે પ્રફુલ્લિત હોય છે. જેમ કહેવત છે કે ડુંગરા દૂરથી રળિયામણા.

ચોવીસે કલાક મન સાથે સંધાન છે અને તેની સાથે તમારુ અસ્તિત્વ વણાયેલુ છે. ઘરમાં જેમ રાચરચીલા સાથે તમે રહો છો તેમ દેહ સાથે જ રહો છો, પણ ઉંઘમાં દેહનો ખ્યાલ રહેતો નથી. દેહથી તો થોડો વખત પણ અળગા પડો છો ને ? ઈન્દ્રિયો પણ ઉંઘે ત્યારે શાંત પડી હોય છે. પરંતુ ઉંઘમાં સક્રિય મન જ હોય છે જે જુવની

છેલ્લી ક્ષણ સુધી સક્રિય રહે છે.

માણસ જાગતો હોય કે ઉંઘતો હોય તેનુ મન સક્રિય જ રહે છે. ભૂતકાળમાં વિજ્ઞાનીકોનો અભિપ્રાય એવો હતો કે ગાઢ નિદ્રામાં શરીર નિષ્ક્રિય બની જાય. આવુ બધુ માનનારા સારા સારા neurologists હતા, પણ ધર્મના જાણકારો કહે છે કે ઉંઘમાં પણ તદાવસ્થામાં સ્વપ્નસૃષ્ટિ ચાલુ જ હોય છે. પ્રત્યેક ક્ષણે મનનું કાર્ય ચાલુ જ હોય છે. ગાઢનિદ્રામાં થોડુ ઓછુ હોય છે. આજના ડોક્ટરો બે શબ્દ વાપરતા હોય છે. Physically dead અને mentally dead.

મનની અગત્યતા શુ છે? સાતત્યપૂર્વક મનનું અસ્તિત્વ આત્મા સાથે સંકળાયેલુ છે. મનની પ્રત્યેક પ્રવૃત્તિની આપણા આત્મા પર અસર છે. મનને છોડીને જડ ભૌતિક સાથે ગાઢ નાતો નથી. મન જે આપણી સૌથી નિકટ વસ્તુ છે તેના રહસ્યો સમજવા જ જોઈએ.

અધ્યાત્મમાં મનની સાધનાનુ રહસ્ય છે જે સમજવુ મહત્વનુ છે. જે મનને નથી જાણતા તેનુ જીવન નકામુ છે. મોક્ષ પામવા માટે મનનો તાગ પામવો જ પડશે. મન જ મુક્તિની સાધના માટેની મુખ્ય કડી છે, તેના દ્વારા જ આગળ વધવાનુ છે. સાચા ધર્માત્મા માટે આ સમજવુ અત્યંત જરૂરી છે. ઘણીવાર પુરુષાર્થ કરવા છતા પણ માનવ આ ન જાણતો હોવાથી નિષ્ફળ જાય છે. તેથી જ મનના રહસ્યો જાણવા જરૂરી છે.

માનવમન flexible છે. તેનો સ્વભાવ પરિવર્તનશીલ છે. ૮૪ લાખ જીવાયોનિમાંથી કોઈપણ ભવ એવો નથી જેમાં મન ઉપરથી નીચે અને નીચેથી ઉપર જઈ શકે. આ જ માનવમનની વિશિષ્ટતા છે.

દેવતા ગમે તેટલો પણ પુરુષાર્થ કરે તો પણ ભારેમા ભારે અશુદ્ધિ તરફ જઈ શકે નહિ, અને શુદ્ધિ સુધી પણ તે ભવમાં જઈ શકે તેમ નથી. દેવતાઈ ભવમાં બન્ને છેડા સુધી જવુ શક્ય નથી.

જ્યારે માનવમન ઉંચામાં ઉંચુ અને નીચામા નીચું પ્રયાણ કરી

શકે છે. આજ માનવભવની મોનોપોલી છે. તમારા આત્મામાં તમારા મનના પુરુષાર્થ દ્વારા પરિવર્તન કરી શકો છો.

રૂપ, શરીરબળ વગેરે બધુ જ દેવભવ કે પશુભવમાં વધારે હોઈ શકે છે. પરંતુ મનની શક્તિ તો ફક્ત માનવભવમાં જ છે. તેની તોલે બીજો કોઈ ભવ આવી શકે તેમ નથી. માનવીને કુદરત દ્વારા વિશેષ મનની ભેટ મળી છે. જો આ મનના રહસ્યો સમજી શકીએ તો ભવને સફળ કરી શકીએ.

મન આખી દુનિયામાં એક ક્ષણમાં ફરીને આવી શકે છે. અને જો રસ પડી જાય તો એકાગ્રતા પણ લાવી શકે છે. મનની શક્તિ જ અજબગજબની છે. બીજી બાહ્ય ઈન્દ્રિયોની શક્તિ મન આગળ અંશમાત્ર પણ ન આવે, પણ આ શક્તિનો પરિચય ન હોવાથી જ સાધના કરવામાં તમે ઉત્સાહિત થઈ શકતા નથી.

અધ્યાત્મીક દૃષ્ટિ બીજા કોઈના પણ ધર્મમાં આપણા શાસ્ત્રો જેવી નથી. મોક્ષનો concept જ પૂર્વની સંસ્કૃતિ છે. English language માં અધ્યવસાય જેવો શબ્દ જ નથી. ભારતીય ધર્મમાં આત્માનંદની વાત છે. જેમ પાશ્ચાત્ય સંસ્કૃતિ Salvation શબ્દને મોક્ષ માને છે. જેનો અર્થ પાપની મુક્તિ થાય છે. મોક્ષ ફક્ત પાપની મુક્તિ જ નથી પણ બધાથી જ મુક્તિ. જેમા પુણ્ય પણ આવે જ છે.

ઉંચામાં ઉંચો ભાવ અને હલકામાં હલકો સંક્લિષ્ટ ભાવ મનુષ્યભવના મનમાં છે અને એનો કન્ટ્રોલ તમારા હાથમાં છે. તમારે કઈ બાજુ ગતિ કરવી છે તે તમારો નિર્ણય છે.

મન શુ ચીજ છે? જૈન ફીલોસોફી ક્રમાણે શાસ્ત્રીય પરિભાષામાં સમજાવે છે કે જેમ આ શરીર છે, જે જડ છે અને નજરોનજર દેખાય છે. બાહ્ય દુનિયાના જ્ઞાનના સાધન તરીકે પાંચ ઈન્દ્રિયો રચાઈ છે. અંદરમાં જે અતિશય સુક્ષ્મ રચનાવાળુ જે માધ્યમ છે તે દ્રવ્યમન છે. જડ,

અણુપરમાણુની રચનામાંથી બનેલો sphere આકાર છે. જેનો આકાર સતત બદલાયા કરે છે.

જેની પાસે મનઃપર્યવજ્ઞાન છે તે જ્ઞાનીઓ રૂપી એવા મનને સ્પષ્ટ જોઈ શકે છે. સામાન્ય ઈન્દ્રિયોથી મન ગ્રાહ્ય નથી. રૂપીદ્રવ્ય જે આપણી ઈન્દ્રિયોથી અતીત છે તે પુદ્ગલોને જડ જ કહેવા પડે અને અરૂપી એવા આત્માને પ્રત્યક્ષ તો કેવળજ્ઞાની જ કરી શકે. દ્રવ્યમનની અસરોને આપણે ચોવીસ કલાક અનુભવ કરી શકીએ છીએ.

શાસ્ત્રમા આકારની બાબતમાં વિવેચન થયા છે. દ્રવ્યમનની સ્પષ્ટ જાણકારી ભગવાને આપી છે. દ્રવ્યમન સાધન છે જ્યારે ખરૂ મહત્વનુ. મન ભાવમન છે, જે આત્મા સાથે જોડાયેલુ છે.

અનુભવના જે કુસંસ્કારો છે. જેમ સારા કે ખરાબ ભાવો, મોહ, માન વગેરે ભાવમનમાં સંઘરાય છે. જે મોહના સર્જનનુ ઘર છે. તે જ મોહના વિસર્જનનુ સાધન પણ છે. કષાયોથી અને વિકારોથી વાસિત મન તે સંસાર છે. અને તેનાથી મુક્તિ તે મોક્ષ છે. ચોવીસ કલાક કર્મનો બંધ તે મનને આધારે છે. દ્રવ્ય કાયા કે વાણી કે ઈન્દ્રિયોને લીધે કર્મનો બંધ નથી થતો પણ બધી જ પ્રવૃત્તિમાં જો મન ભળે તો જ કર્મનો બંધ કે કર્મની નિર્જરા થાય છે. આ જ મનનુ મહત્વ સમજાવે છે. જેમ કહેવત છે કે "મન ચંગા તો કથરોટ મે ગંગા" આ જ સૂચવે છે.

Dr. Herman Jacobi નામના મનોવૈજ્ઞાનિક "ઉપમિતિભવ પ્રપંચ" નામનો ગ્રંથ વાંચીને એટલો રાજી થયો કે ગ્રંથ માથે લઈને નાચ્યો હતો, તેના જેવુ મનોવિજ્ઞાનનુ analysis કોઈ ગ્રંથમા નથી. મનની ખાસિયતો, તેનુ કામ આ બધુ કથારૂપે છે. ઉપાધ્યાય યશોવિજયજી મ. સાહેબે લખ્યુ છે કે આવુ અદ્ભુત વિવેચન બીજે ક્યાંય સાંભળ્યુ નથી. ઉપમિતિકારે પૂર્વભૂમિકામાં લખ્યુ છે કે આ જગતમાં જેટલી કલ્યાણ અને અકલ્યાણ ની ભૂમિ છે તે મન છે. મનના સુખ વગર આ જગતમા કોઈ સુખી

થતુ નથી. તેવી જ રીતે મનના દુઃખ વગર પણ કોઇ દુઃખી થતુ નથી.

સર્વકર્મના ક્ષય અને બંધનું કારણ પણ મન છે. સર્વપ્રકારની શાંતિ અને અશાંતિ મનને લીધે જ છે. મન એ આખા જગતનો માલિક છે. જે મનને જ તમે મહત્વ આપ્યુ હોત તો કેટલી સાધના કરી હાડ્યા હોત. પણ તમે તો શરીરને મહત્વ આપ્યુ છે. જે મનને ઓછુ મહત્વ આપે છે તે ચિંતા ભૂલી રહ્યા છે. કોઇપણ માણસ ચિંતાપ્ત મનને સાથે રાખીને સુખી થતુ નથી.

આ ભાવમન ચૈતન્યમય છે જ્યારે દ્રવ્યમન જડ છે. જેમ ચશ્મા તે આંખને દેખાડવાનું સાધન છે, પણ ખરુ ને ખોટુ તો મન જ નક્કી કરે છે. તેમાં ઇન્દ્રિયો ગુનેગાર નથી હોતી.

સ્વામી વિવેકાનંદના દ્રષ્ટાંતમાં તેમની યુવાવસ્થા દરમ્યાન સન્યાસ લઇ રસ્તામાં જઇ રહ્યા હતા, ત્યારે એક સુંદર યુવતીને જોઇ આકર્ષણ થવાથી ટીકીટીકીને જોઇ, પરંતુ પછી પાછળથી પસ્તાવો થયો પણ ગુસ્સો આંખ પર આવ્યો. અને આંખને તેથી સજા કરવાની વૃત્તિથી પોતે આંખમાં મરચાની ભૂકી નાખી. આમ તો આ દ્રષ્ટાંત તેમની પાપ પ્રત્યેની તિરસ્કારની જાગૃતતા જ બતાવે છે. પણ વાંક કોનો હતો ? તેમની આંખનો કે તેમના મનનો ? આવી ઘણી ગેરસમજ લોકોને હોય છે. ઘણા બોલતા હોય છે કે "અમે અમારા મન આગળ હારી જઇએ છીએ."

Taxationની ચોરી પણ જે પગારદાર નોકર જ કરતો હોય તો પણ પગલા તો શેઠ સામે જ લેવાય છે. તેને નોકરનો ગુનો નથી ગણવામાં આવતો. આપણે જ આપણા મનના માલિક છીએ તેથી બીજા પર દોષનો ટોપલો ન જ ઢોળાય. આત્મા જ એક એવી વસ્તુ છે જે પોતે જ પોતાને ઓળખી શકે સમજાવી શકે ને પોતાને બદલી પણ શકે. આત્મા જેવુ બીજુ એકે તત્વ નથી જે આવી રીતે પોતે જ પોતાને સમજાવી શકે.

આત્મા જ આત્માને, આત્માથી આત્મા દ્વારા જાણે, તે જ અધ્યાત્મ છે ને તે જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. અધ્યાત્મ એ તમારી ચેતના જે જડમાં, જડ દ્વારા ને જડ થઈને ફેલાયેલી છે તેને આત્મામા, આત્માથી, આત્મા દ્વારા લઈ જાય છે. કર્તા, હર્તા, ભોક્તા એ બધુ આત્મા જ છે. દેહના સંચાલનમાં આત્મા વગર બધુ જ અસ્તવ્યસ્ત થઈ જાય. આ આત્મા પર તમે અત્યારસુધી વિચાર જ કર્યો નથી. આત્માના ચમકારા જોવા માટે દૃષ્ટિ જોઈએ.

અધ્યાત્મ શુન્યદશાથી વિપરીત તમારી ચેતના, ચેતન સ્વરુપે આત્મામાં આત્મા દ્વારા, આત્મા માટે આત્માને જુએ, જાણે અનુભવે. એનુ નામ જ અધ્યાત્મ. જ્યારે અધ્યાત્મશુન્ય દશામાં તમારી ચેતના જડમાં, જડ સ્વરુપે, જડ દ્વારા, જડ માટે ને જડને જાણવા અનુભવવા સક્રિય બને તેનુ નામ અધ્યાત્મશુન્યદશા છે. સારાંશરુપે આપણી ચેતનામાં કર્તૃત્વ જે બહાર છે તેને અંદરમા લઈ જવુ તે છે.

સવારથી સાંજ જે મહેનત કરો છો તે જડ માટે, જડ દ્વારા, જડ સાધનોથી છે. જેમ માલપાણી ખાવાથી દેહ જ તગડો થવાનો, આત્મા નહિ. તમારી તમામ પ્રવૃત્તિ જડ માટે જ ને જડ દ્વારાને જડમાં જ કરો છો. આ પણ જડભગત બનીને જ કરો છો. આ જૂઠતા છે.

આત્મા જ દ્રવ્યમનનો ઉપયોગ કરી તમામ પ્રવૃત્તિ કરે છે. ભાવમન, દ્રવ્યમન દ્વારા આત્મામાં પેદા થયેલા ભાવો છે. અસંજ્ઞીનુ સુક્ષ્મ દ્રવ્યમન હોય છે. ૧૪મા ગુણસ્થાનકમાં જ દ્રવ્યમન નથી હોતુ. આત્માના અનંત જન્મ થયા પણ આત્મા દેહથી સંપૂર્ણ જુદો નથી થયો. દેહાતીત અવસ્થાનો અનુભવ થયો નથી.

માના પેટમાં જે જન્મે તે સ્થુળ દેહ, અને તેનો વિયોગ મૃત્યુ છે. અહીંથી મરીને જાય ત્યારે કાર્મણ અને તૈજસ બીજા ભવમાં પણ સાથે આવે છે.

ભવયોનિ Superior કે inferior મળે પણ મન તો બધી જ યોનિમાં હોય જ છે. નહિ તો ઉપયોગ પ્રવર્તાવી જ ન શકે.

ભાવમનથી કર્મબંધ થાય. કર્મના ૪ પ્રકારો છે. દા.ત. જેમ આ ભીંત છે તે કોરી કટને લીસી છે ને તેના પર ભીનાશ ન હોવાથી ધુળ કે રજકણ અડીને ખરી જાય. એને બદલે ખરબચડી, થોડી ભીની કે તેલની ચિકાશવાળી ભીંત હશે તો રજકણ, ધુળ ચોંટી જશે.

વીતરાગનો આત્મા લીસી ભીંત જેવો છે. તેના પર કર્મના રજકણો આવીને ખરી જાય છે. રસ વગરનુ કર્મ આત્માને કોઇ બંધ નથી કરતુ. બંધ શબ્દ એટલે જ ચોંટી જવુ.

રાગ, દ્વેષ એ જ ચીકાશ છે. જડનુ આકર્ષણ તે જ રાગ છે. કર્મ ત્યારે જ ચોંટે જ્યારે તમારામાં રાગદ્વેષ હોય. વીતરાગને કોઇ કર્મનો બંધ નથી થતો. દરેક મન, વચન, કાયાના કારણે સ્પંદન થાય છે. તેથી કર્મ આવીને ખરી જાય છે. રાગ, દ્વેષ, મોહ, માન, માયા, અસૂયા, આસક્તિઓની પરિણતિઓ ભાવમનમાં રહે છે. આવા અસંખ્યભાવોથી આત્મા પર સતત કર્મ આવ્યા કરે છે. ભાવમનથી કર્મબંધ થાય છે.

વિકસિત કે અવિકસિત, નાનુ કે મોટુ મન તો આ જગતમાં બધા જીવોને હોય છે. જો તેના માં શુભ અશુભ ભાવ ન હોય તો તેને કારણ વગર કર્મબંધ થાય નહિ.

જૈનશાસનમાં નિર્દોષને સજા નથી, દોષીને જ છે. તીર્થંકર પણ જો ભૂલ કરે તો તેને પણ સજા જ છે. પછી તે વ્યક્તિ નાનો હોય કે મોટો હોય.

સૃષ્ટિનુ સર્જન કે સંચાલન કરવા માટે કોઇની જરુર નથી, એ શાશ્વત છે. ભાવમન, અંદરમાં રહેલ આત્માના ભાવો છે. દ્રવ્યમન અણુપરમાણુની સ્વરચના છે. આ ભાવમન ચોવીસે કલાક પુણ્ય અને પાપનો બંધ કરતો હોય છે. ભાવમનને સમજવા થોડા તેના પાસા સમજવા

જોઈએ.

ભાવમન સતત સક્રિય છે અર્થાત તમારો આત્મા કોઈપણ પણ મનોભાવથી શુન્ય હોતો નથી. પ્રતિક્ષણ તમારા આત્મામા મનોભાવો જન્મે છે અને વિલીન થાય છે. તેની ઘટમાળ ચાલુ જ રહે છે ને તે ભવમાત્રમાં ચાલુ રહે છે. કીડી જેવા નાના જીવને પણ પ્રત્યેક ક્ષણે ભાવ થતો જ હોય છે. મનોભાવથી શુન્ય કોઈપણ આત્મા આ જગતમાં નથી. આ પેદા થતા મનોભાવને ઉપયોગમન કહે છે.

ભાવમન

ઉપયોગમન ← → લબ્ધિમન

conscious . unconscious

મનની સપાટી પર ઉપયોગ રીતે વર્તતો ભાવ જ છે. દા.ત. કોઈ માણસ આવીને વાત કરતો હોય ત્યારે કોઈ અવાજ કરે તો, ત્યારે મન તે અવાજમાં જ જશે. નવી વ્યક્તિ ઘરમાં આવે ત્યારે ધ્યાન તેમાં જ જશે. જ્યારે concentration કરો ત્યારે તે વસ્તુ તમે જાણી સમજી શકો છો ને ભાવો પેદા થાય છે. આ ઉપયોગમન ધારાવહ રીતે વહી રહ્યુ છે. મનની ચંચળતા અને તરંગતા તે ઉપયોગમનને લીધે ઘડીકવારમાં દુનિયાની સફર કે ભૂતકાળની વાત પર ચડી જાય છે, તેવી જ રીતે ભવિષ્યમા પણ જતુ રહે છે. આ ગતિ કરનારુ મન તે ઉપયોગમન છે.

આ ઉપયોગમનનો ગતિશીલતાનો સ્વભાવ છે. એ ઉપરાંત કોઠાગતા દ્વારા ઘણુ થાય છે. મનનો સમગ્રતાથી વિચાર કરતા ઉપયોગમન તે નાનો ભાગ બની જાય છે. મનમા ઉપયોગમન સપાટીએ છે. Computer કે T.V. બધામાં બારીક હોય જ છે પણ T.V. on કરો તો ત્યારે screen પર તેટલુ જ આવી શકે જેટલી તેની screen હોય છે. કોઈ ગામડીયો કે ન જાણનાર માણસ, આ પડદા પરની માહિતિને જ બધી માહિતિ સમજી લે તો કેવો મૂરખ કહેવાય ! તેવી જ રીતે તમારી

મનની સપાટીને અડી લો તો તમારા આખા મનને અડ્યુ છે તેમ ન જ કહેવાય. જ્યારે પણ નિમિત્ત મળે છે ત્યારે તે પ્રમાણે ભાવો જાગે છે ધંધા કે પૈસાના વિચાર આવે ત્યારે ધંધાના આંદોલનો ચાલુ થાય પરંતુ તરત બીજા વિચારમાં પણ પરોવાઈ જાઓ છો. જ્યારે ઉંડુ મન અવિદ્યમન (sub-conscious) કહેવાય છે તેમા થોડુક જ પરિવર્તન આવે છે.

અધ્યાત્મની સાધના દ્વારા આ મનનુ પરિવર્તન કરવુ પડે છે અને પરિવર્તન લાવવા સપાટી સિવાયના મનમાં શુ છે તે જાણવુ જરુરી છે. તમે તમારા મનને વાંચવાનુ રાખ્યુ છે કે ? દુનિયાને જ વાંચવાનુ રાખ્યુ છે ને ? કોઈપણ પ્રવૃત્તિ કરો ત્યારે ચોક્કસ Link સાથેની હોય કે ગમે ત્યાંથી ટપકી પડે ? તમારા મનની ગતિશીલતાનો કોઈ પ્રવાહ નથી માટે જ ગમેત્યાં ખેંચાઈ જાવ છો.

સિદ્ધર્ષિગણિજીએ પહેલી પીઠિકામાં ધર્મનુ પ્રયોજન સમજાવ્યુ છે. ધર્માત્મા વ્યક્તિ નિષ્પ્રયોજન વિચારે જ નહિ, અને કદાચ નિરર્થક વિચાર આવી જાય તો પણ વાણી દ્વારા તો વ્યક્ત ન જ કરે અને કદાચ વાણી દ્વારા આવી જાય તો આચરણ તો ન જ કરે.

તમે સવારથી સાંજ જે વિચારો તેનો કોઈ ખુલાસો ખરો ? ગાંડાનુ લક્ષણ શુ ? જે વગર કારણે પ્રવૃત્તિ કરે અને વિચારે. તેથી જ સમજદાર અને ડાહ્યા લોકો નકામુ વિચારે કે બોલે નહિ અને કરે પણ નહિ. જે પોતાનુ ગાંડપણ સમજી જાય તે પણ ડાહ્યો થઈ જાય.

આત્માને જ ઉપયોગી વિચારવુ, બોલવુ અને વર્તન કરવુ તે જ ધર્મ છે અને તેનાથી ઉલ્ટુ તે અધર્મ છે. આ બધા મનોભાવોનુ સપાટી રૂપે પણ આપણે અભ્યાસ કરતા નથી. મનને તમે બધાએ તમારા જીવનમાં વિષય તરીકે રાખ્યો જ નથી.

સામાયિક કરો ત્યારે સપાટીની શુદ્ધિ થાય પણ આંતરીક મનનુ

શુદ્ધિકરણ ન કરી શકો તો ભાવપૂર્વકની ક્રિયા કરી શકો નહિ. લબ્ધિમન (sub conscious) ના ભાવોથી કર્મબંધ થાય છે. પૈસાના વિચાર કરવા માત્રથી કર્મબંધ નથી થતો પણ પૈસાની આસક્તિથી કર્મબંધ થાય છે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિના દૃષ્ટાંતમાં જેમ વિચારોમાં પલ્ટો થવાથી સારામાંથી ખરાબ અને તેથી અધઃપતન થયું અને ખરાબમાંથી સારા વિચારોથી જ સારા થવું તે ભ્રમ છે. સારા વિચારોમાં રહેલી વ્યક્તિ દુર્ગતિમાં પણ જાય અને ખરાબ વિચારમાં રહેલી વ્યક્તિ સદ્ગતિમાં પણ જાય. ભાવમનનું મહત્વ સમજવા જેવું છે.

સાધુને પણ જે ક્રિયા કરતા હોય તેનો જ વિચાર કરવાનો કહ્યો છે. ભગવાન મહાવીર ગોચરી વહોરવા જાય ત્યારે ફક્ત ગોચરીમાં જ ધ્યાન રાખે તે વખતે આત્માના ધ્યાનનો વિચાર ન કરે. મન બીજે જાય ત્યારે તે ક્રિયા યોગ્ય રીતે ન જ કરી શકાય. જે વખતે જે ક્રિયા કરતા હોવ તેમા જ ઉપયોગ થવો જોઇએ સમગ્રતાથી તેમાં પરોવાવાનું છે. દા.ત. ખાતી વખતે જે ભાવ subconscious mindમાં થાય તેનાથી જ કર્મબંધ થાય છે.

ચોવીસ કલાક દરમ્યાન જે સારા ખરાબ વિચારોનું રેકોર્ડિંગ કરો તો આપણને હસવું જ આવે. મનની ગતિ અસાવધાનીપૂર્વક થતી હોય છે. એકવખત ખરાબ તો બીજીવખત સારા વિચારો આવે છે તે ચંદરની વૃત્તિને જ આધારી છે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ જે ઉચ્ચ મહાત્મા થઇ ગયા તે મહાન સમ્રાટ હતા. તેમણે વૈરાગ્યનું નાનું સરખું નિમિત્ત મળતા જ દીક્ષા લીધી હતી. એકવખત રાણીના એટલા જ કહેવા માત્રથી કે "યમનો દૂત આવ્યો છે." જે રાણીએ એમના માથાનો ધોળો વાળ જોતા કહ્યું હતું. આટલું સાંભળવા માત્રથી તેમને વિચાર આવ્યો કે ઘડપણ હવે નજીક આવ્યું

છે વાર્ધક્ય આવવા છતાં હું હજુ રાજ કરું છું ? આ રાજર્ષિનું વ્યક્તિત્વ કેવું હશે ? વિચારો આદર્શો કેટલા ઉંચા હશે ? આટલા સરખા નિમિત્ત માત્રથી તેમણે દીક્ષા લઈ મહાવીરના શિષ્ય થઈ રાજમાર્ગ પર અતિ દુષ્કર સાધના કરી રહ્યા હતા. શ્રેણિકમહારાજ આ જ વખતે સવારી પર પસાર થઈ રહ્યા હતા, ત્યારે આ રાજર્ષિને જોઈને ઉમળકો આવવાથી, હાથીની અંબાડી પરથી નીચે ઉતરી બહુમાનપૂર્વક તેમની વંદના કરી. આ વખતનું તેમનું બાહ્ય વર્તન જોઈને કોઈપણ અંજાય જાય તેવું હતું. જ્યારે આ સવારી જઈ રહી હતી ત્યારે રસ્તામાં સુમુખ અને દુર્મુખ નામના બે માણસો પણ સામેલ હતા. તે વખતે સુમુખે આ રાજર્ષિના ત્યાગ અને સંયમના વખાણ કર્યા ત્યારે દુર્મુખ જે આ વખાણ સહન કરી શકવાથી કપોળકલ્પિત વાત ઉપજાવી કાઢીને કહ્યું કે " જેના તમે વખાણ કરો છો તે યોગ્ય નથી, " પ્રસન્નચંદ્ર રાજર્ષિએ નાના પુત્રના જન્મ પછી તરત જ દીક્ષા લીધી હતી અને મંત્રીના ભરોસે છોડીને ચાલી નીકળ્યા હતા. જેથી દુર્મુખે આગળ વાત લંબાવી કહ્યું કે " રાજ તો પોતે જવાબદારી છોડી ચાલી નીકળ્યા છે ને પાછળ તો દીકરો દરબાર વગરનો ફરે છે. "

અત્યારના વખતમાં દીક્ષા લેનાર માટે આવું જ બોલાતું હોય છે ને ? રાજર્ષિ આવી કપોળકલ્પિત વાતને સાચી સમજીને ક્રોધિત થયા હતા. આ પ્રસન્નચંદ્ર રાજર્ષિ, આર્યપરંપરામાં સમ્રાટ હતા અને ક્ષાત્રિય હતા તેથી અન્યાય, અનીતિ પ્રત્યે આ સમયે રોષ આવવાથી વિચારે છે કે આ બધા મંત્રીને તો કડકમાં કડક સજા થવી જોઈએ. જો આટલું જ વિચાર્યું હોત તો ત્યાં સુધી તેમનું પતન ન થયું હોત. પણ તેમની વિચારધારામાં આગળ વધીને તેમણે યુદ્ધના વિચારો કર્યા. આમ આ મહાત્મા અહિંસાના ભાવમાંથી હિંસાના ભાવમાં ઘસડાઈ ગયા.

ફક્ત વૈચારીક રીતે જ મનપરિવર્તન નથી થયુ અને એટલા માત્રથી જ અધ:પતન થઇને નરકનું આયુષ્ય ન બાંધતે, પણ તેમને તો અત્યારે એ ક્ષણે અહિંસા પ્રત્યે દ્વેષ આવ્યો હતો. તેઓએ વિચાર્યુ કે એ હું ભુવતો હોવા છતાં મારા દીકરો રસ્તામાં રખડતો થઇ જાય તો મારા આવા ચારિત્રની પણ શુ કિંમત છે ? ધર્મ, ચારિત્ર, તપ, ત્યાગ અને સમકીત પણ તેમનું આ વિચારોથી ચાલી ગયુ અને તેની જગ્યાએ ગાઢ મિથ્યાત્વ આવ્યુ. પ્રકૃતિ, વૃત્તિ અને અધ્યવસાય ઘડમૂળથી બદલાઇ ગયા. આ કારણે તેમણે તે ક્ષણે સાતમા નરકને યોગ્ય કર્મવર્ગણા બાંધી દીધા. સારા કે ખરાબ વિચાર માત્રથી કર્મબંધ નથી થતો. પરંતુ ખરી તકલીફ તો તમારી પ્રકૃતિમાં પરિવર્તન આવે ત્યારે જ કર્મબંધમાં પડે છે.

સમ્યગદૃષ્ટિ આત્મા યુદ્ધ પણ લડતો હોવા છતાં લબ્ધિમનની શુદ્ધિ હોવાથી અંદરના અધ્યવસાય શુભ જ હોય છે. મનનો અભ્યાસ સપાટીથી નહિ પણ તળિયેથી કરવાનો હોય છે.

જૈનેતરોમાં મહર્ષિ પાતંજલિએ પણ આવી ઉંડાણથી મનની વાતો કરી છે. જેમના યોગના સૂત્રો ૪૦૦૦ વર્ષોથી ભારતીય સંસ્કૃતિમાં ગુંજ રહ્યા છે. તે છતાં પણ જૈનશાસ્ત્રની તુલનાએ તેમના મનના પાસા સમજવવાની કડી સપાટીએ જ લાગે છે.

જેમ દેરાસરમાં પ્રવેશતા "નિસિહિ નિસિહિ" બોલો છો તેનો અર્થ સમજો છો ? એમ જ વિચારો છો ને કે " અંદર સંસારનો કોઇ જ વિચાર નહિ કરુ". પરંતુ સંસારનો વિચાર નહિ કરો તેટલા માત્રથી નિસિહિ સાચુ નથી સમજ્યા. પહેલા તો શ્રદ્ધા એટલે ચાંદલો કરવાનો આવે છે. અને ભગવાનની આજ્ઞા માનવાની છે. આ આજ્ઞા માનવી એટલે સંસાર છોડવા જેવો જ છે, એવો ભાવ મનમાં હોવો જ જોઇએ. આ ભાવ મનમાં આવે ત્યારે જ નિસિહિ સાચુ, બોલ્યા કહેવાઇએ.

ભગવાનની આજ્ઞા માનતા હોય તે ગમે ત્યાં ભય પણ મુક્ત જ બંધાય.

જીવનમાં અમુક હિંસા તો હોય જ એવી થોડી પણ ઉંડે ઉંડે માન્યતા હોય તો પાપ લાગ્યા જ કરે છે. પ્રકૃતિ અને વિચાર કરતા તમે અંદરથી શું માનો છો તે જ અગત્યનું છે. ભગવાને જે કહ્યું છે તે જ સત્ય છે અને એને માનું છું તે જ ચાંદલો છે, અને તેમની આજ્ઞાનો સ્વીકાર છે. જો માન્યતા અશુદ્ધ હોય ત્યારે ભગવાનની વાત મનથી માનતા નથી એવું જ કહેવાય.

એક વ્યક્તિ જે સરળ સ્વભાવની છે પણ મનમાં માનતી હોય કે અવસરે તો થોડી લુચ્ચાઈ કરવી જ પડે, અને જો સરળ રહેવા જઈએ તો આપણને બધા જ ઠગી જાય. લુચ્ચાઈને એક કળા માનતો હોય, આ જો તેના મનમાં ઉંડે ઉંડે પણ પડ્યું હોય તો તે માણસના મનમાં લુચ્ચાઈને માટેનું સમર્થન છે અને તેને દોષ માનતો નથી. પરંતુ લુચ્ચાઈને કર્તવ્ય માને છે. આને લીધે તેને સતત લુચ્ચાઈની અનુમોદનાનું પાપ લાગ્યા જ કરે છે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિને પણ મૂળથી જ જ્યારે પલ્ટો આવ્યો ત્યારે જ તેમની ગતિ બદલાઈ હતી. પરિવર્તન ત્યારે જ આવ્યું કહેવાય કે જ્યારે એક વ્યક્તિ જે હિંસાને સારી માનતો હતો તે હવે હિંસાને સારી માનતો નથી. એવી જ રીતે ક્રોધ વગેરે કષાયોને પણ સારા નથી જ માનતો ત્યારે જ પરિવર્તન આવ્યું કહેવાય.

જીવન નિમિત્તને આધીન છે. આપણો વાતાવરણ કે સંજોગોથી પર નથી અને જે પણ નિમિત્તોથી પર થયા છે તે સમતામાં જ હોઈ શકે. તમને બધાને ખરાબ નિમિત્તની અસર વધારે થાય છે અને સારા નિમિત્તોની અસર ઓછી થાય છે. ધર્મ પણ પ્રકારનો બતાવ્યો છે. ૧) સકામ સાધના ૨) નિષ્કામ સાધના અને ૩) વિપરીત સાધના

શાલિભદ્ર દાન આપી ફળ મેળવ્યુ તે સદ્ધાના મધ્યમ છે. અભિનવ જૈનુ દાન નિષ્ફળ ગયુ તે સુપાત્રદાનનુ ફળ બિલ્કુલ ન મેળવ્યુ અને ત્રીજા દૃષ્ટાંતમાં જરુરશેઠે સુપાત્રદાનનુ ઉત્કૃષ્ટ ફળ મેળવ્યુ. જ્યારે ચોથા દૃષ્ટાંતમાં મમ્મણ શેઠ જેમનુ દાન વિપરીત થયુ.

જેવી વ્યક્તિ અને જેવા તેના મનના ભાવ તેના પર તેનું ફળ નિર્ભર છે. ધર્મ કરનારને તેની quality પ્રમાણે ફળ મળે. ધર્મની સદ્ધાના અને નિષ્ફળતાનો આધાર મનોવૃત્તિ છે.

॥ ૫.૫. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ ॥

૨૬-૭-૯૫
રવિવાર
અષાડ વદ પાંચમ

॥ મનોવિજ્ઞાન ॥ ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સેવા મળેલા માનવભવને પૂર્ણ સાર્થક કરવા, અનુપમ સાધનરૂપ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટિએ આ ૮૪ લાખ જીવાયોનીમાં જેટલા ભવો છે તેમાં શ્રેષ્ઠ અને વિકસિત ભવ આ મનુષ્યભવ જ છે. બીજા ભવોની સામે જો તુલના કરીએ તો અનંતશક્તિનો ધણી આ મનુષ્ય ભવમાં જ બની શકે તેમ છે.

અનંતકાળમાં જીવ પાંગળો અને પામર થઈને ૯૯% એકેન્દ્રિયમાં જ રહ્યો છે. ૮૪ લાખ જીવાયોનીમાં અવિકસીત ભવ આ છે. એકેન્દ્રિયમાં પણ નિગોદ વધારેમાં વધારે અવિકસિત ભવ છે. અને આપણો વધારે ટાઈમ ત્યાં જ કાઢ્યો છે. સમસ્ત જીવસૃષ્ટિનું અવલોકન કરીએ તો મનુષ્યના જીવોને શક્તિ વધારે મળે છે. મોટા ભાગના જીવો તો અશક્ત જ હોય છે.

વિચારો આંખ કેટલાને મળી? એવરેજ કાઢીએ તો અનંતા સામે એક ટકો પણ આવે ખરો? કીડી, મંકોડા, ઝાડ, પાન બધાને આંખ, કાન, મન નથી. આ બધાનું કારણ શું? ઓછા જીવોને જ શક્તિ મળે છે. શક્તિ મળવાનું કારણ પુણ્ય છે. અને પુણ્યથી જે શક્તિ મળી છે તેનો જો સદ્‌ ઉપયોગ ન કરો તો અનંત જનમ સુધી તે શક્તિ મળે નહિ. દુરસ્તમાં શક્તિ મળવી દુર્લભ છે. અને શક્તિનો સદ્‌ ઉપયોગ કરવો અતિ દુર્લભ છે. શક્તિનો સદ્‌ ઉપયોગ ન કરે તો તેની પાસેથી કુદરત તે શક્તિ ઝુંટવી લે છે. તે આ કુદરતનો શાનાતન કાયદો છે. મળેલ શક્તિ કોઈને જ ભવાંતરમાં મળે છે. આ બધી વાતોમાં શ્રદ્ધાની જરૂર નથી. તર્કથી, અવલોકનથી વિચાર કરો તો ગળે ઉતરી જાય તેવી વાત છે.

અપંગ જીવો સૃષ્ટિમાં વધારે છે. ઝાડપાનની સંખ્યા વધારે કે મનુષ્યની

સંખ્યા વધારે ? શું કીડી, મંકોડા, ઝાડ, પાનને વિકસીત નહોતુ થવુ ? પાંચે ઇન્દ્રિયોની શક્તિ કોઇ ભવમાં જ મળે છે. હવે આ શક્તિને પણ ટપી જાય તેવી શક્તિ મન છે. આ શક્તિની સામે કોઇ શક્તિ ના આવી શકે. અત્યારે તમારા મનમાં ચાર શક્તિ છે. તે કઇ છે તે વિચારીએ.
૧) સંવેદન શક્તિ ૨) વિચારક શક્તિ ૩) સમજણ શક્તિ ૪) પરિવર્તન શક્તિ
મન આંતરીક અને બાહ્ય ભાવોનું સંવેદન કરે છે. અનુભુતિ, અનુભવમાં મન ફેલાયેલુ રહે છે. તેમ વિચારશીલતા પણ તેનો ગુણ છે. અને આ બધાનુ વર્ણન જ ભાવમન છે.

પહેલા મનનુ સ્વરુપ, મન આત્માનો સંબંધ, મનના પ્રકારો જોઇએ. મનના બે પ્રકારો છે.

દ્રવ્યમન અને ભાવમન.
દ્રવ્યમન તે ઉપકરણ તરીકે સાધન છે.
જડ પુદ્ગલની તે રચનારુપ છે.

હવે તમને મળેલ મન એ જબરદસ્ત શક્તિ છે. જો ભાવમનને ઓળખી શકીએ તો જબરદસ્ત પરિવર્તન આપણે કરી શકીએ. જેને પણ અધ્યાત્મની સાધના કરવી છે તેને ભાવમન પર વિજય મેળવ્યા વગર ઉદ્ધાર નથી.

આનંદઘનજીએ ગાયુ છે " જેને મન સાધ્યુ તેને સઘળુ સાધ્યુ " મનની સાધનામાં જે સફળ થાય તે બીજુ બધી સાધનામાં સફળ થાય જ. બુદ્ધિથી વિચાર કરીએ તો વાત બરાબર લાગે જ.
આપણે હવે ભાવમનને સમજવા માટે પહેલાં જોઇએ. સંવેદન, વિચારક, સમજણ, પરિવર્તન આ ચાર શક્તિ તેની છે.

મનુષ્યના મનમાં જેવી શક્તિ છે તેવી શક્તિ બીજાના મનમાં નથી. મનુષ્યના ભવનું મુલ્યાંકન આના આધારે જ છે. જ્ઞાનીઓ પણ વખાણ આના કારણે જ કરે છે. હાડમાંસના કારણે કોઇ આ ભવનો મહિમા

ગવાયો નથી. શરીરનું અંદરનું સ્વરુપ તો વિકૃત છે. તેને સાચવવુ તે એક ઉપાધી છે. માટે તેને સાથે રાખીને જીવવાનો એક ત્રાસ છે. કદાચ શરીર સુંદર હોય, અનુકુળતા, શાતા આપે તેવું હોય, અશાતા ઓછી આપે તેવું હોય જેમ દેવભવ છે. પરંતુ અદિયાનો દેહ તો ત્રાસ આપે તેવો છે. આપણો તેનાથી મન મનાવ્યુ છે માટે જ સાથે રહી શકીએ છીએ.

જેમ કોઇના ઝાડા પેશાબને હાથ અડાડવાનો આવે તો શું? છતાં રોવીસે કલાક ઝાડા પેશાબને શરીરમાં અંદર રાખીને મજેથી રહો છો ને? ગંદકીનું ઉત્પત્તી સ્થાન પણ શરીર છે. વધારે ગંદકી મનુષ્યમાં છે. જેમ ગાય કદાચ રસ્તામાં પોદડો મૂકે તો છી, છી ના કરો. પણ જો મનુષ્ય ઝાડો કરે તો? છતાં આવા શરીરને પંપાળો છો, અને તેની સાથે મઝેથી રહો છો. આ બધી ગંદકી સાથે તમે સમાધાન કરી લીધુ છે માટે ને? કદાચ તમને ચામડીનું ઉપર સારુ માલુ હોય પણ અંદર માલ કેવો ભર્યો છે. માલમાં કાંઇ માલ છે ખરો?

પરંતુ માનવભવનો જે મહિમા ગવાયો હોય તો, તેમાં આ ભાવમનની શક્તિ જ કારણ છે. આવુ મન આ ભવમાં જ મળી શકે તેમ છે. તેમાં આગવી શક્તિઓ ધરબાયેલી છે.

વિજ્ઞાન પણ આ વાત કરે છે. આપણે કહીએ કે અનંતશક્તિ, અનંતજ્ઞાન આત્મામાંછે તો તે વિજ્ઞાન નથી માનતું. પણ આ મનની શક્તિની વાત તો તે પણ માને છે.

માનવમનની શક્તિની લોકોને કલ્પના જ નથી. દુનિયાના સારા, બુધ્ધિશાળી, સક્સેસ કેરીઅર ધરાવનારા પણ પોતાના મનની શક્તિ ત્રણથી ચાર ટકા જ વાપરે છે. એનાથી વધારે તેનો ઉપયોગ થતો નથી. કારણ બધી શક્તિ સુસુપ્ત ધરબાયેલી પડી છે. જ્યારે સામાન્ય માણસ તો એક ટકો પણ ઉપયોગ કરતો નથી. હા, બાકી પોટન્સી

તરીકે છે. ઉંમતા છે. પણ ઉપયોગ થતો નથી. તેને વિકસાવવા માટે પ્રક્રિયા કે પ્રવૃત્તિ કરતાં નથી. એક સારા ન્યુરોસર્જને લખેલુ કે શક્તિને ખીલવવા માટે યોગની સાધના છે. એ તેમનો પ્રયોગ સફળ પુરવાર થયો છે એમને અનુભવના કારણરૂપે લખ્યુ છે.

તમારી શક્તિને ખીલવવા માટે અંતિમ ઉપાય ધ્યાન છે. ઈમારતની માંડવી હોય તેને ધ્યાનનુ શરણ લેવુ પડે છે. તેનાથી જ શક્તિનો પૂર્ણ વિકાસ થાય છે. ધ્યાનનુ નામ સાંભળીને પાછો કુદકો નહિ મારતાં. તે પહેલાં બધી નીચેની ભૂમિકામાંથી પસાર થવુ પડે. ધર્મનું ઉંધા એવું નથી કે દુધમાં મસાલો નાંખ્યોને બધુ બની જાય. પરંતુ અહિંયા ક્રમસર પ્રક્રિયામાંથી પસાર થવુ પડે. ધ્યાનમાં આવતા પહેલા,

ચિંતન, ભાવના, અનુપ્રેક્ષા, પછી ધ્યાન.

આ ક્રમનુ જ્ઞાન ન હોય તો ધ્યાન કરી શકાય નહિ. સાધનાના અંતિમ શિખરો સર ધ્યાનથી થાય છે. એ ખીલવવા માટે આગળના સ્ટેપોને ખીલવવા પડે.

પહેલા મનના સ્વરૂપને બધા પાસાથી ઓળખો. પછી તેનો સદ્ ઉપયોગ કરો તો બધુ પામી શકો. તમને પોતાની શક્તિનુ ભાન નથી, પોતાનો આંતરીક પરિચય નથી, માટે જ બાધાની જેમ જીવ રહે છે. ધર્મ તો તમને પહેલાં તમારો પરિચય કરાવવા માંગે છે. શક્તિઓ બતાવવા માંગે છે. અને એ જાણવા માટે પહેલા ભાવમનના સ્વરૂપનો વિચાર કરશુ.

દ્રવ્યમન એ વિચાર કરવાનું સાધન છે.

સાધન દ્વારા અંતરઆત્મામાં પેદા થતાં ભાવોના સમૂહને ભાવમન કહેવાય છે.

જે કાનથી સાંભળો છો તે સાધન છે. અને સાંભળ્યુ કે વિચારેલુ તે જ્ઞાન છે. પણ તમે શબ્દ દ્વારા કાંઇ અર્થ સમજો છો. એ સમજણ કાનના સાધન દ્વારા મેળવી કહેવાય. તેમાં મનને વાપરીને ભાવો

અંતરમાં પેઠા કર્યા તે ભાવમન કહેવાય છે. તેમ આંખ, નાક બધામાં આવશે.

ભાવમન ભાવોનો સમૂહ છે.

અત્યારે આપણે બધા બેઠા છીએ તેમાં બધાનું ભાવમન જુદુ છે. કાંઇ બધાનું ભેળસેળ પણ નથી તથા સમાન પણ નથી. જેમ બધાના દેહ જુદા છે, સ્વતંત્ર છે, પાચન શક્તિઓ જુદી છે, શરીરનું આખુ તંત્ર જુદુ છે. તેમ ભાવમન વ્યક્તિ દીઠે જુદુ છે. દરેક વ્યક્તિનું ભાવમન સ્વતંત્ર છે તેમાં સીમીલારીટી નથી.

હજારમાં કે લાખમાં બે વ્યક્તિ સરખા મોઠાવાળી મળે ખરી ? બે જ હાથ છે, કાન પણ બે જ છે, નાક એક છે છતાં ફીંગરપ્રીન્ટ જુદા ? કદાચ લાખમાં બે મોઠાવાળા સરખા મળે પણ બાકી શરીર સરખાવાળા ખરા? અને છેલ્લે હાથની રેખાઓ તો જુદી પડે જ. આજનુ વિજ્ઞાન પણ હેન્ડપ્રીન્ટથી ગુનેગાર શોધે છે. હવે કદાચ બે હાથની રેખા સરખી આવે પણ ભાવમન તો કરોડે પણ જવલેજ સરખુ આવે. બે વ્યક્તિ કદાચ એક સરખા વિચાર, પ્રવૃત્તિ કરતાં હોય તેવુ બને. જેમ બે માણસ એક સરખુ સ્તવન ગાય છે, પ્રવૃત્તિ સરખી છે, અને તે બન્ને માણસ તે વખતે અર્થનો જ વિચાર કરે છે. માટે વિચાર પણ સરખા છે. છતાં તે વખતે ભાવમન જુદુ પડે છે. ભાવમનમાં એટલા બધા ભાવોનું વર્ણન છે કે વ્યક્તિ દીઠે અસંમાનતા રહે છે. માટે જ કર્મબંધ બધાનો જુદો રહે છે.

કર્મબંધનો સંપૂર્ણ આધાર ભાવમનને આભારી છે. જેવુ તમારુ ભાવમન તેવો પ્રતિક્ષણ કર્મબંધ થાય છે. જેવો તમારા ભાવમનનો પલટો, તેવો કર્મબંધમાં પલટો આવે. એક વ્યક્તિનુ કાયમ માટે ભાવમન એક સરખુ હોતુ નથી. આ ક્ષણે જે ભાવમન છે તેમાં બીજી ક્ષણે ભાવમન જુદુ થઇ જાય છે. તેમાં નિમિત્ત કે પુરુષાર્થ પલટો લાવી જાય છે. માટે જ બે કલાક એક સરખો કર્મબંધ નથી.

આ બધી વાતો ભાવમનની શ્રુતિ સાથે સંકળાયેલી વાતો છે.

મનના બે ટા ભેદોમાં આપણે દ્રવ્યમન અને ભાવમન એમ ભેદ પાડ્યા છે.

ભાવમન એ એકલા ખાલી વિચારો નથી, એ ખાલી વિચારાત્મક છે? ના, પણ મનની સીમા વિશાળ છે. દુનિયાભરના ભાવો મનમાં સંઘરાયેલા છે. દુનિયાભરના ભાવો, પ્રતિભાવો સંગ્રહરૂપે પડ્યા છે.

જેમ અમેરીકામાં ફરવા લાયક સ્થળો છે, તેમાં એક સુંદર બગીચો છે, ત્યાં મોજમજાની સામગ્રી છે, તેનો તમે અત્યારે વિચાર કરતાં નથી. પણ તેના પ્રત્યેના કોઇક ભાવો, કાંતો રાગ, કાંતો દ્વેષ, કાં ઉપેક્ષારૂપ ભાવ મનમાં પડ્યો જ છે. પણ તમે શું માનો છો કે તમે જેનો વિચાર કરો છો તેમાં જ મન પરોવાયેલુ છે. અને તેજ ખરું મન છે. પણ ના, આતો તમારા મનની ઝાડ઼ી ઓળખાણ છે.

જેમ કોમ્પ્યુટરના પડદા પર એક સાથે એક ટાઇમે જે દેખાય તેટલુ જ તેમાં હોય છે? કે અંદર ઘણુ જ સ્ટોરેજ હોય છે? તમારા મનમાં પણ તે રીતે સ્ટોરેજ ભરેલો છે.

આપણે આ વાત એક દ્રષ્ટાંત દ્વારા વિચારીએ. ૧૫ બાય ૧૫ની કે ૧૦ બાય ૧૦ની એક ટાંકી અને એક કુવો લઇએ. જે કુવો અવાવરુ નથી. બન્ને પાણીથી ભરપુર લેવાના છે. બન્નેના હાઇટ, લેવાઇ, પહોળાઇ સરખા હોય. અંદર પાણી પણ બન્નેનું સરખુ હોય. હવે તમે બન્નેને જુઓ તો ઉપર એ ગ્લાન્સ શું લાગે? બન્નેમા પાણી સરખુ લાગે. પણ વાસ્તવમાં શું સરખુ છે?

હવે તમે ટાંકીને ઉલેચવાની ચાલુ કરો તો થોડીવારમાં ખાલી થઇ જશે. પણ કુવાને ઉલેચવાનુ ચાલુ કરો તો શું થાય? તેને કેટલી વાર લાગે? જેમ કુવામાંથી પાણી કાઢતાં જાઓ તેમ નીકો દ્વારા અંદર પાણી આવતુ જાય. કુવામાં જે દસ ફુટ પાણી બતાવે છે, તે તળિયાનો પાણીની સપાટીનું બતાવે છે. તેને ખાલી કરતાં વિશેષ પાણી નીકો દ્વારા અંદર

આવતું જાય છે. જ્યારે ટાંકીમાં દસ ફુટ પાણી તળની સપાટીનું બતાવે છે. પણ તેને ખાલી કરતાં વિશેષ પાણી જ્યાંથી પણ આવી શકવાનું નથી. બેઉ વચ્ચેનો તફાવત સમજ્યા?

<u>તમારા મનને કુવાની ઉપમા આપી છે.</u>

ટાંકીની ઉપમા આપી નથી. કુવામાં નીકળ દ્વારા પાણી આવ્યા જ કરવાનું છે. પણ જ્યારે આખા એરિયાના તળનું પાણી ઓછું થશે ત્યારે જ કુવામાં પાણીનો સ્ટોક ઓછો થશે.

તેમ તમારા મનની સપાટી પરના જે ભાવો દેખાય છે તેના કરતાં અનેક ભાવો અંદર સંગ્રહીત છે. જેમ કોક નિમિત્ત મળ્યુ, કોઇએ ગાળ આપી, તો ક્રોધના વિચાર આવ્યા. હવે સપાટી પર ક્રોધ દેખાય છે. શું તેટલો જ ક્રોધ છે? કે પછી અંદર ઘણો ક્રોધ ઘરબાયેલો છે. જે સુસુપ્ત રીતે પડેલો છે. જે વ્યક્તિ પર ક્રોધ આવ્યો, તે શું એક જ વ્યક્તિ છે? ના, બીજા વ્યક્તિ પર પણ નિમિત્ત મળતાં ક્રોધ આવશે? માટે બીજા ઘણી વસ્તુઓ કે વ્યક્તિઓ પર ક્રોધ છે. જેમ કુવામાં નીકળનું પાણી ઉનેડટેડ છે. પણ અત્યારે તેને આવવાનો સ્કોપ નથી. માટે પાણી દેખાય છે તેના કરતાં ઘણુ વધારે છે. માટે તેની ઉંડાઇ ઘણી જ માનવાની. ટાંકીની ઉંડાઇ દેખાય તેટલી જ માનવાની. તેમ તમારા મનની ઉંડાઇ દેખાય છે તેટલી જ છે? કે કુવાની જેમ છે?

હવે કુવામાં જેવુ પાણી ઉલેચશો તેવું નીકળમાં ખારું કે મીઠુ જેવું પાણી હશે તેવું જ કુવામાં આવશે. કુવો તો જોજ રહેશે. તેમ સુસુપ્ત મનમાં જે ભાવ પડ્યા છે તે જ સપાટી પર આવશે, આવુ તમે માનો છો ખરા? પણ આવુ નિમિત્ત મળ્યુ માટે આવો ભાવ આવ્યો તેવું નથી. હકીકતમાં અંદર હતુ તે બહાર આવ્યુ છે. પેલાએ આમ કર્યું માટે મને આમ થયું. પણ તેવુ નથી. બહારના નિમિત્તો ભાવ પેદા કરતાં નથી. પરંતુ અંદરમાં મેલ હતો તે સપાટી પર આવ્યો છે.

જેમ ડોલમાં મેલ હોય પણ જો પાણી થોડીવાર પડ્યુ રહે તો પાણી સ્વચ્છ દેખાય ને? વાસ્તવમાં પાણી સ્વચ્છ છે કે ડોહળુ છે? પાણીને હલાવો એટલે મેલ આવશે. તેમ તમારુ મન શાંત ક્યાં સુધી? કોઇ સાળી ના કરે ત્યાં સુધી ને? સાળી કરે એટલે કચરો. ઉભરાય?

તમે શાંતિથી સોફા પર બેઠા હોવ ત્યારે લાગે આપણુ મન શાંત છે પણ પરિસ્થિતિ આમ નથી.

સામાયિકમાં આરાધના કરો છો ત્યારે ડાહ્યા ડમરા થવા લાગો છો. તમને લાગે અત્યારે મન શાંત છે. પણ હકીકતમાં ત્યારે પણ શાંત નથી. અંદર તે વખતે પણ કચરો ભરેલો છે. કાંઇ બહાર નીકળી ગયો નથી. માટે સ્વચ્છતા, નિર્મળતાની વ્યાખ્યા સમજવાની છે.

સભા:- બધો કચરો જલદી ન નીકળી જાય?

સાહેબજી:- ઉતાવળા ન થાઓ. જો બધો કચરો નીકળી જાય તો વીતરાગ થઈ જાઓ. પણ જેટલો કચરો બહાર કાઢ્યો એટલા ચોખ્ખા થવા કહેવાઓ. કચરો નીચે બેઠો છે એટલે સ્વચ્છ થયુ તેવું નથી. મેલ નીચે બેસાડવા રુપ છે કે બહાર કાઢવા રુપ છે? સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, તપ આરાધના દ્વારા થોડો પણ કચરો આઉટલેટ થવો જોઇએ. તેને સરપ્રેસ કરીને ન રખાય.

તમારુ મન શાંત ક્યાં સુધી? નિમિત્તો દ્વારા વિરુધ્ધ વાતાવરણ ઉભુ ના કરે ત્યાં સુધી ને? માટે આને આપણે ખરી શુધ્ધિ કહેતા નથી.

જૈનશાસનનુ તત્વ બરાબર સમજજો. પ્રતિક્રમણ, સામાયિક કેટલાં એટલા ટાઇમ પુરતુ કોઇપણ નિમિત્ત મળે તો પણ મન શાંત જોઇએ. અને શાંતિ ન રહે તો તે વાસ્તવીક શુધ્ધિ નથી.

સભા:- આશ્રવ, સંવર બંન્ને માર્ગ છે.

સાહેબજી:- આશ્રવ પણ ન કર્યો, સંવર પણ ન કર્યો. કચરો અંદર પડ્યો છે. જેમ પાણીમાં ગંદકી છે તો તેની અસર પાણીમાં રહેશે

ને? તમારા મનમાં રહેલા વિષય-કષાય અત્યારે શાંત છે પણ તેનાથી કર્મબંધ તો ચાલુ જ છે. વિચારમાં ક્રોધ આવે તો કર્મ બંધાય પણ પ્રકૃતિમાં ક્રોધ હોય તો ૨૪ કલાક કર્મનો બંધ ચાલુ છે.

કર્મબંધમાં પ્રકૃતિ મહત્વનો ફાળો છે.

કર્મબંધમાં વૃત્તિ, પ્રકૃતિ, સંસ્કારો, પરિણતિ બધાનો ફાળો છે.

સભા:- કઇ રીતે કચરો ઉલેચવો?

સાહેબજી:- તે આગળ આવશે. અત્યારે તો તમારે અંદર શું લોચા ભર્યા છે, તેની જ તમને ખબર નથી.

અત્યારે તમે શાંત છો એનો અર્થ રાગ, દ્વેષ, ક્રોધ, માન વગેરેથી કર્મબંધ નથી થતો? ના, થાય છે. જેમ અહિંયા તમે આવ્યા છો. પણ અત્યારે ઘર પર મમતા છે ને? માટે કર્મબંધ ચાલુ છે. બેન્ક બેલેન્સ પર મમતા છે એટલે કર્મબંધ ચાલુ છે. અહિંયા બેઠા બેઠા સાંભળો ૫૦ હજાર ગયા નો ઉંહકારો પડે ને?

પૈસા ઘરે મૂકીને આવ્યો છો પણ મમતા તો સાથે જ છે ને? તમે આખો દુનિયાથી અળગા થઇ શકો પણ મનથી અળગા થઇ શકતા નથી.

મનોભાવ પ્રમાણે સુખ, દુઃખ, કર્મબંધ છે.

મનનો તાગ મેળવ્યા વગર સાધનામાં સફળતા નથી.

ઘણાને એમ કે શું આ બધી પંચાતમાં પડવાનું. તમને ધર્મમાં ઉંડા-ઉતરવું ફાવે કે સંસારમાં ઉંડા ઉતરવું ફાવે? " સાહેબજીને મોજ જોઇતો હોય તો ને તત્વની પિંજણ કરે " કેમ બરાબરને?

સભા:- તમે તો અમને તૈયાર માલ પીરસો છો.

સાહેબજી:- હા, પરંતુ તે ઝીલવાની તૈયારી તો જોઇએ ને? તૈયાર કોળીયો મૂકીએ પણ ચાવવાની તૈયારી તો જોઇએ ને? માટે સાચી આરાધના કરવી હોય તો આટલો તો રસ લેવો જ પડે. પ્રસંગે પ્રભુ, સામાયિક,

પ્રતિક્રમણમાં આવા અધ્યવસાય જોઈએ તેવું સમજીએ તો તે બધુ બમ્પર જાય છે. કારણ ? મનનુ સ્વરૂપ સમજ્યા નથી માટે.

ભાવમનમાં આટલી શુદ્ધિ આવે તો સમકીત આવે. આટલી શુદ્ધિ આવે તો વિરતિ આવે. બધુ પકડી લેવુ જોઈએ. પરંતુ અત્યારે અણસમજ માટે જ ગોટાળા કરો છો.

હવે ભાવમનના મુખ્ય બે ભેદ છે.

ઉપયોગમન, લબ્ધિમન.

આ બન્ને શાસ્ત્રીય શબ્દો છે. અત્યારે તમારે કહેવાય છે કોન્સીયસ માઈન્ડ અને અનકોન્સીયસ માઈન્ડ. ૨૪ કલાક બેઉ મન જોડાયેલા છે.

આપણી ચેતના સતત સક્રીય છે, માટે ઉપયોગમન ૨૪ કલાક પ્રવૃત્તિ કરે છે. શાસ્ત્રમાં લખ્યુ છે " उपयोगो लक्षणं जीवस्य " ઉપયોગ એ જીવનુ લક્ષણ છે. ઉપયોગ વગરનો કોઈ જીવ હોય નહિ.

ઉપયોગ એટલે મનની એકાગ્રતા થાય છે. મન જ્યાં પરોવાય તે તમારા મનનો ઉપયોગ. જેમ તમે કબાટનો વિચાર કરો તો કબાટમાં તમારો ઉપયોગ. જેમ પૈસામાં વિચાર કરી તો તમારુ મન પૈસામાં છે. જેમાં એકાગ્રતા, તલ્લીનતા આવી તેમાં તમારુ મન છે.

<u>સભા</u>:- કેવળીને ઉપયોગ હોય ?

<u>સાહેબજી</u>:- તેમને તો આખી દુનિયાનો ઉપયોગ હોય. આપણુ મન તો સીમીત છે. તે એક સાથે અનેકનો વિચાર કરી શકતુ નથી. મન એ સાધન છે. લાકડીથી ચાલતો ડોસો દોડી શકવાનો ખરો ? તેની શક્તિ મર્યાદીત છે. માટે જ તેને લાકડીની જરૂર છે ને ? જ્ઞાન કે ચેતના એક સાથે આપણે વધુ પોરવી શકતાં નથી. માટે જ આપણે સ્ટેપ વાઈઝ ચેતનાને પરોવવી પડે છે. તમારી સામે દસ વાત, પ્રવૃત્તિ આવે તો ધ્યાન નથી આપી શકતાં. કારણ ઉપયોગની મર્યાદા છે જ્યારે કેવળીની ચેતના આખા વિશ્વ સ્વરૂપે છવાયેલી છે. તે આખી દુનિયાને એક સાથે જોઈ શકે છે. તે વખતે

તેમને પરાકાષ્ટાનો વિકાસ છે. આપણને એક વસ્તુનુ જેટલું જ્ઞાન છે તેના કરતાં તેનુ અજ્ઞાન ઘણુ જ આપણામાં ઘરબાયેલુ છે. જ્યારે કેવળીને તો શુદ્ધ જ્ઞાન જ છે, અજ્ઞાનનો અંશ નથી. માટે જ કેવળીને કેવળજ્ઞાન કહીએ છીએ. આપણા માટે શુ વિશેષણ આવે ?

સભા :- કેવળ અજ્ઞાન

સાહેબજી :- કેવળ અજ્ઞાન તો ન કહેવાય. પણ મહા અજ્ઞાની કહેવાય. ગમે તેટલો બુદ્ધિશાળી એમ દાવો નહિ કરી શકે કે "મારામાં અજ્ઞાન નથી" આપણો અજ્ઞાનનો સાગર લઈને ફરીએ છીએ અને જ્ઞાન તો બિંદુ જેટલુ છે. છતાં મગજમાં રાઈ લઈને ફરીએ છીએ.

હવે તમારી ચેતના જેમાં પરોવાઈ છે તેમાં તમારુ મન પરોવાયુ છે. પણ જેટલી દુનિયા છે તેની સાથે તમે મનથી કનેક્ટેડ નથી તેવું નથી.

ઘરોડે એક ખુરશી તમે લાવ્યા છો તે પડી છે. તેના માટે એમ થાય કે આ આપણને સસ્તામાં મળી ગઈ. માટે રાગ થાય છે. અત્યારે તો બહુ જ તેના ભાવ વધી ગયા છે. માટે જેણે અપાવી હોય તેના માટે પણ રાગ થાય. તેમ કદાચ કોઈએ મોંઘી અપાવી તો તેના માટે દ્વેષ થાય. ખુરશી જોઈને જુવ બળે માટે દ્વેષ થાય. સાથે તેનો કલર સારો છે, ખરાબ છે, ડીઝાઇન સારી છે, ખરાબ છે, જુની છે, નવી છે. કંઈક કંઈક ભાવથી રાગ-દ્વેષ ચાલુ છે. માટે ચોવીસ કલાક મન નવરુ બેસતુ નથી. ૨૪ કલાક તેનું કામ ચાલુ છે.

સક્રીય તત્વમા અજેડ કહી શકાય તેવું મન છે. તમારી અત્યારે સ્થિતિ શુ છે ? મન શાંત છે ? કે સતત આવેગોથી ઘેરાયેલુ છે ? તમને તો શુ ઘુંઆપુંઆ થાઓ તોજ ક્રોધ આવ્યા કહેવાય ? કદાચ બારી બહાર ગંદકી જોઈને દ્વેષ થયો તો તે ક્રોધ આવ્યો તેમ માનો ખરા ? નાના નાના ભાવોની તો વણથંભી હારમાળા છે. આ બધા ભાવો બરાબર દેખાય ખરા ? તમારા મનની સપાટી પણ તમે બરાબર વાંચી શકો ખરા ?

મોટુ મોટુ વાંચી લો બાકીનું બધુ ખાઇ જઓ. સ્થુલ આવેગોને વાંચો શકો છો પણ સુક્ષ્મ આવેગોને વાંચી શકો ખરા ? તપીયાની તો પછી શુ વાત. આખી દુનિયામાં માથુ મારો છો પણ અંદર શુ થાય છે તેની ખબર નથી.

ધર્મ કરે તેનામાં આત્માવલોકન આવે. આંતર દૃષ્ટીને પામ્યા વગર શાંતિ નથી. અને તેના વગર સાચો ધર્મ નથી. યોગશતક ગ્રંથમાં પૂ. હરીભદ્રસૂરીએ લખ્યુ છે કે જેણે પ્રતિદિન યોગની આરાધના કરવી હોય તેને પ્રતિદિન પ્રાતઃકાળ આત્માવલોકન કરવુ જોઈએ. ત્યારે શિષ્યે પૂછ્યુ કે તેના પર તમે આટલુ વેઇટ કેમ આપો છો ? ત્યારે કહ્યુ કે જેનામાં આત્માવલોકન નથી તેને અમે યોગમાં કેન્સલ કરીએ છીએ. જેનામાં આત્માવલોકન નથી તેની યોગમાર્ગમાં પ્રગતિ શક્ય નથી. યોગસારા અંદરમાં મેળવવાનુ છે. જે આ દૃષ્ટી ન હોય તો તમે કઈ રીતે મેળવો ? તમે આત્માવલોકનને જીવનમાં મહત્વ નથી આપ્યુ. ૫૦ વર્ષથી ધર્મ કરનારને પૂછો કે તમારા મનને જાણો છો ખરા ?. તો શુ જવાબ મળે ?

ઘણા કહે છે સાહેબ મન હાથમાં નથી આવતુ, મન ઠેકાણે નથી રહેતુ, તો મનને કઈ રીતે હાથમાં લેવુ ? પરંતુ તમે કદી મનોવિજ્ય માટે વિચાર કર્યો છે ખરો ? અમારે કાંઇ સાઇકોલોજી ભણાવવાની નથી. એ તો તમને પ્રોફેસરો ભણાવે છે. પરંતુ આ જાણો તો તમે તમારા જીવનમાં શાંતિથી જીવી શકો. ભૌતિકસુખ પામવા પણ મન સ્વસ્થ જોઈએ, અધ્યાત્મસુખ પામવા માટે પણ મન સ્વસ્થ જોઈએ. સુખ પામવા અને દુઃખ છોડવા મનનું ઘડતર કરવું પડે. દુઃખને મેળવવા આજ ઉપાય છે. જે પ્રવૃત્તિ કરો છો તેનુ અવલોકન કરો, તમારુ, બીજાનુ નહિ. પેપારો તરીકે ઘરાક જોઈને ભાવ કરો ને ? તમારા મનના ભાવ વાંચવામાં ગમાર, બાકી બધાના માઇન્ડ રીડીંગમાં હોંશીયાર, કેમ બરાબર ને ?

ઇન્કમટેક્સવાળા સાથે વાત કરતાં જઓ અને તેનું મોં જોતા જઓ,

જરા ગૌટાળો લાગે તો ગુલાટ મારો ને ? પણ હવે સેલ્ફ રીડીંગ ચાલુ કરો. તમારા મનમાં રાગ, દ્વેષ, રતિ, અરતિ બધા ભાવો નિમિત્ત કે નિમિત્ત વગર થાય છે ? યાદ રાખજો સપાટી પર જેટલો કચરો આવે છે તે તળીયેથી જ આવે છે. "કુવામાં હોય તો હવાડામા આવે" આ તમારે કહેવત છે ને ?

અભ્યંતર મનમાં જે છે તે જ ઉપર આવે છે. બહારના નિમિત્તો તો આલંબન ઉભુ કરે છે. જ્યારે તમે મોટે ભાગે નિમિત્તોને જ જવાબદાર ગણો છો. તમે તમારી ઈર્ષા, ક્રોધ, રાગ, માન, અહંકાર, આ બધા થવાના કારણોને તમે બહાર માન્યા છે. તમે આખો દિવસ તમારી ભૂલની જવાબદારી બીજા પર જ નાંખો છો. તમે કહેશો આવો સ્વાર્થી ભાઇ ભટકાઇ ગયો છે તો ગુસ્સો તો આવે જ ને ?

પણ તમારા મનમાં અશુદ્ધિ છે તેને વિચારો છો ખરા ? તમે ઉલ્ટી દૃષ્ટિ લઇને ફરો છો. બધી તકલીફોનું કારણ બહાર જ દેખાય છે. પણ આ દર્શન ખોટુ છે, અવાસ્તવીક છે.

આવા દૃશ્યો જોયા માટે વિકાર થયો, પણ મનમાં વિકાર હતો માટે આવા દૃશ્યો જોતાં વિકાર આવ્યો તેમ માનો ખરા ? જો લોભ ન હોય તો પૈસા મળે તો રાગ થાય ? સમને લાખ રૂ. મળ્યાનો આનંદ થાય છે ખરો ? જેના મનમાં તૃષ્ણા નથી તેને આનંદ થાય નહિ. તમારામાં તરસ છે માટે જ આકુળ વ્યાકુળ થાઓ છો. વગર તરસે પાણી પીઓ તો મજા આવે ખરી ? માટે તમે સપાટી પરનું રીડીંગ કરતાં થાઓ.

જેમ રસ્તે જતાં સારુ મકાન, સારો ડ્રેસ, સારો વૈભવ, અપટુ ડેટ માણસ કે પછી ઉઘરડો, ગંદકી જુઓ તો શુ થાય ? સારો બંગલો જુઓ કે સારી ગાડી જુઓ તો પણ શુ થાય ? કોઇ બંગલામાં પેસવા દેવાનું નથી કે ગાડીમાં બેસાડવાનુ નથી છતાં પણ રાગ ઉભરાય ?

<u>સભા</u>:- સાહેબ જ્ઞાન છે માટે.

સાહેબજી:- જ્ઞાન છે માટે શું ઉપાધિ છે? અજ્ઞાની બની જશો તો ઉપાધી જશે? સિદ્ધ ભગવંતોને કે કેવળીને જ્ઞાન જ છે? તેમને ઉપાધી છે? ઉપાધી જ્ઞાનથી નથી, પણ અંદર રહેલી વિકૃતિથી છે. હા, જેના મનમાં અતૃપ્તિ, વાસના, વિકારો વધારે તેને જ્ઞાન ઉપાધી થશે. જેને આ બધુ નથી તેને જ્ઞાન ઉપાધી નથી બનતુ.

આજનુ સાયન્સ તમને ઘરે બેઠા બધુ બતાવે છે. તે બધા દુઃખના સાધન લાગે છે ખરા? એ પણ પાછા પૈસા આપીને ખરીદો છો અને પાછા મેન્ટેનન્સ ચૂકવો છો. તમારા મનોરંજનનો ખરચો છે એટલો ધાર્મિક ખરચો ખરો? કેમ નથી? કારણ તે બધાને તમે સુખના સાધન માન્યા છે ધર્મને નહિ. જેને પણ વિકૃતિ વધારે છે તેને જ્ઞાન અજંપારૂપ, ઉપાધિરૂપ બનશે. જેમ મજુર આખો દિવસ મજુરી કરે, અને સાંજે રૂપેરી પડદા પર જુએ, જે તેને કદી મળવાનુ નથી. પણ મનને પણ ડામ આપે છે. આ સાધનો ઉશ્કેરાટ અપાવી અંદરથી પજવણી કરે છે. તમારી શુ સ્થિતિ છે? પડદા પર જે બતાવે છે તે શુ વાસ્તવીક સફળતા છે? ના, તે એક દીવાસ્વપન જ છે. છતાં આ જોઇને ઘણા બરબાદ થઇ ગયા. આ દુઃખના સાધન છે તેવું લાગે છે ખરુ?

મનના તમામ પાસા છે. તેમાં આપણે ઉપયોગમનનો વિચાર કર્યો. આગળ તમામ પાસાની દૃષ્ટાંતથી સમીક્ષા કરશુ.

ઉપયોગમનમાં ૨૪ કલાક ચેતના પ્રવર્તે છે. શાક્તિ રૂપે જે ભાવો ઘરબાયેલા છે તે લબ્ધિમન છે.

લબ્ધિ એટલે શાક્તિ.

જેમ અત્યારે દુનિયામાં ઘણી વસ્તુઓ છે. તેના પ્રત્યે શાક્તિરૂપે રાગ, દ્વેષ, લોભ, ઇર્ષાનો પ્રતિભાવ પડ્યો છે. તે બધાને અમે લબ્ધિ મનમાં સંગ્રહીત કરીએ છીએ. ઉપયોગમન કરતાં કરોડ ઘણુ વિશાળ લબ્ધિમન છે. મનનુ ગોડાઉન આ લબ્ધિમન છે. જેમ વેપારીઓ

નમુના રૂપે માલ દુકાનમાં રાખે. તમે ક્વોલીટી પસંદ કરો પછી ગોડાઉનમાંથી જ આપે ને ? તેમ ઉપયોગમનનું ગોડાઉન લબ્ધિમન છે. તેમાં સારો માલ પણ ખરો અને ખરાબ માલ પણ ખરો. વ્યક્તિત્વ સારુ તેટલુ સારુ. સજ્જનતા, ઉદારતા, પરોપકારીતા, નિસ્પૃહીતા.... હશે તેટલી પ્રકૃતિ સારી રહેવાની. તેમ આખા ગામની ગંદકી પણ હોય. માટે સ્ટોરહાઉસનું નિરીક્ષણ, પરિક્ષણ કરવું જ પડે. તમારા મનથી લાભ, નુકશાન તમને જ છે. તમે જ તેના સર્જક છો, વિસર્જક છો, કર્તા પણ તમે છો, ભોક્તા પણ તમે છો.

તીર્થંકર આખા જગતને અધ્યવસાયને સમજાવવા ઉપદેશ આપે છે. તીર્થંકર, જીવ માત્રના ભાવમન રૂપ અધ્યવસાયને જાણે છે, સાક્ષાત વાંચી શકે છે.

ગઈ વખતે આપણે પ્રસન્નચંદ્રનુ દૃષ્ટાંત લીધેલુ. તેમાં શુ બન્યુ છે ? તેમનું કેવળીભગવંતનું ભાવમન પ્રભુ વાંચી શકે છે. શ્રેણિકરાજા તેમની બાહ્ય પ્રવૃત્તિથી પ્રભાવીત થયા છે. આમ તો તેમને રસ્તામાં સેંકડો સાધુ મળ્યા છે. તેમને ગુણીયલ વ્યક્તિ પ્રત્યે બહુમાન છે. અને તેના વગર સમકીત રહેતું નથી. તેમને આ મહાત્મા (પ્રસન્નચંદ્ર રાજા) પ્રત્યે વિશેષ અહોભાવ થયો છે. માટે ઘોડાગાડી પરથી ઉતરી, પ્રદક્ષિણા આપી, વંદન કર્યું છે. તેમને લાગે છે શુ રાજેશ્વર હતા, કેવી રિદ્ધિ, સિદ્ધિ હતી, છતાં ત્યાગ કરી કેવી કઠોર સાધના કરે છે. મોંમાં આંગળા નાંખી જાય તેવી સાધના છે. ૧૧ પગે મધ્યાને તડકામાં સૂર્ય તરફ દૃષ્ટિ રાખી, હાથ ઉંચા રાખી સાધના કરી રહ્યા છે. તમે આવો અખતરો કરો તો શુ થાય ?

તેમની ઈન્દ્રિયોનો અંકુશ કેટલો ? સંયમ કેટલો ? એકાકાર થઈ આતાપના લે છે, ધ્યાનમાં છે. આવી પ્રવૃત્તિને જોઈને થાય છે કે તેમના મનની સ્થિતિ કેટલી અનુપમ હશે ? મારે અત્યારે તેમનુ આયુષ્ય

બંધાય તો કોનુ બંધાય? આમ વિચારી પ્રભુ પાસે જઇ દેશના સાંભળી પ્રભુને પૂછે છે કે મેં જે વખતે આ મહાત્માને વંદન કર્યું તે વખતે આવી સાધનામાં ક્યાંય કરે તો મહાત્મા ક્યાં જાય? પ્રભુ જવાબ આપે છે સાતમી નરકે જાય. શ્રેણિકરાજા આ સાંભળી હલબલી ગયા. પ્રભુ મનના અધ્યવસાય વાંચી શકે છે માટે કળ કહી શકે છે.

આ મહાત્માની જો આવી વાત છે તો પ્રભુ વીરની શુ વાત? વિચારીએ તો આ મહાત્માનું વ્યક્તિત્વ કેવુ છે? સાધના કેવી છે? બેકગ્રાઉન્ડ કેવુ છે? ઉત્તમકોટીના મહાત્મા છે. આ જોતા અહોભાવથી માથુ ઝુકી જાય તેવુ છે. પરંતુ તે વખતે તેમના વિચારો ખાલી નથી બદલાયા પણ ભાવોમાં પરિવર્તન આવ્યુ છે. ખાલી વિચારોમાં શુદ્ધિ, અશુદ્ધિથી કાંઇ થતું નથી. પરંતુ સમગ્ર ભાવોમાં પરિવર્તન આવવુ જોઇએ. લબ્ધિમનને સમજવા દૃષ્ટાંત લઇશુ. પછી જ્ઞાન સાથે સરખાવશે.

લબ્ધિમનના ડીપાર્ટમેન્ટ તરીકે કહી શકાય તો તે માન્યતા છે. તમે દરેક વસ્તુ માટે શુ માનો છો?. તે ૨૪ કલાક માન્યતા અંદર ઘરબાયેલી પડી છે. જેમ મીઠાઇ ખાવી છે, રસગુલ્લા કે ગુલાબજાંબુ ખાવા લાયક છે, તે ટેસ્ટ કરવા લાયક છે, તેવી જે માન્યતા છે તે ૨૪ કલાક અંદર રહે કે બદલાઇ જાય? દરેક વ્યક્તિ પોતાની આગવી માન્યતા લઇને ફરતાં હોય છે. જેમ પૈસાથી આનંદ, પ્રમોદ થાય છે. તેમ બધા માટેની માન્યતાઓ અંદર ઘરબાયેલી છે. સમકીતને માન્યતા સાથે સંબંધ છે.

તમે સારાને સારુ માનો છો? ખરાબને ખરાબ માનો છો? કે ખરાબને સારુ માનો છો? અને સારાને ખરાબ માનો છો?

સભા:- અનુભવથી માન્યતા થાય?

સાહેબજી:- વિચારશીલતા અને અનુભવતાથી માન્યતા ઘડાય છે. પણ તેનુ સર્જન કઇ રીતે થાય છે તે આગળ આવશે. સર્જન કરવુ તે સાધનાની પ્રક્રિયા છે.

હવે આગમ આ આધુનીક વૈજ્ઞાનવાદ, વિજ્ઞાન માનવતાના ભલા માટે છે. તે શોધખોળ કરી માનવને લાભ કરાવે છે, માટે આ વિજ્ઞાન માટે તમારી સારાપણાની માન્યતા થઇ. તેમ ધર્મ એટલે શુ? નવરા માણસનુ કામને? કહેશો આત્મા નથી, પરલોક નથી, કર્મ નથી, તો શુ આ બધી વાતો સત્યની બાબતમાં વાસ્તવીકતાથી વિરુધ્ધ માન્યતા થઇને? માટે તમે શુ માનો છો તેનું પૃથ્થકરણ તમારે કરવુ જ જોઇએ. માન્યતા શુધ્ધ છે કે અશુધ્ધ છે?

ખોટી માન્યતા ૨૪ કલાક ભારે કર્મબંધ કરાવે તેવી શક્તિ ધરાવે છે. હિંસાને સારી માનો છો તો ૨૪ કલાક હિંસાની અનુમોદનાનું પાપ બંધાવે છે. જેમ ગાંધીજી માનવ હિંસાને ખરાબ માનતા. તેને અપરાધ માનતા. તે દુશ્ટતા છે, દુર્ગુણ છે, તેમ માનતા. પણ પ્રાણીહિંસાને ખરાબ માનતા નહિ. કહેતા મારી અહિંસા માનવ પુરતી સીમીત છે. *પશુઓને મારવું ગેરવ્યાજબી નથી. આવા તેમના લક્ષણ છે, ડીફ્યુમેન્ટસ* છે. એક વખત પત્રકારે પૂછ્યુ " અહિંસાને તમે સ્વતંત્રાની ચળવળમાં ઉપયોગ કરો છો " તો કહ્યું હતુ કે મારી અહિંસા માનવ પૂરતી સીમીત છે. પશુને મારવામાં હું પાપ નથી માનતો. " મુસલમાન માંસાહાર કરે છે તે વ્યાજબી છે કે ગેરવ્યાજબી?" તો કહે આહાર સ્વતંત્ર પંસદગીનો વિષય છે. માંસ ખાવામાં તેને મજા છે તો તે ખાઇ શકે છે. તે ખરાબ કામ કરે છે તેવી મારી માન્યતા નથી. તેમ વિવેકાનંદના પણ આજ વિચારો છે. જે વ્યક્તિને માંસ પસંદ હોય તો તે આનંદથી ખાય. સૌ સૌની પસંદગીની વાત છે. અને ઘણા જ લોકો બન્નેની પ્રશંસા કરતા હોય છે.

તેમ આ ખેરનાર. જે પ્રમાણીક વ્યક્તિ તરીકે વખણાઇ ગયા છે. તે પ્રમાણીક છે તેમાં ના નહિ. જ્યારે સરકારે તેમને બીજ ખાતામાં બદલી કરી ત્યારે અમુક જૈનો તેમને મળવા ગયા. દેવનારમાં જે

હિંસા થાય છે તેને તેમનો સપોર્ટ લઈને બચાવીએ. ત્યારે તેમને ઇન્ટરવ્યુમાં કહ્યું કે પશુઓની જે કાયદેસર હત્યા થાય છે તેને હું અધર્મ નથી માનતો. હું પુણ્ય, પાપ નથી માનતો. ઈશ્વર એ કપોળ કલ્પના છે. કોઈ વ્યક્તિને માંસ ખાવાની ઇચ્છા હોય તો તે ખાઈ શકે છે. કાયદેસર પશુ કપાય તેમાં મારો વિરોધ નથી. કાયદા વગર કપાવ તેમાં કદંક કરીશ. પણ પછી તો ત્યાંથી પણ બદલી થઈ ગઈ. માટે વિચારજો આમ તેમની માન્યતા શું? પશુ હિંસામાં ખોટું નથી.

ગાંધીજી કહે માખી, મચ્છર જેવા રોગ ફેલાતો હોય તો તેને મારી નાખવા તે માનવતાનું કામ છે, સત્કાર્ય છે. ઘણી વખત તેમને આચરણ રૂપે પણ કર્યું છે. માટે અમુક હિંસા ખરાબ છે તેમ માને, અને અમુક હિંસાને સારી માને માટે તેની અનુમોદના તેમને અંદર પડી છે. પછી ભલે તે હિંસા કરે કે ન કરે. અમદાવાદમાં સારા ભાઈએ ૬૦ કુતરા માર્યા તો કહે "સત્કાર્ય કર્યું છે" માટે વિચારજો માન્યતા શું ?

તેમ ઘણા કહે શું બધા શાકાહારી થઈ જાય ? આવુ બોલનાર હિંસાને સારી માને છે. આમ તો પોતાને ચીતરીયો ખણે તો રાડ પાડે. બીજાને આખા કપી નાંખે તો ખોટું કામ નથી. આવા ભેદભાવથી ૨૪ કલાક ગાઢ પાપ બંધાતુ હોય છે.

જેના મનમાં એક પણ હિંસા માટે આવી માન્યતા હોય તો તે જુવો જે રીતે મરે છે, તે રીતે તેને અનેક વખત મરવાનું આવે. આમ ભલે તે વ્યક્તિ કોઈ જગ્યો ન હોય. પરંતુ તેની વૃત્તિઓ, માન્યતા કેવી ?

નાના પાપને પણ પાપ ન માનો તો તેટલી માન્યતા ઉંધી કહેવાશે.

સારુ કહ્યું છે તેને સારુ માનવું - તો માન્યતા શુધ્ધિ થાય. અત્યારે ૧૦૦ ટકા ઉલટાપણુ છે. માટે મિથ્યાત્વ છે. સમકીતીની સંપૂર્ણ માન્યતા શુધ્ધ હોય છે. જિનેશ્વરદેવના વચનને અનુરુપ માન્યતા તે સમકીત છે મિથ્યાત્વ એ ભારે પાપ છે.

સભા:- હિંસા કરતો હોય તેને વધારે પાપ કે જે હિંસાને સારી માનતો હોય તેને વધારે પાપ?

સાહેબજી:- હિંસા કરતો હોય, પણ તે ખોટુ છે, તેમ દિલથી માનતો હોય તો ઓછુ પાપ છે. અને હિંસા ન કરતો હોય પણ તેને સારી માનતો હોય તો ૨૪ કલાક વધારે પાપ બાંધે છે.

પ્રવૃત્તિથી પાપ બંધાય છે તેના કરતાં ભાવ-માન્યતાથી વધારે પાપ બંધાય છે. મનમાં મિથ્યાત્વ કયાં તમને હેરાન કરે છે? સાધના કરવામાં કયાં આડખીલી રૂપ થાય છે? વિકલ્પ કરે છે, તેની જ તમને ખબર નથી.

જિનેશ્વરદેવોએ જેવા તત્વો કહ્યા છે તેમાં સઘળી માન્યતા શુદ્ધ જોઈએ. ૧૦૦% તેમના વચનો સાથે આપણી માન્યતા ટેલી થવી જોઈએ.

અધ્યાત્મના ક્ષેત્રમાં માન્યતા શુદ્ધિ એ પાયાનો વિકાસ છે. ધર્મના ક્ષેત્રમાં પહેલી માન્યતાનું પરિવર્તન કરવાનું છે. નવી ઘણી વ્યક્તિઓ ધર્મના ક્ષેત્રમાં આવે ત્યારે પુણ્ય, પાપ, આત્મા, કર્મ, મોક્ષ માને. પરંતુ મોક્ષમાં અનંતસુખ છે અને સંસારનુ સુખ આભાસીક છે તેવુ કહીએ તો માનવા તૈયાર થાય નહિ. અને આજ માન્યતાની ફેરબદલી કરવાની છે.

કેશી ગણધર મહાત્માને જોઈને રાજા શુ વિચારે છે?

કેશીગણધર મહાત્માને જોઈને કહે છે કે આવા મુંડીયા અહિંયા ક્યા ભરાઈ ગયા છે? અત્યારે માન્યતા તેમની કેવી છે? પરંતુ પહેલી વખત તેમની દેશના સાંભળીને તેમની માન્યતા બદલાઈ ગઈ છે. હવે તેઓ માને છે કે આત્મા છે, પરલોક છે, પુણ્ય, પાપ એ કલ્પના નથી. પણ નક્કર વાસ્તવીકતા છે. હવે પાયામાંથી જ માન્યતા તેમની બદલાઈ ગઈ. પરંતુ આ દિવસ સુધી તેઓ ખોટુ માનતા હતા.

મનની માન્યતા ન બદલી શકે તે ધર્મમાં ન ટકી શકે. સંસારમાં ઉગ્ર પાપ, ઉગ્રતા પાપના બંધ, જીવની અશુદ્ધ માન્યતાને જ આભારી છે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિના જીવનમાં પણ ખાલી વિચારો નથી બદલાયા

પણ આખી માન્યતા બદલાઇ ગઇ છે. તેમનામાં રાજબીજનું લોહી છે. તેઓ ક્ષત્રિય સમ્રાટ હતા. અન્યાય, અનીતિની વાત આવે એટલે ક્ષત્રિય લોહી ઉકળી ઉઠે. આખી જિંદગી ક્ષત્રિય અન્યાય, અનીતિ, વંચના માટે પ્રાણ આપે.

તેમને દીક્ષા લેતા પહેલા મંત્રીઓ પાસેથી વચન લીધેલુ: તેઓએ કહેલુ "તમે નિશ્ચિંત રહો, તમારા રાજ્યનું અને દીકરાનું અમારા પ્રાણ સાથે રક્ષણ કરશુ. અમે તમારુ નમક ખાધુ છે. વફાદારીમાં પાછા નહિ પડીએ." આવુ વચન આપ્યુ પછી જ તેમને દીક્ષા લીધી છે. તેમને વૈરાગ્ય હતો. સંયમની ખૂબ ભાવના હતી, વૈરાગ્ય સાથે ઉતાવળ પણ હતી. આપણા શાસ્ત્રોમાં જંગલીની જેમ દીક્ષા લેવાનુ કહ્યુ નથી. સંસારની આવશ્યક જવાબદારી પોતે પૂરી કરે, અથવા જવાબદાર વ્યક્તિને સોંપીને પછી દીક્ષા લે તેમ કહ્યુ છે.

જ્યારે આતો સમ્રાટ છે. તેમને આખી પ્રજાનુ રક્ષણ કરવાનુ આવે. રાજા તો પિતા સ્થાને છે. રાજાને ગમે તેટલો વૈરાગ્ય થાય પણ કોઇ ઉત્તરાધિકારી માટે યોગ્ય વ્યક્તિ ન મળે તો રાજા દીક્ષા ન લઇ શકે. અને લે તો પાપ લાગે. આપણુ શાસન વિવેકવાળુ છે. માટે આ બધી જવાબદારી યોગ્ય મંત્રીઓને સોંપીને નીકળ્યા છે. તેમના પર ભરોસો હતો માટે જ નીકળ્યા છે. અત્યારે જે એમણે સાંભળેલુ તે ખાલી ગપ્પુ જ હતુ. ખાલી ખોટી નિંદા જ હતી, કટારી જ કર્યો હતો. પણ આ સાંભળતાં તેમનું ક્ષત્રિય લોહી છે માટે થાય છે કે મંત્રીએ વિશ્વાસઘાત કર્યો? મંત્રીઓને આટલા સાચવ્યા છે. તો પણ વફાદારીને બદલે બેવફાદારી કરી? માટે તેનાથી તેમણે યુધ્ધ કરવાની ભાવના થઇ. અહિંસક ભાવમાંથી હિંસક ભાવમાં આવી ગયા. છઠ્ઠે ગુણસ્થાનકથી નીચે આવી ગયા છે. માન્યતામાં તેમને ધર્મ ઉપર લેપ થયો છે. મારા આવા કઠોર જીવનમાં ધુળ પડી. સંયમમાં કાંઇ નથી. તેમ તમને પણ થાય કે આજકાલ રાજકીય

આવે તો શું થાય? કેવો ભાવ આવે? ધર્માત્માને ત્યાં ઘાડ પડીને? ધર્મમાં કાંઈ નથી. માન્યતા ઊલટી થાય તે ભયંકર દોષ છે માટે મહાત્માએ નાની ભૂલ કરી છે અને આટલી મોટી સજા થાય તેવું નથી. કુદરતમાં નાની ભૂલની મોટી સજા થતી નથી. ભૂલને સમજતાં આવડવું જોઈએ. ભૂલની ઝીણવટની સમજ જોઈએ.

આગળ દૃષ્ટાંત જેવું તેમાં ગાંધીજીમાં આમ સદ્‌ગુણ કેટલા? દેશપ્રેમ, પ્રજાના દુઃખ ખાતર ગરીબી જોઈને આખી જિંદગી આખું વસ્ત્ર પહેર્યું નથી. એ વ્યક્તિ શું આ લેવલના હતા? કે અપટુ ડેટ થઈને ફરી શકે તેમ હતાં? છતાં બીજાના દુઃખની તેમને કેટલી અસર છે. ત્યાગ, સહૃદયતા, સાદગી, પ્રમાણીકતા, દેશપ્રેમ કેટલા છે? તેઓ સ્વાર્થી કે લુચ્ચા નહોતા. એ વખતે તો નેતાઓને લાઠી ખાવાની હતી. ત્યારની વાત જ જુદી હતી. અમે તેમને દુષ્ટ વ્યક્તિ ચીતરતાં નથી. એ વખતના નેતાઓમાં આસ્તિકતા હતી. તેઓ ધાર્મિક વ્યક્તિ હતા. પુણ્ય, પાપ પર શ્રદ્ધા હતી, ઈશ્વરમાં શ્રદ્ધા હતી. છતાં માન્યતાઓ ઊલટી હતી. માટે ૨૪ કલાક પાપબંધ થતો હતો. અમે વ્યક્તિના સારા, ખરાબ પાસાનું તટસ્થતાથી મુલ્યાંકન કરીએ છીએ. તેમના સારા વ્યક્તિત્વને ઘોઈ નાંખે તેવી ઘણી ઊંધી માન્યતાઓ તેમનામાં હતી. આ અશુદ્ધિના કારણે જ પાપ બંધાય છે.

<u>સભા</u>:- આગલા ભવના સંસ્કારના કારણે માન્યતા ઊંધી થાય?

<u>સાહેબજી</u>:- અત્યારે તો વિચાર શુન્યતાને કારણે માન્યતા ઊલટી થાય છે. આ સૃષ્ટિમાં માનવને જ શું ભોગ ભોગવવાનો હક છે? બીજાને નહિ? આ તો સ્વાર્થવૃત્તિ કહેવાય. આવી હિંસામાં સ્વાર્થની ગંધ છે. કુદરતે જેને જીવન આપ્યું છે તેનું જીવન લુંટી લેવાનો શું હક? તમારા કોઈ રૂપિયા લઈ જાય તો બદમાશ કહો. શું તેમાં તમે આખા લુંટાઈ ગયા છો? તમે કોઈને ગમે તેટલા બરબાદ કરી નાંખો તો પણ તમે નિર્દોષ. આ અન્યાય છે. બધે પ્રમાણિકતાથી વિચારવું પડે. ઊલટી માન્યતા ઢગલાબંધ રીતે પ્રવેશી જાય છે. ધર્મના ક્ષેત્રમાં માન્યતા સુધારી નાંખો તો સફળ થશો જ. આ બધી માન્યતા વીજ્યુઅલ છે.

પછી સુક્ષ્મ માન્યતાઓ આવશે.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૨૩-૭-૯૫ ॥ મનોવિજ્ઞાન॥ ગોવાળિયા ટેંક
રવીવાર
અષાડ વદ બારસ લબ્ધિમન

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના પ્રત્યેક આત્માને સ્વતંત્રતાનો સ્વામી બનાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ ધર્મ એટલે શું? તે તમારા મનના તમને સ્વામી બનાવે અને ધર્મનુ તેજ કામ છે. અનંત અનંત કાળથી આપણો આત્મા પરાધીનતા, ગુલામીમાં પડ્યો છે, તેમાંથી બહાર નીકળી, મુક્ત બની સ્વતંત્રતાના સ્વામી બનીએ તેજ ધર્મનુ લક્ષ્ય છે. જગતના જીવ માત્રને પરાધીનતા ખટકે છે, પણ સ્વતંત્રતા નથી ગમતી તેવું નથી. છતાં આપણો સ્વભાવ શું છે? બાહ્ય જગતમાં આપણા ઉપર કોઈ વર્ચસ્વ રાખે, કબજામાં રાખે, આપણને કાબુમાં રાખે તો આપણને ગમતું નથી. પરંતુ આંતરીક જગતમાં આપણી પરાધીનતાનો આપણે વિચાર કરતા જ નથી. અનંતકાળથી દેહ, ઈન્દ્રિય અને મન તેની પરાધીનતા ભોગવીએ છીએ. આપણા જીવનનો કબજો 'મને' જ મેળવ્યો છે? તમારો કાબુ કોના હાથમા છે?

મન ચાહે તે રીતે તમે ચાલો કે તમે ચાહો તે રીતે મન ચાલે? મનના કહ્યાગરા સેવક હોય તેમ તમે વર્તો છો? મન જે સૂચના કરે તે કરવા તમે તૈયાર? એટલે મન તમારી પર વર્ચસ્વ જમાવીને બેઠુ છે. આમ મનમાં શક્તિ અગાધ છે. આ શક્તિ જો તમારા કાબુમાં હોય તો સદ્‌ ઉપયોગનું કારણ બને છે. આ જગતમાં 'મને' જ ઘણાને પાયમાલ કર્યા છે.

સભા:- મનનો માલિક તો આત્મા છે ને?

સાહેબજી:- હા, મનનો માલિક આત્મા છે. પણ તમે માલિકી રાખી છે કે

વેચી દીધી છે ? જેમ મકાનના માલિકનું ભાડુઆત આગળ ચાલે શું ? ભાડુઆતો અત્યારે માલિક થઈને બેસી ગયા છે. અત્યારે તો સરકારના અમુક કાયદાને કારણે ભાડુઆતને મજા છે. જેમ ભાડુઆત માલિક થઈ ગયા છે તેમ તમારા જીવનમાં માલિક કોણ ? માલિકી તમે મૂળમાંથી ગુમાવી દીધી છે માટે તકલાત સમજો.

તમારા ઇન્દ્રિય, દેહ, મન ચાલે છે પણ તમારી મરજી મુજબ ચાલે છે ? કે મનની મરજી મુજબ તમે ચાલો છો ? દેહ, ઇન્દ્રિય, મનનો કંટ્રોલ કોના હાથમાં છે ? તમને ધર્મમાં પણ નડતર ઊભી થાય છે તેનું કારણ શું ? આયંબીલ કરવાનું આવે તો જીભ ના પાડીને ઊભી રહે ? જરૂર પડે તમે હજારવાર જીભની જરૂરીયાત પૂરી કરી હોય, છતાં તે તમને ના પાડે ? વર્ચસ્વ કોનું જીભનું કે તમારું ?

તમે તમારા શરીરની સેવા કેટલી કરો છો ? ભગવાનની કે માબાપની સેવા કરતાં પણ વધારે કરી હશે ? પ્રતિક્રમણ ઊભા ઊભા કરવું છે તો શું કહેશો કેડ દુઃખે છે, પગમાં તકલીફ છે, શરીર બરાબર નથી. એનો અર્થ શું ? દેહ, ઇન્દ્રિય, મનનો તમારા પ્રમાણે ઉપયોગ થતો નથી. તમે તેની સેવા કેટલી કરો પણ કંટ્રોલ કોના હાથમા ?

તમારો જે સાધન પર કંટ્રોલ ન હોય તો સાધનને તમે વાપરવા તૈયાર થાશો ખરા ? આ યાંત્રિક જગતમાં કેટલા મશીનો શોધાયા છે. તમને મોટી આલીશાન ગાડી આપે અને કહે તમારે જ્યાં જવુ હશે ત્યાં તમે આનાથી જઈ શકશો પણ તેમાં બ્રેક અને સ્ટીયરીંગ બરાબર નથી તો તમે તેમાં બેસો ખરા ? કારણ શું ? કંટ્રોલ નથી માટેને ? તેમ ઘરમાં નાનુ ગીઝર પણ કંટ્રોલ વગરનુ હોય તો રાખો ખરા ? આવુ સાધન પણ મારક બની જાય. ફેસીલીટી માટેના જેટલા સાધનોના તમે સ્વામી છો તેની કંટ્રોલ તો તમારા હાથમાં જ જોઈએને ? કંટ્રોલ વગરના સાધન મફતમાં આપે તો પણ રાખો ખરા ? નહિતર ત્રાસ ઊભો કરે ને ?

માટે બધું તમે કંટ્રોલ માંગો છો? ડાબુ જોઇએ. અને ડાબુ ન હોય તો જીવન અસ્તવ્યસ્ત થઇ જાય. બ્રેક વગરની ગાડીમાં બેસો તો ફફડો ને? પણ અત્યારે તમારા મનને મોકળાશ છે તેને જ્યાં જવું હોય ત્યાં જાય ને?

તમારે દેશસરમાં એક કસાઇ ભગવાન સાથે એકાકાર થયું છે તો મન વાંકુ ચુકુ થયા કરે ને? તમારો તેના પર કાબુ નથી. પરંતુ તે તો તમને ગમે ત્યાં રખડવા લઇ જાય ને? જેમ ઘરમાં તમે પગાર આપીને માણસ રાખ્યો અને તે તમારું કહ્યું માને નહિ અને તે મન ફાવે તેમ કામ કરે તો તમે રાખો ખરા? કાઢી મૂકોને! તમે કહેશો તે આપણી મરજી મુજબ કામ કરે નહિ પણ સ્વછંદી થઇને કામ કરે તો ચાલે ખરું? ભલે તે પછી આખો દિવસ કામ કરતો હોય. આવા કામગરાને પણ રાખો ખરા? તેમ દેહ, ઇન્દ્રિય, મન પુણ્યથી મળ્યા છે. આ માનવભવ, ઇન્દ્રિયો પુણ્યથી મળ્યા છે. કેટલાયને આંખ નથી મળી, તમને આંખ મળી છે, તે કાંઇ તમારી હોશિયારી, બુદ્ધિના કારણે મળી છે? મળ્યા પછી પણ અત્યાર સુધી કામ કરે છે તેમાં પણ પુણ્ય જ કારણ છે. જન્મ્યા ત્યારથી કીડની બરાબર ચાલે છે તેમાં પણ પુણ્ય જ ને? કીડનીના સ્પેશ્યાલીસ્ટની પણ કીડની બગડતાં વાર ન લાગે. જો હોંશીયારીથી ચાલતી હોય તો તે બગડવા દે ખરા? બુદ્ધિના આધારે આ તંત્ર ચાલતું નથી. માટે આપણને જે દેહ, ઇન્દ્રિય, મન સાધનરૂપે મળ્યા છે, તે પુણ્યથી જ મળ્યા છે. ૮૪ લાખ જીવાયોનિમાં આ સાધનો વિશેષરૂપે આપણને મળ્યા છે. બધા માણસને આવા નથી મળ્યા, ઇન્ફીરીયર ક્વોલીટીના મળ્યા છે. પણ તેનાથી ચઢીયાતા તમને જે મળ્યા છે તેના પર તમે વર્ચસ્વ, કાબુ સ્થાપવા માંગો છો ખરા?

તેના પર તમારી માલિકી ગણાય કે ગુલામી ગણાય?

તમારી આ સ્વાધીનતા છે કે પરાધીનતા છે?

તમારી અંદરથી જેટલી ગુલામી છે તેટલો અધર્મ છે અને જેટલી તમારી

માલિકી છે એટલો ધર્મ છે. ધર્મ તમારી શક્તિ, વ્યક્તિત્વ, તમારા ગુણો, સ્વતંત્રતા આપવા માંગે છે, તમને મોટા બનાવવા માંગે છે.

અત્યારે શરીર, ઇન્દ્રિય, મન સાથે દેહનો કોઇ અત્યારે ત્યાગ કરવાની વાત નથી. દેહ-મનને સાથે જ રાખવાના છે. મન જાળવીને રાખવાનુ છે. પણ કંટ્રોલર તેના તમે બનો તેજ વાત છે. તમારા જીવનમાં અત્યારે કંટ્રોલર કોણ? બધે નિયંત્રણ વગર ચાલે છે ને? મન દ્વારા ગમે ત્યાં પ્રવૃત્તિ થાય આ બનવાનુ કારણ શુ? તમારે તેના પર નિયંત્રણ લાવવા જે ચાવીઓ જોઇએ તે ચાવીઓ નથી સમજ્યા માટે ને? ધર્મના ક્ષેત્રમાં આ પણ એક કળા છે તમારે દરેક બાબતમાં સ્વતંત્રતા પાછી મેળવવી જોઇએ.

મનની બાબતમાં શુ લક્ષ્ય હોવુ જોઇએ તેની હું સ્પષ્ટતા કરવા માંગુ છુ. આપણે ભાવમનનું સ્વરૂપ, તેના પાસા જાણ્યા વિચાર્યા, પણ લક્ષ્ય શુ?

મનના સ્વામી, માલિક, અધિપતિ બનવુ છે.

<u>સભા</u>:- સાહેબજી અમારે તેના પર કંટ્રોલ નથી તો શુ ઉપયોગ ઓછો કરવો?

<u>સાહેબજી</u>:- એમ નહિ. તેને વાપરતા ખુબ સાવચેતી રાખવાની. આ પણ સાધનો છે. જેમ બેટરીમાં સ્વીચ ઢીલી હોય તો તેનો ઉપયોગ ધ્યાન રાખીને કરો ને? સાધનોનો બીનજરૂરી ઉપયોગ કરવામાં પણ શક્તિ વેડફાય છે. તમને મળેલી શક્તિ વેડફી નાંખવી છે? અમારા શાસ્ત્રમા લખ્યુ છે કે મૂળભુત આત્મામાં અનંત શક્તિ છે, ભલે બધી શક્તિ ખીલી નથી. પણ જે શક્તિ ખીલી છે તે પુર્ણરૂપે ખીલી છે. આ શક્તિનો ગમે તેમ ઉપયોગ કરવો, કે વાપરવી તે મૂર્ખ માણસનું કામ છે. તે બેવકુફીનુ લક્ષણ છે.

<u>મન-વચન-કાયાની બીન જરૂરી પ્રવૃત્તિ કરવી. તે અધર્મ છે.</u>

<u>" " " જરૂરી " " " ધર્મ છે.</u>

જેમ તમારા સામાયિકમાં શુ?

તમારા માટે ખરો ધર્મ સામાયિકમાં આવે છે બાકી તો તમે સંસારના

પાપ વ્યવહારથી ખરડાયેલા હોવ છો. જેમ તમે સામાયિકમાં બેસો પછી તમારાથી વગર કારણે ઉઠાય નહિ, વગર કારણે ઉઠો તો પાપ લાગે. કોણ ગયુ, કોણ આવ્યુ તે બધુ જોઈ લઈએ તો ચાલે ખરુ? બેઠા બેઠા આમતેમ હાથ હલાવો તો પણ દોષ લાગે. મન-વચન-કાયાની ગમેતેમ પ્રવૃત્તિ થાય નહિ.

સભા:- તો કયા કારણે સામાયિકમાં ઉઠાય?

સાહેબજી:- જ્ઞાન, દર્શન, ચારિત્ર કે જેના ઘણા પેટા યોગો છે. જેમ વિનય, ભક્તિ, સ્વ અને પરની આરાધના કારણે ઉભા થવાય. પણ તે પણ જયણાથી જ ઉભા થવાય. તમને મળેલ શક્તિનો ગમે તેમ ઉપયોગ થાય નહિ. વિન જરુરી બોલો, વિચારો તો પણ દોષ લાગે. તમને તો કુદરતે આપેલ શક્તિનુ મુલ્ય નથી. કચરાની જેમ વેડફી નાંખો છો. આવી શક્તિ કોઇ બધાને મળી નથી. પણ મળેલ સાધનોનો આવશ્યક સદ્ ઉપયોગ કરવો જોઇએ.

સભા:- આપે કહ્યુ સામાયિકમાં દર્શન માટે એટલે કઇ રીતે ઉભા થવાય?

સાહેબજી:- જેમકે પરમાત્માની સામુહિક ભક્તિ કરવાની હોય, દેવવંદન કરવાના હોય તો દેરાસરે જવાય. દર્શનાચારના સેવન માટે આ હલન ચલન થાય છે. જેમ ગુરુની વૈયાવચ્ચ કારણે, ભક્તિ કારણે, વિનય તરીકે ખુણ સાથે જઇ શકો છો. તેમ ભણાવનાર પાસે જઇ શકો છો આ બધુ આવશ્યક હોય તો.

પણ જેમ શ્રીમંત માણસ રસ્તામાં પૈસા ઉડાડતો ચાલે. જેને કોઇ આવો મળશે નહિ. અને મળે તો પણ મેડ-હાઉસમાં દાખલ કરો, પણ કોઇ કરે તો શુ લાગે?

સભા:- ચક્રમ

સાહેબજી:- ચક્રમ લાગે ને? પાંચ રુપીયા એમનેમ ઠેકી દે કે-ઝાડી નાંખે તો મૂર્ખો? ગાંડો લાગે? તેમ તમને મળેલ શક્તિની કિંમત તમે કેટલી

આંખ છે ? પાંચ રૂપીયા જેટલી પણ નહિ ને ? ને ગમેતેમ વેડફો તો પણ ડાહ્યાને ? તમારી શક્તિનુ મુલ્ય કેટલુ છે ભણ્યો છો ? આંખ કે કીડની બદલાવામાં પણ લાખ્ખો રૂપીયા થાય છે. પા કલાક વધારે જુવાડવા લાખ્ખો રૂપીયા આપવા તૈયાર છો. પાંચ પૈસા જેટલુ પણ શક્તિનુ મુલ્ય તમે રાખ્યુ નથી. માટે જ ગમે તેમ શક્તિ વેડફતાં જાઓ છો. આંખનો ઉપયોગ ગમે ત્યાં થાય ને ? કાન પણ ગમે તે સાંભળવા તૈયાર ને ? ઈન્દ્રિયોનો કોઈ કંટ્રોલ ખરો ? બીજો આ રીતે વેડફે તો મુર્ખો લાગે ને ? પણ તમે શુ કરો છો ? તમને ગાંડા કહી શકાય ખરા ?

અમે કહીએ છીએ કે સાધનોનો બીનજરૂરી ઉપયોગ કરવો નહિ. સાથે પાછુ સાધનોનો જરૂરી ઉપયોગ કરો તો પણ કંટ્રોલ સાથે કરો.

આજે ઘણા શ્રીમંતો એવા છે કે જેને ઘરમાં કોઈ ખાવા, પીવા, હરવા, ફરવા, મોજમજામાં કોઈ કમી નથી. મેવા-મીઠાઈ ખાય તો પણ ખૂટે તેમ નથી. છતાં ઘરમાં એક મીનીટ શાંતિ નથી. આ બધા તોફાન કોના ? ઈન્દ્રિય અને મનના જ ને ? આવા શ્રીમંતોના ઘરના જુવાન જોધ છોકરાઓ કઈ રીતે મરી જતા હોય છે.

સંસારની, દુનિયાની દ્રષ્ટિએ જુવનમાં શુ ઓછુ હોય છે ? પણ મન, ઈન્દ્રિય પર બ્રેક નથી માટે જ ક્યાં ના ક્યાં અથડાતા કૂટાતા હોય છે. માટે મજાપા સિવાય તેમના જુવનમાં કાંઈ નહિ ને ? આવા હજારો, લાખ્ખો, કરોડો લોકો હોય છે. જેટલુ વધારે શક્તિશાળી સાધન તેટલો કંટ્રોલ વધારે જોઈએ. જેમ સાયકલ બ્રેક વગરની હોય હજુ ચાલે, પણ સ્કુટર બ્રેક વગરનુ હોય તો ચાલે ખરુ ? સ્કુટર કદાચ બ્રેક વગર હોય તો હજુ જરા ચાલી જાય પણ ફુલ સ્પીડમાં જતી ગાડી જો બ્રેક વગરની હોય તો ?

તેમ જુવનમાં આ બધા સાધનો પર કાબુ જોઈએ. અત્યારે તમને

માલિકિની ઇચ્છા જ નથી. તમે વર્ષોથી ગુલામીમાં રહ્યા છો માટે જ ગુલામી ડોઠે પડી ગઇ છે અને તેથી જ અંદરમાં તમને દુઃખ નથી. આમ તમને કોઇ જરા ઓર્ડર કરે તો અકળામણનો પાર નહિ. અને અહિંયા તમે બે હાથ જોડી મનની સેવા કરવા ઉભા રહો છો.

અત્યારે તમારે ત્યાં બે બસની વાત છે. સરકારે સરસ્સ નીતિ ઘુસાડી છે. માટે તમને છોકરા પ્રત્યે મોહ હોય. હવે આ છોકરો મા-બાપ ઉપર રોફ મારતો હોય, કામ ચિંદ્યા કરતો હોય, સ્કુલથી આવે ત્યારે ઓર્ડર કરે બુટ કાઢી આપ, તેમ બધા ઓર્ડરો કરતો હોય, છતાં તેમાં કાંઇ ખોટુ નહિ ને? આવા પણ મોહઘેલા મા-બાપ હોય છે. માટે કાંઇ કહે નહિ. કારણ આજ રીતનુ ઘડતર હોય છે. પાંચુ સામે જો મમ્મી કામ ચિંદ્યે તો ના પાડી દે. તડફડ પણ કરી દેનારા હોય છે છતાં મોહ ઘેલા મા-બાપને તેમની સેવા કરવામાં મજા આવે છે. અને એ છોકરાઓની ભૂલોને પંપાળે, બચાવ કરે, નાનો છે, છોકરૂ છે, કહીને ઉભા રહે. આ બધુ અતિ મોહના કારણે છે. તેમને ગુલામી, સેવા, ચાકરી ગમે છે. આમ નિયમ શુ? તમે કોઇ પરગજુ, પરોપકારી, સહિષ્ણુ, ઉદાર છો? કોઇ કામ ચિંદ્યે તો કરો ખરા? પરંતુ અહિંયા અતિ રાગ-મોહ ભર્યો છે માટે કરવા તૈયાર છો, કરતા પાછો આનંદ છે. માટે જ મા સવારથી સાંજ સુધી હોંશે હોંશે કરે છે. રુઆબ મારે તો પણ ગમે. જોકે આ બધુ તમારા માટે નવુ વર્ણન નથી.

જેને શરીર પર મમતા છે, ઈન્દ્રિયોમાં મોહ છે, મન પર આસક્તિ છે, તેવી વ્યક્તિ પર મન ગમે તેટલો રોફ મારે તો પણ તેની સેવા ચાકરી કરવાની તેને ગમે છે, કંટાળો તેને આવતો નથી. અત્યારે આ દશા તમારી છે. તેનો અર્થ તમને પરાધીનતા, ગુલામી ખાલી ડોઠે નહિ, પંપા તેમાં તમને ખૂબ મજા આવે છે. પરાધીનતામાં જ જીવને રસ છે, પછી ભલે મન તોફાન કર્યા કરે. જેમ નાનો છોકરો તોફાન કરે તો ગમે ને? કહેશો

'છોકરા છે તો તોફાન કરે ને? તોફાન ન કરે તો ઘર સુનુ સુનુ લાગે.'

આવા પ્રકારના રસ છે, જે મોહજન્ય કુવિકલ્પો છે. પણ ને ઇન્દ્રિયોના આવેગો, ઉશ્કેરાટ ગમે છે. માટે જ રજ કલાક મનને લીબર્ટી આપી દે. જેમાં કોઇ જાતની પરવા કરવી નહિ. જેમ ભૂખ્યા ઠોરને લીલુ ખેતર મળે તો શુ કરે? મોકળાશ જ ને?

તેમ તમારા મન ઇન્દ્રિયને પૂરી છૂટ છે. અને તમે આ જ રીતે જુવો છો કારણ તમને હજુ દેહ-ઇન્દ્રિય-મન પરાયા લાગ્યા નથી. પણ આ બધી ડીમાન્ડ મોહકારક છે તેમ લાગે છે? દેહ-ઇન્દ્રિય-મનને આત્માથી જુદા નહિ વિચારો તો તેને ઓળખવાની વૃત્તિ જ નહિ જાગે. તેને ઓળખવુ જેટલુ અઘરુ છે તેના કરતાં તેના પર આધિપત્ય જમાવવુ વધારે અઘરુ છે.

માટે મનને જાણો, ઓળખો અને સમજો.
આ માનવભવ એવો છે કે તમે ધારો તો તેનાથી મોક્ષ સુધી પહોંચી શકો, નહિતર તેનાથી અધઃપતન પણ થાય. પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાંત જોયુ ને? તે સાતમી નરકે જતે પણ મોક્ષ સુધી પહોંચી ગયા. ફુલ સ્પીડમાં જાય તેને તો સાધનાનો સમય વધારે નથી. ક્રિપકશ્રેણિમાં ચાલ્યા પછી મીનીટોમાં છે પણ કાંઇ કલાકો, દિવસોનો સમય નથી: જેમકે નાચતા, નાચતા કેવળજ્ઞાન પામ્યા, ખાતા ખાતા કેવળજ્ઞાન પામ્યા, તેમા જો કલાકો સુધી નાચે તો ગબડી જાય.

સત્સા:- વધારેમાં વધારે સમય કેટલો?
સાહેબજી:- એક બે મીનીટ પણ લાગે નહિ. હોસ્કા પર વધારે નાચે તો વ્યાજ્ન ગબડી જાય. વગર ઉપયોગે નાચવાની ક્રિયા કેટલી વાર ચાલે? તમારે ખાતાં ખાતાં બીજે મન ચાલ્યુ જાય તો ખાવાની ક્રિયા ચાલે, પણ કેટલી વાર? નહિતર કોળીયો બીજે જુદાઇ જાય. માટે પાછો ઉપયોગ લાવવો પડે. એકધારી ક્રિયા મનના ઉપયોગ વગર કરી શકાતી નથી. માટે તેમાં તો

મીનીટો જ જોઇએ, વધારે આવશ્યકતા નથી. હા, તે મીનીટો લાવવા માટે, તેનુ બેકગ્રાઉન્ડ કરવા માટે અને આપણે પાછા ધર્મ ધીમો કરનારા હીએ માટે તેમાં વર્ષો નીકળી જાય.

આમ નાટક ત્રણ કલાકનુ હોય પણ તેના રીહર્સલસમાં વર્ષો કેમ જાય છે? કારણ એને યોગ્ય રીતે કરવા માટે. અભ્યાસ રુપે ક્રિયામાં મહિનાઓ જાય છે. ક્રમપડશ્રેણિના ભાવો કરવાના છે પણ તેમાં પહોંચવા માટે અભ્યાસરુપ કદાચ ભવના ભવ જાય. માટે લાંબો ટાઇમ પૂર્વ ભૂમિકાનો છે. પૂર્વ ભૂમિકાઓ પ્રાપ્ત થયા પછી નો ભવ સડસડાટ ચઢી જાય છે.

હવે પાછળનુ જરા વિચારી લઇએ.

ભાવમન પર આપણે બે રીતીવારથી વિચારીએ હીએ.

મન આત્માથી જુદુ છે.

મન એ સાધન છે. આત્મા સંચાલક કર્તા હર્તા છે.

મનના બે પ્રકાર છે.

દ્રવ્યમન - ભાવમન.

દ્રવ્યમન:- જડ અણુ-પરમાણુની રચના દ્વારા બન્યુ છે. જડ પુદ્ગલના ચૌદસ આકારો હોય છે. જેવા વિચાર-ભાવો કરો એવા થાય. મનઃ પર્યયજ્ઞાનવાળા અને વિશિષ્ટ અવધિજ્ઞાની આ રુપી મનને જોઇ શકે છે. આ સાકાર દ્રવ્યમન છે. હકીકતમાં આ ઉપકરણ છે. તેના દ્વારા વિચારો થાય છે. હવે તેના દ્વારા જે આંતરીક ભાવોનો સમૂહ તે ભાવમન છે.

હવે ભાવમનના બે ભેદ છે.

ઉપયોગમન, લબ્ધિમન.

આગળનુ જરા નાજુ થાય માટે વિચારી લઇએ.

ઉપયોગમન - કોન્સીયસ માઇન્ડ. વિજ્ઞાન પણ તેને માને છે. દુનિયામાં

જે સજીવ છે તેમાં કોનશીયસનેસ છે. જડમાં ક્યાંય તે મળે તેમ નથી. દેહ, આત્માને જુદા પાડવા આ એક જબરદસ્ત પુરાવો છે. ઉપયોગ વગરનો જીવ હોતો નથી.

જે કાંઈ તમારું મન પરોવાય
તે ઉપયોગ મન કહેવાય.

તે ઉપયોગમન શાંત, સ્થિર, ધીર, પ્રશાંત, પ્રસન્ન નથી પણ આવેગોથી ઘેરાયેલુ છે. તેમાં આંદોલનો ચાલુ છે. તેનો સ્વભાવ શું છે ? કંઇ પણ વસ્તુ જુએ તેમાં સારા, નરસાનું મુલ્યાંકન કરવું. તેવી તેને ટેવ પડી ગઇ છે. જેમ એક કપડુ જોયું. ડીઝાઇન કેવી ? કલર કેવો ? ક્વોલીટી કેવી ? સારુ છે, નકામુ છે ? તેમ એક વાનગી મૂકી તેને ચાખી મારી છે, ખરાબ છે. બસ વિશ્લેષણ કર્યા કરવું. જરા પણ રાહ જોવી નહિ, અને પૃથક્કરણ કર્યા કરવું. હવે સારુ લાગે તેમાં રાગ થાય. પાછુ તમે સારુ માનીને શાંત બેસી રહો તેવા નથી. તેમાં તરત મનના આવેગો તૈયાર છે. જેનાથી અંદરમાં અજંપો થાય. ખરાબ વસ્તુથી જીવને દ્વેષ થાય. કદાચ દ્વેષ લાંબો સમય ન ટકે, પણ મનની સપાટી પર કંપન જગાવી જાય. તમારા મનને તે સ્વસ્થ ન રહેવા દે. પાણીમાં એક કાંકરો નાંખો તો પાણીને ડોલાવે ને ?

પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠુ મન એના દ્વારા સુખની કામના માટે જ બહાર મન ભટક્યા કરે, બહાર સંપર્ક રાખ્યા કરે છે. પણ એકે વખત અંદર સાથે વાતચીત કરી છે ખરી ? અવલોકન કર્યુ છે ? જેમ બારીમાંથી બહારનુ જ દેખાય તેમ તમારો સ્વભાવ બહાર જ જુએ. સારુ હોય તેમાં રાગ અને ખરાબ હોય તેમાં દ્વેષ ? સારુ મેળવવા જેવુ લાગે તો રુચી નહિતર અરુચી ? સારુ મળી જાય તો રતિ નહિતર અરતિ ?

રાગ-દ્વેષ, રુચી-અરુચી, રતિ-અરતિ ઘડિયાળના કાંટાની જેમ ચાલ્યા કરે છે.

જેમ ગમે તેટલો શાંત દરિયો હોય પણ પાણી હાલ્યા કરે ને? જોરદાર પવન આવે તો મોજા ઉછાળે, ધુધવાટ મચાવી દે. પરંતુ દરિયાનુ પાણી કદી શાંત સ્થિર જોયુ છે? તેની જેમ તમારા મનની સપાટી થોડી ઉંચી,નીચી થતી હોય, હવે તેમાં જો નીમીત્ત મળે તો આવેગોનો પાર નહિ. તેમાં પ્રબળ નીમીત્ત મળે ત્યારે આવેગોનો કેવો ધુધવાટ થાય?

તમારી બાજુમાં અત્યારે કોઇ બે કલાક એમનેમ બેસે તો તમારો પરિચય થાય? પણ તમારા મનનો પરિચય ક્યારે મળે? લાંબો ટાઈમ સાથે રહે અને નીમીત્ત મળે ત્યારે ને? ઘરબાયેલા આવેગો ત્યારે જ ઉછળશે. આ અંદરમાં ઘરબાયેલા જે ભાવો છે તેને અમે લબ્ધિમન કહીએ છીએ, જે વિશાળ છે.

આમ તમારા મગજની સાઇઝ કેટલી? પણ આખી દુનિયાનુ તે સંગ્રહ સ્થાન છે. મોટુ સ્ટોરહાઉસ છે. તેમાં જુદા જુદા ડીવીઝનો છે. અને ત્યાં વ્યક્તિ કે વસ્તુ પ્રત્યેના પ્રતિભાવો સંગ્રહીને પડ્યા છે. કોઇ નખાખલાની બાબતમાં પણ રાગ-દ્વેષ, રતિ-અરતિ, રુચી-અરુચી ભાવો પડ્યા છે. પથરો વાગે તો ગુસ્સો આવે ને? એ બાબતનો પ્રતિભાવ પડ્યો છે. દુનિયામાં જેટલાં કપડા છે તેમાં ડીઝાઇન, કલર, ક્વોલીટી કેવી? તેના માટે રાગ-દ્વેષ, રુચી-અરુચી પડ્યા છે, સંગ્રહીત છે. અંદરમાં અગાધ પડ્યુ છે. આમ તમારુ મન કોઇની સાથે સંપર્કમાં નથી છતાં જે પડ્યુ છે તેનાથી કર્મબંધ ચાલુ છે.

તમે જે કપડુ જોયુ નથી, ભાળ્યુ નથી, પણ અંદરમાં તેના માટે રાગ પડ્યા છે માટે કર્મબંધ ચાલુ છે. કર્મબંધ મન સાથે સંકળાયેલો છે. જેમ દેવલોક છે કોકે વખત જોયો નથી.

સત્તા:- આગળ જોઈ આવેલા

સાહેબજી:- ભૂતકાળમા જોઈ આવેલા, ભોગવી પણ આવેલા પરંતુ અત્યારે

તો ભૂલી ગયા છો ? અત્યારે તમે જે દુનિયામાં છો તેને છોડીને બીજુ દુનિયામા દેવલોક છે.

હવે ત્યાંના વૈભવનું સીધુ જ્ઞાન નથી છતાં ત્યાંનો વૈભવ, નીલમ મણિ જેવા રત્નો, મોજમઝા જેવા મળે તો તેમાં આસક્ત થઈ જાઓ. અંદરમાં એની આસક્તિ ઘણી જ પડી છે માટે ન જોવા છતાં કર્મબંધ ચાલુ છે.

સભા:- તે અવિરતિનું કારણ છે ?

સાહેબજી:- હા, દુનિયાભરના ભાવો મનમાં પડ્યા છે. આ મનનું અગાધ ઉંડાણ છે. તેનું તળિયુ તમે માપી શકો તો થાય ન ખાબો. અંદરમાં ભવોભવનો સંગ્રહ પડ્યા છે. ભાવમન એ આ ભવની ખાલી મુડી નથી અનંતભવની મુડી છે. અનેક ભવોના ભાવો અંદરમાં ગોઠવાઈને પડ્યા છે. તેને તમે હલાવો નહિ, ઉથલાવો નહિ ત્યાં સુધી તે હલે તેમ નથી. પરંતુ તેને તો ઢંઢોળ પડે તેમ છે.

આપણે પહેલા શું જોઈ ગયા ?

(૨) માન્યતા:- એટલે મન શું માને છે, શું નથી માનતુ. દરેક વસ્તુની, પ્રવૃત્તિની, ક્રિયાની માન્યતા પડી છે.

જેમ બીડી પીવી ખરાબ છે આ વાત ૨૪ કલાક અનકોન્શીયસ માઈન્ડમાં માન્યતા રૂપે પડી છે. હવે સીગારેટ પીવી તે કાંઈ ખરાબ વાત નથી. ગમે તો મોજ શું કામ ન કરીએ ? આદિવા શું થયુ કે બીડી પીવી સારી છે. દારૂ પણ લીમીટમાં પીવામાં વાંધો નથી, પોષણ આપે છે, જેમ આપે છે, તેમાં હિંસા ગણવાની હોય નહિ. માટે તેના માટે માન્યતા શું પડી છે ? દારૂ પીવો સારો છે, વ્યાજબી છે, માટે ૨૪ કલાક દારૂ પીવાની અનુમોદના પડી છે. તેથી સતત પાપ લાગી રહ્યુ છે. માન્યતા દ્વારા પાપબંધ ચાલુ છે.

સભા:- આ કર્મબંધને કાઢવો કઇ રીતે ?

સાહેબજી:- ખરાબ માન્યતાને દેશવટો આપો અને સારી માન્યતાનો સંગ્રહ કરો. ૧૦૦% શુધ્ધ માન્યતા સમકીતમાં છે. તેમા ૧% પણ ખરાબ માન્યતા ન હોવી જોઈએ. આપણે ગઈ વખતે ગાંધીજીનું દૃષ્ટાંત જોયેલુ. તે મહાત્મા કહેવાય, પણ તેમની વિચારસરણી કેવી છે ? તેમ વિવેકાનંદને પણ મહાન સંત માને, પણ તેમની વિચારસરણી હિંદુ ધર્મના શાસ્ત્ર સાથે પણ મેળ ખાય નહિ. તે હિંદુ સંત હતા. વૈદિક ધર્મ પ્રમાણે જેવી માન્યતા જોઈએ તેવી પણ તેમની નહોતી. જેમ દા.ત. માંસ ગમતુ હોય તો તે આનંદથી ખાય, એટલે તેમને પ્રાણીહિંસા સાથે વિરોધ નથી. આવી ઉંધી માન્યતા ઘણી જ પડી હતી. આ ભારેખમ પાપની માન્યતા છે. આવી માન્યતા તમારા મનમાં નહિ હોય. કારણ માંસ ખાવુ, સીગરેટ પીવી, દારૂ પીવો સારો આવી માન્યતાવાળા તો અમારા માં જુઓ નહિ. છતાં પણ તમારા મનમાં બીજી કેટલી ઉંધી માન્યતાઓ પડી છે.

જેમ જીવનમાં ધન કિંમતિ વસ્તુ છે કે ધર્મ કિંમતિ છે ? બેમાંથી કોને તમે કિંમતિ માનો ?

જે ધનને વધારે કિંમતિ માનતો હોય, અને ધર્મને ઓછુ કિંમતિ માનતો હોય તો તેની માન્યતા ઉંધી છે. તેના કારણે તે આત્માને મિથ્યાત્વનુ પાપ લાગતુ હોય. મિથ્યાત્વ કઈ રીતે અસર કરે છે તે સમજો.

સભા:- તેને દૂર કરવા પરિશ્રમ શુ ?

સાહેબજી:- મિથ્યાત્વ કોને કહેવાય ? તે નક્કી કરો.

ધન કિંમતિ નહિ પણ ધર્મ કિંમતિ કેમ ?

વિચાર, સમજણ, યુક્તિ દ્વારા માન્યતા બદલી શકાય છે. તેને તમે કામે લગાડો તો હજારો વર્ષની ઉંધી માન્યતા પલટાયા વગર રહેશે નહિ. ધર્મના ક્ષેત્રમાં આવવા માટે માન્યતાનું પરિવર્તન કરવાનું છે.

સભા:- બીજા ભવમાં પછી એજ માન્યતા રહે ?

સાહેબજી:- અનુભવના સ્તર ઉપર જો પલટી નાંખી હોય તો આગળા ભવમાં રહે.

સભા:- વાઘ, સિંહના ભવમાં જાય તો રહે?

સાહેબજી:- શુધ્ધિ માન્યતા સમકીતીને જ હોય. સમકીતી દુર્ગતિમાં જાય નહિ. જૂનકાળના નિકાચીત કર્મથી જાય. જૂનકાળના કર્મનો પલટો ન ખાય ત્યાં સુધી તેમાં રહે પછી પાછો પલટો આવે.

સમકીત એક વખત પામ્યા પછી આગળ વધારવાની જવાબદારી તેની છે. સાચો ધર્મ તેનું નામ જે આગળના વિકાસમાં ચઢાવે. જેમ ઢાળીયા રસ્તામાં તમે ચાલો એટલે તે ઢાળ તમને આગળ ચલાવે. તેમ ધર્મની પ્રગતિ ઢાળ જેવાની માફક છે.

સભા:- લપસી ન પડાય?

સાહેબજી:- કદાચ લપસી પડશો તો પહોંચશો ક્યાં? ચિંતા થાય છે પણ નીચે ગાદલા પાથરેલા હોય તો ઝાઝોટશો હાડકા ભાંગવાના નથી. ઝનૂનોપીલો છે માટે ખુશીથી પડો કાંઇ નીચે પથરા નથી. મુળ તાત્પર્ય શું આગળ વાંધો નથી.

સભા:- મિથ્યાત્વ નવું મિથ્યાત્વ નિકાચીત કરી શકે ખરું?

સાહેબજી:- નિકાચીત થયેલું મિથ્યાત્વ જેટલું પ્રબળ હોય તે પ્રમાણે બંધાય. પ્રબળ ન હોય તો તેને જવ કાપી શકે, તો નવું મિથ્યાત્વ ન બંધાય. જેમ ભગવાન મહાવીરનો આત્મા નયસારના ભવમાં સમકીત પામ્યો: પછી મરીચીના ભવમાં અમુક ટાઇમ સુધી સમકીત છે. દીક્ષા લીધી ત્યારે છઠ્ઠે ગુણસ્થાનકે છે. પણ શરીરની સુકોમળતાના કારણે ચારિત્ર ના પાળી શક્યા. અને તેમને ચારિત્ર સ્વેચ્છાએ ત્યાગ કર્યું. તે વખતે પણ ભાવશ્રાવકના ગુણો પાળે છે. ત્યારે તેમનામાં લાયકાત ઘણી છે. પણ ક્યારે કપીલે પૂછ્યું ત્યારે કહ્યું "ધર્મ અહિંયા છે અને ત્યાં પણ છે" આ વાક્યથી ભગવાને કહેલાથી ઉંધી માન્યતા તેમને કેળવી. તેના

કારણે તેમને મિથ્યાત્વ આવ્યું. ઉચ્ચ ભાવનાથી મિથ્યાત્વ બાંધ્યું. ભૂમિકાથી નીચે પડ્યા. ઉચ્ચ ભાવનાનું મમત્વ અને આગ્રહ છે. માટે નવું ગાઢ મિથ્યાત્વ બાંધ્યું. એક, બે, ત્રણ નહિ પણ અસંખ્ય ભવ સુધી મિથ્યાત્વ ચાલ્યું. જીવ પડે ત્યારે મિથ્યાત્વ ભોગવે ત્યારે નવું ન બાંધે તેવું નથી. ઝેર નવા ઝેરને પેદા કરે તેમ મિથ્યાત્વ મિથ્યાત્વને પેદા કરે. તે વિષચક્ર છે. માટે મિથ્યાત્વના ચક્રમાં રૂરે.

<u>સભા</u>:- સમકીત એટલે પાપના અનુબંધનું સુદર્શન ચક્ર છે?

<u>સાહેબ</u>:- એટલે શું થયું કહેવાય? તે પાપના અનુબંધનો નાંશ કરે.

જીવ પાસે આ ચક્ર ન હોય તો પાપના અનુબંધ ન તોડી શકે. અને મોક્ષે જાય નહિ. માટે સમકીત પાસે પાપના અનુબંધ તોડવાની તાકાત છે. આ સંસાર સાગર પાર કરવા માટે સમકીત જેવું કોઇ આલંબન નથી. આ સમકીત ન પામવા માટેનું મૂળ ઉંધી માન્યતા છે. તે માન્યતાને મિથ્યાત્વ ગાઢ બનાવવાની પ્રબળ તાકાત ધરાવે છે.

સમકીતી છો કે મિથ્યાત્વી છો તે જણાવા માટે બસ તમે શું માનો છો? તમારી માન્યતા શું છે? આ જોવાનું છે પણ તમે શું કરો છો? તે જોવાનું નથી. પણ તમે માનવામાં જે વર્યા!! જ્ઞાની હોય તો મિથ્યાત્વી છો. સમકીત એક એક અશુદ્ધ માન્યતાને શુદ્ધિમાં પલટવાની તાકાત ધરાવે છે. પુણ્યાનુબંધી પુણ્યની શક્તિ ધરાવે છે.

તમે ક્રોધને સારો માનો છો ત્યાં સુધી ક્રોધ કરવામાં અંદરથી બળ મળે છે. પરંતુ ક્રોધ ખરાબ છે, પીડા છે અને કદાચ ક્રોધ કરી બેસો તો તેને અંદરથી બળ નથી મળતું. મન વિહ્વળ થાય છે જેટલી તમે માન્યતા પલટી એટલું મનનું સંશોધન ચાલુ થયું.

અનાથીમુની મળ્યા પહેલાં શ્રેણિક રાજા સમ્રાટ હતા, રાજપાટ ભોગવતા હતાં. એમનું જીવન વૈભવ, ભોગ પ્રધાન હતું. મહાવીર મળ્યા

પછી ભગવાનના પરમ ભક્ત થયા, પણ દીક્ષા લીધી નથી. સંસારમાં રહ્યા છે. પણ માન્યતા ધરમૂળથી બદલાઈ ગઈ છે. પહેલા તો "તેઓ સત્તાધીશ, રાજ, વૈભવ ધારણ કરનારા પ્રભુનુ રક્ષણ કરનારા, પ્રભનો નાથ છુ " તેવુ માનતા. પરંતુ અનાથીમુનીએ પ્રતીત કરાવ્યુ કે તારી જાતને પ્રભનો નાથ ભલે તુ માનતો હોય પણ તુ સ્વયં અનાથ છો. અને આની પ્રતિતિ થવાથી તેમને પોતાની જાતને અશરણ માની છે. જડ પુદ્ગલો આપત્તીમાં રક્ષણ કરવાની તાકાત ધરાવતા નથી. માટે તેમને લૌકિક સિધ્ધિ સિધ્ધિમાં અસલામતીનું ભાન થયુ. તમને આવુ ભાન થાય છે ખરુ ?

તમારે બંગલામાં ચાર સીકયોરીટી હોય, તીજોરીમાં કે બેન્કમાં બધુ ગોઠવેલુ હોય ત્યારે તમે તમારી બધી સલામતી છે તેમ માનો ને ? પરંતુ અત્યારે પણ અસલામત છો તેનુ ભાન થાય છે ખરુ ? તમે સિધ્ધિ-સિધ્ધિ વૈભવમાં સલામતી માનો છો અને આ ન મળે તો અનાથતા માનો છો ? માટે તમારી માન્યતા શુ ?

તમે માંદા પડો ત્યારે જે કોઇ ન સાચવે, ચિંતા ન કરે તો બધા સ્વાર્થી, લુચ્ચા છે. અને સૌના બદલે જે બધા ખડે પગે ઉભા રહે, સમાજમાંથી બધા પૂછવા આવે તો લાગે બધા મારી ચિંતા કરનારા છે. હું એકલો અટૂલો નથી. માટે વિચારજે માન્યતા શુ ? એટલે શ્રેણિકની મિથ્યાત્વ અવસ્થામાં જેવી માન્યતા હતી તેવી જ તમારી માન્યતા છે ને ? પડ્યો બોલ ઝીલે ત્યારે પણ અનાથતા લાગે ખરી ? અશરણ છુ તેમ લાગે ?

બાર ભાવનાથી માન્યતામાં મૂળ પરિવર્તન કરવાનું છે. તેમને એકત્વ ભાવના ભાવી છે. જેમ હુ એકલો છુ, મારુ કોઇ નથી, હુ કોઇનો નથી. જેમ તમને કોઇના પર રાગ નથી, મારા પર કોઇને રાગ નથી, રાગ છે તે પણ ખોળીયા પરનો છે. તમારા નિકટ સંબંધીનો પણ ભવ

પૂરો થયો પછી શું ? તે ડીડી, મંડોડા, ચકલી થાય ત્યારે વદાલ થાય છે? રાગ આવે છે? ઘરમાં પણ રાખો ખરા? માટે આ બધા સંસારના રાગ ખરા રાગ નથી.

જગતનુ વાસ્તવીક સ્વરુપ સ્વીકારવુ તેનુ નામ જ સમકીત છે.

સભા:- આ બધુ માને પણ વર્તનમાં ન મૂકે તો ?

સાહેબજી:- વર્તનમાં પહેલા જ દિવસે આવે તેવું નથી. પરંતુ જેની માન્યતા સાચી છે તેને વહેલુ મોડુ પણ વર્તનમાં આવશે ખરું. જેમ કોઇ વ્યક્તિ ડબાયને ખરાબ માને અને તરત જ છૂટી મળે તો પછી તે તો તરત જ કેવળજ્ઞાન પામી જાય. પરંતુ સમકીત આવ્યા પછી પણ વીતરાગ બનવા ભવોના ભવ થાય છે.. અંને આવુ નીર્ધકરને પણ બને છે. હા, જો તરત જ આવી જાય તો વધુ સારુ છે. તમારી વૃત્તિ, પરિણતિ એકાકાર થઇ છે માનો છો? પરંતુ પ્રકૃતિ જુદી છે તો વિસંવાદ તો રહેશે. પણ મનને જાણવા માટે તેને શુદ્ધ કરવા શાસ્ત્રઘાત ક્યાંથી કરવાની? તમારા વિચાર અશુદ્ધ રહે તેની ચિંતા નથી. અંદરમાં પાણી ડોળાયેલુ છે તો સપાટી પર ચોખ્ખુ પાણી જોઇએ તો ક્યાંથી આવે ? પણ અંદરમાં ગંદકી છે તો બદાર આવશે. શ્રેણિક ધર્મ પામ્યા પછી પણ ખોટા વિચાર, પાપના વિચાર કર્યા છે પણ માન્યતા તો તેમની શુધ્ધ જ રહી છે.

સભા:- માને છતાં પણ વર્તન ન કરે તે કેવુ ?

સાહેબજી:- હા, બીડી પીવાથી ફેફસા ખરાબ થાય છે, કેન્સર થાય છે તેવું માને છે. છતાં બીડી પીવે છે તો શું તે મોજથી પીવે છે ? કે તેને થતુ હોય કે આ ટેવ છૂટે તો સારુ. આના કારણે પાયમાલ થઇ ગયો છુ, બલા વળગી છે, આ કાંઇ પીવા જેવી નથી. માટે તેને છોડવા પ્રયત્ન પણ કરે છે. આ તેની સમજણની નિશાની છે. છતાં પણ ન છૂટે ક્યારે ? ખોટુ આચરણ કરાવનાર કર્મ જો પ્રબળ હોય

તો ન છૂટે.

સભા:- અમે તો હજુ સુધી ધર્મનો પાયો જ નથી માંડ્યો ?

સાહેબજી:- અનંતકાળથી આજ લઈને ફરો છો. તપ,ત્યાગ, સંયમ કરો પણ માન્યતા શું ? સુખ ભોગમાં જ છે ત્યાગમાં નથી. આવી માન્યતાવાળા ઉપવાસ કરી લે પણ આનંદ ક્યાં ?

સભા:- પારણામાં

સાહેબજી:- ચટિયા જ બુદ્ધિ બગડી છે. સાચી માન્યતા હોય તો ઉંધા ભ્રમ ના રહે. ઉપવાસ કરો એટલે થોડીવારમાં કુરકુરીયા બોલે. સવારથી ઉપવાસનું ટેન્શન થાય. જેવી ભૂખ લાગે એટલે દુઃખ ઉભુ થયુ. માટે ઉપવાસમાં કષ્ટ લાગે છે, અને પીડા એ દુઃખ છે માટે ઉપવાસમાં ભ્રમ નથી આવતી. પરંતુ આ ભૂખનું દુઃખ કાંઇ મોટુ દુઃખ નથી. તમે સીઝનમાં વેપાર કરતાં ખાવા-પીવાનું ભૂલી જાઓ છો ને ?

એક બાજુ ભૂખ્યા રહેવાથી થોડુ શારીરીક દુઃખ કષ્ટ હોઈશકે.

સભા:- સાહેબજી ખાલી શરીરમાં કે મનમાં પણ ?

સાહેબજી:- તમારા શરીરમાં ઉપવાસથી કષ્ટ રહેવાનુ, માટે તેનાથી મનમાં માનસીક દુઃખ પેદા થવાનુ છે. પરંતુ ઉપવાસ એ મનના સુખનો, અને આત્માના સુખનો, અનુભવ કરાવે તેવી તે ક્રિયા છે. પરંતુ સુખ શુ દુઃખ શુ તે તમે સમજ્યા નથી. જીવનમાં પ્રવૃત્તિ પુરુષાર્થ પર નિર્ભરીત છે. જેવો પુરુષાર્થ હોય તેવી પ્રવૃત્તિ થાય છે. પુરુષાર્થના પ્રેરક બળમાં તમારા મનના પ્રેરક ભાવો છે. મનની પ્રબળ માન્યતા છે. જેને સારુ માનો તે કરવા અંદરથી પ્રેરણા મળે, સારુ ન માનો તેને કરવાની મન પ્રેરણા આપશે નહિ. હા, માન્યતા જેન્યુઇન હોવી જોઇએ. બોલવા ખાતર બોલો તેનો મીનીંગ નથી. પરંતુ "હુ આ હૃદય પૂર્વક માનુ છુ, આ નથી માનતો" સારુ માનો છો તે કરવા

મન પંચીગ કર્યા કરશો. કરવા જેવુ આ જ છે. અંદરથી સતત પ્રેરણા આપશે. તમારી રુચી, અરુચીનો પાયો માન્યતા છે. જે માન્યતા સારી માનશો તેના તરફ મનનું વલણ થશે. બાકી મનના વલણને પલટાવું માન્યતા પર છે. માન્યતા પલટાય તો વર્તન બદલાય છે. માન્યતા બદલાય એટલે સાચો પુરુષાર્થ કરવાની દિશા ઉઘડે છે. પાયાના સંશોધિન તરીકે શુધ્ધ માન્યતા છે. અને પછી જ ધર્મના ક્ષેત્ર માટે લાયક બનો છો. અને પછી તેનું વલણ સારા કામમાં રહેશે. અત્યાર સુધી ઘર કરી બેઠેલી ઉંધી માન્યતાનાં કારણમાં આપણી વિશિષ્ટ શક્તિને કામે લગાડી નથી. કદાચ શક્તિ કામે લગાડી તો પણ અનુભવ તો વિરોધી જ રહ્યો છે.

જેમ ક્ષમા, સમતા, નમ્રતા કેળવતાં શું થાય કે આપણને દબાવાનું આવશે, આપણો રુઆબ પાવર નહિ રહે. ઉદાર બનવાનું આવે ત્યાં લાગે ગુમાવવુ પડશે. માટે અંદરમાં સંઘર્ષ શુ ? તમે તેને સારુ કહો પણ અનુભવ શુ કહે ? કષ્ટ, પીડા ઘણી છે. માટે તેમાં દુઃખ છે, તેવી માન્યતા છે, સુખ છે તેવી માન્યતા નથી. આ સંઘર્ષના કારણે સાચી માન્યતા નથી આવતી. માટે જ માન્યતા બદલવા અનુભવ બદલવો પડે. ગુરુમાં સુખનો અનુભવ ન થાય ત્યાં સુધી તમે તેને સુખનું સાધન નથી માનવાના. મનનો સ્વભાવ શુ ? તેને તમે દબાણથી મનાવો તો તાબે થાય તેમ નથી. તમે વિચાર ધારા લાદી દેશો તો તે જેટલી ઉછળે તેમ છે.

માટે આનંદઘનજીએ ગાયુ છે

સુર-નર-પંડિત....

ગામ આખાને સમજાવે પણ પોતાને કોણ સમજાવે! એને તો અનુભવ કરાવો તો જ માનવા તૈયાર થાય

સભા:- અન્ય ધર્મના ગુરુનુ પ્રવચન સાંભળીએ ત્યારે સંઘર્ષ થવાથી

મન ચલીત થાય છે. શું કરવુ ?

સાહેબજી:- ગમે તે ધર્મમાંથી સાચ-સારુ લો તેમાં વાંધો નથી, પણ કોઇ બધા ધર્મમાં સાચી, સારી વાત છે, તેવું કહી શકાય નહિ. જ્યાં સાચી વાત નથી ત્યાં તો તમે જો ભોળા, અબુઝ હશો તો ઉંધી માન્યતામાં ગોઠવાઇ જશો. માટે સાચા-ખોટાની સ્વતંત્ર ખાત્રી કરવાની શક્તિ ન હોય ત્યાં સુધી ગમે ત્યાં જવાય નહિ.

સભા:- શંકાનું સમાધાન કરવા ક્યાં જવાનું ?

સાહેબજી:- જેની પાસેથી સાચુ માર્ગદર્શન મળે તેની પાસે શંકાનું સમાધાન કરવા જવાય. જેની પરિપક્વ બુદ્ધિ છે, જેને ગમે તે શાસ્ત્રમાંથી સાચા ખોટાની હંસ જેવી આવડત છે. તે વ્યક્તિને ગમે ત્યાં જવામાં જોખમ નથી. હુ તમને શાસ્ત્રનું બતાવુ તો વિવેક કરી શકો ખરા ?

પ્રાથમિક કક્ષાના નર્કો હોય જેમ દરેક ધર્મમાં ઉપદેશ છે કે તપ એ કાયા કષ્ટ છે. માટે મહાવીરે જે તપ ધર્મ બતાવ્યો છે તેનાથી તો દક્ષીતમાં આત્માની મુક્તિ થાય નહિ પણ તેના પર જુલમ થાય છે, ત્રાસ થાય છે, કાંઇ તેનાથી ધર્મનો વિકાસ થાય નહિ. પ્રગતિ ત્રાસ આપવાથી થાય કે ગુરુના આધાનથી થાય ? જેથી તપ-ત્યાગ-સંયમને કોરટનું કષ્ટ માનીને બેસે છે. આવુ અત્યારે ઘણા જૈનો પણ માનતા થઇ ગયા છે.

તમારે નર્ક કરવામાં રજનીશ કાંઇ ઓછા હતા ? દુનિયામાં જૈનો જેવા હિંસક કોઇ નથી. તો કેમ ? બીજ લોકો તો હિંસા બીજની કરે છે, તેઓ બીજનુ માંસ ખાય છે. જ્યારે ઉપવાસ કરનારા તો પોતાનુ જ માંસ ખાય છે. કારણ ખોરાક ખાવાનું બંધ કરી પોતાનુ માંસ લે છે અને તેને પચાવી જીવન ટકાવે છે. એટલે પોતાનુ જ ભક્ષણ કરે છે, તેઓ સ્વ માંસાહારી છે. આ

બધા કુતર્કો છે. ઉંધી બુદ્ધિ લડાવાનુ ત્હેજુ છે. હવે આવુ સાંભળનારની હાલત શુ થાય ? આમા તો ઘણા ગુમરાહ થઇ ગયા. હકીકતમાં આ વાતમાં માંસાહાર બેસે તેમ છે ? માંસાહાર કોને કહેવાય તેનો વિચાર જ ન કરે.

હકીકતમાં આને માંસાહાર કહે તો પ્રસંગે રોગ થાય છે ત્યારે તાવ આવે તો ભૂખ્યા રહેવુ પડે છે. કો બીજુ તકલીફથી પણ ભૂખ્યા રાખે છે. માટે શુ તે વખતે માંસાહાર થાય છે ? માંસ ખરાબ કેમ છે ? તેમાં કુરતા છે અને બીજાને પજવવાનો ભાવ છે, માટે તે ખરાબ છે. જ્યારે ઉપવાસ કરનારને બીજાને ત્રાસ આપવાનો ભાવ છે ? કે બીજાને અભયદાન આપવાનો ભાવ છે. માટે તમે પરિપક્વ ન બનો ત્યાં સુધી ગમે તેનુ સંભળાય નહિ.

સમ્યગ્દૃષ્ટિ ગમે તે ધર્મશાસ્ત્ર વાંચે તો તેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન જ થાય. મિથ્યાદૃષ્ટિ ગમે તે ધર્મશાસ્ત્ર વાંચે તો મિથ્યાજ્ઞાન જ થાય છે.

<u>પ્રશ્ન</u>:- સાધના દ્વારા મનને વશ કરી, તેનાથી કર્મો વહાર લાવી આત્માની શુદ્ધિ થાય ?

<u>સાહેબજી</u>:- હા, એકદમ. પદાર્થ વિજ્ઞાનનો નિયમ છે કે જે પ્રક્રિયાથી આત્માની અશુદ્ધિ થઇ છે, તેનાથી ઉંધી પ્રક્રિયા કરો તો આત્માની શુદ્ધિ થાય. આત્માને કોઇ કર્મ લાગે છે, તેમાં મન સાધન બને છે, જેવા મનના ભાવ તેવા કર્મના બંધ થાય છે. કર્મ જે ભાવથી બંધાયુ છે, તેનાથી ઉલટા ભાવ કરો એટલે કર્મ છુટે છે. આ પદાર્થ વિજ્ઞાનની દૃષ્ટિએ માન્યતા છે. મનને વશ કરવા જે કારણથી મન બેકાબુ બન્યુ છે, તે ભાવોથી ઉલટા ભાવો કરો તો મન કાબુમા આવશે. જેમ નોકર તમારુ કહ્યુ કરતો નથી, જે કારણથી સ્વચ્છંદી બન્યો છે, તે કારણ પાછુ ખેંચી લો તો નોકર સ્વચ્છંદી બની શકે ખરો ? નોકરનો અર્થ જ પરાધીનતા છે. કારણ તેના માથે માલિક છે, માટે શેઠે જે છુટછાટ આપી હોય,

તેને પાછી ખેંચી લેવી પડે, તેમ દીકરાને પણ મર્યાદામાં લાવવા નિયંત્રણો મુકવા પડે છે, તેમ પ્રેક્ટીકલ વાત છે કે મનને નિયંત્રણમાં લાવવા જે મને ઉંધુ કર્યું છે તેને સીધુ કરવાનુ ચાલુ કરો.

" મન મારી મરજી વિરુધ્ધ કંઇ જ નહિ કરી શકે, કરીશ તો તને સજા કરીશ, તુ લપડાક ખાઈશ" આવો પાવર છે ખરો? કે માંદલા થઇને ફરો છો? જેમ શરીરમાં સત્તાનો, પ્રભાવનો પાવર જોઈએ, તેમ મહિયા આત્મબળ જોઈએ. હુ આત્મા છુ, મારામાં અનંતી તાકાત છે, તેની સામે મન શુ કરશે ?

મનોવિજ્ઞાનની સાધનાના પાંચ સ્ટેપ છે :-

① આત્મવિશ્વાસ :- તેના વગર મનને કાબુમા લઈ શકાય નહિ. તેની સાથે સંકલ્પ ન હોય તો પણ કામ ન થાય. માટે બીજુ

② સંકલ્પબળ :- એને માટે ત્રીજુ

③ સમજણશક્તિ :- મનને કાબુમા લેવાનુ આ બેઝ સાધન છે. મનને સમજાવીને કાબુમાં લેવાનુ છે. અને તેનાથી

④ સાધના :- સતત પ્રયત્ન, મથામણ, તેના દ્વારા મનનો કાબુ આવે છે. તર્કબુધ્ધિથી પ્રક્રિયા કરવાની છે.

સભા :- સમજણને દાવપેચ કહેવાય ?

સાહેબજી :- તે દાવપેચનો બેઝ વિભાગ થાય છે. સારા માણસે પહેલા દાવપેચ રમવાના હોય કે પહેલા સીધી રીતે કળથી કામ કરવાનુ હોય ? માટે જ પહેલા શામ, દંડ, ભેદ આવે. વગર કારણે ધાંધલ, ધમાલ, ઉગ્રતા કરવાની જરુર શુ ? દાવપેચથી તો ક્યારે કાન પકડો કે જે કોઈ કેડામાં ન આવે તો.

સભા :- તેને જબરદસ્તી કહેવાય ?

સાહેબજી :- ના, આતો વંચના છે, ઠગવાની વૃત્તિ છે. નાના છોકરાને કહીએ કે શાંતિથી બેસ તો બેસે ખરો ? અઘરીકસાકમાં

તો કુદમકુદા કરે. આ બારી પરથી બીજુ બારી પર ચઢશે. લાગ આવે, કૂતરાનુ પુછડુ ખેંચી આવશે, તમે કહો તેનાથી તે ઉંધુ જ કરે, મોટા ભાગે નાના છોકરા અવડચંડા જ હોય છે.

સભા:- તેને વાનરવેડા કહેવાય ?

સાહેબજી:- એવુ જ કહેવાય. સ્વભાવ શુ ? અવડચંડો, કહીએ તેનાથી ઉંધુ જ કરે, કહીએ દોડમદોડા કર તો શાંતિથી બેસી જાય. માટે જેનુ મન અવળચંડુ છે, તેને ઉંધા જ આદેશ આપવાના આવે. પૂજ્ય યશોવિજયજીએ અધ્યાત્મસારગ્રંથમાં કહ્યુ છે કે મનના સાધકે સાધનામાંથી તેનુ મન બહાર જતુ હોય કે સાધનામાં વિક્ષેપ કરતુ હોય, તેને શુ કરવુ ? તેની ટેકનીકો બતાવી છે, તેમાં મનને ઠગવાની વાત કરી છે. શાસ્ત્રમાં મન માટે વોલ્યુમોના વોલ્યુમો ભરાય તેટલા ગ્રંથો છે. જ્ઞાન એ આત્માનું સુખ છે. ધ્યાનુ મન તોફાની અવળચંડુ હોય, તે નવરુ બેસે ખરુ ? જેમ તમે કામ વગર નવરા બેસો ખરા ? કદાચ થાકો તો ઉંઘી જાવ પણ નવરા ન બેસો. તેથી વ્યવહારમાં પણ કહ્યુ છે કે "નવરા બેઠા નખ્ખોદ વાળે." તેમ તમારા મનની શુ સ્થિતિ ? માટે મનને કાબુમા લેવા એક મીનીટ પણ તેને નવરુ નહિ રાખવુ.

સભા:- વિચારની ચંચળતા એ સ્મૃતિ કે કલ્પનાના આધારે છે ?

સાહેબજી:- વાસના, કુબુદ્ધિના કારણે વિચારની ચંચળતા છે. સબકોન્સીયસ માઇન્ડમાં અશુદ્ધિ છે, તેના કારણે વિચારની ચંચળતા છે, માટે વિચારની ચંચળતા સ્મૃતિ કે કલ્પનાના આધારે ન કહી શકાય, નાના બાળકને કોઇ સ્મૃતિ નથી. છતાં તેનુ મન ચંચળ છે.

સભા:- ગયા ભવની સ્મૃતિ ?

સાહેબજી:- સ્મૃતિ એ જાતિસ્મરણ કહેવાય, તેને સંસ્કાર ન કહેવાય, સ્મૃતિ એ જુદી વસ્તુ છે, માટે પ્રોપર વર્ડ બોલો, શાસ્ત્રમાં ચોખ્ખી વાત કરે છે કે ચંચળતાનું કારણ સ્મૃતિ કે કલ્પના નથી, પરંતુ

ઉંધી માન્યતા એ ચંચળતાનુ કારણ છે. અમુક માન્યતા સારી છે, માટે તેમા તમારુ મન દોડે છે. બીજુબાજુ ઘણાએ ઉંધી વાતો ફેલાવી છે.

ધ્યાનની સાધના દ્વારા શુ કરવાનુ છે? નિર્વિચારક બનવાનુ છે, અને તે માટે જ પ્રયત્ન કરે છે. ખરેખર સાધના દ્વારા વિચારશુન્ય થવાની જરુર નથી. વિચાર કરવા એ ખરાબ વસ્તુ નથી, ઉપયોગી તત્વ છે. મનને નિષ્ક્રીય નથી બનાવાનુ પણ મનને સક્રિય બનાવવાનુ છે. મનની શક્તિ ખીલવવાની છે. અત્યારે જે વિચાર આવે છે તેમાં સારા નરસા, એકાગ્રતા, સ્થિરતા, ઠંડક લાવવા ધ્યાનની સાધના છે. કોઇ શુન્યમન કરવાની ધ્યાનની સાધના નથી.

વિચાર સારા હોય તેને સ્થિર કરવા પ્રયત્ન કરો, તેના માટે જ મનોવિજય કરવાની વાત કરતો હતો. જેમ નાના બાળકને સારી પ્રવૃત્તિમાં રોકી રાખો તો બીજે ભય નહિ. તેમ મન પાસે કામનો ઢગલો રાખો. તેથી ચારે બાજુથી તે લદાયેલુ રહે. તમારે વ્યવહારમાં ભૂત-પિશાચનું દૃષ્ટાંત છે.

આમલી-પીપળાના મોટા ઝાડ પર ભૂત બેઠુ છે, તેની નીચેથી જે જતુ હોય તેને વળગવુ, ત્રાસ આપવો તેવી લોકવાયકા છે. આ આપણા શાસ્ત્રની વાત નથી. આ ક્ષુદ્રયોનિના ભૂત હોય છે. જેમ નાના છોકરા બારી નીચેથી કોઇ જતુ હોય તો ઢાંકરી નાંખે, તેના માથા પર પડે તો-તેને મજા આવે, પાછો તે સંતાઇ જાય, આવા સ્વભાવના નાના છોકરાઓ હોય છે. ભૂત વળગે તેને ત્રાસ ત્રાસ થઇ જાય. પણ જે તેની ચોટલી હાથમા આવે તો તે તાબે થઇ જાય. ભૂતમા શક્તિ ઘણી હોય છે. જે પણ કામ તેને સોંપો તે તરત જ થઇ જાય. કોઇ વાણિયો આમલીના ઝાડ નીચેથી જતો હતો, તેને વળગવા માટે ભૂત આવ્યુ પણ વાણિયો હોંશિયાર હતો, તેને પાછળથી જઇને તરત ચોટલી પકડી

લીધી. ભૂત કહે "હુ તારો દાસ છુ" કારણ તારા કબ્જામાં આવી ગયો છુ. પરંતુ મને છોડ. વાણિયો કહે મારુ કામ કરી આપે તો છોડુ. ભૂતે કહ્યુ કામ કરી આપુ પરંતુ મારી એક શરત છે. હુ નવરો નહિ બેસુ, નવરો બેસુ તો તને ખાઇ જઇશ. પરંતુ આ ભૂત તો એક જાતના દેવતા કહેવાય માટે શક્તિ ઘણી હોય. વાણિયાએ કહ્યુ મકાન બનાવી આપ, અનાજ લાવી આપ, દુકાન કરી આપ. આવા તો પચાસ કામ સોંપ્યા. પરંતુ પેલો તો પાંચ મિનિટમાં કામ કરી નવરો થઇને પાછો આવે. વાણિયાને લાગ્યુ આ તો હવે મને ખાઇ જશે. તેથી વાણિયાએ બુદ્ધિ દોડાવીને કામ સોંપ્યુ કે હુ બીજુ કામ ન બતાવુ ત્યાં સુધી આ નીસરણી પર ચડ-ઉતર કર્યા કર. હવે અઘરું કામ નથી લિધુ તેમ તો ન જ કહેવાય. આ એક દૃષ્ટાંત કથા છે, પણ મર્મ શુ છે ? તે વિચારો. ભૂતની શક્તિનો પાર નથી. તેમ મનની શક્તિનો પાર નથી, મન તાબે થાય તો તમને ન્યાલ કરી દે. પરંતુ તોફાની મનને તાબે કરવા માટે ભૂતની માફક તેની ચોટલી પકડવી પડે. તેમા ભૂતની જેમ જ શરત શુ ! એ મનને નવરુ બેસવા દેવુ નહિ. અનંતા જન્મ-મરણના ખરાબ સંસ્કાર પણ પડેલા છે. માટે તેને સારી પ્રવૃત્તિમાં ગોઠવી રાખવાનુ. મનને ઠગવાનો આ ઉપાય છે, પૂજ્ય હેમચંદ્રસૂરિજીએ યોગશાસ્ત્રમા લખ્યુ છે કે શુભયોગ, મન....., મન પાસે શુભયોગમાં પરિશ્રમ કરાવો કે જેથી બીજા પાસે દોડવા માટે તૈયાર ન થાય.

કેમ તમારા જીવનમાં તો મન નવરુ જ હોય ને ? તેને કઇ સારુ કામ સોંપવાનુ રાખ્યુ છે ખરુ ? એમ પણ ધર્મના ક્ષેત્રમાં તો નવરુ જ હોય છે. કદાચ તમે શરીરથી ધર્મ કરવા તો બેસો, પણ મન તો ફરતુ હોય છે. કામ તો ખાલી શરીરને જ ને ? તેથી મનને નિરાંતે ફરવા દો છો. અનાદિના સંસ્કાર ભર્યા છે. માટે એમને એમ મનને કામ

કામ સોંપો તો કામ કરે નહિ, માટે તેની ચોટલી પકડવી પડે. પછી જ તે તાબે થાય.

સભા:- સાહેબજી ચોટલી કઈ? બતાવો.

સાહેબજી:- બુદ્ધિ કે અનુભવ દ્વારા મનને કનવીન્સ કરવું. કન્વીસીંગ પાવર તે જ ચોટલી. જેટલું મનને અનુભવ દ્વારા, કબુલ સ્વીકાર કરાવી શકો, તેટલું જ તે કાબુમા આવશે.

સભા:- સાહેબજી દાખલો આપો.

સાહેબજી:- દાખલા તરીકે આયંબીલ કરવાનુ છે, તેમા રસોઈની સુગંધથી ઘણાને ઉલટી થાય, આયંબીલની રસોઇ મોંમાં પણ ન ભાય, આ સળવળાટ જીભનો કે મનનો છે? આયંબીલમાં ખાવા તો મળે છે. માટે તેમાં ભૂખ્યા રહેવાનો સવાલ નથી. તે બધા પદાર્થો શરીરને પ્રભુતા પોષણ આપે છે. તીર્થંકરના શરીર પણ આ આહારથી ટકે છે. ભગવાને જ આ ધર્મ બતાવ્યો છે. તેમા ખાવાની ના નથી, પણ તેનાથી જીભને સ્વાદ ન મળે, વિકારો પેદા થાય નહિ, આસક્તિને પોષણ ન મળે, પણ તેનાથી દેહ, ઈન્દ્રિયની ક્રિયા બરાબર ચાલે. છતાં પણ તપ કહેવાય, આવો ધર્મ દુનિયામાં ક્યાંય નથી.

સભા:- સાહેબજી હવે તો આયંબીલમાં પણ ઈડલી, ઢોસા હોય છે.

સાહેબજી:- દરરોજ આપીએ છતા પણ કોઈ કરવા તૈયાર થતુ નથી, તમે પહેલા આયંબીલ તો કરો, આપણો સ્વાદ છોડવા આયંબીલ કરવાનુ છે, તેમા તમે સ્વાદમાં ઈડલી, ઢોસા ક્યાં લાવ્યા. એકની એક વસ્તુ દરરોજ ખાઓ તો મજા ઘટે છે. સો દિવસ આયંબિલ કરો પછી જે માલપાણી ખાઓ અને જે સ્વાદ આવશે, તે પહેલા ખાતા નહિ આવે, માટે મજા વધારે ક્યારે?

સભા:- આયંબીલ કર્યા પછી ચાલુ ખાવાનુ ભાવતુ નથી.

સાહેબજી:- એની તો જીભ બગડી ગઈ છે, મનથી ગમતુ નથી કે

જુલથી ગમતુ નથી. માનસીક રીતે એમ હોય કે આયંબિલનુ ખાવામાં લાભ છે. માટે આ ગમતુ નથી. જુભને આયંબિલનો ખોરાક નહિ ભાવે, તેને તો તીખા તમતમતા અને મીઠા પદાર્થો ભાવે, તેજ તેની ડીમાન્ડ હોય છે. કોઇ કહે કે આ ખોરાક નથી ભાવતો તો તેની જુભ બગડી ગઇ છે. બધા ધર્મમાં આડખીલીરૂપ મન, શરીર, ઇન્દ્રિય જ વાંધાવચકા પાડે છે, માટે બધે ધર્મના વ્યવહારમાં એનો વિરોધ હોય છે. તેથી જ બધે મન સાથે સમજાવટ કરવાની આવે. જેમકે વિકારોમાં પીડા કેટલી, આસક્તિમાં દુઃખ કેટલુ, આનાથી કેટલા હેરાન થઇએ છીએ, પરંતુ જુભના સ્વાદ છે, તેમા સુખ દેખાય છે. તેના કરતા કઇ ગણી વિકારો, કષાયોમાં પીડા છે. ચોવીસે કલાક જુભમાં સ્વાદની ઝંખના છે. તેમાં દુઃખ કેટલુ, સારી વાનગીઓ ખાવા માટેની તલપની પીડા કેટલી ? આટલી પીડા વેઠીને સ્વાદ લેવા છે કે પીડાથી મુક્ત થઇને મનને શાંતિ આપવી છે ? સમજણશક્તિ માટે મન સાધન છે, માટે જેટલા અનુભવ, તર્ક, દલીલોથી તેને સમજાવો તેટલુ તે માને. ભલે આયંબિલમાં સ્વાદ નથી પણ જુભને બેસ્વાદપણાનુ દુઃખ વધારે કે તૃષ્ણાનુ આત્માનુ દુઃખ વધારે ? તમારા મનને કબુલ કરાવો કે કોમા દુઃખ વધારે છે ? વાસના, તૃષ્ણા એક જાતની પીડા છે. જેનાથી અજંપો થાય છે. રસગુલ્લા ભાવે છે તેથી તેના માટે મનમાં ચોવીસે કલાક તરસ, તૃષ્ણા છે. તેથી જેટલી ચાઇટમો ભાવે છે તેની આસક્તિ, તૃષ્ણા, તરસ લઇને તમે ફરો છો. આવી હમરો તરસ, તૃષ્ણા છે. તરસ એક જાતની પીડા છે કે સુખ છે ? હવે આટલો ભાર લઇને ફરવુ તેના કરતાં બેસ્વાદવાપુ ખાઇ લેવુ તે સારુ છે. મોટા દુઃખના ત્યાગ માટે નાના દુઃખને વેઠી લેવુ શુ ખોટુ ? નાવ આવે ત્યારે ઇંજેક્શન, દવા આપે છે, ત્યારે કાંઇ ગલીપચી થાય છે ? છતાંપણ લો છો ને ? પાછા ડો.ને કહેશો જરૂર હોય તો બે આપી દેજો પણ

ઝટ સારા કરે.

સભા:- હા, સાથે શ્રીખંડ પુરી ખવાય ને?

સાહેબજી:- શ્રીખંડ પુરીમાં મજા ઘણી છે. તે જે માનો છો તેમાં જ તમારો ભ્રમ છે. તાવનું દુઃખ મોટું અને ઇંજેક્શનનું દુઃખ નાનું તેમ માનો છો ને? મોટા દુઃખને કાઢવા નાના દુઃખને સ્વીકારો છો. શ્રીખંડ પુરીમાં મજા છે, પણ મજા ક્યારે? અંદરમાં તેની તૃષ્ણા તરસ હોય ત્યારે ને? તો પછી તૃષ્ણા, તરસ એ મોટું દુઃખ છે ને? આ માનો છો છતાં તમારા જીવનમાં ઉલ્ટો ક્રમ છે, આ માર્મિક પોઇન્ટ છે, માટે મંથન કરજો. આતો તમે નાના દુઃખના નિવારણ માટે મોટું દુઃખ ઉભું કરો છો. પરંતુ મોટા દુઃખના નિવારણ માટે નાનું દુઃખ વેઠી લો.

આંગળીએ વાગ્યું છે તેમાંથી લોહી ઝરી રહ્યું છે બળતરા થાય છે. મનમાં અજંપો છે. હવે તેને ભૂલવા બીજી આંગળી પર મોટો કાપો મૂકીએ તો મન ત્યાં જશે. એટલે નાના દુઃખને ભૂલવા મોટું દુઃખ ઉભું કર્યું કહેવાશે. બધે તમારે જીવનમાં ક્રમ આજ રીતે ચાલે છે. શરીરના નાના, દુઃખના નિવારણ માટે તમે મોટા માનસીક દુઃખને ઉભા કરો છો.

જીવનમા મોટી મોંઘવારણ તો તમે મનથી રજ કલાઇ ત્રાસેલા છો. શરીરને તમે સ્વસ્થ રાખો છો અને તેના માટે મનના ત્રાસ ઉભા કરો છો કારણ નાનું શરીરનું દુઃખ તમને દેખાય છે પણ મનનું મોટું દુઃખ દેખાતું નથી. ચીટીયો ખણ્યો ત્યારે દુઃખ થાય છે હવે તે વખતે કોઇ જોરથી થપ્પડ મારે તો ચીટીયાનું દુઃખ ભૂલાઇ જશે. પણ આવું કરવા દેશો ખરા?

સભા:- આગળ મનોવિજયની સાધનાના સ્ટેપમાં ૪ સ્ટેપ જ બતાવ્યા, પાંચમું એક કયું બાકી રહી ગયું?

સાહેબજી:- હા, રહી ગયું. પાંચમું સ્ટેપ વૈરાગ્ય આવશે. ક્રમ અર્થમાં

પાંચ નથી લેવાના પણ આ પાંચે સ્ટેપ એક સાથે અપનાવવાના છે. પાંચે સાથે રાખીને ચાલવાનુ છે. પછી જ મનોવિજય થશે.

હવે પાછળની વાતના અનુસંધાનમાં જોઈએ.

દા.ત. તમે જમવા બેઠા, ત્યારે ભાણામાં કારેલાનું શાક આવ્યું. ત્યારે પીત્તો જાય, કારણ તમને અણભાવતુ છે. માટે તેનુ દુઃખ છે. હવે આવી પડ્યુ છે માટે તે ખાવાથી જે દુઃખ થવાનુ છે તેના નિવારણ માટે તમે ન ખાઓ અથવા બીજ રીતે પણ વિરોધ કરી શકો છો તેમ છો. છતાં પણ તમે ઉલ્કાપાત કરો છો જેથી પોતાના અને બીજાના મનને અશાંતિ ઉભી થાય. એટલે નાના દુઃખના નિવારણ માટે મોટુ દુઃખ ઉભુ કર્યુ.

<u>સભા</u>:- પણ સાહેબ શાંતિથી ખાઈ લઈએ તો ઘરમાં એમ થાય કે અમને ભાવે છે.

<u>સાહેબજી</u>:- ના,ના તમારુ મોં જોઈને કહી આપે કે તમને અણભાવતુ છે. અણભાવતુ ખાઓ અને સામેનાને તમારા મોંના ભાવ. ખબર ન પડે તેવા તમે સંયમી છો ? વ્યક્ત ન કરવુ હોય તો પણ થઈ જાય તેમ છે. જેમ પોલીટીશ્યનોને હસવુ હોય ત્યારે હસે ? રડવુ હોય ત્યારે રડે ? ક્રોધ વખતે ક્ષમા રાખવી હોય તો પણ રાખી શકે છે. તેવા તમે કાંઈ ઉસ્તાદ છો ? પરંતુ મોટા ભાગે આ સ્થિતિ છે.

કારેલાના શાકથી જીભને જે ત્રાસ થાય છે તેને તમે ત્રાસ માનો છો. પણ કોઈને દુઃખી કરવામાં તેને ત્રાસ થાય છે તે મોટુ દુઃખ છે તે તમને દેખાતુ નથી.

આયંબિલમાં માનસીક દુઃખોનો ત્યાગ છે અને સાથે તેમાં માનસીક સુખ છે. પણ તે તમને દેખાતુ નથી. પરંતુ આયંબિલમાં મજા કેવી છે ? કેટલી છે ? તેની કબુલાત મન પાસે કરાવવાની છે. અને તેની સામે ખાવાની તૃષ્ણાની પીડામાં કેટલુ દુઃખ છે તે તેને

સમજાવવાનુ છે.

દુઃખનો ત્યાગ કરો એજ ધર્મની આજ્ઞા છે. તમે સુખને જીવનમાં અપનાવશો એટલે ધર્મ જ અપનાવ્યો કહેવાશે. દુઃખને જીવનમાં જેટલુ ઊભુ કરશો તેટલુ પાપ છે. તમારા આત્માને જેટલુ દુઃખ આપશો ત્રાસ આપશો તેટલુ પાપ છે.

આત્માને, મનને શાંતિ આપવા માટે શરીરના થોડા કષ્ટને વેઠવુ પડે. ઉપાધ્યાયજી મહારાજસાહેબે તપધર્મનું વર્ણન કરતાં કહ્યુ કે તપ ધર્મમાં સુખ ઘણુ છે. જે પણ તપમાં કાયાકષ્ટ માને છે તેની તો બુદ્ધિ બગડી ગઇ છે. તપમાં આત્માની અને મનની શાંતિનું સુખ છે. તપ જો બરાબર કરતાં આવડે તો તૃષ્ણા, વિકારો, આસક્તિથી મુક્ત થવાય. જેથી આત્મામાં શાંતિનો અનુભવ થાય અને તેથી તેને મજા મળે. ભલે ત્યારે શરીરને મજા ન મળે. શરીર અને જીભને તો બાજુ પર મૂકી દેવાના કારણ તેને સમજણશક્તિ નથી. માટે તેને તમે કન્વીન્સ કરાવી શકો તેમ નથી પણ મનને જો કન્વીન્સ કરાવો તો ચોટલી હાથમાં આવી જાય. હવે ચોટલીવાળા મનને પણ નવરુ બેસવા દેવુ નહિ. જ્યારે અહિંયા તો ચોટલી પણ હાથમાં નથી અને પાછુ નવરુ જ બેઠુ હોય.

લોકો કહે છે સાહેબ અમને ટાઇમ નથી પણ અત્યારે તમારે જીવનમાં જેટલો ટાઇમ છે તેટલો ટાઇમ તો તમને ક્યારેય નહોતો. કારણ યંત્રો પહેલા નહોતા. પરંતુ અત્યારે યંત્રોના કારણે મોટે ભાગે તમને નવરાશ છે. માટે જ ટી.વી.ની. સામે કલાકો સુધી બેસી રહો છો. અત્યારે તમને ટોળટપ્પા કરવા ઘણો ટાઇમ છે. આરામથી રખડી પણ શકો છો. માટે નવરાશમાં ક્યાં નોશાન છે તે વિચારજો.

પરંતુ હજુ તમને તમારા મનને કાબુમાં લેવાની તૈયારી નથી. એક દૃષ્ટાંત દ્વારા તમારા મનને કાબુમા કઇ રીતે લઇ શકાય તે બતાવ્યુ છે.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

30-9-94
શુક્રવાર
શ્રાવણ સુદ 3

॥ મનોવિજ્ઞાન ॥

ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્ર પોતાના મનના વિજેતા બને તેવા શુદ્ધ બોધિને પ્રાપ્ત કરે તેવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

ભગવાનનું શાસન જીવ માત્રને આંતરીક દૃષ્ટીએ વિજેતા બનવાનુ કહે છે. આપણે ત્યાં સૌથી પહેલો નવકાર છે. તેમાં પણ પહેલા પદમાં કોને નમસ્કાર છે? જે આંતરીક જગતમાં વિજેતા છે. તેને જ આપણે નમસ્કાર કરીએ છીએ. જેઓ આંતર શત્રુના વિજેતા બની મુક્ત થયા છે, જેમનું બધા શત્રુ પર વર્ચસ્વ છે. તેવા જીવ પછી ગમે ત્યાં હોય તો પણ તે આંતરીક વિજેતા તરીકે જ છે અને તેને જ આપણે પૂજ્યે છીએ

મારે ધર્મના ક્ષેત્રમાં મનોવિજયની વાત છે. પણ મન આપણી સાથે જોરદાર જોડાયેલુ છે, અને પાછુ પોતાની શક્તિથી માનેલુ પણ થયેલુ છે. આખુ જગત મનના ત્રાસથી ત્રાસેલુ છે. બધાના જીવનમાં જે ધાંધલ ધમાલ છે તેમાં મનનું જ સર્જન છે, આખા સંસારને તે ટચલી આંગળી પર નચાવે છે, તે દાદા જેવુ બની ગયુ છે. માટે તેને કાબુમાં લેવું તે એક જબરદસ્ત કળા છે. તમારા શરીરને તમે કંટ્રોલ કે ઇચ્છા હોય તો કાબુમાં લઇ શકો, હુકમ કરો તો તે સ્વીકારે. અરે ઇન્દ્રિયો પણ બળજબરાઇથી અનુકુળ થશે, પણ મન પર જો બળજબરાઇ કરશો તો તે સવાયુ તોફાન કરી તમને ઉંડાડી દેશે. માટે શાસ્ત્રમાં લખ્યુ છે કે મન ઉન્નમત હાથી જેવુ છે. ઉન્મત હાથીને જો મહાવત અંકુશ મારવા જાય તો તેને ફેંકી દે. માટે મન બળજબરાઇથી અંકુશમાં આવી શકે નહિ. માટે મહાપુરુષોએ તેનો વિજય કરવા પદ્ધતિ બતાવતા કહ્યુ કે તેના માટેની જો કોઇ કડી હોય તો તે સમજણ છે. તેને મનાવી લો તો તે સારુ કામ આપી શકે છે. હવે સમજણથી કામ લેવુ એટલે શુ? મનને કન્વીન્સ કરાવવુ. મન જાતે જો જીદ્દુલ

કરવા તૈયાર ન થાય તો તે સ્વીકારનુ નથી, અનસરતુ નથી. પણ જો સમજણથી વાત તેને બેસી જાય તો તે અનુકુળ વર્તન કરવા તૈયાર થાય છે. તમારે વ્યવહારમાં પણ નિયમ છે કે કોઇ મોટો માણસ હોય, પુણ્યના કારણે મોટો બની બેઠો હોય, આમ બુલુ હોય, હવે તેને કાંઇ વાત કરવી હોય તો શુ કરો ? પણ જો એ વાત તેને ગળે ન ઉતરે તો તમને ઉલાળી દે ને ? માટે સમજણથી કામ લેશો ને ? સંસારમાં નિયમ છે કે મોટા માણસને વાત ગળે ઉતરી જાય તો બધુ કામ સહેલુ થઇ જાય. માટે એક વખત મનને કબુલ કરાવવુ તે એક કસોટી છે. તેમ આ ક્ષેત્રમાં પણ મનને જો કબુલ કરાવી શકો તો મન તમારા કહ્યા પ્રમાણે કામ કરતુ થઇ જશે.

<u>પ્રશ્ન</u>:- કબુલ કઇ રીતે કરાવવુ ?

<u>સારાંશ</u>:- તેજ પ્રક્રિયા છે આપણે આગળ વિચારી ગયા. તેમાં ભાવમનના વર્ણનમાં પહેલા મનના બે પ્રકાર બતાવ્યા. દ્રવ્યમન અને ભાવમન. ભાવમનના બે પ્રકાર છે ઉપયોગમન અને લબ્ધિમન.

લબ્ધિમનમાં સૌથી પહેલુ શુ બતાવ્યુ ? માન્યતા. આપણા મનમાં અનાદિકાળથી ઉંધી માન્યતા ઘર કરીને બેઠી છે. માટે જ મનનો પુરુષાર્થ ઉંધી દિશામાં થાય છે. જે સાચુ છે તેને ખરાબ માની બેઠુ છે અને જે ખરાબ છે તેને સાચુ માની બેઠુ છે, જે હિતકારી છે તેને અહિતકારી, જે અહિતકારી છે તેને હિતકારી, જે સુખ છે તેને દુઃખ, જે દુઃખ છે તેને સુખ.. આ નટસેલમાં આપણી માન્યતાનો વિસ્તાર છે. જે અનંતકાળથી રુઢ થઇ ગયેલ છે, અસ્થિમજ્જાની જેમ વણાઇ ગઇ છે. જ્યાં સુધી આને પલટી ન શકો ત્યાં સુધી મન કબુલાત ન કરે. માન્યતા બદલવી એટલે જિનેશ્વરદેવાએ જે તત્વ કહ્યુ છે તેને મન પાસે કબુલાત કરાવી લેવી. તેમને કહેલુ તત્વ જ સત્ય છે. આપણે બોલીએ છીએ " *त्वमेव सच्चं* " જિનેશ્વરદેવાએ જે તત્વ બતાવ્યુ છે તે

જગતનું પરમ સત્ય છે, અને જે ખોટુ બતાવ્યુ છે તેજ અસત્ય છે.

જૈનશાસનમાં વધી ક્રિયામાં પહેલા શ્રદ્ધા, કબુલાત કરવાની રૂઢી છે. જેમ તમે પ્રભુ, દર્શન કરવા જાઓ ત્યારે પહેલા ચાંદલો કરો? હવે પહેલુ તિલક તમને કે ભગવાનને? હકીકતમાં પ્રભુ કરવા માટે અધિકારી ક્યારે બનો? દેરાસરમાં પ્રવેશનો હક કોને? જે ભગવાનની આજ્ઞાને હ્રદયથી માને તેને જ? જેને પ્રભુનો ઉપદેશ નથી ગમતો, જે હ્રદયથી સ્વીકારવા તૈયાર નથી તેને દર્શન, પૂજનો અધિકાર નથી. દેરાસરમાં ગમે તે ઘુસી શકે ખરો? આપણા ભગવાન બધાના છે તેવું કહેનારા અત્યારે ઘણા છે. પરંતુ આખી દુનિયાના નથી. જે એમની વાતને માને તેના જ છે. જે દીકરો બાપને બાપ તરીકે ન માનતો હોય તે સાચો દીકરો છે કે નામનો જ દીકરો કહેવાય? તેની જેમ અહિંયા પણ જિનેશ્વરદેવે કહેલા તત્વને ભલે પછી અજૈનમાં જન્મેલો હોય, ગમે તે અવસ્થામાં હોય, પણ જો તે તત્વને માને તો તેના ભગવાન છે. માટે તમે દેરાસર આવો ત્યારે ચાંદલો કરો પછી જ સુંદર જાઓ છો. તમને થાય કે જેમના ચરણમાં નમસ્કાર, વંદના કરુ છુ તેમની આજ્ઞા ભલે કદાચ આચરણા રીતે સમર્પીત ન થઈ હોય પણ શ્રધ્ધારૂપે તો છે જ. તેમને કહેલો ઉપદેશ મને ગમે છે, સ્વીકારુ છુ, એની ખાત્રી માટે જ ચાંદલો કરુ છુ. માટે આ ન સમજનાર કહે છે ભગવાન બધાના છે. માટે જ અત્યારે આપણા તીર્થો ટુરીસ્ટ સેન્ટર બની ગયા છે. પાલીતાણા માટે હમણા ટાઈમ્સમા જાહેરાત આપેલી "સીટી ઓફ ધ ટેમ્પલ". ટુરીસ્ટોને કલા, કૃતિ, આકૃતિ જોવા માટે મંદિરોનું બાહ્ય જોવા જેવુ છે. અને આવુ વાંચીને આપણા જૈનો દરખાયા છે. ઘણા કહે એ બહાને બધા દર્શન કરે છે ને? દેલવાડામાં પણ આવા લાખ્ખો લોકો આવે છે, પણ તે ચાલ્યા નથી. અને કાંઇ આવો હક પણ નથી. અને આની સામે તમે પાછો વાંધો પણ ઉઠાવતા નથી. પરંતુ આતો ઉપાસનાના ધામ છે. માટે ટુરીસ્ટ સેન્ટર તરીકે ક્યાંથી ગોઠવાય?

અત્યારે તેને કમાવાના સાધન બનાવી દીધા છે. પણ અમે કહીએ છીએ કે આ રીતે પ્રવેશવાનો અધિકાર નથી. અને બીજા આ રીતે ઘુસી જાય તો તેને ઘુસણખોરી જ કહેવાય.

હવે તમે તમારુ સામાયિક જુઓ. તેમાં તમે કરેમિભંતે ઉચરો ત્યારે જ સામાયિક લીધુ કહેવાય. તેના પહેલા મુહપત્તી પલેવાની આવે. તેમાં પહેલો બોલ શુ મૂક્યો ? પહેલી તમારી પાસે સ્વસ્થ શુ કરાવી ? જિનેશ્વરદેવાએ શાસ્ત્રરૂપે જે જિનવચનો કહ્યા છે. તેના સૂત્ર, અર્થ છે તેની હુ શ્રદ્ધા કરુ છુ. જિનેશ્વરે કહેલુ તત્વ જ જગતનું તત્વ છે. બાકી બધુ નકકામુ છે. માટે ધર્મના ક્ષેત્રમાં પહેલી માન્યતાનું પરિવર્તન માંગે છે. માન્યતાને બદલ્યા વગર સાચા આરાધક બની શકાય નહિ. કોઇપણ ધર્મશુન્ય વ્યક્તિ હોય, અને મહારાજના પરિચયથી ધર્મ પામે એટલે શુ થયુ ? જેમ નયસારના ભવે મહાત્માના પરિચયમાં આવી, દેશના સાંભળી અને તેમનામાં પરિવર્તન આવ્યુ. અત્યાર સુધી તેઓ જે તત્વને માનતા હતા તેને ખોટુ માનીને નવુ તત્વ અપનાવ્યુ, અને તેથી જ સમકીત પામ્યા. માન્યતાને તેમને મૂળમાંથી પલટી નાંખી. જ્યારે મિથ્યાત્વમા હતા ત્યારે ઉંધી માન્યતાથી ઘેરાયેલા હતાં.

હવે ઘણા કહે મનને કાબુમાં કઇ રીતે લેવુ. પરંતુ તમે ગમે તે રીતે કુદાકુદ કરશો તો મન કાબુમાં નહિ આવે. જેમ ખરાબ વિચાર આવે છે ત્યારે તેને પ્રોસેસથી કામ લેશો તો તે બદલાશે. જે વિચારો અશુભ છે તે લબ્ધિમનનો જ ઉભરો છે. જેમ કુવામાં હોય તો હવાડામાં આવે.

તમારા વિચારમાં અહંકાર, ક્રોધ, માયા, માન આવશે તે બધુ પ્રકૃતિમાં હોય કે અંદર પડેલુ હોય તો જ સપાટી પર ઉભરાય છે અંદરથી બહાર આવે છે કાંઇ બહારથી અંદર જતું નથી. તે

નિમિત્ત મળતાં ઉભરાય છે, અને સપાટી પર આવે છે. માટે અશુદ્ધિ અંદરમાં જ છે. જે તળીયે જમ થઈ ગયેલ છે, માટે ખાલી ઉપરથી સાફ કરીએ તો ન ચાલે. હવે તેને સંશોધિન કરવા માટે કડી કઈ પકડવી?

હુ માન્યતામાં શુ માનુ છુ? ક્યાં હું સાચુ માનુ છુ? ક્યાં હું ખોટુ માનુ છુ? આ રીતે વિશ્લેષણ કરવા માંડશો એટલે ધર્મની દિશામાં ગતિ થવા લાગશે. મુહપત્તી પલેવામાં જે પહેલો બોલ સૂઝ્યો તે મહાશસ્ત્ર છે. તમે તો ખાલી બોલી જાઓ છો પણ તે શસ્ત્રથી બંધાતા નથી. સામાયિક પારો ત્યારે બોલો ને "સામાયિક પારુ?" ત્યારે અમે કહીએ "પુનઃ વિકાય" એટલે તમે બોલો યથાશક્તિ. પછી તમે આગળ કહો તહત્તી. આ બોલો છો તે અમને મોઢેથી ખુશ કરવા બોલો છો ને? તમે યથાશક્તિ કરવાના છો? અમે હા, પાશે હો, તેવુ તો ન જ કહીએ. પણ ફરીથી કરવા જેવુ છે. એનો સ્વાદ ચાખીને મજા આવી હોય તો કરવા જેવુ છે. ત્યારે અમને બાયંધરી શુ આપો છો? "યથાશક્તિ" તે તમે દિલથી બંધાઓ છો? તમારી શુ સ્થિતિ છે? પચાસ બોલમાં પહેલો બોલ આજ સૂઝ્યો છે. આના વગર બધુ નક્કામુ છે. જિનેશ્વરના વચનને સત્ય ન માનો પછી ગમે તેટલી ઉપાસના કરો પણ શુ મતલબ? ભગવાનના પગમાં પડો, ભક્તિ અપાર કરો, તેની સામે ઉલ્લાસથી નાચો પણ ખરા, પણ તેમની કહેલી સાચી વાતોને સાંભળવા માત્રથી રીસ ચઢતી હોય તો તે ભગવાનની ભક્તિનો મતલબ કેટલો? તમે ભગવાન સાથે જે વ્યવહાર કરો છો તેવો વ્યવહાર તમારી સાથે જો કોઈ કરે તો તમે શુ કહો? આતો બનાવટી છે, અનાડી છે એમ જ કહોને? જેમ દીકરો દરરોજ તમારા પગમાં પડે, હાથ જોડે પણ તમારુ કહ્યુ ન માને, હિતકારી સલાહ પણ ન

માને ત્યારે હાથ જોડે તો શું કહેશો? "તું હવે બનાવટ કરવાનું રહેવા દે" આતો ભગવાન તમને કાંઈ બોલતા નથી માટે મજા પડી ગઈ છે પણ જો કાન પકડે તો શું હાલત થાય?

જે શરતો ચૂકી છે તેમાં તમારે પ્રાથમિક શરતો પણ પૂરી થતી નથી. કારણ હજુ મનની માન્યતાનું સંશોધિન થયુ નથી. માટે પ્રત્યેક ક્રિયામાં માન્યતાનું મહત્વ ઘણુ જ છે. અને તેનાથી જ આત્મામાં ચિત્તશુદ્ધિ સ્થાપિત થાય છે.

હવે ધર્મના ક્ષેત્રમાં પગલુ માંડ્યા પછી વિચારો, પ્રકૃતિ, સંસ્કાર બદલવાના. પણ તે બધામાં પહેલા માન્યતા બદલવાની છે તે બદલવા દરરોજ વિચાર કરવા પડે. જિનેશ્વરદેવોએ શેને સાચુ કહ્યુ છે અને શેને ખોટુ કહ્યુ છે? મને તે સાચુ અને સારુ કેમ નથી લાગતુ. ક્યાં મારે ગડબડ છે? શું વાંધો છે? આ રીતે અવલોકન તારા ખ્યાલ આવે પછી જ તેને શુદ્ધિ કરવાનો પ્રોસેસ થાય છે. પરંતુ ઘણાને અત્યારે અંદરમાં શું લોચા છે તેની જ ખબર નથી. ભગવાન પાસે જઈને ખૂબ જ ભક્તિ કરે ત્યારે થાય કે હુ તેમનો ભક્ત છુ. પણ તે વખતે મનને પૂછો કે હુ તેનો અધિકારી છુ ખરો? ભગવાને કહેલી બધી વાત મને ગમે છે? જેને ખોટુ, ખરાબ કહ્યુ તેને હુ સાચુ, સારુ કેમ માનુ છુ? જો સાચુ જ હોવ તો ભક્ત કહેડાવવા હુ લાયક નથી. આ વાત તમારા અને અમારા બન્ને માટે છે. અમે પણ તેમનુ કોઈ તત્વ ન માનીએ કે કહેલાથી ઉલ્ટી વાતમાં જ અમને રસ હોય, આગ્રહ હોય તો અમારી ઉંધી માન્યતા છે. માટે આ મિથ્યાત્વ છે. જ્યાં સુધી મનનુ સંશોધિન ન કરો ત્યાં સુધી બધુ નકામુ છે.

બધા પૂછે અભવિનો ભવ મોક્ષે ન જાય? હા, વાત સાચી છે પણ કેમ? અભવિનો જીવ પોતાની માન્યતાઓને ભગવાનની આજ્ઞા

પ્રમાણે મેચ કરી શકતો નથી. આમ બીજા બધી શુદ્ધિ કરે છે પણ ગડબડ ક્યાં? કદાચ ૨૫, ૫૦ ટકા માન્યતા તેની ટેલી થાય પણ ૧૦૦% તો ટેલી થતી જ નથી. અને આજ એનો ડ્રોબેક છે. જે તેની ઉણપ છે. મથામણ કરીને થાકી જાય પણ આત્માને કબુલ કરાવવા તૈયાર નથી કે વિષય, કષાય દુઃખરૂપ છે. અને આત્મામાં અનુપમ સુખ છે. બસ, આજ તે નક્કી કરાવી શકતો નથી. અને જેના કારણે અભવિનો જીવ રખડે છે. તે શ્રદ્ધાથી માની લે છે, પણ મન તેને કબુલાત કરતુ નથી. માટે જ વિચારમે માન્યતાનુ મહત્વ કેટલુ છે? તેના કારણે તેનો પુરુષાર્થ નકામો જાય છે. ભવિજીવ પણ આની શુદ્ધિ ન કરે તો તેનો પુરુષાર્થ પણ એળે જાય છે. ઘણા જીવો ધ્યાન કરે છે, ભાવના, ચિંતન, મનન પણ કરે છે, પણ મુશ્કેલી શુ કે ગોટાળા રૂપે માન્યતા ખોટી પડેલી છે. માટે તેના લાખો પ્રયત્ન પણ નિષ્ફળ જવાના. આ એક ભારેખમ નિદાન છે, ગભરાઈ જવાય તેવુ સત્ય નિદાન છે, શાસ્ત્રની દૃષ્ટિએ ચોક્કસાઈ પૂર્વક છે. મિથ્યાત્વ તોડ્યા વગર અને સમકીત પામ્યા વગર ગમે તેટલુ શાસ્ત્રાથી ભાવિત થાય કે જ્ઞાન ગમે તેટલુ હોય તો તે મિથ્યાજ્ઞાન છે અને શાસ્ત્ર પણ મૃત્ય શાસ્ત્ર જ છે. માટે માન્યતાનો મહિમા સમજો.

માન્યતા કેવી રીતે પલટવી તેની પ્રક્રિયા છે. જેમ પુત્રશાળી પણ બુદ્ધુ હોય, તેને સમજાવવા માટે, વાત ગળે ઉતારવા જેમતેમ જાવ તો વાત તેને ગળે ઉતરે નહિ. પણ એના માટે ટ્રીક જોઈએ. તેમ મનને મનાવવા ટ્રીક જોઈએ, તે એક કળા છે. શાસ્ત્રમા દૃષ્ટાંત છે તે વિચારીએ

સ્થુલીભદ્રના પિતા શકતાલ નવમા નંદના મહામંત્રી છે. રાજાનો પણ નવમો વંશ છે, અને મંત્રીનો પણ નવમો વંશ છે. શકતાલ મહાપ્રજ્ઞાશાળી, બાહોશ, બુદ્ધિશાળી છે. માટે રાજકાજમાં દક્ષતા, કુશળતા દાખવી છે. તેથી રાજાને વિશ્વાસ માન છે. માટે કોઈ પણ

કામમાં અભિપ્રાય મંત્રીનો જ લે, કદાચ મંત્રીની મરજી ન હોય અને રાજાને પોતાની ગમતી વાત હોય તો પણ તે લેટ-ગો કરે. કારણ રાજા સમજે છે કે આની બુદ્ધિ વધારે છે માટે રાજ્યમાં મંત્રીનું અધિપત્ય છે. ત્યાં વરરુચિ નામનો વિદ્વાન છે, તે સાહિત્ય-કળામાં વિશેષ છે, તે તત્કાલ અદ્‌ભુત કાવ્ય બનાવી શકે છે. હવે ઘણી વિદ્વતા હોવાના કારણે તેને થાય છે કે મારી રાજસભામાં કદર થાય, જેથી આખી દુનિયામાં મારી ખ્યાતિ થઇ જાય, માટે તે રોજ રોજ સભામાં આવે છે અને સાહિત્યકળાની વાતો કરે છે. એનાથી રાજા પ્રભાવિત થાય અને રાજા પ્રભાવિત થાય ત્યારે નિયમ શું ? એની તારીફ કરે. એના મારે રાજાને મન પણ થાય છે, પરંતુ વિચારે છે કે કોઇ પણ માણસને રાજસભામાં મહત્વ આપવુ કે નહિ ? કારણ કદાચ જોખમ પણ ઉભુ થાય, માટે શકતાલ મંત્રી કહે તો જ મહત્વ આપુ, તેથી દરરોજ શકતાલના મોં સામે જુવે, પરંતુ શકતાલ તો પ્રભુના પરમ ભક્ત છે, શ્રાવક છે. તે તેમને પગની પાનીથી ઓળખી ગયા છે. તેમને લાગે છે કે આ જીવ લાયક નથી. લુચ્ચો, સ્વાર્થી છે, અને મિથ્યાદૃષ્ટિ છે. તેની પ્રશંસા કે આદર કરવામાં આવે તો મિથ્યાત્વને પોષણ મળશે, લુચ્ચાંઇ અને સ્વાર્થના કારણે પણ નુકશાન થશે, માટે રાજા જ્યારે તેમનું મોં જુવે ત્યારે કંઇક વિશેષ ભાવ ન બતાવે, માટે રાજા તારીફ ન કરે. હવે ઘણા દિવસ સુધી આમ ચાલ્યુ. પરંતુ વરરુચીને તો પ્રશંસા, તારીફ મેળવવી છે. પણ મેળવવી કઇ રીતે ? તેને ખબર પડી કે અહિંયા મંત્રીનુ વર્ચસ્વ છે, માટે મંત્રી કહે તો જ તારીફ થાય. તો હવે મંત્રીને સાધવો કઇ રીતે ? તેને તપાસ ચાલુ કરી પણ કશાથી પણ દાળ ગળે તેમ નથી, માટે છેલ્લે વિચાર કર્યો કે મંત્રીને સાધવાની નાડ શુ છે ? મંત્રી ઉપર ચાલી શકે તેવુ કોનુ વર્ચસ્વ છે ? ખબર પડી કે તેની પત્નિનુ વર્ચસ્વ છે. સંસારના સ્નેહના કારણે

વાત આવે ત્યારે એકબીજા ઢીલા પડતા હોય છે. હવે જો પત્નિને સાધવામાં આવે તો મારુ કામ થઇ જાય. તેથી મંત્રીને ત્યાં વેશ પરિધાન કરીને તેને જવાનુ ચાલુ કર્યું. સામાન્ય માણસ તરીકે તેની પત્નિનુ બધુ જ ઘરકામ કરાવે. વાસણ માંજે, આમ કરતા કરતા તેની સાથે પ્રીતિ પેદા કરી અને તેનુ દિલ જીતી લીધુ. એક દિવસ તેની પત્નિ કહે છે કે તુ મારી આટલી સેવા, શુશ્રુશ્રા કરે છે, તે માટે હુ ખુશ છુ, માટે તારુ કામ હોય તો કરી આપુ. અત્યારે વકુથિ બરાબર મોકો જોઇને કહે છે, "મંત્રીશ્વરને કહો રાજસભામાં મારી તારીફ કરે." મોટા માણસને વાત ગળે ઉતારવા માટે ક્યાં સુધી તેને પહોંચવુ પડ્યુ? તેને કેવી રીતે નાડ પકડી છે, સેવાના ઓબ્લીગેશનના કારણે કહ્યુ કે વાંધો નહિ, હુ કહીશ. રાજાના મંત્રીશ્વરને કહે છે. આટલા કંજુસ કેમ થઇ ગયા છો, કોઇ માણસ મહેનત કરે તો પણી ફેરવો છો, તમે રાજા પાસે પ્રશંસા કરાવો તો તેને જ્ઞાન-સાહિત્યકળામાં પ્રોત્સાહન મળે, માટે આગ્રહ કરે છે. ત્યારે મંત્રીશ્વર કહે છે કે લાયક નથી મિથ્યાદષ્ટિ છે, પરંતુ પત્નિના આગ્રહના કારણે કબુલ થાય છે. તેથી તેની પ્રશંસા કરાવી, આ રુપક તરીકે કહુ છુ. રાડતાલને ગળે ઉતારવુ અઘરુ હતુ, છતાં કડી પકડીને કામ કર્યું, તેમ મનને કબુલ કરાવવુ, ગળે ઉતારવુ સહેલુ નથી. એક વસ્તુને માનતુ હોય તેને નવી માન્યતાથી કન્વીન્સ કરવું રમતવાત નથી. અનાદિથી રુઢ થયેલી માન્યતાને બદલાવી તે ખૂબ અઘરુ છે.

અનંતકાળથી આપણુ મન માને છે કે વિષય, કષાયમાં જ મજા છે. કષાયો તેજ સુખના સાધિન છે, અને આ રુઢ થયેલી માન્યતા છે, માટે રાત દિવસ મન કષાય કરવા સક્રિય છે, દિવસ ઉગે ત્યારથી કષાય માટેનુ નિમિત્ત શોધતુ હોય છે. કષાય એટલે ખાલી ક્રોધ નહિ. ક્રોધ, માન, માયા, રાગ, દ્વેષ વગર તેમાજ મન પરોવાયેલુ

રહેવા માંગે છે. રજ ઉલાઉ કિંવા શૌની છે, સતત તેમા જ સક્રિય છે. કષાય ન કરવા કે શાંત રહેવા તૈયાર નથી પછી નિમિત્ત હોય કે ન હોય. તમને કાંઇ રજ ઉલાઉ કષાયના નિમિત્ત મળતા નથી, પણ અંદરથી ઉભા કરો છો. જેમ કોઇપણ નવી વસ્તુ સામે આવે તો આસક્તિ થાય અને કોઇ અનગમતી વાત કરે તો ક્રોધ આવે. પરંતુ તમને કોઇ વતાવતુ ન હોય, તો પણ ઉલ્કાપાત થાય છે ? નવરા બેઠા કંઇ કંઇક જુનુ યાદ કરો, ત્યારે મનમા શુ થાય છે, માટે ઝાંઝ ને ઝાંઝ રાગદ્વેષ માટે મન શોધી રહ્યુ છે. આપણા બધાના મનનો પ્રિય વિષય કષાય છે. માટે મન સતત રાહ જોઇને બેઠુ હોય છે. જેમ બિલાડીને ખબર હોય કે અહિંયાથી કબૂતર આવે છે તો શાંત થઇને તાકીને બેસી જાય અને આવે એટલે તરાપ મારે. તેમ મન તાકીને બેઠુ છે. સીધુ ઝડપી લેવા જ તૈયાર છે. કોઇપણ ક્ષેત્રમાં કે વસ્તુમાં બધે તે રાગ-દ્વેષની પરિણતિ પ્રગટાવશે. જન્મ્યા ત્યારથી જીવનની એક ક્ષણ પણ સમતામાં માણી નથી. પરંતુ એક ક્ષણ માટે પણ સમતાનો અનુભવ તમે કરી લો તો અમે ખાત્રીથી કહીએ છીએ કે જીવ કોઇ પદાર્થ સુખને ઝંખે નહિ. ગઇ વખતે કહેલુ કે તમે તપીયાને વાંચતાં નથી અને સપાટીને જુઓ છો, અને સપાટી પર પણ ભડા અને સ્થુલ કષાય જ બેઠેલા દેખાય છે. જેમ નબળી આંખવાળા મોટા અક્ષર વાંચે, અને નાના ખાઇ જાય, તેમ સપાટી પરના તમને મંદ કષાય દેખાતા નથી.

અત્યારે તમે અહિંયા બેઠા છો, તે વખતે પણ રાગ-દ્વેષ સપાટી પર ચાલુ છે. પછી ભલે પ્રશસ્ત કે અપ્રશસ્ત કષાય હોય. જેમ પ્રવચન માં કુ સારી વાત કરુ તો પસંદ પડે તો રાગ થાય, અણગમતી વાત આવે તો અરુચી થાય. માટે રુચી, અરુચી, રાગદ્વેષ ચાલુ છે.

<u>સભા:-</u> સાહેબજી પણ વ્યાખ્યાન સાંભળતાં રાગ આવવો જોઇએ ?

સાહેબજી:- ગમતી વસ્તુ હોય અને રાગ ચાલુ થાય, જેમ કે દેવલોકના વર્ણનથી પણ છૂટે તે રાગ બરાબર નથી. તમે સીનેમા જુઓ ત્યારે જેવુ પીકચર તેવા પ્રતિભાવ થાય છે, જેમ હીરો ફાઈટીંગ કરે ત્યારે હીરો જુતે તો તાનમા આવો, ગુંડો જુતે તો દ્વેષ થાય, પણ તમે તત્વની વાત સાંભળો અને રાગ થાય તે સારુ છે, સાચુ છે, તેને સારુ માનો તે રાગ થાય તે સારુ છે અને અમે પાપની નિંદા કરીએ તે વખતે દ્વેષ થાય તે પ્રશસ્ત દ્વેષ છે, તેમ ગુણની વાત કરુ ત્યારે રાગ કરો તે પ્રશસ્ત રાગ છે, માટે રાગદ્વેષની ચેનલ છે: બેક મીનીટ પણ મન શાંત રહેતુ નથી. તેને સમતાનો અનુભવ નથી કોઈને કોઈ ભાવ ચાલુ છે માટે સમતાનો અનુભવ નથી, કષાય જેનો પ્રિય વિષય છે પછી સારા કે ખરાબ, જેવા અવસર મળે, તે રીતે ચાલુ રહે છે.

સભા:- નિમિત્તને આધારીત છે ?

સાહેબજી:- બેકલા નિમિત્તને આધારીત છે તેવુ નથી. બેક બોરડીમાં તમારા માટે ઈન્ટ્રેસ્ટના વિષયો ન મુકે, તમને કોઈ હંફેમળે નહિ. તો પણ અંદર બેઠા બેઠા મનમા કંઈક ઉભુ કરશો, પણ મન સમ્યક્ રહેશે નહિ. કાંતો અંદરથી શોધિશે કાંતો બહારથી શોધિશે, જે વસ્તુનો રસ હોય તે દુનિયામાંથી શોધી કાઢે, માટે મનને કષાયમાં રસ છે, તેથી નિમિત્ત શોધી કાઢશે અને મન તોફાન ચાલુ કરશે. અનંતકાળથી જીવે કષાયના આવેગમાં જ સુખ અને તેને જ સાધન માન્યા છે. આ માન્યતાના કારણે જ ઉલટી માન્યતા ચાલે છે, ખોટી હજાર માન્યતાઓ છે. મનને કબુલાત કઈ રીતે કરાવી તેને બદલવી જોઈએ.

કષાય એ દુઃખરુપ છે, ત્રાસજનક છે, સ્વયં દુઃખ છે. આ બધુ મનને કન્વીન્સ કરાવવા મહેનત પડશે, તેના માટે ઉપાય કરવો

જ પડશે, જેમ રાતડાલને સમજાવવા માટે તેની નજીકની કડી પકડી તેમ મનને ડન્વીન્સ કરાવવા તેની સહુથી નજીકનુ પાત્ર બુદ્ધિ છે, માટે બુદ્ધિને પહેલા પકડવી પડશે.

સભા:- સાહેબ, બુદ્ધિ બુઠ્ઠી હોય તો ?

સાહેબજી:- તીક્ષ્ણ બનાવવી હોય તો ઘસી ઘસીને બનાવો. જન્મ્યા ત્યારે ક, કા નો ક પણ નહોતો આવડતો. ભણીભણીને હોંશિયાર થઇ ગયા ને ? જ્યાં રસ પડ્યો ત્યાં બુદ્ધિ ધારદાર કરી લીધી. બધા તો ધર્મના ક્ષેત્રમાં કાંઇ ન સમજે, પણ વેપારમાં ઉલટા-સુલટા ગણિત કરતા હોય. ધર્મના ક્ષેત્રમાં કાંઇ યાદ ન રહે, પણ બધા ઘરાકને ઓળખતા હોય, હિસાબ-કિતાબ મગજમાં હોય, ભાવ-તાલ મોઢે હોય. આ બધુ કેમ ? કારણ ત્યાં રસ છે. માટે તેમ ન કહેવાય બુદ્ધિ જડી છે, આપણે બુદ્ધિને જ પકડવાની છે. બુદ્ધિને બરાબર અનુકુળ કરી શક્યા તો મન માનવા તૈયાર થશે. મહાપુરુષોએ શાસ્ત્રમાં લખ્યુ છે કે, શકતાલ મંત્રી જેવા પરાપુરુષના મોંમાંથી પણ આવી વ્યક્તિની પ્રશંસા કેરાવવાનુ નીકળે, તે નવાઇની વાત છે, પરંતુ પ્રસંગો પણ આવી વ્યક્તિઓ પ્રિયપાત્રથી કેવા દોરવાય છે. તેની નાડ પકડી માટે જ કામ કરાવી શક્યા. તેમ આપણે પણ નાડ પકડવી પડશે. કષાયો દુઃખરુપ કેમ છે ? દુઃખના સાધનરુપ કેમ છે ? કષાય પીડારુપ છે. આખા સંસારમાં કષાયો ઉભરાય છે, તેમા અપ્રશસ્ત કષાય એટલે શુ ? જે જીવનમાં જોઇએ નિરુપયોગી ધાંધલ ધમાલ છે, નિરર્થક પ્રવૃત્તિ છે, કષાય માત્રને લેવડુઈ કહી છે, તમે લેવડુઇ બનો ત્યારે જ તેનો જન્મ થાય. આ બધુ તમને તર્કબુદ્ધિથી સમજાવીએ છીએ, ફેકોલોજી નથી. તમે કાંઇ શાંત સહિષ્ણુ છો ? કે જીવનમાં ગુસ્સે થાવ છો ? હા તક ન હોય તો તેને બહાર ન કાઢો. ગુસ્સો કાઢવા માટે પણ પુણ્ય જોઇએ, પુણ્ય ન હોય અને ગુસ્સો કરો તો કોઇ થપ્પડ

માટે, બધા કષાય માટે આ નિયમ છે. જેમ ગમે તેટલો અહંકાર હોય અને કષાય તરીકે બતાવવા જાવ તો પુણ્ય ન હોય તો ઘોલ પડે કાન પકડીને બહાર કાઢે ચાલતો થા, અને પુણ્ય હોય તો કદાચ પાછળથી ગાળો આપે, પણ સામે સહન કરી લે, માટે તમે કષાય બહાર વ્યક્ત કરી શકો છો, તેમાં તમારું પુણ્ય જ કારણ છે. જેમ તમે જીવનમાં સફળ થાવ છો, ત્યારે પોતાની હોંશિયારીથી સફળ થયા, પણ તે વખતે તેવું માનનાર મુર્ખાને ખબર નથી કે પુણ્યથી સફળ થયો છું. જેમ તમારું કોઈ કામ ન કરે કે ન માને ત્યારે જરા ગુસ્સો કરી કામ કરાવો ત્યારે તમારી બુદ્ધિમાં શું બેસે, કે મેં કષાય બતાવ્યો, ચમકારો બતાવ્યો માટે સીધો થયો પણ તેવું નથી, તેમાં પુણ્ય જ કારણ છે.

સભા:- એવા પુણ્યથી પાપ બંધાય ?

સાહેબજી:- હા, પાપ જ બંધાય. સંસારમાં મોટા ભાગના જીવો પુણ્યથી પાપ જ બાંધે છે. પુણ્યનો ભોગવટો કરીને પાપ જ ઊભું કરે છે. તે પાપાનુબંધી પુણ્ય છે, તે પુણ્યમાં પાપની સર્જન શક્તિ છે. પુણ્યાનુબંધી પુણ્ય ઊભું કરવું તે એક કળા છે, જે વિવેકવાળો જીવ કરી શકે. કષાય કરવાથી સફળતા મળે છે, તે માની લેવું એક ભ્રમ છે ધાર્મિક દૃષ્ટિએ તેની ઉપયોગીતા નથી. ડાહ્યા માણસનું લક્ષ્ય શું ? ઉપયોગી પ્રવૃત્તિ આદરે કે નકામી પ્રવૃત્તિ આદરે ? તમારે કોઈ વાત સામાને કબૂલાત કરાવવી છે તો ગુસ્સે થઈને કહો તો માને ? કે શાંતિથી કહો તો માને ?

સભા:- સામેના માણસ પર આધારિત છે.

સાહેબજી:- તમને પૂછું છું કે તમને કોઈ અકળાઈને વાત કરે તો ગમે કે શાંતિથી વાત કરે તો ગમે ? ગુનેગારને પણ ધમકાવીને વાત કરો તો ગમે ? તમારે એના મનમાં સ્વીકાર કરાવવો છે કે એની પાસેથી

કામ લેવુ છે? પછી ભલે તે ગાળો આપે, લોહી પી જાય તેવા છે માટે માન્યા વગર ચાલે તેમ નથી માટે માને અને કામ કરે. હવે તે ગમે કે દિલથી કામ કરે તે ગમે. તમે ક્રોધથી દિલને જુતી શકો કે શાંતિથી દિલને જુતી શકો? આવા અનિવાર્ય સંજોગોમાં કષાય કરવાની જરૂર હતી? ન કરો તો ચાલે તેમ ન હતુ? આવો એક પક્ષ દાખલો આપી શકાશો. વિરોધિ હોય, મિત્ર હોય બધે જ કષાય કરો છો માટે જ તમે અનુગમતા બનો છો. તમે બધા તરફથી પ્રીતિ, આદર, સત્કાર ઇચ્છો છો કે તમને ધુત્કારે તે ગમશે. તમે કુટુંબ માટે સહુથી વધારે કર્યુ છે, ભત ઘસી નાંખી છે, છતાં તેમની પાસેથી લાગણી કેમ નથી મેળવી શકતા. કારણ શુ? તમારો સ્વભાવ જ.

સભા:- એના કર્મ

સાહેબજ:- એના નહિ, આપણા કર્મ. બસ કર્મનુ લાકડુ હાથમાં આવી ગયુ છે માટે ગમે ત્યાં ભરાવી દો છો, પરંતુ ગમે તેવા અનિકાચિત કર્મ ઉદયમા આવે, ત્યારે પલટો લાવવાની શક્તિ આત્મામાં છે. આપણે ત્યાં પુરુષાર્થવાદ છે. ધર્મ કર્મને પલટી શકે છે. અમુક ભૂમિકાએ પહોંચેલો જીવ તેના સ્વભાવના કારણે પ્રીતિપાત્ર બને છે. કારણ તેનો ચુકવીયલ સ્વભાવ છે. પરંતુ તમને ઉંડે ઉંડે લોકુ છે કે પ્રસંગે ક્રોધ કરવા જેવો હોય અને ન કરીએ તો નમાલામાં ખપીએ.

સભા:- માટે જ ચંડકૌશિકને કહ્યુ હતુ કે ફુંફાડો માર.

સાહેબજ:- આવુ ક્યાંથી લઇ આવ્યા, શુ ભગવાને આવુ કહ્યુ હતુ કે કીડી ચટકા ભરે તો ફુફાડો માર. તેને તો ફુફાડો મારવાની વૃત્તિ નથી, તે ઉંચા સ્ટેજે છે. હજુ તમે ને હુ ત્યાં પહોંચ્યા નથી. ભગવાન ન મળ્યા તે પહેલા તે નરકે જતે. પરંતુ પ્રભુનો બોધ પામ્યા પછી, પલટો આવ્યો છે, ફુફાડો મારવાની કોઇ વૃત્તિ નથી. કીડી ચટકા ભરે છે ત્યારે તે વિચારે

છે કે બ્રાતો મને કશુ જ દુઃખ આપતા નથી. આથી વધુ દુઃખ મેં ઘણા જીવોને આપ્યુ છે. આનો ખાલી શારીરીક દુઃખ જ આપે છે.

અમે તમને કહીએ સંસારમાં ક્રોધ ન કરવો, એનો અર્થ એમ કે તમારે દીન થઈને વાત કરવી, બધા તમને દબડાવી જાય, ધર્મી એટલે નમાલા? પરંતુ ધર્મી તો સત્વશાળી, શૌર્ય, ખમીરવાળા, અટલ હોય. તમને વ્યવહારમાં સાચી વાત લાગે ત્યારે મક્કમતાથી આત્મવિશ્વાસથી બોલો, પણ અકળાવાની શુ જરૂર? ઘરમાં કોઇ યોગ્ય ન લાગે તેવુ વર્તન કરે તો વાત્સલ્યથી સમજાવી શકો છો. પણ કોઇ અવળચંડુ હોય અને કહે કે આમ જ કરશુ ત્યારે તમે કહી શકો છો કે આ ઘરમાં આમ જ ચાલશે. તેવુ મક્કમતાથી કહી શકાય કાંઇ ક્રોધ કરવાની જરૂર ખરી? પણ તમને મફતમાં લોહી બાળવામાં રસ છે, તમારુ મન ક્રોધ રસિક છે. શુ સામાની ભૂલની સજા આપણે ભોગવવી? તમારા દીકરાએ ભૂલ કરી ત્યારે તમારા ગાલને થપ્પડ મારે તો કેવુ કહેવાય? તમે ડાહ્યા કે ગાંડા? કોઇએ ભૂલ કરી તેની સજા માથે લેવી છે? તેથી તમારુ લોહી બળશે. અને તે રાજી પણ થશે, ક્રોધ કરનાર વ્યક્તિ પોતાના આત્માને સંતાપ આપી રહ્યો છે. બીજાની ભૂલના ભોગે. આ મૂર્ખતા છે. જો બુદ્ધિમાં ઉતરી જાય તો ખરેખર મુર્ખાઇ લાગે. આવા તો સો એંગલ છે. માન, માયા, લોભ બધા મારે આ રીતે વિશ્લેષણ થઇ શકે. કષાય માત્ર મુર્ખતા છે. કષાયનો જન્મ અજ્ઞાનતા, નિર્વિચારકતા, અવાસ્તવીકતામાંથી થાય છે. કષાય આપણી મુર્ખાઇનુ પ્રતિબિંબ કે મુર્ખાઇનો પડઘો છે. આવા ઘણા પાસા છે. કષાયનુ મૂળ ઉત્પત્તિસ્થાન દુઃખ છે. જેને દુઃખ અંદર ન હોય તેને કષાયનો જન્મ ન થાય, ક્રોધ, માન, માયા, મોહ કોઇપણ કષાય પકડો.

<u>શ્રોતા</u>:- પ્રશસ્ત કષાય, અપ્રશસ્ત કષાય બધા લેવાના?

<u>સાહેબજી</u>:- હા, બધાજ કષાય લઇ લેવાના. પ્રશસ્ત કષાય પણ આત્માનો

સ્વભાવ નથી; માટે સમતામાં જતા પહેલા પ્રશસ્ત કષાય પણ મૂકવાના છે, આત્માનું ઉંચુ સુખ મેળવવા માટે પ્રશસ્ત કષાય મૂકવા પડે. કડવા કારેલાના રસને અપ્રશસ્ત કષાય કહ્યા છે. કારેલાને સીધા સમારીને મોંમાં મૂકો તો શું થાય? હવે કારેલાને મીઠુ નાંખી કડવાશ કાઢી નાંખો, ગોળ નાંખો, મસાલો નાંખો છતા પણ મૂળથી કડવાશ તો રહેવાની. ભાવતુ હોય તે ચપચપ ખાઈ જાય, પણ મૂળથી તો કડવા રહેવાના. અપ્રશસ્ત કષાય પ્યોર કારેલા જેવા છે, પ્રશસ્ત કષાય મસાલા જેવા ટેસ્ટી છે, પણ કારેલાના બદલે કેરી નથી, કડવાશ તો રહેવાની, માટે પ્રશસ્ત કષાય કે અપ્રશસ્ત કષાય આત્માનો સ્વભાવ નથી. માટે અંતે તેને છોડવાના છે, પણ અત્યારે તો મસાલેદાર ટેસ્ટી કારેલા ખાવાના છે.

સભા:- પરંતુ સાહેબ, કારેલાના ગુણ કડવા ન હોય.

સાહેબજી:- તમે ગુણ સુધી ધ્યાન રાખો તેવા છો? પણ તમને તો તત્કાળ ફળ જોઇએ છે, મોંમાં મૂકીને ફળ જોઇએ છે. કારેલાની કડવાશ ફળરૂપે નથી, સ્વાદરૂપે છે. કારેલા પણ લીમીટમાં ખાવ તો ગુણકારી. વધારે ખાવ તો શું થાય ખબર છે? અપ્રશસ્ત કષાય એટલે ગમે ત્યારે વગર બોલાવે ટપકી પડે, તેના દોરવાયા તમે દોરવાઓ છો. ઘણાને ભૌતિક દૃષ્ટિએ કષાય ખરાબ લાગે છે, કરવા પણ નથી. પરંતુ ભત કે મન ઉપર કંટ્રોલ નથી માટે ક્રોધ કરે છે, ક્રમાન છટકે પછી ભાન હોય કે શું બોલ્યુ છુ? ગમે તેમ ક્રોધ ઉછળી પડે. જેના પર કાબુ નથી, ભાન નથી, સુજ નથી એવો ગુસ્સો અપ્રશસ્ત કષાય કહેવાય. જ્યારે પ્રશસ્ત કષાયની આવશ્યકતા ઉભી થાય ત્યારે જ થાય.

સભા:- એટલે રીમોટ કંટ્રોલ હાથમાં જોઇએ.

સાહેબજી:- અત્યારે કોના હાથમાં છે?

સભા:- રીમોટ જ કંટ્રોલ છે.

સાહેબજી:- જેનો રીમોટ જ કંટ્રોલ છે, તેવા કોઇ પણ વાહનમાં તમે બેસો ખરા ? બેસો તો મરી જવ ને ? અત્યારે તમારી આ સ્થિતિ છે. ભૌતિક દૃષ્ટિએ કષાયને કાબુમા નથી લઇ શકતા તે તમારી નબળાઇ છે.

એક ભાઇ મારી પાસે આવેલા તે કહે સાહેબ મારે ઘંઘો સરસ ગોઠવાયેલો. પચાસ વર્ષથી અમે ભાગીદાર હતા. એક બીજા પર વિશ્વાસ હતો. પરંતુ મારા સ્વભાવના કારણે શું બન્યુ ? કે પ્રસંગે ન બોલવાનુ બોલાઇ ગયુ. ભાગીદારી તૂટી ગઇ. ગાડી પાટા ઉપરથી ઉતરી ગઇ. મારે વિચારમે જવ કષાય કરે છે પછી ફળ ખાવાનુ આવે ત્યારે કપાળ ફૂટે. પણ કરતી વખતે ભાન ખરુ ? ત્યારે તો બેભાન બની જવ છો. માટે અપ્રશસ્ત કષાય અતિરેકવાળા હોય છે. જ્યારે પ્રશસ્ત કષાયમાં આવુ ન હોય. જેટલા જ્યારે જે રીતે કરવાના હોય તે રીતે કરે. આજ્ઞાનીઠ સેવક નરીઠે રાખી શકે તે પ્રશસ્ત કષાય કરે. ચુકાવાળા કારેલા પણ જંગલીની જેમ ખાવ, તેની બહુ કડવાશ પીસો તો બ્લડપ્રેશર લો થઇ જાય, બળ ક્ષય થાય માટે તેમા પણ વિવેક જોઇએ.

કષાય, ભરપુર અજ્ઞાનતાપૂર્વક, બેવકુફીનુ ફળ છે, અને તેનુ પ્રત્યક્ષ અને પરોક્ષ દુઃખ છે, સ્વરુપ પણ દુઃખ છે, કષાયનુ કારણ પણ દુઃખ છે, જેને આ બધી વાતો ઉતરી જાય તે ડાહ્યો બન્યા વગર રહે નહિ, ભલે પછી કષાય છોડી ન શકે પરંતુ આ મુર્ખાઇ છે, તેથી માન્યતા તો બદલાઇ જાય. સમકીતીનો જીવ કષાય છોડી ન શકે પણ તેને તે અનર્થકારી સંતાપ આપતા તો લાગે. તેનુ મન કદી તેને પ્રોત્સાહન ન આપે, પ્રેરણા ન આપે. જ્યારે તમારુ મન તમને પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે, કારણ તમારી બુદ્ધિ ઉલટી છે. માટે માન્યતા ઉંધી જ રહેવાની. પ્રોસેસમાં મંથન કરતા જાવ તો માન્યતા બદલાય જ.

સભા:- માન્યતા બદલવાની ક્રિયા અપુનર્બંધકથી ચાલુ થાય ?

સાહેબજી:- હા, અપુનર્બંધકદશાથી ચાલુ થાય. શરૂઆત ત્યાંથી થાય છે. અને પરિશુદ્ધિ માન્યતા સમકીતમાં આવે છે. આના પછી પ્રવૃત્તિકરણ, યોગાવંચક, પહેલી દૃષ્ટિ, બીજી દૃષ્ટિ, એમ સમકીતે પહોંચવા માટે ઘણો પ્રોસેસ છે. એકથી ચોથા ગુણસ્થાનક સુધી સ્વીનુ પરિવર્તન છે. પાછળનો ધર્મ પરિણતિનુ પરિવર્તન છે.

ધર્મ આપણને જીવનમાં વાસ્તવીક દર્શી બનવાનું કહે છે. હકીકતને હકીકત સ્વરૂપે સ્વીકારવુ એ જ ધર્મગ્રંથો દ્વારા ઉપદેશ આપવામાં આવે છે. તેમાં નકકરતા છે. માટે જેને પણ કષાયના સ્વરૂપનુ ચિંતન કરવુ હોય તેને વાસ્તવ દર્શનનો પ્રયત્ન કરવાનો છે. બુદ્ધિને કહો આ ગોરખધંધો કેમ લાગે છે? તેનું નિરાકરણ મહાપુરુષોએ શાસ્ત્ર દ્વારા આપ્યુ છે. કષાયને એમનેમ દુઃખરૂપ નથી કહ્યા કષાયનો જન્મ જેમ અજ્ઞાનતામાંથી જન્મે છે તેમ તમે અવાસ્તવીક બનો તો પણ પેદા થાય છે. જેમ રાગ પેદા થાય છે ત્યારે જે તમારુ નથી તેને તમારુ માનો છો માટે મમતા થાય છે. જડ પુદ્ગલ મારા નથી તે નક્કર સત્ય છે. આત્માને ન માનનારા પણ આ વાત માનશે. આ દેખાતી વસ્તુ પર તમારુ વર્ચસ્વ ખરુ? વર્ચસ્વ હોય તો તે તાબામાં રહે. તાબામાં તો તમારી માલીકીની વસ્તુ જ રહે છે. પુદ્ગલને મરજી મુજબ છોડી શકો છો ખરા? મરજી મુજબ ભોગવી શકો છો? હકીકતમાં આવી સ્થિતિ તમે સ્થાપીત કરી શકો ખરા? જેમ શરીર મારુ બોલો છો પણ તમે ઇચ્છો ત્યાં સુધી સાથે રહેશે? તમે કહેશો ત્યારે જ ઘડપણ પડશે? જીવતા પણ તેના પર કાબુ ખરો? ઇચ્છા મુજબ ખાઈ શકો છો? ખાધેલુ ઇચ્છા મુજબ પચે છે? ઝાડો સાફ આવી જાય તો સારુ છતાં પણ ઝાડા, કબજીયાત થઈ જાય છે, માટે કંટ્રોલ નથી. અને મારુ માનો તો તે મિથ્યાદર્શન છે. બધા કષાયનો જન્મ મિથ્યાજ્ઞાનમાંથી છે. અવાસ્તવીક, અદર્શી દર્શનમાંથી તમામ

'કષાયનો ઉદય થાય છે. બુદ્ધિને આ સમજાઈ જાય કે આ દુઃખરૂપ છે, સ્વયં દુઃખ છે, તેનુ ફળ પણ દુઃખ છે. આ જો સમજે તો તેને સારા તો ન જ માને, તેમાં મજા પણ ન જ આવે. આપણા મનમાં કષાયો ઘર કરીને બેઠા છે, તે જ આપણો ડ્રોવેક છે. આ મિથ્યાત્વની જડ છે. મિથ્યાત્વ અનંતકાળથી આત્માને ઘેરીને બેઠુ છે. માટે જ કષાયમાં પીડાનો નહિ મજાનો અનુભવ થાય છે. વાસ્તવમાં કષાય સંતાપરૂપ છે. આગમાં હાથ નાંખો તો ઠંડક કે આગથી દૂર રહો તો ઠંડક? આ ત્રણલોકમાં ત્રણકાળમાં કોઈ કહી શકે કે ક્રોધ કર્યો અને ઠંડકનો અનુભવ થયો? પેલી બહારની આગ છે જ્યારે આ અંદરની આગ છે. પરંતુ તેને આગ નથી માનતા માટે જ લેટો છો.

જ્યારે વ્યક્તિ ભાન ભૂલે, અને અવાસ્તવદર્શી બને ત્યારે અહંકાર થાય. બુદ્ધિ, સત્તા, ગુણરૂપ અહંકાર હોય છે. આજે ભાવ પેદા થયો કે હુ સુપીરીયર છુ પણ વાસ્તવમાં તમે કઈ બાબતમાં સુપીરીયર છો? હુ ટોપ છુ મારાથી ચડીયાતુ કોઈ નથી. પરંતુ બુદ્ધિમાં પણ ઘણા મહાન વ્યક્તિઓ છે, સંપત્તિમાં પણ તમારાથી વધારે હશે? જ્યારે તમારાથી ઉપરના તમને દેખાય નહિ ત્યારે અહંકાર આવે છે, જે વાસ્તવીક દૃષ્ટિ નથી. તમે હલકા જુઓ તેવી મૂઢતા આવે ત્યારે જ અહંકાર આવે છે, અવાસ્તવીક દર્શન છે.

તમે કઈ બાબતનો ગર્વ કરશો? કઈ વસ્તુ છે ગર્વ કરવા લાયક મારે તે બતાવી છે, હોયતો ખુશીથી કહો. જેમ શક્તિમાં હુ બળવાન છુ પણ એક મુક્કો મારે તો ગબડી જઓ, છતાં ભ્રમણા છે હુ બળવાન છુ. ગર્વ કરવા લાયક બધુ સિદ્ધ ભગવંત પાસે છે. પરંતુ જેને બધુ મળી ગયુ તે ગર્વ કરીને શુ મેળવે?

ઉપાધ્યાયજી મહારાજે લખ્યુ છે કે આત્મપ્રશંસા, પોતાના વખાણ

કરતા "હુ બહાદુર છુ" તેવો વર્તાવ કરે, તેમને પૂછવાનુ કે આત્મપ્રશંસા કરવાથી શુ મેળવવુ છે? અધુરા હો તો આત્મપ્રશંસા કરીને કોની બડાઇ મારો છો, અને પૂરા છો તો વખાણ કરીને શુ મેળવવુ છે? વખાણ દ્વારા જેને મેળવવુ છે, તે તો અધુરા જ કહેવાય, અધુરા ને આત્મ પ્રશંસા કે બડાઇ મારવાની હોય જ નહિ, પૂરા છે તેમને મેળવવાનુ બાકી નથી રહ્યુ, આત્મપ્રશંસાની જરૂર જ નથી. આ તર્ક ધારદાર છે. આ તર્ક ગળે ઉતરી જાય તો જીવ બડાઇ મારે જ નહિ.

આ બધુ મનની ભૂખ છે, કષાયનો રસ કેળવીને જીવ આવ્યો છે માટે તેને ભૂખ છે. તેથી જ જીવને ક્રોધ કર્યા વગર ચેન નથી પડતુ. અહંકાર કર્યા વગર મઝા નથી આવતી. તેમ આસક્તિ કર્યા વગર પણ મઝા નથી આવતી. માટે જીવ કષાયોને શોધ્યા જ કરે છે. પરંતુ હકીકતમાં આ આત્મપિડન છે. જેમ નવરો માણસ પોતાના શરીરને ચીંટીઓ ખણે, પોતાના વાળ ખેંચે, માથુ ભીંત સાથે પછાડે, તો તે માણસ કેવો લાગે? તેમ આપણી દૃષ્ટિએ કષાય કરવા એટલે શુ? આત્માને ચીંટીયા ખણવા, વાળ ખેંચવા, થપ્પડ મારવી, માથુ પછાડવુ શુ આ વર્તન વ્યાજબી લાગશે?

સભા:- કષાય ન કરવા શુ કરવુ?

સાહેબજી:- એ વખતે વાસ્તવીકતાનુ દર્શન કરવુ. એકલા હો કે બધાની હાજરીમાં હોવ, આ કષાય પેદા ક્યાંથી થયો? તેનુ સ્વરૂપ શુ? તેની ફલશ્રુતિ શુ? આ બધાનુ જ્ઞાન થશે તો, જીવ કષાય કરતો અટકશે. અને કષાય કષાય થશે તો તે કર્મના વશથી થશે, પરંતુ તમને વાસ્તવીક દર્શન નથી, જ્ઞાન નથી માટે જ જીવ ભટકે છે.

તમે વધારે દાન આપ્યુ ત્યારે શુ હુ જ દાનેશ્વરી છુ એમ અહંકાર થાય પરંતુ તમારા કરતા પણ વધારે દાન આપનારા કેટલાય

होय छे. जेम हु पैसानु दान आपतो नथी. परंतु में दीक्षा लीधी, सर्वस्वनो त्याग कर्यो, माटे त्याग ए मोटु दान छे, तेथी वधारे दानेश्वरी कोण? जेम उदार माणस पण पोतानी पासे कंईक राखीने पछी दान आपे छे. ज्यारे त्यागी बधु त्यागीने दान आपे छे. अत्यारे आपणे अभयदाननी वात नथी चालती, परंतु पैसाना दाननी वात चाले छे. कोइ करोड रूपिया आपे ते मोटो दानेश्वरी के आखी दुनियानो त्याग करे ते वधारे दानेश्वरी? माटे विचार करभे आपणे मामूली छीओ. तमे भुवनमां आपो छो वधारे के रांको छो वधारे? वस्तुपाल, तेजपालनु दान जाणो छो? तेमनी मूडी पांच लाखनी हती अने तेमनु धन अबजोमां हतु. थोडु राखीने वधारे आप्यु छे, आ दानेश्वरी कहेवाय. तमे दानमां शु आपी दीधु छे? मूळ शु छे के वास्तवीक दर्शन नथी. माटे ज अहंकार गमे त्यांथी टपकी पडे छे.

में भुवनमां शु कर्यु छे, एवु तो मारी पासे शु छे के हु गर्व लइने फरी शकु? आ मारी अने तमारा बधानी वात छे. महापुरुषोना आचार पासे अमारा पण कंइ आचार नथी. आपणे भ्रमीत, आंधळा थइ जईओ छीओ त्यारे अहंकारीक बनीओ छीओ. कषाय मात्र भ्रम दान छे. जेने भुवनमां भ्रम न होय, सत्यनु दर्शन होय तेने कषाय आववानो सवाल नथी. तमने लागवु जोईओ के हु बेवकुफ बन्यो छु माटे कषायी बन्यो छु. मारे तमने अत्यारे वीतराग नथी बनाववा, परंतु जेवा कषाय दूर, तेवा देखाय छे खरा? परंतु उल्टु ज मानी बेठा छो. आपणु भुवन भ्रांति, भ्रम छे. आपणु मन मोटे भागे कल्पनाओ, अवास्तवीकतामां राचे छे. मन अवास्तवीक तरंगोमां ज रमतु होय छे. ते उही जमीन पर रहेतु नथी. हवामां ज उडे छे. दीवास्वप्नो जोया करे छे. तरंगो, कल्पनामां ज राचे छे.

સંજ્ઞા:- શોખચલ્લીની જેમ જ

સાદૈવજ:- હા, પણ તે લાગે છે? કેટલાય વિચાર કર્યા અને હજુ કેટલાય કરી છો. માટે અંદર હજુ શોખચલ્લી બેઠો જ છે. કલ્પના, તરંગોમાં રમવુ તે મનની કાલ્પનીક દુનિયા છે. અને તેમાંથી વાસ્તવીક બનવુ તે જ ખરુ તત્વ છે.

॥પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

ફુ-ટ-લ્પ
સ્વીકાર
શ્રાવણ સુદ. દસમ. ॥ મનોવિજ્ઞાન ॥ ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને સાચી અંતિમ સુખની પ્રાપ્તિ માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ આ જગતમાં બાહ્ય સુખ કરતાં આંતરીક સુખ ચઢીયાતુ છે. આંતરીક સુખ જ વાસ્તવમાં ખરુ સુખ છે. લૌકિક દૃષ્ટિએ પણ સાચા સુખની વ્યાખ્યા કરતાં આંતરીક સુખને જ સાચુ સુખ કહેવુ પડે.

અનંતકાળથી જીવ મોટામા મોટી ભાંજગડ લઇને ફરે છે. તે બાહ્ય સુખને જ સુખ માની બેઠો છે. આંતરીક સુખને માનવા તે તૈયાર નથી આંતરીક સુખની વાત કરીએ ત્યારે આત્માને તે કાલ્પનીક સુખ લાગે છે. પણ આતો મન મનાવી લેવાની વાત છે, મનમા સમજીને ઉતારવુ છે. કહેશો કે ભૂખ લાગે ત્યારે કાંઇ વિચારો કરવાથી પેટ નથી ભરાતુ, ખાવાનુ ખાવાથી જ ભૂખ ટળે છે. સ્વાદ લેવાનો ઉપાય ખાવુ તે જ છે. માટે જીવ બાહ્ય સુખને જ સુખ માનીને ચાલે છે. પરંતુ આ જીવની ગેરસમજ છે.

ગમે તેટલા બાહ્ય સુખને મૂકવામાં આવે પણ જો તમારુ મન દુઃખથી વ્યાપ્ત રહ્યો તો બધા સુખ ધુળધાણી બરાબર છે. માટે આંતરીક સુખ જ પ્રધાન છે. તેજ અગત્યનુ છે તેમ શાસ્ત્રો કહે છે. આ વાત બુદ્ધિમાં બેસવી જોઇએ. જે વ્યક્તિ જીવનમાં મનને શાંત, સ્વસ્થ નથી કરી શકતો તે દુનિયામાં ગમે ત્યાં જાય તો પણ પોતાને સુખી નથી કરી શકતો. તમે આ દુનિયામાં બધા દેવ-દેવીઓને પ્રસન્ન નહિ કરો તો ચાલશે પણ મનરુપી દેવતાને ખુશ કરશો તો તમારુ જીવન આનંદમય થશે. તે નહિ કરી શકો તો જીવન ત્રાસમય અને સંતાપમય થશે. જો આ વાત મનમાં બેસી જાય તો જીવ આંતરીક સુખ માટે

વ્યવહાર તથા પ્રવૃત્તિ કરશે. પ્રયોગ દ્વારા પુરુ સિધ્ધ થાય છે કે આંતરીક સુખ મહત્વનુ છે. તેનો અખતરો કરવાનો ઉપાય છે.

જેમ કોઇ માણસને કહીએ તને બધી સગવડતા આપીએ જેવી કે ખાવા-પીવાનુ, ફરવા-ફરવાનું, બધી જ મોજમજા આપીએ પણ સાથે એક એવી ગોળી આપીએ કે જેથી તે સતત ડીપ્રેશનમાં રહે. આવી ગોળીઓ આવે છે. જેનાથી કૃત્રીમ ભયની, કૃત્રીમ શોકની લાગણી, દુઃખની લાગણી પેદા થાય. વિજ્ઞાને આવી દવાઓ શોધી છે. આ દવાની બાયોકેમીકલ ઇફેક્ટ થાય જેથી તે વ્યક્તિ અંદરથી બેબાકળો, દુઃખી, ભયભીત, વ્યથિત થઇ જાય. આમ પાછુ તેને કોઇ દુઃખનું કારણ ન હોય. ઘણાને આઘાત- પ્રત્યાઘાતથી ડીપ્રેશન આવતુ હોય છે. ઘણી સગવડતા વચ્ચે પણ જો મન ડીપ્રેશનમાં હોય તો સુખ મળે ?

જેમ કોઇ કરોડપતિ માણસ હોય, ઘરમાં બધાને તેના પર લાગણી હોય બહાર પણ તેનો માનમોભો, લાગણી હોય, ખાઇપીને આનંદ પ્રમોદ કરી શકે તેમ હોય પણ તેને ડીપ્રેશન હોય તો તે ગમે ત્યારે રડવા બેસે, શોકાતુર થઇ જાય, ભયભીત થઇ જાય. આમ તો તેને બધા સુખ હાજર છે. તમે જેને સુખ કહો છો તેવા સુખની વાત છે. છતાં તેનું જીવન મહા દુઃખમય છે. જ્યારે ડીપ્રેશન વગરનો આર્થીક દ્રષ્ટીએ સામાન્ય માણસ પણ મજેથી રહી શકતો હોય. મારે જીવનમાં માનસીક દુઃખ જેવુ કોઇ મોટુ દુઃખ નથી. તે ઓછુ થાય પછી દુનિયાના બધા બાહ્ય સુખ નકામા.

તેની સામે કોઇ માણસ બહુ નકલીફમા હોય અને તેને એવી એક ગોળી આપી દો કે જેથી તે મુડમાં થઇને ફરવા લાગે. ગમેતેટલી તકલીફમાં પણ મજેથી ફરે. આ કૃત્રીમ છે. પણ ગોળીના કારણે મનનુ સુખ મેળવે છે. મારે જેનુ મન સુખમાં છે તેને દુનિયામાં

કોઇ દુઃખી કરી શકતુ નથી. જેનુ મન દુઃખમાં છે તેને દુનિયામાં કોઇ સુખી કરી શકતુ નથી. આ જીવનના વૈધિક સત્યો છે. જે તેને પકડી લઈ તેને ખ્યાલ આવે કે જીવનમાં મનના સુખનું મહત્વ કેટલુ છે.

મન અનેક પ્રકારના સંતાપથી ઘેરાયેલુ છે. જેને મનમાં આ વેસી જાય તેને થાય કે મારે મારા મનને જીતવુ છે. શાંત, સ્વસ્થ બનાવવુ છે. જેને આવી પ્રબળ ઇચ્છા થાય તેની સામે આપે ચિત્તશુદ્ધિની વાત કરીએ તો તેને સાંભળવાનું મન થાય, સાંભળીને ઉતારે, અને પછી તેના પર ચિંતન મનન કરવાનુ પણ તેને ચાલુ થાય.

માટે આંતરીક સુખની પ્રધાનતા સમજો.

એક માણસ વ્યવહારમાં ફરતો હોય, તેને પેટમાં દુઃખતુ હોય પણ તે દુઃખ કાંઇ વ્યહાર દેખાતુ નથી છતાં દુઃખથી બેવડો વળી જાય. ભલે આ શરીરનુ દુઃખ છે. દુઃખના પણ ઘણા પ્રકાર છે. તેમ મનનુ દુઃખ ભલે બહાર દેખાતુ નથી પણ શરીરના દુઃખ કરતાં પણ અધિક છે.

તેમ એક માણસને અપટુડેટ થવા બધી સાધનસામગ્રી આપી તે પહેરીને બનીઠની તૈયાર થઇ બહાર નીકળી કોઇ ગ્રુપમાં બેઠો. અને પછી પાછળથી ૫-૨૫ માંકણ તેના કપડામાં નાંખી દો તો શુ હાલત થાય? ઘડીકમાં અહિંયા ચટકો ભરે, ઘડીકમાં ત્યાં ચટકો. હાલત શુ? બેચેન? દુઃખી? તેમ આપણે ત્યાં લખ્યુ કે વ્યવહારમાં તમે અપટુડેટ થઇને ફરતાં હોય પણ મનમાં વિકારો ભરેલા હોવાના કારણે ઘડીકમાં આ વિકાર અહીં ચટકો ભરે, ઘડીકમાં બીજો વિકાર નવો ચટકો ભરે. માટે તમારી શુ હાલત હોય છે? પરંતુ આનાથી મન ત્રાસમય છે તે દેખાય છે ખરુ? આ કારણે મન તેનાથી વ્યાકુળ હોવાના કારણે ત્રાસ આપતુ હોય છે. પરંતુ તમે જો આને દુઃખ સમજો તો તમારા જીવનની દિશા બદલાવા વગર ન રહે.

ઘણા કહે છે ધર્મ પરલોકના સુખની, આત્માના સુખની વાતો

કરે છે પણ તાત્કાલીક સુખ શું ? પરંતુ ધર્મ તો તમને તાત્કાલીક સુખી કરવા માંગે છે. પરંતુ તમે અંદરથી દુઃખી છો માટે બહાર જ શાંતિ મારો છો. પરંતુ ધર્મ તમને અંદરથી સુખી બનાવવા માંગે છે. જે વ્યક્તિ ધર્મ સમજે તેને તો ધર્મ પ્રત્યક્ષ સુખની વાત કરે છે તે દેખાય જ. ધર્મ ૨૪ કલાક મનને સુખમાં તૃપ્ત રાખવાની વાત કરે છે.

૨૪ કલાક ચિત્તની પ્રસન્નતા તે જ ધર્મનુ તાત્કાલીક ફળ છે. જ્યારે ચિત્ત અપ્રસન્ન થાય ત્યારે તે ફળ અધર્મનુ છે. જેવો જીવનમાં અધર્મને પકડો એટલે ચિત્ત અપ્રસન્ન થાય છે.

જીવનમાં જેવો ધર્મ અપનાવો એટલે ચિત્ત પ્રસન્ન થાય છે.

જ્યારે પણ મનમાં અશુભભાવ થાય ત્યારે અંદરમાં અશાંતિ થાય જ. કોઇ એમ ના કહી શકે કે અશુભભાવ કરતાં અંદરમાં શાંતિ મળી

અશુભભાવ = દુઃખ

જેટલો " " તેટલુ માનસીક દુઃખ.

જેમ કોઇ વ્યક્તિને કડવી વસ્તુ આપે તો તેને બેસ્વાદ કડવાશ લાગે. તેમ અશુભભાવ પેદા કરો એટલે અંદરમાં દુઃખ સંતાપ થાય. જેમ ચપ્પુ આંગળી પર મૂકો ત્યારે જ, તરત જ આંગળી કપાયને? કોઇ કલાક પછી ન કપાય. તેમ અધર્મ તાત્કાલીક ફળ આપે છે. પ્રત્યક્ષ ૨૪કલાક અનુભવ સિદ્ધ ફળ છે. જેમાં ક્યાંય શંકા કરવાનો સવાલ ન જ આવે. જેને પણ આમાં શંકા આવે તેને ખાત્રી કરવાની છુટ છે. તેના માટે જીવનમાં થોડી વાર અશુભભાવ કેળવો અને પછી શું અનુભવ થાય છે તેનું અવલોકન કરો. કોઇ વ્યક્તિ શુભભાવ કરે અને પ્રસન્નતા ન મળે તે શક્ય જ નથી.

જેમ કારેલાનો રસ કડવો જ, દુઃખાડનો રસ મીઠો જ, મરચા તીખા જ રહેવાના, સાકર ગળી જ રહેવાની, તેમ અશુભભાવ તીખ્યો અને કડુ રહેવાનો છે.

જ્યારે શુભભાવ મધુર, પ્રીતિદાયી, માધુર્યનો અનુભાવ કરાવે તેવો

મીઠો, મધુર, શાંતરસ જ છે. તમે તે કેટલો પામી શકો તે તમારા પુરુષાર્થ પર છે.

નાસ્તીકે પણ કહેવુ પડશે કે અશુભભાવ મહાદુઃખદાયી છે. શુભભાવ મહાસુખમય છે.

મનના દુઃખનું સરવૈયુ અશુભભાવ છે.

" સુખનુ સમીકરણ શુભભાવમાં સમાઈ જાય છે.

જેમ જ્યારે આગમાં સ્પર્શ કરો તો ઉષ્માનો અનુભવ થવાનો જ. અડો અને ઉષ્માનો અનુભવ ન થાય તે અશક્ય છે. તેમ જુવ અશુભ ભાવ કેળવે અને મનને પીડા ન થાય તે અશક્ય છે. તેમ જુવ શુભ ભાવ કેળવે અને મનને સુખ ન થાય તે પણ અશકય છે.

સભા:- અશુભભાવ કોને કહેવાય?

સાહેબજુ:- સ્વાર્થપ્રેરીત જે કષાયો છે તે અશુભભાવ છે. જેમ ઈર્ષા, દ્વેષ, રાગ, ક્રોધ, માન, અહંકાર થયો તેના કારણે હલકુ વર્તન કરવાનુ મન થયુ તે અશુભભાવ છે.

દુકમાં તમારા પ્રત્યે કોઇ જે ભાવ કરે અને જે તમને ન ગમે તે બધા અશુભભાવ છે. કોઇનુ પણ બુરુ થાય તેવી ભાવના અશુભ કહેવાય.

સભા:- ભગવાનનો રાગ કરવાનો છે

સાહેબજુ:- હા, તેમાં કોઇનુ પણ ખરાબ કરવાની ક્યાં ભાવના છે. તેમનો રાગ કરવાથી તમારુ અને જગતનું ભલુ કરવાનુ આવશે. માટે બધાનું સારુ કરવાની વાત આવે તેમાં અશુભભાવ નથી આવતો, ખરાબ ભાવનાને અશુભભાવ કહેવાય છે.

કોઇ વ્યક્તિ, કોઇનુ બુરુ કરવામાં સફળ થાય, ત્યારે તે કરવા માટે અંદર જેટલો ટાઇમ ઉશ્કેરાટ હોય તેટલો ટાઇમ તેનુ મન સ્વસ્થ રહેવાનુ નથી, માટે મનના સુખને સમજુ કાકો તો પરમાત્મા સાથે શુભભાવની લીંક છે.

માટે શુભભાવોને મનમાં ઠેબવવા લાયક કહીએ છીએ અને અશુભભાવોને છોડવા કહીએ છીએ. મનના સુખને સમજી શકે અને ખબર પડે કે પ્રસન્નતા સાથે મનમાં લીંક છે માટે મનનું સંશોધન કરવુ હોય તો તેના સ્વરુપને જાણવુ જરુરી છે.

હવે મન બે છે. ① દ્રવ્યમન ② ભાવમન

ભાવમનના પણ બે પ્રકાર છે

① ઉપયોગમન ② લબ્ધિમન

લબ્ધિમનના પણ ઘણા પેટા ભેદો છે.

લબ્ધિમનને સમજવા આપણે પહેલા જોઇ ગયેલા ① માન્યતાની શુધ્ધિ :- એટલે શુ ? તમે શુ માનો છો ? શુ નથી માનતા ? અને તેના આધારે જ તમારી રુચી બનાયેલી છે, સારાને સારુ માનો તો રુચી જાગવાયેલી રહે છે. ખરાબ માનો તો અરુચી રહેશે.

જેમ એક વ્યક્તિ હિંસાને ખરાબ માને છે તે અરુચી.

" " " હિંસાને સારી માને છે તે રુચી.

તેમ અહિંસાને સારી માને છે તે રુચી

અને અહિંસાને ખરાબ માને છે તે અરુચી.

રુચી, અરુચી બધી વસ્તુ સાથે તાણાવાણાની જેમ જડાયેલી છે. જગતની પ્રત્યેક વસ્તુ પ્રત્યે રુચી, અરુચી સુસુપ્ત રીતે અંદર ઘરબાયેલી છે. સાઇકમાં નાના જેવા મનમાં પણ સંગ્રહરુપે, સ્ટોર થઇને પડી રહી છે. ખરાબરુચીથી પાપની અનુમોદના ચોવીસે કલાક ચાલુ છે. માટે પાપનો કર્મબંધ ચોવીસે કલાક ચાલુ છે, તેવી જ રીતે સારી વસ્તુમાં રુચી હોય તો ચોવીસે કલાક પુણ્યનો બંધ ચાલુ છે.

ખરાબ રુચીથી પાપાનુબંધી પાપ બંધાય છે.

સારી રુચીથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે.

માટે રુચી અરુચી જેવી હોય તે પ્રમાણે પાપ અને પુણ્યના બંધ અને

અનુબંધ ચાલુ હોય છે. આ એક મનમા ગોઠવાયેલો કાયમ ખાતેનો ડીપાર્ટમેન્ટ છે, અને તેમા ફેરબદલી ઓછી થાય છે. જુવ, પોતે માનેલી માન્યતાને ફેરબદલી કરવા જલ્દી તૈયાર નથી. રૂઢ થયેલી માન્યતાઓ ગ્રંથી રીતે ગોઠવાયેલી છે, માટે તેમાં ખાસ પરિવર્તન લાવી શકાતુ નથી. કારણ આવે અને ફેરફાર થાય, પણ જન્મથી મરતા સુધીમા પણ બેથી પાંચ ટકા પણ પરિવર્તન લાવી શકાતુ નથી, માટે બંધ અને અનુબંધ ચાલતા હોય છે.

અશુભ માન્યતા જબરદસ્ત રીતે પાપના બંધ-અનુબંધ પાડ્યા કરે છે. ઘણા એમ બોલતા હોય છે કે વેપારમાં વિકાસ કરવો, ઉદ્યોગમાં પ્રગતિ કરવી, જગતમાં જેટલો પણ વિકાસ થાય તે સારુ છે, આ કાંઇ ખરાબ કામ નથી. પાછા માનતા હોય કે તેમાં હિંસા શેની? આ જે આ મનની માનેલી માન્યતા છે, તેનાથી ચોવીસે કલાક જગતમાં જેટલા પણ વેપારધંધા ચાલુ છે, તેની અનુમોદના તેને ચાલુ છે, માટે તેને કર્મબંધ ચાલુ છે.

<u>સભા</u>:- સાહેબ, જગતના બધા જ વેપારધંધાની અનુમોદના કહેવાય?

<u>સાહેબજી</u>:- હા, ચોકકસ, તમે શુ માનતા હોવ છો, ઉદ્યોગ-ધંધા વિકસાવવા તે સારુ કામ છે, અને આમ જ કરવુ જોઇએ. મોટાભાગનો આ અભિપ્રાય હોય છે. જોકે તેના અભિપ્રાયની વેલ્યુ ના હોય તો પણ કહેશે આ કરવા જેવુ, આ નહિ કરવા જેવુ. આવા તો કેટલાય જૂન ભરાયેલા હોય છે. જેમ ઘણા માને કે સ્વરાજ આવ્યુ, ચૂંટણીપ્રથા આવી, તેથી દેશે કેટલો વિકાસ કર્યો, ખરેખર શાસ્ત્રની દૃષ્ટિએ વિચારીએ તો લોકશાહી અને ચૂંટણીની વ્યવસ્થા ખોટી છે, પ્રભુ આદિનાથજીએ રાજ્ય વ્યવસ્થા સ્થાપી હતી. રાજશાહી તીર્થંકરપ્રણિત છે. માટે રાજશાહી સિવાય બીજુ વ્યવસ્થા હિતકર નથી. જિનેશ્વરના વચન વિરુદ્ધ આવી તમારી કેટલી માન્યતાઓ હોય છે. તેના વિરુદ્ધની જેટલી માન્યતાઓ થઇ માટે ઉલ્ટી માન્યતાઓ હોવાના કારણે તમને તે પાપોની

અનુમોદના ચાલુ છે. જેમ કોમ્પ્યુટરમાં એક નાની ચીપ્સ ગોઠવો તો ડેટા ઊભો થાય ને? તેમ તમારા મનમાં એક ઉંધી માન્યતા જે હજાર પાપનુ મૂળ છે, માટે કર્મ બંધાયા જ કરે, આ ઉંધી જ માન્યતારુપ મિથ્યાત્વ જડબેસલાક ઘર કરી ગયુ છે, જેને આખા જગતને ઝપાટે ચડાવ્યુ છે. જ્યાં સુધી આનુ સંશોધન ન કરો ત્યાં સુધી સમકીત પામી શકાતુ નથી. સાચુ બોલજો આવુ અવલોકન કરનારા કેટલા?

સભા:- સાહેબ, નો ટાઇમ.

સાહેબજી:- એટલે કે ધર્મ કરવાનો તમને ટાઇમ નથી. પરંતુ આ અવલોકન તો ધર્મમાં પ્રવેશ કરવા માટે પ્રવેશદ્વાર છે. સમકીત પામવા માટે આમાં પ્રવેશ કરવો પડે. હું તો એમ કહુ છુકેનો ટાઇમ બોલવાવાળા પાસે જેટલો ટાઇમ છે એટલો કોઇની પાસે નથી. આવુ નો ટાઇમ કોણ બોલે છે? સત્તાધીશો, શ્રીમંતો બોલે છે. તેમને શુ જાતે કામ કરવાનુ હોય છે? તેમને તો મશીનો અને માણસો દ્વારા કામ કરવાનુ હોય છે, માટે વાસ્તવીક રીતે વિચાર કરો તો નો ટાઇમ જેવુ છે જ નહિ. તમારે દુનિયા માટે ટાઇમ છે, પરંતુ પોતાની જાત માટે ટાઇમ નથી. જેને પોતાના જાત માટે ટાઇમ નથી એટલે શુ થયુ કે પોતાની જાત ઉપર ભયંકર દ્વેષ છે. તે સ્વદ્વેષી માણસ છે. જેમ તમારી પાસે પાંચ કરવાના આવે તો જે કામમાં તમને વધારે રસ હોય, તે પહેલુ કરો ને? અર્થાત તમે આત્માને દ્વેષ્યો જુઓ છો એટલે તેનો મતલબ એમ થયો કે તમને તમારા આત્માના ઉત્થાનમાં જરા પણ રસ નથી. આ બહુ ક્રુણાસ્પદ છે. તમારા ઉપર કોઈ દ્વેષ રાખે તો તમને ગમે નહિ છતાં પણ તમે તમારી જાત ઉપર દ્વેષ રાખો છો. તમને કોઈ એવોઇડ કરે તો ગમે નહિ. પરંતુ તમે તમારી જાતને ચોવીસે કલાક એવોઇડ કરો છો આતો કેવુ કહેવાય? અમે તમારા મૂળભૂત આંતરીક સ્વરુપનુ વિચાર કરવાનુ કહીએ છીએ. સ્વ કેન્દ્રિત જેવી કોઈ પ્રવૃત્તિ નથી. ધર્મ તમારી

જાતની વધારે ચિંતા કરે છે. માટે કેવળ સમયનો વિચાર કરતા વખતે કહો કે "નો ટાઇમ" આ કેવી વાત કહેવાય જરા ચિંતન મનન કરજો. આના માટે એક વખત બનેલો એક દાખલો કહુ.

એક દાદના સ્પેશીયાલીસ્ટ પાસે એક સુખી પેશન્ટ આવેલા. ડોક્ટરે તેમને તપાસી બધા રીપોર્ટ જોઇ લીધા પછી કીધુ કે મારી દ્રષ્ટિએ તમને ખાસ તકલીફ નથી. જરા નોરમલ B.P. વધારે રહે છે, પરંતુ તેના માટે કંઇ દવા લેવાની જરુર નથી. પરંતુ દિવસમાં અર્ધોકલાક કાઢી થોડા યોગાસન, પ્રાણાયામ કરી મનને રીલેક્સ કરવા પ્રયત્ન કરો, જ્યારે પેલા ભાઇ બીઝનેસમેન હતા. તે કહે કે ડોક્ટર મને ટાઇમ મળતો નથી, ત્યારે ડોક્ટરે કહ્યુ કે સમજું રાખજો હમણા ટાઇમ નહિ કાઢો તો તમારો કાયમ માટેનો ટાઇમ હાથમાંથી સરકી જશે. ડોક્ટરે બહુ જ સંભળાવ્યુ, પોતાની જાત માટે અર્ધોકલાક ન કાઢી શકો?

આ વાત શારીરીક દ્રષ્ટિએ છે. આનાથી શારીરીક દ્રષ્ટિએ મુર્ખા બને, તેમ આત્માની દ્રષ્ટિએ મુર્ખા બનો તો શુ સ્થિતિ થાય? તમારે તો એમ કહેવુ જોઇએ કે દુનિયામાં બધી વસ્તુ માટે ટાઇમ ઓછો છે પણ મારી જાત માટે ટાઇમ છે. તમારામાં સદ્‌થી પડેલી તલપ પોતાનામાં હોવી જોઇએ.

એક પણ માન્યતા ઉંધી ગોઠવાય તો પોતાના માટે ભયંકર દોષ છે. જીવનમાં કલ્પના ન હોય તેવી ઉભી કરેલી, મન માનેલી માન્યતાઓ લઇને ફરતા હોવ છો, પછી તમે ગમે તેટલો ધર્મ કરો પણ એક ઉંધી માન્યતા ઉંચા પાપ બંધાવે છે. જેમ તમે પ્રભુભક્તિ કરી, દર્શન પૂજા કર્યા ત્યારે તમારામાં ભગવાનની આજ્ઞા વિરુધ્ધ કેટલી ઉંધી માન્યતાઓ છે તે તમને પાપનો બંધ કરાવે છે કારણ પાપની અનુમોદના ચાલુ છે. દા.ત. ઘણા કહે છે કે પ્રસંગે ગાજર તો શરીર માટે સાંરુ કહેવાય, આંખ માટે પણ લાભકારી છે, માટે ખાવા જોઇએ. તમને કોઇ વાત

ડોક્ટર કહે તે બેસી જાય પણ શાસ્ત્રો કહે તે ન બેસે, આમે કહીએ કે ગાજરનો રસ પીવાથી, કંદમૂળ હોવાથી અનંતાજીવો મરી જાય છે. તો કહેશો કે એવું બધું વિચારવાનું ન હોય. પાછા આગળ વધીને કહે કે આરોગ્ય સારું રહશે તો ધર્મ આરાધના થશે. હવે આ ઉંધી માન્યતા પડી છે તે તમને થોડીસે કલાઠ ગાજરનો રસ પીઓ કે ની પીઓ પણ દુનિયામાં આ બધાની જે હિંસા થાય છે તેની તમારી અનુમોદના થાય છે, માટે પાપ લાગે છે. આવી તો હજારો નાની નાની ઉંધી માન્યતાઓ નીકળશે. ઘણા ખોટાકાર્યને સારા માનતા હોય છે. જ્યારે વર્લ્ડલેવલ પર ચાલે ત્યારે તો અકકલ જ ગીરવે મૂકી દે. ત્યારે ભગવાનની આજ્ઞા વિરુધ્ધ કેટલા વિચારો ચાલતા હોય છે. માટે તેનાથી તમે ઘણા પાપ બાંધી લેતા હોવ છો.

જેમ પ્લેનો ઉડવા લાગ્યા કેટલો તેનાથી લાભ થયો, કેટલો વિકાસ થયો છે. એટલે તે વિકાસ તમને લાભકારી લાગ્યો છે. માટે જગતમાં જેટલા તંત્રો છે તે સારા માટે છે. માટે તેની અનુમોદના છે. અને માન્યતા લાગે જ પાપકર્મ પેદા થાય છે. માટે જગતમાં જિનેશ્વર દેવાએ જે વ્યવસ્થા બતાવી છે, ઉચીત વ્યવહારો બતાવ્યા છે, તેજ સાચાને સારા છે. અને આ બાંધી લેવા જેવો મુદ્દાલેખ છે.

આજનો સામ્યવાદ ખોટો છે, જે જિનેશ્વર દેવે કહ્યો નથી, તેને અનુચીત કહ્યો છે. ઘણા તો આમાં કાંઇ સમજે નહિ પણ ખાલી ડહાપણ મારે, જેથી પાપની અનુમોદના ચાલુ રહે. જેમ તમારા કુટુંબમાં તમારે કઇ રીતે જીવવું કેવા વ્યવહાર બધા સાથે કરવા તે ભગવાને ઉચીત વ્યવહાર તરીકે બતાવ્યા છે. ભાઇ-બહેન, મા-બાપ સાથે, બીજે બધે કેવા વ્યવહાર કરવા, કેવા વ્યવહાર ન કરવા, અને તેનાથી જો વિરુધ્ધ વ્યવહાર કરશે તેને ખોટું માનવાની તૈયારી જોઇએ. નહિતર તેને સારું માનો તો અધર્મની માન્યતાને પ્રોત્સાહન આપનારા તમે બનશો જેથી કર્મબંધ

ચાલુ છે.

સૂતત જાગૃતિ સાથે ચોક્કસ નિર્ણય જોઈએ. સારુને સાચુ કેવળ કલ્પનાથી નથી માનવાનું પણ જિનેશ્વરદેવની આજ્ઞાથી નક્કી કરવાનુ છે.

જેમ ઉલ્ટી માન્યતાથી પાપ બંધાય છે તેમ સીધી માન્યતાથી પુણ્ય બંધાય છે. દમણા અનુબંધને બાજુ પર મૂકો, બંધને જોઈએ.

આ જગતમાં હજારો પ્રકારની હિંસા ચાલુ છે. અમુક હિંસાને તમે વ્યાજબી માનો અમુક હિંસાને ગેરવ્યાજબી માનો. જેને ગેરવ્યાજબી માનતા હોય તે હિંસામાં તમારી અરુચી છે. માટે તેનાથી શું બંધાય? પુણ્ય બંધાય. અને જે હિંસા સારી લાગે તેમાં રુચી છે માટે તેનાથી પાપ બંધાય. બધી હિંસાને ખરાબ માનનાર તો રેર જ નીકળશે.

તમારા સ્વાર્થ માટે જે હિંસા કરો ખરાબ માનો ખરા? કહેશો કે આવી તો કરવી જોઈએ ને?

સભા:- શુ સાહેબ હિંસાને વધી સારી મનાય?

સાહેબજી:- તમે બંગલો બાંધો તેને ખરાબ કહેશો? નાના ફ્લેટમાંથી મોટા ફ્લેટમાં જશો ત્યારે હરખાશોને? માટે ઉલ્લાસ પાપનો છે. એક મોટરના બદલે બે મોટર ઘરે આવે એટલે રાજુને? એક દુકાન, પેઢીના બદલે બે ત્રણ થાય તો વધારે રાજુને? લાખના કરોડ, કરોડના રકરોડ થાય ત્યારે કેટલા ખુશ થાશો ને? માટે તમને ઘણી હિંસા સારી છે તે તરીકે વણાઈ ગઈ છે. પ્રસંગે ખરાબ માનવાની વાત આવે એટલે આનાકાની કરો ને?

સભા:- આ બધુ માનીએ તો સંસારમાં કેમ રહેવાય?

સાહેબજી:- કેમ, સમ્યગ્દષ્ટિ સંસારમાં રહેજ છે ને? તમે તો કેવી વાત કરી કે સમ્યગ્દષ્ટિ સંસારમાં રહી જ ન શકે. ભગવાનના લાખ્ખો શ્રાવકો સંસારમાં રહેતા હતા તમારા કરતાં પણ સારી રીતે જીવતા

દત્તા. તમારો સિધ્ધાંત શું ? કે જે વસ્તુ તમને ઉપયોગી લાગે તે સારી. પરંતુ ઉપયોગી વસ્તુ પણ વાસ્તવીક રીતે સારી છે કે ખરાબ છે તેનું પણ ધોરણ છે.

જેમ અનાજ ઉપયોગી છે માટે અનાજ ઊગાડવુ, ખેતી કરવી સારી છે તેમ ન બોલાય.

સારુ, ઉપયોગી, આવશ્યકતા તેની લેહરેખા સમજો. જેમ ઠોલસા વગર કે આગ વગર ન ચાલે તેટલા માત્રથી તે આગ સારી ? વસ્તુ સારી કે ખરાબ તે તેના ગુણધર્મથી નક્કી થાય, પરંતુ આવશ્યકતાથી તેને મૂલવાય નહિ. આના વગર ન ચાલે માટે સારી તેવું નથી.

પૈસા વગર, ખોરાક, પાણી વગર ન ચાલે માટે સારા ? ખેતી કર્યા વગર, વેપાર ધંધો કર્યા વગર ન મળે. માટે તે કરવા સારા ? તમે વધી આવશ્યકતા જોડી દીધી. પરંતુ જીવનમાં આવશ્યક શું ? અનાવશ્યક શું ? તેનું ક્લેરીફીકેશન ન હોય તો ન ચાલે. પ્રાથમીક જરુરીયાત છે પણ જરુરો છે તેટલા માત્રથી સારુ તેમ ન કહેવાય.

સભા :- સારુ હોય તો જ આવશ્યકતા થાય ને ?

સાહેબજી :- બીડી પીનાર કહે, તેના વગર તેને ચાલતુ નથી. માટે તેની તેને આવશ્યકતા થઈ. તેને કદાચ ન આપે તો મોંઢા પણ પડી જાય. તેમ ના ન મળે તો માણ દુઃખે ? મારે અનીવાર્ય આવશ્યકતા થઈ ગઈ ને ? તેટલા માત્રથી શું બીડી સારી છે ?

પરંતુ જેનાથી બધાની સુખશાંતિ મળે તે સારુ. કોઈને દુઃખનુ કારણ બને તે આવશ્યક હોય તો પણ ખરાબ છે. જેનાથી બીજાને પીડા થતી હોય તેવી પ્રવૃત્તિ ઉપયોગી થતી હોય તો પણ તેમાં હિંસા આદિના કારણે તે ખરાબ જ છે.

પ્રત્યેક વસ્તુના ગુણધર્મ દ્વારા સારી-ખરાબ વસ્તુ સમજવાની છે. ચોર છે તેને પેટના હિસાબે ચોરી કરવી અનીવાર્ય છે. કારણ કમાવા

માટે તેની પાસે બીજુ કોઇ સાધન નથી માટે ચોરી કરવી તેને અનીવાર્ય છે. અને ચોરી કરે છે તે સારુ કે ખરાબ? ચોરીનો વ્યવહાર કેવો કહેવાય? તેમાં હરામનું લેવાની વાત આવી? તમારુ કોઇ પડાવી લે તો દુઃખ થાય. માટે જે ખરાબ છે તે તો ખરાબ જ છે. ભલે ગમે તેટલું અનીવાર્ય હોય તો પણ તે સારુ બનતુ નથી માટે આવશ્યક, અનાવશ્યકની વ્યાખ્યા જુદી છે.

સભા:- ચોરી તેનો વેપાર જ છે ને?

સાહેબજી:- સામાજીક દૃષ્ટિએ ચોરી ખરાબ છે. જેમ ચોરીમાં હરામનું પડાવી લેવું તે ખરાબ છે. જ્યારે વેપાર ગમે તેટલો અનીવાર્ય હોય પણ જેમાં બીજાને ત્રાસ, લૂટી લેવાની ભાવના આવતી હોય તેને વ્યાજબી કહેવાય? એની જરુરીયાતના કારણે તમને ત્રાસ આપે તો સારુ ગણો ખરા? એક માણસને ૧૦૦રા. ઘારો કે દવા કરવા જોઇએ છે, બીજુ કોઇપણ રીતે મળે તેમ નથી તો રસ્તામાં આવી તમારા ખિસ્સામાંથી ઉપાડી લે તો તે સારુ કહેવાય? ભલે અનીવાર્ય સંયોગોમાં કર્યુ હોય તો પણ તે વ્યવહાર શુ સારો કહેવાય? તેને બહુ જ જરુર હોય તો તે માંગી શકે છે. પણ સીધી ચોરી કરે તેને વ્યાજબી કહેવાય? હિંસા, ચોરી, અસત્ય બધા અધર્મો છે. માટે જ્યાં હિંસા, ચોરી આદિ હોય ત્યાં તેને પાપ જ કહેવુ પડે. અને તેમ ન માનો તો તમારે પાપની અનુમોદના ચાલુ છે, તેના કારણે પાપબંધ ચાલુ જ છે. ભગવાન જેને પાપ, અધર્મ કહે છે તેને તે રીતે માનવા તૈયાર નથી માટે તેમની પૂજા કરતાં પણ પાપનો બંધ ચાલુ છે.

હવે લબ્ધિમનનો બીજો વિભાગ પરિણતિ છે.

આપણે બધા ચોક્કસ પ્રકૃતિને સાથે લઇને ફરીએ છીએ. પ્રકૃતિના સ્વભાવ હોય છે માટે દરેક વ્યક્તિની પ્રકૃતિ જુદી જુદી હોય છે.

તેમાં શુભ, અશુભ ભાવ વણાઈ ગયેલા હોય છે. શુભ, અશુભભાવને પરિણતિ કહેવામાં આવે છે. તેનો મતલબ એટલ સમજો. જેમ એક માણસ ક્રોધને ખરાબ માને છે છતાં ક્રોધથી ભરેલો છે. જ્યારે બીજો માણસ પ્રશાંત શાંત છે પણ ક્રોધને ખરાબ માનતો નથી. ભલે તે બધી પ્રવૃત્તિ શાંતિપૂર્વક કરતો હોય પણ કોઈ તેને પૂછે તો કહે ક્રોધ જીવનમાં ન કરો તો ન ચાલે, પ્રસંગે કરવો જોઈએ માટે તે ક્રોધને સારો માને છે.

તેમ કોઈ જીવને લોભની વૃત્તિ ન હોય. ધન, સંપત્તિ ભેગી કરવી છે તેવા તત્ત આવેગ તેનામાં ન દેખાય રોજનું કમાઈને ખાઈને રહેતો હોય પણ પૂછે કે ધનની આસક્તિ, લોભ કરવા જેવો કે ખરાબ? તો કહેશે પૈસાની મહત્વાકાંક્ષા તો જીવનમાં હોવી જ જોઈએ. પૈસાની ઇચ્છા રાખી નીતિથી કમાયેલા પૈસાને મારા પૈસા કહેવામાં શું વાંધો?

લોભને ખરાબ માને છે છતાં મહાલોભીયો હોય અને
લોભને સારો માનતો હોય પણ ઉગ્ર લોભીયો નથી.

આ પરિણતિ અને માન્યતા વચ્ચેનો વિસંવાદ છે.

ખરાબ માને છે છતાં છોડી નથી શકતો તે ઉંચો ગણાશે. પહેલા માન્યતા શુદ્ધિ આવે પછી પરિણતિ શુદ્ધિ આવે છે. ક્રોધ, માન, માયા પ્રકૃતિમાં વણાયેલા પડ્યા છે. લોભી છે, તે પૈસાનો વિચાર કરે તો જ પાપ બંધાય તેવું નથી. પણ તે દુનિયાના કોઈપણ ખૂણે જાય, ભગતો હોય કે ઉંઘતો હોય પણ તેને પાપ બંધાય છે. પરિણતિમાંથી જ્યારે શુદ્ધિ થાય ત્યારે તે પાપના બંધથી અટકી શકે.

ઉપયોગમનમાં એક સાથે વિરોધિ વિચાર નહિ કરી શકો. લોભના વિચાર સાથે ઉદારતાનો વિચાર નહિ આવી શકે. હિંસાના વિચાર વખતે અહિંસાના વિચાર નહિ આવે. માટે મનની સગવડ મર્યાદીત છે. વિરોધી ભાવો એક સાથે ઉઠતા નથી.

જ્યારે સબકોનસીયસ માઈન્ડમાં પરસ્પર વિરોધી ભાવોનો

સંગ્રહ કરવાની શક્તિ છે.

પરિસ્થિતિમાં અમુક પ્રકારની ઉદારતા હોય અને સાથે અમુક પ્રકારની લોભવૃત્તિ પણ પડેલી હોય. તેમ અમુક ચીતની ક્રોમળતા પણ હોય છે. જેમ ગાયને તમે કાપી શકશો? કસાઈના મનની જેવી ક્રુરતા, કઠોરતા છે તેવી તમારામાં નહિ જ હોય. કારણ વારસાગત અહિંસાના સંસ્કાર લોહીમાં પડ્યા છે. રસ્તે જતા કોઈ પ્રાણીને ત્રાસ આપી શકશો નહિ. ઉલટાનુ બચાવાનું મન થશે. છતાં પૂરી ક્રોમળતા દયા કાંઈ વણાયેલી છે? જેમ પગ નીચે ઉંદર આવીને દબાઈ જાય તો અરેરાટી થશે. કારણ પંચેન્દ્રિય જીવની તમારા હાથે સીધી હિંસા થાય છે. પણ વાયા, વાયા થતી હિંસાની કાંઈ તમને પરવા નથી. ઉંદર પગ નીચે આવવાથી દુઃખ જરૂર છે પણ પગ નીચે કીડી આવીને મરી જાય તો અરેરાટી થાય છે?

સભા: દેખાય નહિ.

સાહેબજી:- જુઓ તો વધુ દેખાય. ઉંધુ રાખીને ચાલો તો કશુ દેખાય નહિ. કીડી નરી આંખે જોઈ શકાય છે. ધ્યાન રાખવુ પડે, મહેનત કરવી પડે.

સભા:- સાહેબજી અત્યારે તો ઘરોમાં દવા પણ છંટાય છે.

સાહેબજી:- એનો અર્થ કે તમે જૈનત્વને રાજનામુ જ આપી દીધુ છે. આ વસ્તુ તમારે માટે શોભાસ્પદ છે? તમારા બાપ-દાદા કોણ? તમારી ગળથુંથીમાં સંસ્કાર શું? આવુ કરવાનો વિચાર પણ કેમ આવે? તમને મચ્છર કરડે છે ત્યારે તે શુ તમને આખે આખો ભમી ગયો? કે એક દીપા ભાર લોહી પીધુ છે? તેના નિવારણ માટે અહિંસક ઉપાય કરી શકો છો. તમારા દિલમાંથી ધર્મ પામવાની ક્રોમળતા જ નષ્ટ થવા લાગી છે. દવા નાંખ્યા પછી તે જીવોનો તડફડાટ તો કોઈ વખત જુઓ. તમારા કોઈ આવા હાલ કરે તો કેવુ

કંપી જાય. પરંતુ તમને સગવડના સુખ જોઈએ છે માટે તમને કાંઈ થતું નથી.

તમારી મુંબઈની ગટરો ૧૦૦૦ કીલોમીટર લાંબી છે. તમે જે દવા નાંખો છો તે જ્યાં જવા ફરશો ત્યાં જીવને સાફ કરશો. એ દવા તમને પાય તો? તમારામાં નરી દિક્કાઈ આવી ગઈ છે. બસ આપણને તકલીફ ન પડવી જોઈએ. તમને જે હેરાન કરે તેને રહેવા, જીવવાનો અધિકાર ખરો? તમારી વચમાં આવે તે બધા સાફ થવા યોગ્ય જ ને? તમે રાક્ષસ પેદા થયા છો? જે હાથમાં આવે તેને ગળી જાય.

તમારા શ્રાવકના વ્રતમાં પણ લખ્યું છે ને કે દવા છાંટો તો વ્રત ભાંગી જાય. કીનાઈલ વગેરે નાંખી આખી ડોલ પાણી બાથરૂમ, સંડાસમાં નાંખી દો ને? આ રીતે રાખો માટે ચોખ્ખુ રહે. કહેશો જીવાત નથી થતી. પણ તમે જીવાતને ભરખી ગયા છો. તમારા સિવાય કોઈને જીવવા દો તેમ છો? આ બધા જીવો છે. કીનાઈલવાળુ ડોલ ભરીને પાણી નાંખો તો આ જીવોની શું હાલત થાય? તમને એક પીપડુ ભરેલ પાણીમાં ડુબકી મરાવે તો શું થાય? બીચારા તે જીવો ગુંગળાઈને મરી જાય છે. આ ભયંકર કઠોર કર્મ છે. તમારે ત્યાં તો જોકે આ રીત થઈ ગયુ છે.

ભગવાને એવુ કહ્યુ નથી કે ઘરમાં જીવજંતુનો ઉપદ્રવ થાય અને પછી હિંસા થાય પણ સફાઈ માટેની પદ્ધતિ શું?

જીવાત ન થાય અને થયેલી ભાગી જાય તેવા અહિંસક ઉપાય કરવા જોઈએ.

સભા:- તેવા ઉપાય બતાવો ને?

માર્દવજી:- આવુ કામ મારી પાસે કરાવવુ છે? અમારા આચાર સમજો. તમારામાં બુદ્ધિ વધુ છે. ઉપાય શોધવા હોય તો શોધી લો તેમ

છો. પણ મન થવુ જોઇએ.

આયુર્વેદમાં વર્ણન છે કે અમુક પદાર્થના ગંધ માત્રથી એ બધા જંતુઓ ભાગી જાય, તેને ઉપદ્રવ ન થાય, જેનાથી તેના જીવનને જરાપણ હાની ન થાય. જીવવા છતાં ઉપદ્રવ શાંત થાય. તમને ખબર છે આ તમારો ક્રુર હિંસક ઉપાય જે દહાડે કોના પર આવશે ? બધાને મારીને તમે શાંતિથી મરી શકશો કેમ ?

તમારા ઘરમાં આ બધી દવાથી કેવી વાતાવરણ થાય છે. મચ્છરના નિવારણ માટે મચ્છરદાની સિવાય કોઇ ઉપાય સારો નથી. આ બધી જે વસ્તુ વાપરો છો તે જે દહાડે તમારા પેટમાં જ આવે છે જે તમે દવા ગટરોમાં નાંખી, જીવો પર નાંખી તે બધી દવા જમીનમાં શોષાશે. તેના દ્વારા અનાજમાં જશે અને અનાજ દ્વારા તે દવા તમારા જ પેટમાં આવશે. તમને એમ કે બધા જીવોનો કંટ્રોલ કરી શાંતિથી જીવશુ પણ તમને ખબર નથી અલ્ટીમેટ તે દવાનો પ્રયોગ તમારા પર જ થાય છે. કોઇનું બ્લડ એવુ નથી કે જેમાં ડી.ડી.ટી જેવા તત્વો ન હોય. એવન તાજા જન્મેલ નવા બાળકને માતા સ્તન દ્વારા દુધપાનમાં ડી.ડી.ટી જેવા તત્વો તેના બ્લડમાંથી અમુક ટકા મળે છે. કારણ મા જે ખોરાક ખાય છે તેમાંના કેરી તત્વો દુધમાં રુપાંતર થાય છે. અત્યારે આટલા કેન્સરો એમનેમ થાય છે ? વિકાસના નામથી તમારી બુદ્ધિ બગડી છે. જેમાં હિંસા, અહિંસાનો વિચાર જ નથી. આખી જીવસૃષ્ટિ હાયતોબા પોકારી ગઇ છે. તમે જૈનત્વના કુળાચાર જોયા છે. ઘણીની જેમ જુવો તમારાથી મરે છે. તેનાથી તમારા શુ હાલહવાલ થશે તેનો વિચાર આવે છે ખરો ?

વિકાસના સેન્ટરમાં વિશેષ કરીને પશ્ચિમના દેશોમાં છે. જુઠથી અનાર્ય છે. ક્રિશ્ચનધર્મને તેઓ માનનારા છે. તેમના ગ્રંથમાં લખ્યુ છે કે માનવજન્મમાં છોડીને બીજે ક્યાંય જીવ નથી. હાથી, ગાયને

મારી નાખો તો પાપ નથી તેવું તેમના શાસ્ત્રો કહે છે. તેઓએ પ્રાણી હિંસાને પાપ માન્યુ જ નથી. માટે પાપનો સવાલ જ આવતો નથી.

તેઓ માને છે પ્રાણીઓમાં આત્મા જેવુ તત્વ જ નથી. તેઓના ઉંચા પોપો પણ માંસાહાર કરે છે. ઈશુખ્રિસ્ત રોજ માંસાહાર કરતા હતા. વાત આવે છે કે એક વખત બિજામાં પાંચ માછલી લાવ્યા તેમાંથી બે તેમને ખાધી અને પ્રભુનુ દાન કર્યુ.

હવે તમે આ ક્રિશ્ચનધર્મના પણ વખાણ કરી લો ને ? અત્યારે તો ઘણા જૈનો પણ પ્રાણીહિંસામાં માનતા નથી. તેઓ બધા માટે તો એક ચીજ વસ્તુ જેવી જ તે જનરલ વસ્તુ છે. માટે જે રીતે તેનો ઉપયોગ થાય તે રીતે કરવો જોઈએ.

આપણી સંસ્કૃતિ, વારસો, આપણો ધર્મ કેવો છે, ને બધા માટે વિચાર કરવા જેવો છે.

કદાચ પહેલા તમારા મનમાં દયા છોટવાનો ભાવ ન થતો હોય, કદાચ મોટા જીવો મરે તો પણ અસર થઈ જતો હોય, પરંતુ ઘરમાં વાપરતા ભાજના શાકના ડીંટડા પર પગ મૂકતા અસર થાય ખરી ? તમે અનાજની ગુણ પડી હોય તો પણ કદાચ કામ પડે તો તેના પર ચઢો ભવ, ત્યારે થાય કે અંદર રહેલા જીવો પર કેટલુ દુઃખ થશે. માટે નાના નાના જીવો પ્રત્યે ચોવીસે કલાક કોમળતાનો ભાવ નથી. તેના પ્રત્યે દીલ કઠોર થઈ ગયુ છે. મારે અમુક જીવો પ્રત્યે કઠોરતા પ્રકૃતિ રૂપે વણાયેલી છે. માટે જ્યાં પણ જઈશું ત્યાં પાપ લાવ્યા કરે છે. તેવી જ રીતે જે જીવો પ્રત્યે કોમળતા છે ત્યાં પુણ્યબંધ ચાલુ છે. જેટલે જેટલી કોમળતા અને જેટલી કઠોરતા તે પ્રમાણે બંધ પડતો હોય છે.

તમે એક સાથે દયાનો અને હિંસાનો વિચાર નથી કરી શકતા. પરંતુ પ્રકૃતિમાં દયા અને કઠોરતાનો ભાવ એક સાથે રહે છે. ઉપયોગ મનમાં વિરોધાભાસ ભાવો એક સાથે કરી શકાતા નથી, પરંતુ

લબ્ધિમનમાં રોજ સારી ઘણા જ ભાવો સકલંધ જળવાઈ રહે છે. માટે જ જેટલો દયાનો ભાવ એટલો જ પુણ્યબંધ, જેટલો કઠોરતાનો ભા એટલો પાપબંધ. માટે અમે કહીએ છીએ કે ઉંધમાં પણ આ ગણિત ચાલુ હોય છે.

સભા:- તો પછી અમે શાક, ફુટ સમારીએ છીએ તો શુ કરવું ?

સાહેબજુ:- જો તમને જીવને મારતા અરેરાટી થાય, દુ ખોટુ કામ કરુ છુ તે ફીલ થાય, ન છુટકે કરુ છુ. જો આવા ભાવ આવે તો કોમળતાનો ભાવ આવે, માટે તે તમારી ઈચ્છાપૂર્વકની હિંસા નથી; પણ તમે તે જીવોને કાપી કેમ શકો છો, કારણ હૃદયમાં થોડી કુરતા પણ છે માટે જ તમે સમારી શકો છો. જેમ ફાડકીને સમારો તેમ નાની આંગળીને સમારી શકશો ખરા ? દા.ત. સાપ કરડ્યો હોય અને ઝેર ચડ્યુ હોય તો કહે કે તે ભાગને કાપી નાંખો તો ઝેર ચડશે નહિ, ત્યાં લાલ છે ત્યાં પણ કાપવા માટે હાથ ચાલે ખરો ? ના, કારણ મમતા છે, સ્વત્વ બુધ્ધિ છે, લાગણી છે. ત્યાં હિંસા કરવા દબાણ કરે તો પણ કરી શકતા નથી ત્યારે ત્યાં કેમ કરો શકો છો ? કારણ પરાયાનો ભાવ છે, સ્વાર્થનો ભાવ છે માટે કરી શકો છો. જો પૂર્ણ કોમળતા હોય તો પોતાના સ્વાર્થ ખાતર જીવને મારી ન શકો. પરંતુ તમે દુકાના લીલ મારો તો ઓછી કઠોરતા કહેવાય.

ઘણા કહે છે કે અમારે રોજ હિંસા કરવી પડે છે માટે કરીએ છીએ, પણ ભાવ નથી. પરંતુ ભાવનો અર્થ શુ થાય ? તે ભણ્યો છો ? પરંતુ દીલમાં હિંસાનો ભાવ છે, માટે જ જીવોજુને કરી શકો છો.

સભા:- સાહેબ ભાવ છે, પણ રાજીપો નથી.

સાહેબજુ:- હા, તે બરાબર. પરંતુ હિંસા કરવાનો ભાવ, ચોવીસે કલાક પડ્યો છે, તેને અનુરૂપ કઠોરતા ઘરબાયેલી છે. પણ અમે તે હિંસાને સારી માનતા નથી, માટે રાજીપો નથી

સભા:- અમે નવખાઈના કારણે કરીએ છીએ.

સાહેબજી:- ઘણા માણસ પોતાની નવખાઈના કારણે વ્યસન સેવે છે છતાં તેમના દીલમાં દુ:ખ હોય છે ને ?

સભા:- અમારે સુધરવા શું કરવું ?

સાહેબજી:- જે દિવસે તમારામાં સત્વ આવશે, સંકલ્પબળ આવશે અને ગંભીર આવશે, પછી એને સત્વથી તમે ભુવનભર વળગી રહેશો, એ સત્વ જે દિવસે આવશે તે દિવસે તમે સુધરી જાઓશો. સમ્યગ્દૃષ્ટિ રોજ પાપને ખરાબ માનતો હોય, છતાં પણ તેનાથી પાપ થતુ હોય પણ તે ઈચ્છાઈ પૂર્વક પાપ ન કરે.

સભા:- સમ્યગ્દૃષ્ટિનો બંધ નિરનુબંધ હોય ને ?

સાહેબજી:- હા, તેને હિંસા કરતા પણ અનુબંધ તો અહિંસાનો જ પડે. અનુબંધ પણ અહિંસાનો પડે જ્યારે મિથ્યાદૃષ્ટિની અહિંસા સાનુબંધ હોય, અહિંયા તાત્પર્ય શું છે ? તમે ભાવનો અર્થ સમજ્યા નથી. તમે પાપને ખરાબ માનો એટલે પાપનો ભાવ મટી ગયો તેમ ન કહેવાય. ગમે તે પાપ જાણીબુજીને કરતા હોવ તો ભાવ છે. તમે હિંસા કરતા બોલો છો કે ભાવ નથી પણ તે ખાલી ચાન્સવંચના છે. મારે ભાવ, ઇંચ્છા, અનુમોદના, રાજીપો બધો જુદી વસ્તુઓ છે.

લોભીયો માણસ માને છે કે લોભ ખરાબ છે ઉદાર બનવા જેવુ છે, ત્યારે તે મન પર કાબુ રાખીને દાન આપે છે. પ્રકૃતિમાં લોભોવાપરે છે ભાવ લોભનો છે પણ ઇંચ્છા દાનની છે. કોઇ વાઉન્ટ દેડાને સારો માની લે એટલે ચારિત્રનો ભાવ આવે કે રહી આવે ? માટે ખરો સાચે કહેવુ પડે કે તમે જે પાપો કરો છો તે બધા ભાવપૂર્વકના પાપો છે. બાકી આ બધી ઉઠા ભણાવાની વાતો છે તમે કહો કે અમે ખાઇએ છીએ પણ ભાવ નથી પણ ખોટી વાત છે.

સભા:- શાક ફ્રીજમાં રખાય ?

સાહેબજી:- તમને કોઇ ઠંડીમાં ખુલ્લા કરીને રાખે તો કેવુ લાગે? શિયાળામાં કહે કે ખુલ્લા થઇને બેસો તો શુ થાય?

સભા:- બિમાર પડી જઇએ.

સાહેબજી:- ના, ખોટી વાત છે. તમે ભૂલ્યા છો, ઉલ્ટાના ફ્રેશ થઇ જવાય. તમે ફ્રીઝીવોથરેપી ભણ્યા નથી એટલે કહો છો. ઠંડા વાતાવરણમાં રહેલા માણસો તમારા કરતાં વધુ સશક્ત અને ઉંચા બાંધાવાળા હોય છે. માટે તમને ફ્રીજમાં રાખશો તો કરમાઈ નહિ જાવ. જ્યાં ટેમ્પરેચર નીચુ હોય તેવા વાતાવરણમાં રહેવાથી બીમાર પડવા કરતાં શક્તિ વધારે મળે છે. તમારા શરીર માટે કઇ ઋતુ લાભદાયક છે શિયાળો કે? આખા વર્ષની શક્તિ શિયાળામાં સંગ્રહ કરી શકાય છે. માટે તમને કોઈ ફ્રીજમાં રાખે તો વાંધો ન આવે. હવે તમારી સાથે આવુ વર્તન કોઇ કરે તો તમને ગમે ખરુ?

સભા:- ના, સાહેબ જરા પણ નહિ.

સાહેબજી:- તો પછી તમને જે વર્તન ખરાબ લાગે છે તેવું વર્તન તમે બીજા માટે કરો છો, માટે તે અધર્મ જ કહેવાય.

૧૩-૮-૫૫
રવીવાર

।।મનોવિજ્ઞાન।। ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને આ જગતમાં જડ ચેતનનો વિવેક કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

અનંતકાળથી આત્માએ આ દુનિયામાં જડ સાથે તાદાત્મ્ય કેળવ્યુ છે. તેમાં જે ઉંડે મધ્યમ હોય તો દેહ-ઈન્દ્રિય-મન છે. જેના દ્વારા ભૌતિક જડ દુનિયા સાથે નાતો કર્યો છે. આ દેહ-ઈન્દ્રિય અને મન સાથે જોડ્યું, તેના દ્વારા જ દુનિયાનો સંપર્ક, સંબંધ મૂળભૂત રીતે બંધાયો છે આ ગ્રંથનું સ્વરૂપ ન સમજાય ત્યાં સુધી મુક્તિ થાય નહિ. મુક્તિની તમે ગમે તેટલી ઝંખના કરો, પરંતુ તેનાથી છુટવાનો તીવ્ર તળસાટ જાગો નહિ ત્યાં સુધી આ મુક્તિની ઝંખના ઔપચારીક છે. ચોવીસે કલાક ઈન્દ્રિય, દેહ, મનના સ્વરુપનુ ચિંતન-મનન કરો તો તે ઉપાધિરૂપ વળગાટ છે, તે તમને લાગ્યા વગર રહે નહિ. પરંતુ સ્વરુપ ચિંતન પ્રાયઃ કરીને જીવ કરતો નથી. આપણે મા ના પેટમાં આવ્યા ત્યારથી દેહનો સંબંધ છે અને મૃત્યુ પામતા સુધી તે રહેવાનો છે. તમને પૂછે કે આ શરીરનુ વાસ્તવીક સ્વરુપ શુ છે? તો તમે ઓળખાણ આપી શકો ખરા? શરીરની ઓળખાણ:- ભૂખ, તરસ, થાક અને ગંદકી આ ચારનુ પ્રોડક્શન સેન્ટર તેનુ નામ શરીર. અને પાછુ આ પ્રોડક્શન સેન્ટર કે બ્રેક નાઈટ ચાલુ છે.

જેમા ભૂખ, તરસ, થાક, ગંદકી પેદા કરવાની જે પ્રક્રિયા ચાલુ છે તે સમજવા જેવી છે. જેમ તમે માનો છો કે ઝાડો, પેશાબ જઈ આવ્યા એટલે શરીરની ગંદકી બહાર નીકળી ગઈ. પરંતુ ઝાડો, પેશાબ કરી લો કે તરત જ બીજી મીનીટે નવો પેશાબ બનવાનુ ચાલુ થઈ જાય છે, તમે મણની ગંદકી બહાર કાઢી પણ તરત જ આંતરડામાં મણનો સંચય થવાનુ ચાલુ થઈ જાય છે, તેવી જ રીતે તરસ લાગે, પાણીનો ગ્લાસ પીધો,

પછી તરસ છીપાઈ તૃપ્તિનો અનુભવ થયો પણ વીસ મીનીટે નવી તરસ લાગવાનો પ્રોસેસ ચાલુ થઈ જાય છે અને પછી એક લે કલાકે અનલેરેબલ તરસ થાય એટલે પાણી પીવુ પડે છે, અને તે વખતે પાણી ન મળે તો અકળામણ થાય, પણ પ્રક્રિયા તો પાણીનો શ્વાસ ચૂકો કે તરત જ ચાલુ થઈ જાય છે. જેમ ગરમ-મીઠા ઝરામાંથી થોડુથોડુ પાણી નીકળ્યા કરે, કારણ અંદર પાણીનો ઝરો ચાલુ છે. તેમ આ પ્રક્રિયા ચાલુ છે, તેમ સતત ભૂખ, તરસ, થાક, ગંદકી સ્રોતરૂપે, ઝરારૂપે વહ્યા કરે છે. જેમ થાકને માટે છ કલાક ઉંઘીને ઉભા થાવ તો ફ્રેશ થઈ જાય પણ બીજી સેકન્ડથી થાક લાગવો શરૂ થાય છે, અને સાંજ સુધીમાં અનલેરેબલ થાક થાય એટલે ઉંઘો. માટે પ્રક્રિયા થાકની ચાલુ છે, શરીરના બધા સુખમાં આ જ વાત છે.

શરીરની ગંદકી, થાક, ભૂખ, તરસનુ કામચલાઉ નિવારણ કરવુ તેનું નામ સુખ.

સવાલ:- કેમ કામચલાઉ નિવારણ કહ્યુ ?

સાહેબજી:- કારણ કે અંદર તો પ્રોડક્શન ચાલુ છે. દુનિયામાં એવી કોઈ આગ નહિ હોય જે બુઝે જ નહિ, પણ આ તો જન્મ્યા ત્યારથી મૃત્યુ પામશો ત્યાં સુધી ચાલવાની છે, આ ચારે વસ્તુ આવેરતપણે ચાલુ છે, માટે જ કામચલાઉ નિવારણ આવશે. અને જેમ કામચલાઉ નિવારણ કરવાથી તમારો કહેવાતી શાંતિ કે ભૌતિકસુખ મળશે. તમે નાહીને, ખાઈને, આરામ કરીને જે સુખ મેળવો તે બધા સુખનું સમીકરણ ક્યાં આવશે? શરીર એ ભૂખ, તરસ, ગંદકીનો અખૂટ ખાણ છે, જેમાંથી બોદ્યા કરો તો ખૂટે જ નહિ. જેમ કોલસાની ખાણમાંથી લાખો ટન કોલસો ખોદે છતાં પણ ખૂટે નહિ તે આ શરીરરૂપી ખાણ છે. આપણે શરીર, ઈન્દ્રિય, મન ત્રણેની ભૂખને સમજવાનુ છે. શરીર, ઈન્દ્રિયની ભૂખથી સમજીને મનની ભૂખ તરફ લઈ જવા માંગુ છુ. શરીર, ભૂખ, તરસ, થાક, ગંદકી

આગ પેદા કરે છે.

તેમ ઇન્દ્રિય પણ ચોવીસે કલાક આ ચારેની આગ પેદા કર્યા કરે છે. તેમ મનની આગનુ શુ ? મન પણ આ ચારે આગ ચોવીસે કલાક પેદા કર્યા કરે છે, શરીરની ભૂખ વિશે આપણે સમજી લીધુ. આપણે ચોવીસે કલાક શરીર, મન, ઇન્દ્રિયને માથે લઇને ફરીએ છીએ. આત્માને ભૂલીને તેને સાચવે છે, તેને જ સર્વસ્વ માનો છો, તેનુ ખરુ સ્વરુપ શુ છે તેનુ જ્ઞાનીભગવંતોએ વર્ણન કર્યુ છે. અને આ જે તમે સમજી લો તો પુદ્ગલની દુનિયા પ્રત્યેનો અભિગમ બદલાઇ જાય, માટે પાયામાંથી અભિગમ સમજવો જોઇએ.

સભા:- સાહેબ ભૂખ મરી જાય છે, તે શુ કહેવાય ?

સાહેબજી:- જેમ પ્રગટેલા દીવામાં વધારે ઘી નાંખો તો શુ થાય ? દીવો હવાઇ જાય. તેવી જ રીતે ભૂખ મરી જાય છે. જે ઓવરડોઝની નિશાની છે. તમે ખાવામાં સુખ માન્યુ છે તે ભૂખની સાપેક્ષ છે. ભૂખ હોય તો ખાવ પીવો તો સુખ મળે. માટે ઘણા શુ વિચારે કે જેમ ભૂખ વધારે લાગે તેમ ખાવાની મજા વધારે માટે તેના માટે ગોળી લેતા હોય છે. ઘણા માને કે ખાવામાં મજા છે માટે ખાધા કરે તો શું થાય? જેમ દીવો કે દેવતા સળગી રહ્યો હોય તેને વધારે પ્રદીપ્ત કરવા, વધારે પડતુ ઘી નાંખો તો શુ થાય ? કાં દીવો ઝાંખો પડે અથવા બુઝાઇ જાય તેમ ભૂખ પણ મરી જાય છે, પરંતુ અંદર તો પ્રોસેસ ચાલુ છે. તે પ્રોસેસ ધીમો પડી જાય છે કારણ ભાર અંદર ઘણો નાંખ્યો છે. પરંતુ ભૂખ લાગવાની તો ચાલુ છે. જેમ તમે માનો કે ઉપવાસમાં હોજરીને રેસ્ટ છે, પણ હોજરી રેસ્ટ લેતી નથી, પરંતુ અંદર તમારો કચરો હોય છે તેને બાળવાનુ કામ કરે છે, માટે જેની જઠારા નાશ પામે તે તરત જ મરી જાય છે, ભૂખ બંધ થાય પછી માણસ બચે નહિ. જીવન ક્યાં સુધી ? જ્યા સુધી આ પ્રોસેસ

ચાલુ છે ત્યાં સુધી. આ ૮૪ લાખ જીવાયોનિમાં બધા શરીરોનું મૂળભૂત સ્વરુપ આજ છે. પરંતુ યોનિ પ્રમાણે બદલાય છે. સહુથી વધારે ભૂખ, તરસ, થાક, ગંદકી દુર્ગતિમાં હોય છે. નરકમાં આ ચારે વસ્તુ સહુથી વધારે હોય છે, આનો પ્રોસેસ ત્યાં તીવ્ર હોય છે, તેનાં કરતા પશુમાં ઓછો હોય, તેના કરતા માનવમા ઓછો અને તેના કરતાં દેવતામાં, અને દેવતામાં પણ જેમ જેમ ઉંચા દેવલોકમાં જાય તેમ આ પ્રોસેસ ઓછો હોય છે. પણ આ ચારનો પ્રોસેસ તો હોય જ છે.

આખા વિશ્વમાં આ અબાધિત અટલ નિયમ છે. જડ એવા દેહના સ્વરુપમાં રતીભાર ફેર થઇ શકે તેમ નથી. તીર્થંકરના શરીરનુ. પણ મૂળથી સ્વરુપ આજ છે, પરંતુ પુણ્ય તથા અતિશયો થવાના કારણે વિશેષતા છે. હવે આપણે ઈન્દ્રિય વિષે વિચારીએ કે ઈન્દ્રિય શુ છે ?

શરીરની ભૂખ છે તેના કરતા હજારો ઘણી ભૂખ ઈન્દ્રિયની છે. શરીર અને ઈન્દ્રિયની ભૂખ વચ્ચે ઘણો જ તફાવત છે. ઈન્દ્રિયની ભૂખ તો ડાંસ જેવી છે. જેમ આંખને નવા નવા દૃશ્યો, સીનસીનેરી, નવી નવી ડીઝાઇનો, રુપ, રંગ, આકર્ષક દેખાવો જોવાની ભૂખ પડી છે. તે પણ હજારો દેખાવની. શરીરની ભૂખ તો ઈન્દ્રિયની ભૂખ પાસે નાચીજ બની જાય છે. ચોવીસે કલાક ઈન્દ્રિયની ભૂખ સળગી રહી છે. જેમ શરીરની ભૂખને સગડીની ઉપમા આપો તો ઈન્દ્રિયની ભૂખને ઉપમા આપવા ભઠ્ઠા પણ નાના પડે, તેને તો બોઇલરની ઉપમા આપવી પડે - જેમ બોઇલરમાં તાપ કેટલો ? લોખંડ નાખો તો પણ ઓગળી જાય, તેમાં માણસ પડે તો રાખ થઇ જાય કારણ ત્યાં સખત ધખારો ચાલુ છે. તેમ ઈન્દ્રિયની ભૂખ ચોવીસે કલાક ધખી રહી છે, અનુકુળ વિષયો માટે તડફડી રહી છે. પછી તમે ન આપી શકો તે જુદી વાત છે પણ આગ સ્ટોકમાં છે.

જેમ તમે મીઠાઈ ખાધી સંતોષ ન થયો એટલે કહેશો ફરસાણ આપો; પછી ચટણી લેશો, શરબત લેશો, કાંઈ નહિ તો પાન-મસાલો ખાશો, રહી ગયા તેમ ચીંગમ નાંખશો, પેટ ઘરાઈ જાય તો પણ મુખ કહેશે કે હજુ કંઈ જોઈએ છે. કારણ તરસ ચોવીસે કલાક છે. ઈન્દ્રિયની ભૂખ એવી છે કે જો તમે તેનું માનો તો તમને જંપીને બેસવા ન દે. આ દુનિયામાં હજારો પ્રકારના સ્વાદ છે અને મુખમાં તેની તરસ છે. માટે તે વસ્તુ શોધ્યા કરે છે. પછી ભલે તમારું પુણ્ય હોય તેટલું આપી શકો. ગરીબમાણસને તલપ ઘણી છે, પુણ્ય ન હોવાના કારણે મધુર વાનગી મળતી નથી પરંતુ અંદરમાં તલપ તો ઘણી હોય છે. ચોવીસે કલાક તેની જલન ચાલુ છે. જેમ પેલી જઠરાની ભૂખ છે તેમ ઈન્દ્રિયની ભૂખ છે. અને તેના માટે ચોવીસે કલાક ઘખારો આત્મા સહન કરી રહ્યો છે.

કાનની ભૂખ ચાલુ છે. એક સંગીત સાંભળ્યુ, બીજુ સાંભળ્યુ, સારુસારુ સાંભળવાની તેની ડીમાંડ ચાલુ છે. રાજા, મહારાજા, દેવતાઓ ધન્ના, શાલીભદ્ર નાકની ભૂખ માટે શુ કરતા? જેમ નાકે ગુલાબનુ ફુલ સુંઘ્યુ, હવે ચમેલીનું ફુલ આવે તો સારુ, અત્તર, સેન્ટ સુંઘ્યા, ત્યાં વળી બીજુ સુગંધ જોઈએ. માટે રાજા, મહારાજાઓ સુગંધ મેળવવા માટે લાખો રુપિયા ખર્ચતા હતા. તમે અત્યારે સુગંધી નવી વસ્તુ શોધી કાઢો તો અબજોપતિ થઈ જાવ. સુખી, શ્રીમંતો આ બધાના તરસ્યા છે. બધા જ આ ભૂખની જલન લઈને ફરે છે. એક એક ઈન્દ્રિય ભૂખ્યા વરુ જેવી છે. પાંચે ઈન્દ્રિયના વિષયો મળે અને ત્રાડ કારણ અંદર ખુબ જ અર્જ છે. ઉંઘમાં પણ આ બધી અર્જ ચાલુ છે. પરંતુ આ બધુ વેઠવાનુ કોને? આત્માને જ, જેનાથી આત્મા ત્રાહી થઈને પોકારે છે. જેમ મધમાખી ચોંટે તેમ માણસ ફફડા મારે. કોઈને લાગે આ ગાંડો થયો છે. ઘડીકમાં અહીં ઘડીકમાં

ત્યાં ખરો. તેની જેમ આ શરીર, ઇન્દ્રિય, મનની ભૂખના ત્રાસથી આત્મા બેચેન બનીને ત્રાસી રહ્યો છે. છતાં તમારી કમનસીબી શું છે ? આ બધાને જ સુખના સાધન માનો છો. એક એક ઇન્દ્રિયની ગંદકી કેટલી છે ? ક્યાંથી સુગંધ નીકળે તેમ નથી. જેમ આંખમાંથી પીચા, ચામડીમાંથી પરસેવો, નાકમાંથી લેટ, અરે કોઇ સારી વસ્તુ તેના સંબંધમાં લાવો તો પણ ગંદી થઇ જાય. દેહ, ઇન્દ્રિયનુ સ્વરૂપ આજ છે.

દેહની ભૂખ કરતા ઇન્દ્રિયની ભૂખ હજારો ગણી છે. તેની વિકરાળ શક્તિ છે. શરીરની ભૂખ તો તેની આગળ ધૂળમાં બેસી જાય, હવે તમને ઇન્દ્રિયનુ સુખ મળ્યુ તેનુ કારણ શું ? આ ચારનુ કામચલાઉ નિવારણ કર્યું માટે સુખ મળ્યુ. સંસારના બધા સુખના સરવાળા આ ચારના સમીકરણમાં થાય છે. મહારાજ હોય કે દેવતા હોય, અનુત્તરના દેવતાઓને સુખ મળે છે તેમાં પણ આજ કારણ છે.

આંખો ઘુવો એટલે ગંદકી દૂર થાય, ફ્રેશનેશ નો અનુભવ થાય. કારણ ગંદકીનું નિરાકરણ થયુ. તેમ ચારેમાં આ રીતે ઘટશે. આના સિવાય બીજુ કોઇ સ્વરૂપ બતાવી શકો તો અમે માનવા-સમજવા તૈયાર છીએ. પરંતુ વાસ્તવીક સ્વરૂપ આજ છે.

આપણો મુખ્ય વિષય મન છે. પણ તેની સાથે લીંક જોડવા માટે આપણે આટલી વાત વિચારી લીધી.

મનની ભૂખ એટલે શું ? મનની ભૂખ ચોવીસે કલાક ઉકળતા જ્વાળામુખી જેવી છે. દેહ, ઇન્દ્રિયની ભૂખ સાથે આ ભૂખની તુલના થઇ શકે તેમ નથી. કલ્પનાતીત છે. દા.ત. જેમ કોઇ પણ સ્વાદ ચાખો તો ભુખ તૃપ્ત થાય, ખોરાક ખાવ તો હોજરી તૃપ્ત થાય, પરંતુ સ્વાદનો સંગ્રહ કરવાની મનની ભૂખ તો ભરેલી છે.

કામ, ક્રોધ, માન, માયા વગેરે આ બધી મનની ભૂખ છે. તેનુ

સ્વરૂપ જુદું છે. મન સ્વયં ભાવાત્મક છે કારણ પરિણામ ભાવાત્મક છે. ભાવના ભાવવાથી પેટની ભૂખ દૂર ન થાય જ્યારે ભૂખની આગ ઠાઢવા સ્વાદ સીવાય છુટકો નથી, પણ તે ટેમ્પરરી રીલીફ છે. મોરાઠ ખાવ તો ચાર-પાંચ કલાઠ ભૂખ દૂર થાય. પ્રોસેસમાં ખોરાઠ બળીને ખાખ થાય, પછી ભૂખ પ્રદીપ્ત થાય.

મન તો ભારેલો અગ્નિ જેવો છે.

અગ્નિ બે પ્રકારના છે ① સળગતો અગ્નિ ② ભારેલો અગ્નિ. સળગતો અગ્નિ એટલે શું ? જેની આગ જળી રહી છે. અને ભારેલો અગ્નિ એટલે શું ? આગ જળતી નથી, પરંતુ ઇંધણ ભરેલુ છે. ચેઠ થીનગારી લાગે એટલી જ વાર, ભડકો જ થાય.

મનના બે ભેદ છે ① ઉપયોગમન ② લબ્ધિમન.

ઉપયોગમન એટલે સળગતી અગ્નિમાંથી બહાર નીકળતી જ્વાળા. એ ઉપયોગમનના કષાય છે. હવે આ સળગતા અગ્નિ પર રાખ બંધાઇ જાય છે, જેમ દેવતા, છાણા પર રાખ થઇ જાય પરંતુ અંદર સળગતુ હોય, પણ ભડકો તેને દેખાતો નથી, તેની જેમ લબ્ધિમનમાં ભાવો આ ભારેલા અગ્નિ જેવા છે. કામ, ક્રોધ, માયા, લોભની પરિણતિ આ સળગતા પણ ઢંકાયેલા અગ્નિ જેવી છે, સળગતા પણ ઢંકાયેલા અગ્નિની જ્વાળા છે. તે લબ્ધિમનની જ્વાળા છે અને બહાર આવતી જ્વાળા છે તે ઉપયોગ મનની જ્વાળા છે. મન ચોવીસે કલાઠ માન, પાન, આદર-સત્કાર, પ્રશંસા, બહુમાનની અપેક્ષા રાખે છે તે માનસીઠ ભૂખ છે. તેમાં શરીર, ઇંન્દ્રિયને લેવાના નથી. તમારા વખાણ કોઇ કરે તો શરીરની ભૂખ ભાંગવાની નથી, નથી તરત મટવાની.

સભા:- સાહેબજી, તે વખતે મોં લાલ થઇ જાય.

સાહેબજી:- મોં લાલ થઇ જાય છે, તે શેનુ રીએક્શન છે ? મન સંતુષ્ટ થયુ તેની લાલી છે. કોઇ વખાણ કરે તો શેરૂ લોહી ચઢે છે ને ? તમારી

પાસે કામ કરાવવાની ચાવી કઈ ? જે તમને ફુલાવી શકે તે તમારી પાસેથી બધુ જ કામ લઈ શકે. આતો એક માસ્ટર કી' છે. વખા તો તેમના બે શબ્દથી વખાણ કરે તો બળદીયાની જેમ કામ કરવા તૈયાર થાય, ગમે તેવી શારીરની મજુરી કરવા તૈયાર થાય છે, કારણ તેમને મનની ભૂખ તૃપ્ત કરી. શરીર અને મનનુ ઘણુ જ ઈન્ટરકનેક્શન છે. શાસ્ત્રકારો અને વિજ્ઞાન પણ કહે છે કે તમારા મનમાં ચોવીસે કલાક અસર થાય છે, તેમ ચોવીસે કલાક શરીર પર અસર થાય છે. છતાં પણ વખાણ કરવાથી શરીર તૃપ્ત થાય ? કેમ નહિ ? તમે કોની ભૂખ ભાંગી ? કોઈ તમારુ બહુમાન કરીને હારતોરા પહેરાવે તે વખતે રાજીપો થાય. તે કેમ થાય છે ? કારણ મન ધરાયુ છે માટે.

<u>સલા</u>:- સાહેબ, વખાણ થવાથી ઈન્દ્રિયને તૃપ્તિ મળે છે. (કાનને)

<u>સાહેબજી</u>:- કાનને અનુરૂપ વિષય શુ ? મધુરધ્વનિ જે તમારા વખાણ કરે તેનો અવાજ કર્કશ અને ઘોઘરો હોય તો કાનને તે ગમતો નથી, પણ તે વખતે મન તો ડોલવા લાગે ને ? કાનની ભૂખ તો સંગીત, મધુર અવાજ છે. કદાચ તમારો દુશ્મન પણ મધુર સ્વરમાં ગાતો હશે તો કાનને તો ગમશે, પણ દુશ્મનનો મધુર અવાજ હોવા છતાં મનને તો નહિ ગમે, જ્યારે પ્રશંસા કરનારનો ઘોઘરો અવાજ હશે તો પણ મન ડોલવા લાગશે.

લોભને કહો ભુખનો ભૂખ કહેવાય ? ને તો મનની ભૂખ છે. પ્રશંસા, અહંકાર, માન-પાન ને એક ભૂખ છે, તે મનમાં પેદા થાય કે કાનમાં ? ક્રોધ કંઈ શરીરમાં પેદા થાય ખરો ? ક્રોધ તો મનમાં પેદા થાય.

મનોભૂમિના ભાવો જુદા છે. આજે તમારી સ્કુલમાં ભણાવે છે કે (Sex is natural). કામ એ શરીરનો વિકાર છે કે મનનો વિકાર છે ? દુનિયામાં કોઈ એવો માણસ છે કે જેને પહેલા શરીરમાં કામનો વિકાર જાગ્યો હોય ? કામ તો પહેલા મનમાં જાગે, પછી તેની અસર

શરીર પર થાય છે. જેમ ક્રોધની શરીર ઉપર અસર થાય છે. ક્રોધને તમે માનસીક લાગણી માનો છો કે શારીરક ? તે માનસીક લાગણી છે તેમ કામ પણ માનસીક લાગણી છે. જેમ હાઇ બી.પી.વાળાને ડોક્ટર કહેતા હોય છે કે હવે ક્રોધને કાબુમા રાખજે, નહિતર દુઃખી થવાનો વારો આવશે. માટે માણસ સંકલ્પ દ્વારા આ બધાને કાબુમાં લઈ શકે છે, તેમાં પરિવર્તન આવી શકે છે. જો ક્રોધની, માનની લાગણીઓ કાબુમા લઇ શકો તો કામની લાગણી કાબુમા કેમ ન લઈ શકાય ? એક બાજુ તમે દ્વેષ, ઈર્ષા વગેરેને કાબુમા કરવાની પ્રેરણા આપો અને બીજુ બાજુ કહો કે કામ એ નૈચરલ છે. તો તે કેટલી બેહુદી વાત કહેવાય. માટે કામ એ મનની ભૂખ છે. જેમ ક્રોધ, અહંકાર, પ્રશંસા એ મનની ભૂખ છે. કોઈ દિવસ દેહ, ઈન્દ્રિયમાં લોભ જાગ્યો છે ખરો ? તેનુ ઉદ્ગમ સ્થાન કયુ ? મન જ. માટે બધા જ વિચારો મનમાં જન્મે છે.

ક્રોધ એ માનસીક ભૂખ છે આ ભૂખ પેદા શેમાંથી થઈ ? તમારી અપેક્ષા છે કે બધા અનુકુળ વર્તન કરે, બસ તે તમારી ભૂખ છે. હવે તમે જેને વ્યવહારમાં સારુ માન્યુ હોય તેવુ વર્તન ન કરે માટે ગુસ્સો આવે. લોભ એ પણ એક મહાભૂખ છે. આ બધી મનની ભૂખ લાવારસની માફક ચોવીસે કલાક ધખતી હોય છે.

તમે દુઃખોનો ડુંગર ચોવીસે કલાક સાથે લઈને ફરો છો. તે મન, ઈન્દ્રિય, દેહ દ્વારા સર્જ્યો છે, તેને તમે ઉલેચી શકતા નથી. પુણ્ય હોય તો શરીરને, ઈન્દ્રિયને થોડી તૃપ્તિ આપી શકો. પરંતુ જેનુ પુણ્ય ન હોય તેવા રોજ અર્ધા ભૂખ્યા પણ છે, પશુમાં તેની ઘણી જ મેજોરીટી છે. ત્યાં તેમને ભૂખ પ્રમાણે ખાવાનુ મળતુ નથી, તેની ભૂખોને તેઓ તૃપ્ત કરી શકતા નથી. પરંતુ હજુ તમે ઈન્દ્રિય અને શરીરની ભૂખને સંતોષી શકશો પણ મનની ભૂખને કદાપી સંતોષી શકશો નહિ.

સભા:- સાહેબ ઈચ્છા એટલે શુ ?

સાહેબજી:- એ એક મનનો જ ભાગ છે. તેનો જ પેટા વિભાગ છે. મન એટલે રૂક્ન ખાલી ઈચ્છાત્મક નથી. મન એટલે ડીપાર્ટમેન્ટ સ્ટોર છે. જેમ એક વિભાગમાં અમુક વસ્તુ મળે, તેમ મનના એક વિભાગમાં ઈચ્છા જન્મે છે, જે એક મનનો જ ભાગ છે. ઈચ્છાને કાંઇ દેહ, ઈન્દ્રિય પેદા કરતા નથી. માટે મનની ભૂખ સંતોષવી બહુ જ અઘરુ કામ છે.

મનનુ મારણ કરે, મનનુ મૃત્યુ, મનના દુઃખ સંતાપમાંથી મુક્તિ, મેળવવી તેનુ નામ વીતરાગ છે. જ્યાં સુધી મનમાં મોહના પરિણામ છે ત્યાં સુધી માનસીક ભૂખ છે. તમે તમારા ફ્રીઝની પડતી ઈચ્છો તો : આ એક અંદરમાં રહેલો પતન અને અધોગતિનો પરિણામ છે. માટે માનસીકભાવ એક પ્રકારના સંતાપની ભૂખ છે. માટે ચોવીસે કલાક અંદરથી બોચેન અને વ્યાકુળ છો. મૂળમાંથી તે બેચેનીને ઠારવા માટે તમે થોડુક પાણીકયે તમારા કહેવાતા સંસારના થોડા ભોગ આપો, પણ તેનાથી મનની આગ ઠરતી નથી. જેમ ભડભડતી આગ લાગી હોય ત્યારે નાની ડોલ પાણી નાંખો તો ઉમ થઈને વરાળ થઈ જાય છે, પરંતુ તેનાથી આગ ઠરે નહિ. અનંતકાળથી જીવને આવી આગ લાગી છે અને તેને તમે ભોગ અને વિષયો દ્વારા થોડીથોડી ઠારો છો. જેમ કોક માણસ વધારે દાઝેલો હોય તેની પાસે દવાની નાની ટ્યુબ હોય તો જ્યા વધારે દાઝેલો હોય ત્યાં જ થોડી લગાડે. તેનાથી તેને થોડી રાહત થાય પણ બીજે બળતરા ચાલુ હોય. આતો વધારે દુઃખમાંથી થોડુ દુઃખ વિલિન થયુ. બસ બધાજ સુખ માટે આજ ગણિત છે. તમે જે ચોવીસે કલાક મનના ભાવોનુ અવલોકન કરો તો અંદરમાં કેટલી આગો છે. તૃષ્ણાથી દેવા તરબતર છો, પરંતુ આમાંથી ન છુટી શકીયે ત્યાં સુધી પૂર્ણ સુખને ન પામી શકીયે

મોક્ષ એટલે સુખની પરાકાષ્ઠાની અવસ્થા.

દરેક જીવનું અંતિમ લક્ષ્ય શું હોય છે ? સુખની પ્રાપ્તિ. અનાર્ય ધર્મોએ તો ખાવા, પીવાના, દેહ, ઈન્દ્રિયના સુખો બતાવ્યા છે. તેમના કુરાન, બાઈબલ વાંચો તો તેમાં સુખ માણવા જ ખરું સુખ છે. જેમકે લખ્યું છે કે તેમના મોક્ષમાં સારું સારું ખાવું, શરાબના જામ પીવા, અપ્સરાઓ સેવામાં હાજર હોય, તેના નૃત્યો નિહાળવા, આજ ભોગો સનાતન માણવા તેનું નામ જ મોક્ષનું સુખ. પરંતુ તેઓ એ માનવામાં થાપ ક્યાં ખાધી કે તેમને વિચાર્યું નહિ કે ઈન્દ્રિય પ્રોસેસ શું છે? એક વખત તેને છમવડા તરીકે થોડા ભોગ આપો એટલે સુખ થાય. પણ ભૂખ, તરસ તો ઊભી છે એટલે સાથે દુઃખની આગ તો ચાલુ છે. પરંતુ તેઓ આ વિચારી શક્યા નહિ. માટે જ મોક્ષમાં શરીર વળગે તો ઉપાધિ જ થાય, જ્યારે તેઓ મોક્ષમાં દેહ, ઈન્દ્રિય અને મનને માને છે.

જ્યારે ભારતના આર્યદેશના અન્ય ધર્મો જેવા કે સાંખ્ય, જૈન, બુદ્ધ ગમે તે ધર્મ કહે છે કે મોક્ષમાં દેહ, ઈન્દ્રિય, મન નથી, તેની ત્યાં ભૂખ નથી, વિકારો નથી, સંતાપ નથી. મોક્ષમાં તેમને આત્માનંદ માન્યો છે, કામાનંદ માન્યો નથી, કારણ કામાનંદ તો ભડભડતી અગ્નિમાં થોડું પાણી નાંખી ઠંડક કરવા બરાબર છે. આર્યદેશમાં તેના ધર્મોની ખરી મોટી દેન હોય તો તે મુક્તિ છે. તે તત્વનું વર્ણન જૈનમુનિ છે. જ્યારે અનાર્ય ધર્મો ચિંતનમાં ઉંડાણમાં ગયા નથી.

શરીર, ઈન્દ્રિય, ભૂખની એક ખણ છે. મન એ તૃષ્ણાનો વ્યાપ છે. માટે તેના લાડા મળતા સુખને સાચું સુખ કહી શકાય નહિ, તેઓ આધ્યાત્મીક દૃષ્ટિને ભૂલ્યા છે.

દરેક વ્યક્તિની મનની સમાન સ્થિતિ નથી, દરેક માણસના દેહ બધા સરખા નથી, તેમ ભૂખ-તરસ-થાક પણ સરખા નથી. બધામાં 'વેરીયેશન' આવે છે, જેમ ઘણા સોળ રોટલી ખાય છતા ટેટી જેવા હોય. જ્યારે ઘણા ત્રણ રોટલી ખાય તો પણ ફફડાટા થઈને ફરતા હોય, તમારી

દૃષ્ટિએ વધારે ખાય તે વધારે મજા કે ઓછુ ખાય તો વધારે મજા? હકીકતમાં સુખને દુઃખ માનનારા નથી, તેમ મન પણ સરખા નથી, મનની ભૂખ પણ સરખી નથી, માટે ઓવરઓલ કરવાનુ કે મારુ મન કેટલા કષાયથી વ્યાકુળ છે. આપણા મનમાં પરિણતિરૂપે કેટલી ભૂખ છે, તમને કોઇ પૂછે કે તમારે મોક્ષપાછીની કેટલી ઇચ્છા છે ? જેનુ કોઇ ગણિત નથી, માટે તેનુ માપ કાઢવુ પડે તેમ છે. ચોવીસે કલાક તમે તેની સાથે રહો છો, તેનાથી કંટાળો છો. માટે જ્યારે કોઇ માન આપે ત્યારે શુ થયુ કે જેનાથી તમે કંટાળા ઇતા તેમાં થોડો ઘટાડો થયો. પણ હજુ ઘણી અંદર ભૂખ છે. માટે અત્યારે તમારા વખાણ કરે તો ગમે કે નિંદા કરે તો ગમે ? વખાણ જ ગમે, કારણ અંદરથી ભર્યા છે. તેમ બીજા ભાવો ગમતા હોય તો આજ આવી ઊભુ રહે. જેમ કે અંદર કામ, વાસના હોય છે માટે કામના પદાર્થ સામે આવે એટલે ગમે છે, અને તૃપ્તિનો અનુભવ થાય છે, તે વખતે દીવા જેવી ભૂખ સંતોષાય છે. પણ સ્ટોકમાં ઘણુ જ પડ્યુ છે. જેનાથી હુ દાઝેલો છુ, દાઝી રહ્યો છુ, તેવુ લાગે છે ખરુ? પરંતુ તે દહરૂપે દેખાતુ નથી, કારણ તમારી સેન્સ કેડ થઇ ગઇ છે.

વગર સળગે ધૂપમાંથી સુગંધ નીકળે તેમ નથી, તેમ પહેલા તમે સળગો પછી અંદરમાં સુખનો અનુભવ થાય. અનાર્યધર્મના લક્ષમા તો માનવ ભવને છોડીને પશુ સૃષ્ટિની પરવા કરતુ નથી, તેઓ માનવને સુખ-શાંતિ આપવા માંગે છે. પણ તે સુખ કેવુ ? પહેલા દઝાડીને પછી ઠારવુ. પણ દાઝ્યા વગર મળતા સુખને સુખ માનતાં નથી. જેમ વધારે ખાવામાં વધારે મજા, માટે વધારે ભૂખ લગાડીને તેઓ ઠોકે રાખે છે. તેમ ઇન્દ્રિય, મનની બાબતમાં આમ જ કર્યુ છે. માટે મનની ભૂખને પહેલા વકરાવે, પછી તેના પર પાણીની જેમ રેડાર કરે. જેમ તમે ટી.વી. જુઓ તો મનની ભૂખ વકરે કે શાંત થાય ? તેમા પણ શાંત કેટલી થાય ? અને

વકરે કેટલી ? પરંતુ ટી.વી. જુઓ તો ઓર ઉશ્કેરાય છે, આવેગ વધારે તીવ્ર થાય છે. માટે વધારે દબાડને ? વિજ્ઞાને એવું સાધન એવું શોધ્યું નથી કે જે પહેલા દબાડે નહિ. માટે મનની ભૂખ ચોવીસે કલાક સળગતી પરિસ્થિતિરૂપે છે, અત્યારે ભલે શાંત છે. અત્યારે તમે ક્રોધ કરતા નથો, છતાં પરિસ્થિતિરૂપે કેટલો ક્રોધ અંદર ભર્યો છે. જેમ દીકરાની અમુક પ્રવૃત્તિ ન ગમતી હોવાના કારણે અંદર દ્વેષ ભરાયેલો છે. ભલે અત્યારે તેના તરફ દ્વેષ નથી પણ નિમિત્ત મળે ત્યારે ઉપર આવે, પરંતુ અત્યારે પણ અંદર સળગતો અગ્નિ છે. જેમ ભાઇ સાથે રહેતા હોય, તેની અમુક ખાસીયત ન ગમતી હોવાના કારણે દ્વેષ, અણગમો છે. અંદરમાં દ્વેષની જલન ચાલુ જ છે. પણ તે ભભૂકશે ક્યારે નિમિત્ત મળશે ત્યારે. આવી તો માન, લાભ, આસક્તિ, કામવાસના, તૃષ્ણાની કેટ કેટલી ભૂખ થાય ? માટે આંખની ડીમાન્ડ, મનની ડીમાન્ડ પાસે કંઇ જ નથી.

શરીરની ભૂખ દીપા બરાબર છે.
જ્યારે ઇન્દ્રિયની ભૂખ સરોવર બરાબર છે.

જ્યારે મનની ભૂખને ઉપમા આપવામાં સાત સમુદ્ર ઓછા પડે.

બહુ જ વાઇલ્ડ ગેપ છે. આપણા ભુવનમાં વિસંવાદિતા કહો તો આજ છે. ભુવનમાં દેહ, ઇન્દ્રિય, મનની ભૂખમાં ઇનબેલેન્સ છે, જેમા સમતુલા નથી. જે સમાન હોય તો એક સાથે સંતોષી શકાય. તમે કદાચ મહેનત કરો તો, પુણ્ય હોય તો શરીર અને ઇન્દ્રિય ધરાય, પણ મન તો ધરાતુ નથી. માટે સ્ટોકમાં દુઃખ તો રહેવાનુ. આ સંસારની નગ્ન ચિતાર જેવી સ્થિતિ છે. ચિંતન કરો તો ખ્યાલ પડે કે ભૌતિક જગતમાં સુખ માટે ફાંફા મારવા. એટલે અંધારામાં પ્રકાશ મેળવવા માટે ફોફા મારવા બરાબર છે. તમે ભૌતિક જગતમાં સુખની શોધ કરો પણ પાયામાંથી સફળતા મળવાની નથી.

મનની માન્યતા જડબેસલાક ગોઠવાઈ ગઈ છે. તેને પરિવર્તન કરવા માટે પણ પ્રોસેસમાં ઉતરવુ પડે. તેમ સ્વભાવમાં વણાઈ ગયેલા કષાયોના ભાવોને દૂર કરવા તે રમતવાત નથી માટે જ મોટાભાગના જ્યો પ્રકૃતિમાં પરિવર્તન લાવી શકતા નથી, અને આજ નિષ્ફળતાની નિશાની છે, કારણકે મૂળથી સિધ્ધાંત સમજતા નથી. ઘણા કહે છે કે પ્રકૃતિ તો પ્રાણ સાથે જાય, બે આવુ જ હોય તો પછી ધર્મની જરૂર રહેતી નથી. તમને ધર્મ શુ કહે છે કે પ્રકૃતિને બદલો તમે જેવા છો તેમાં ધર્મ રાખવા માંગે છે કે બદલાવવા માંગે છે. ધર્મ તમારુ આંતરીક પરિવર્તન કરવા માંગે છે કાંઇ ફીસીકલી પરિવર્તન કરવા માંગતુ નથી. આંતરીક પરિવર્તનમાં પ્રકૃતિ આવશે. ધર્મમાં આવો એટલે સાચી માન્યતા એટલે પ્રકૃતિમાં ફેર-લાવવાનો આવશે.

સામાયિક, પ્રભુ, પ્રતિક્રમણ, દાન, દયા, તપ, ત્યાગ કરો તે બધામાં પ્રકૃતિ, પરિણતિને સાંકળી લેવા પડે છે. જેને પ્રકૃતિમાં ફેરફાર કરવાનુ નથી લાગતુ તેને ધર્મ ઉપયોગી નથી. જેમ તમે ધર્મમાં આગળ વધતા જાઓ તેમ પ્રકૃતિમાં ફેરફાર આવવો જોઈએ. જેનામાં આ ફેરફાર નથી આવતો તેને હજુ ધર્મ આત્મસાત્ થયો નથી. પ્રકૃતિમાં ફેરફાર મર્યા પછી કરવાનો નથી પણ જીવતા કરવાનો છે.

॥ પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૨૦-૮-૯૫

રવીવાર. ॥ મનોવિજ્ઞાન॥ ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને અમનસ્ક નામના યોગની સિધ્ધિ કરાવવા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટિએ આત્મકલ્યાણના માર્ગમાં કરાતી યોગની સાધનામાં અંતીમ અમનસ્ક યોગ છે જેને પામ્યા પછી મન વિરામ પામે છે. જેમ મોક્ષે જવા દેહ, વાણી, ઈન્દ્રિયના બંધનમાંથી છૂટવાનું છે તેમ મનના બંધનથી પણ છૂટવાનું છે. મોક્ષમાં ફક્ત આત્મા છે, આત્માથી ભિન્ન કોઈ મન ત્યાં નથી. અહિંયા આપણે એક મિનિટ પણ મન વગર વિચારી શકીએ તેમ નથી. વિચારવા માટે પ્રબળ સહાયક સાધન મન છે જ્યારે અંતે તેને પણ તિલાંજલી આપવાની છે, મૂળથી તે બંધન છે પણ અત્યારે તેને કેળવી ઘડતર કરવાનું છે. પછી છેલ્લે તેનો ત્યાગ કરવાનો છે પરંતુ અત્યારે શૂન્યમનસ્ક દશા પામવાનું નથી. પરંતુ તેમાંથી મલીનતા, ગંદકીને કાઢીને પવિત્રતા, નિર્મળતાનો વાસ કરાવવાનો છે.

આ જગતમાં આપણી નજીકમાં નજીક વસ્તુ મન છે. આપણો સ્વભાવ ગણો કે કુટેવ ગણો આપણને દૂરની વસ્તુમાં રસ છે, અને નજીકની વસ્તુમાં ઉપેક્ષા છે. જેમ તમે મુંબઈમાં રહો છો પણ જોવાલાયક સ્થાનું આકર્ષણ સાઉથનું વધારે કે મુંબઈનું ? મુંબઈમાં રહેવા છતાં કદાચ અહિંયાના વધા આકર્ષક સ્થળો નહિ જોયા હોય પણ કાશ્મીર, સીમલા, સાઉથ વધે જોવા જઈ આવ્યા હશો ? કારણ નજીકની વસ્તુની ઉપેક્ષા છે અને દૂરનું આકર્ષણ છે. જેમ તમારી સાથે રહેલો સગો ભાઈ કે દીકરા સાથે દિવસમાં અડધો કલાક વાત નહિ કરતાં હોય. પણ જો કોઈ દૂરનો મળે તો બે કલાક ખપાવો. તમારા બે દીકરામાંથી એક દીકરો પરદેશ રહેતો હોય તો તમને ચિંતા કોની વધારે ?

કદાચ લાગ આવે નજીકના દોકરા સાથે દરરોજ ટસલ થતી હોય. કારણ નજીકતાની ઉપેક્ષા, વાંધો છે, દૂરતાનું આકર્ષણ છે, રસ છે, મારે દુનિયાભરની ચિંતા કરીએ છીએ. પણ તે કરવાનું સાધન મન છે. અને જેને તમે ઓળખતા નથી. ૨૪ કલાક સાથે રહેવા છતાં મનને ઓળખી શક્યા નથી. તમે બધી વસ્તુમાં નિષ્ણાંત થયા પણ પોતાના મનને પારખી શક્યા નથી. માટે તેમાં રહેલા ભાવોને સમજી શક્યા નથી.

જ્ઞાનીઓએ માટે જ મનોવિજ્ઞાનની વાતો કરી છે. આ મનનો સ્વરૂપ, તેની વિશેષ વૃત્તિઓ છે તેને જાણો, સમજો. પછી તેના પર અંકુશ મેળવવા પ્રયત્ન કરો અને ધર્મમાં જવા માટે આ ઉપયોગી પાસુ છે.

હવે આ મન પર આપણે ઘણા વખતથી, તેનાં સ્વરૂપ વિગેરે પર વિચાર કરી રહ્યા છીએ. જેમાં મનના બે પ્રકાર છે.

દ્રવ્યમન - ભાવમન

તેમાં દ્રવ્યમનના બે પ્રકાર છે

ઉપયોગમન અને લબ્ધિમન.

હો લબ્ધિમનની વાત ચાલી રહી છે. એમાં ઘણા વિભાગ છે. તેમાંથી આપણે માન્યતા, પરિણતિનું વર્ણન કરી ગયા છીએ. હવે જે વિભાગ પર આપણે જવું છે તે દેખાતો નથી પણ મનમાં ચોંટેલારૂપે, સંભાવનારૂપે પડેલા હોય તેવા કષાયો, રાગદ્વેષના પરિણામો અસંખ્ય ઘરબાયેલા છે. જે અજ્ઞાત ભાવો છે તે ચોંટેલારૂપ કષાયાત્મક ભાવો છે અને અનંત સમયના સંસ્કારાત્મક છે. અને તેની જીવનમાં અમુક અસર છે.

તમારી દુનિયાના વિષયમાં કેટલી જાણકારી છે ? હવે જેટલું જોયું, જાણ્યું, અનુભવ્યું તેમાં તો ચોક્કસપણે રાગદ્વેષના પરિણામ થયા હશે. જેમ તમને ૧૦૦ વાનગીમાં જે ભાવી તેના તરફ રાગ થયો અને જે

વાનગી નહિ ખાવી તેના તરફ દ્વેષ કે અણગમો થયો હશે, જેનો તમે રજ કુલાઢ વિચાર કરી શકતા નથી. એટલે શું થયું કે તમે મીઠાઈ ખાધી, તેનો સ્વાદ સારો લાગ્યો, જેથી વંધાઈ ગયું કે આ સારી છે, ખાવા જેવી છે તેથી રાગ ઊભો થઈ ગયો તેને પરિણતિ કહી.

જોયું, જાણ્યું કે અનુભવ્યું તેના રાગદ્વેષને પરિણતિ કહીએ છીએ. જેમ તમે કોઈ ડીઝાઇન જોઈ છે જેમ ફોરેનમાં ઘણા સુંદર બગીચા છે, જેવાલાયક દૃશ્યો છે જે તમે ટી.વી.માં જોયા તેને અનુભવવા ગયા નથી. છતાં તેના વિષયમાં રાગદ્વેષ અંકિત થઈ જાય છે. તમે જે શતદિવસ જુઓ છો જાણો છો તેનો પ્રતિભાવ પેદા કરો છો, મન તે પ્રતિભાવોને સંગ્રહીત કરે છે અને તે રાગદ્વેષની પરિણતિ, પ્રકૃતિરૂપે જડાઈને પડ્યા રહે છે માટે મન મોટું સ્ટોર હાઉસ છે સંગ્રહ સ્થાન છે.

જેમ કોઈ ઝવેરીની દુકાનની બાજુમાંથી પસાર થાઓ વહાર શોકેશમાં અલંકારો જુઓ એટલે આંખો ચકાચકાચ થાય એટલે તેનું બાકર્ષણ થયું, તેના પર રાગ થયો. પરંતુ પછીથી રજકુલાઢ તેની માળા જપતા નથી પણ અંદરમાં તે રાગ પ્રજ્વલીત થઈને સળગ્યા કરે છે પરંતુ તેના પર ખાલી વિચારનું ઠંડણ આવી ગયું છે બીજો ભાવ આવવાથી. એટલે ક્ષણમાંથી રાગ ગયો નથી. આ જોયું, જાણ્યું, અનુભવ્યું તે માટેની વાત છે.

હવે બીજી ઘણી વસ્તુ છે જેમકે દેવલોક છે ત્યાંનાં ઝવેરાત, વસ્ત્રો ઘણા ભવ્ય છે. બીજી ઘણી વસ્તુઓ પણ છે જેમ બીજી કેટલીય વાનગીઓ એવી છે કે તમે જે ખાધી નથી, જોઈ નથી, તેનો વિચારાત્મક રીતે સીધો ભાવ નથી પરંતુ તે બધું જોવા, જાણવા મળે તો રાગ ઉભરે.

આ જગતમાં જાણકારી રૂપે દુનિયા છે તેના કરતાં અજ્ઞાત વિશ્વ અનંતગણું છે. તેમાં રહેલી ભૌતિક વસ્તુની સંભાવના રૂપે રાગદ્વેષ પડ્યા છે. તે રાગદ્વેષ સીધા જલતા નથી. હવે ક્યાં રાગદ્વેષ જલે છે ?

આપણે ગઈ વખતે જોઈ ગયા હતા કે સળગતો અગ્નિ જતી રહ્યો છે એવો, અને જેની આગ ઘણી રહી છે ઠાંકણા લગાડેલ છે તે ઘરબાયેલો અગ્નિ જેવો છે. માટે બહાર જ્વાળા બહૂકતી નથી. હવે આ આગ સપાટી પર ક્યારે આવે? તીવ્રતા થાય ત્યારે સપાટી પર આવે. જેમ છાણા પર આગ ઘણી રહી છે પણ રાખનું ઢાંકણા આવવાથી જ્વાળા દેખાતી નથી.

એ રીતે અંદરમાં તાપ, ઘમારો, ઘણી રહ્યો છે જે સંતાપ, તાપ બેચેનીને પેદા કરે તેવો તાપ છે. જેમ દાખલા તરીકે ઉનાળામાં વૈશાખ મહિનાના તાપમાં સૂર્યના કિરણો રોડ પર પડે છે પરંતુ છાયડામાં તેના સીધા કિરણો નથી પણ ત્યાં પણ તાપ તો હોય ને? કારણ કે કિરણોના કારણે ત્યાંનું ટેમ્પરેચર પણ હાઈ થઈ ગયું હોય છે. પછી તમે સામાન્ય રીતે દિવસ પસાર કરો એટલે તમારું શરીર, મન તેનાથી ટેવાઈ જાય છે. ઉનાળાનો અસહ્ય તાપ મુંગા મોઢે સહન કરીને તમે રહીન કરી લીધું છે પરંતુ તાપનો સંતાપ તો છે જ. તેવી જ રીતે અનંત કાળથી વેઠીવેઠીને આ તાપથી રીઢા થઈને ટેવાઈ ગયો છો માટે જ આ અંદરનો તાપ ધ્યાનમાં આવતો નથી.

સભા:- કરેઢે પડી ગયું છે

સાહેબજી:- જેમ ફ્લેવરીમાં ડામ કરનારની બેઠક બોઈલરની બાજુમાં હોય તો તે તેનાથી ટેવાઈ જાય ને? ત્યાં બહારથી આવનારને કેટલી અકળામણ લાગે? હવે બિચારા ટેવાઈ જાય છે એટલા માત્રથી તેને સુખ કે દુ:ખ હોય? છુટકો નથી માટે તેની સાથે સમાધાન કરી લીધું છે.

તેમ પરિણામરૂપે કષાયો સળગે છે આપણા આત્મના પ્રદેશો રજકણાદ ઉડાના ચરુની જેમ ઘણી રહ્યા છે. જેમ પાણી-ઉકળે ત્યારે કેવું ખદબદ થાય, જરા પણ સ્થિર ન હોય. ઉંચુ નીચુ થયા કરે તેમ રજ

કલાક આત્મપ્રદેશો સંતપ્ત અને ઉકળી રહ્યા છે. એક ક્ષણ પણ તેને શીતલતાનો કે શાંતિનો અનુભવ નથી.

આ દશા તમને ચિત્રરૂપે ઉપસ્થીત થવી જોઈએ, અનુભવરૂપે થવી જોઈએ. પરિણતિ અનુભવ કરીએ છીએ છતાં વિચારરૂપે તેને ધ્યાનમાં લેતા નથી. ૯૯% દુઃખ ભૂલ્યાનું છે. ભૂલ્યુ એટલે મન સીધુ લેવે જ નહિ, જેથી રાગદ્વેષ થાય, આવેગ પેદા થાય, જેનાથી આત્મામાં અશાંતિ પેદા થાય. આપણે તે દુઃખોનો પહાડ લઈને જ ફરીએ છીએ.

હવે નથી ભૂલ્યુ તેવું તો ઘણુ જ છે. જેના યોગ્યતારૂપ કષાયો અંદરમાં ઘરબાયેલા દારૂગોળાની જેમ પડ્યા છે તેને જો ચિનગારી લગાડો તો તમે આખા બળીને ખાખ થઈ જાઓ. અંદરમાં ભોગોનું આકર્ષણ છે જેમ ઘણા ઝુપડપટ્ટીમાં રહેનારને શ્રીમંતના બંગલા, સુખ-સગવડતા કે ફાઈવસ્ટાર હોટલના કદાચ સ્વાદ ચખાડવામાં આવે તો તેના જીવનમાં હાયવોય વધે કે ઘટે ? જેઓ માંડમાંડ ઝુપડપટ્ટીમાં ઠરીઠામ થઈને બેઠા છે તેમાં ઉકળાટ વધી જાય. કારણ અંદરમાં યોગ્યતારૂપે આકર્ષણ તેમને પણ પડ્યુ છે. પરંતુ તે પ્રજ્વલીત નથી.

સભા:- જેનાથી કર્મ બંધાય ?

સાહેબજી:- હા, એટલે જે દુનિયા કદી જોઈ નથી, જાણી નથી, ભોગવી નથી, અનુભવી નથી પણ તેના પ્રત્યે પોસીબીલીટી રૂપે રાગદ્વેષ પડ્યા છે માટે ચોવીસે કલાક કર્મ બંધાય.

સભા:- ન કરવા શું કરવુ ?

સાહેબજી:- મનમાં વિકૃતિરૂપે પડેલા પરિણામોને શાંત કરવાના છે. દુનિયાના પેલે છેડાનું પાપ લાગે છે તેને કાપવા કાંઈ ત્યાં જવાની જરૂર નથી. પણ અહિંયા મનમાં પડેલા કષાયોને શાંત કરવાના છે. ન્યુક્લીઅર બોમ્બના પાપોનો બંધ, પુણ્યનો બંધ કરાવી

<u>કાઢવાની મનમાં અપ્રતીમ તાકાત છે.</u>

જેમ દેવલોકમાં જિનપ્રતિમા, જિનમંદિરો છે, ધર્માત્મા છે આ બધાની અનુમોદના કરતાં અહીં બેઠા પુણ્ય બાંધી કાઢો છો. તેમ ત્યાંના ભોગ વિલાસનું આકર્ષણથી પાપ બંધાય છે. સંભાવના રૂપે કષાયો ધરબાયેલા છે. માન્યતા, પરિણતિનો વિશાળ વિભાગ છે તેમ યોગ્યતા, સંસ્કારરૂપનો પણ વિશાળ વિભાગ છે. અનંતકાળની મૂળ ખાસિયતો મનમાં પડી છે. જેમ જે જે જન્મમાં ગયા ત્યાં જે પ્રવૃત્તિ કરી, ભાવો કર્યા આ બધાના અનુભવરૂપે સંસ્કાર આત્મા પર આધાન થયા કર્યા. બિલાડીના ભવમાં ગયા તો ઉંદર પર નજર રહી. ભલે બહારથી બિલાડી શાંત દેખાય, નિર્દોષ લાગે પણ ઉંદર જુએ તો તરાપ જ મારે ને? એટલે અંદર વૃત્તિ પડી છે અને આ ભાવોના આત્મા પર સંસ્કાર પડ્યા કરે. તેમ વાઘ-સિંહના ભવમાં ગયા તો બધાને ફાડી ખાવાનો સ્વભાવ, સાપના ભવમાં ફુંફાડા મારવાનો સ્વભાવ.

આ સંસારનાં પરિભ્રમણમાં આપણે કોઈ પણ ભવમાં પર્યટન ન કર્યું હોય તેવું નથી. આ પોતાના જતના ઈતિહાસની વાત છે દુનિયાના ઈતિહાસની નહિ. આપણે આવ્યા ક્યાંથી? આપણું પરિભ્રમણ તે બધું નમને મનમાં બંધ બેસતું નથી ને? પણ આમાં શ્રદ્ધા રાખવાની જરૂર નથી. જેમ તર્કથી પરલોક પુરવાર થાય છે તેમ અનંતકાળનું પરિભ્રમણ પણ પુરવાર કરી શકાય છે.

આપણે બધા ભવમાં અનંતી, અનંતીવાર જઈ આવ્યા છીએ. નમને રસ્તામાં ગમે તે વ્યક્તિ ગમે તે પરિસ્થિતિમાં જુઓ ત્યારે એમ થવું જોઈએ કે આપણે પણ આવા ભવમાં અનંતીવાર જઈને આવ્યા છીએ.

કાળ વિચારો તો અનંત છે, આત્માનું અસ્તિત્વ શાશ્વત છે

કારણ આ દુનિયામાં જે દેખાય છે તે બધુ શાશ્વત છે, જે છે તે કાયમ માટે જ છે. આ પદાર્થ વિષે વિજ્ઞાન પણ આ જ જવાબ આપશે. જેનું અસ્તિત્વ છે તેને મીટાવી શકાતું નથી. કદી પણ શુન્યમાંથી સર્જન થતુ નથી. અને વિસર્જનમાંથી સર્જન થતું નથી.

સભા:- પણ બદલાય છે

સાહેબજી:- અસ્તિત્વ તો કાયમનું છે આત્મા શાશ્વત છે તેનો પુરાવો શુ? તો કહેશે દુનિયા આખી શાશ્વત છે. કોઇ દિવસ વસ્તુનુ અસ્તિત્વ શુન્યમાંથી છે જ નહિ અને શુન્યમાં વિસર્જન પણ નથી. એક પરમાણુને લાખ વાર ૧૨ મહિના મહેનત કરો તો પણ શુન્યમાં તેનું વિસર્જન ન થાય. આ અટલ, સનાતન સિધ્ધાંત છે. માટે આત્મા શાશ્વત છે. આત્માનું અસ્તિત્વ નહોતુ તેવું ન કહી શકીએ.

હવે જુવાબીનિ લીમીટેડ છે માટે એક એક યોનિમાં અનંતીવાર ગયા વગર છૂટકો જ નથી. ચારેય ભવમાં રાઉન્ડ મારવા પડે.

સભા:- આપણે સેમ સીચ્યુએશનમાં અનંતીવાર ગયા હોઈએ. અત્યારે તમે જે પરિસ્થિતિમાં ગોઠવાયેલા છો તેવી પરિસ્થિતિમાં અનંતીવાર ગોઠવાયેલા હતા. જેમ તમે બેઠા છો તે આ જ મકાન, આ કબાટ અદિંયા જ આ દરવાજે બંધ છે તે બંધ, બારી ખુલ્લી, આ અત્યારે છે તેમાં કાંઇ જ ચેઇન્જ ન હોય. આજ રીતનુ વિશ્વ અનંતીવાર બન્યુ છે. હવે તમે આ ભાઇના ચક્ષમા કાઢી લો એટલે વિશ્વ બદલાઇ જાય. અત્યારે તમારો હાથ જેમ છે તેને તમે જરા નીચો કરો એટલે પાછુ વિશ્વ બદલાઇ જાય. જોકે આ વધુ સમજવા કોસ્મોલોજી ભણવુ પડે, તર્કબધ્ધ છે. સ્ટેપવાઇઝ તેમાં આરગ્યુમેન્ટસ છે જે વાસ્તવીકતા છે. અમે કહીએ તો મોં પહોળા થઇ જાય છે. પણ સારા વિજ્ઞાનીકની સલાહ કહુ તો તેઓ કહે છે કે અમે પણ માનીએ છીએ.

જેમ એક ક્રિકેટર બોલી છે તે ક્રિકેટ ઉભી થઇ જાય ત્યારે

આખી દુનિયા આની સાક્ષ પ્રમાણે છે પરંતુ તે વખતે વિશ્વ બદલાઈ ગયું. એવા કોન્ટેક્સ રેફરન્સ અમે અનંતા માનીએ છીએ. પણ કારણ ઉંડાણથી વિચાર કરો તો આ વાતોને વિચારવી પડે.

કાળ-ક્ષેત્ર અનંતા છે. જ્યારે વસ્તુ, પર્યાય મર્યાદીત છે તો તેટલા રીટેશન અનંતીવાર આવશે.

સભા:- જે મોક્ષે ગયા તે?

સાહેબજી:- હા, જેની હાજરી આ દુનિયામાંથી ગઈ તેને છોડી દેવાના. અને નિગોદમાંથી નવા આવ્યા અને જુના ગયા તેટલો ફેર તો સમજવાનો. કારણ જે વ્યક્તિ આ વિશ્વમાંથી બીજી દુનિયામાં ગઈ તેને પછી આ વિશ્વ સાથે સંપર્ક રહેતો નથી. આ જીવ અનંતકાળમાં અનંતીવાર બધા પર્યાયમાં અનંતીવાર ફરીને આવ્યો છે.

સભા:- સાહેબ અનંતીવાર આ જ રીતે તમે અમને ઉપદેશ આપ્યો અમે આજ રીતે સાંભળ્યો છતાં કેમ નિષ્ફળ ગયો? તે વખતે શું ખૂટતું હતું?

સાહેબજી:- સાંભળીને ફેરફાર ન પડ્યો માટે જ પાછા અહિંયા બેઠા છીએ. અમે પણ મફતનો ઉપદેશ આપ્યો હશે. માટે ભૂતકાળમાં આપ્યો તે રીતે પાછો જો આપીશ તો કોઈ થશે નહિ. જો આ ભવમાં અધ્યાત્મને પામ્યા હોવ તો આ નવો જન્મ છે. જે વ્યક્તિ સાચા ધર્મમાં પ્રવેશ કરે તેને અનંતકાળમાં જે અનુભવ્યું નથી, મેળવ્યું નથી તે તેને મેળવ્યું છે. અને ત્યારે જ સમજવાનું કે હવે ગાડી પાટે ચઢી છે અને તેજ તેની વિશેષતા છે.

આ બધું બરાબર વિચારો તો જીવ ભડકી જાય તેમ છે. અનંત જન્મના સંસ્કારો રૂઢ થયા છે ઘુરી, ઘુરીને ભેગા કરેલા છે. વિચારો, તાજુ જન્મેલુ બાળક સબુઝ, બુધ્ધુ હોય છે પરંતુ અંદર બધી વૃત્તિ પડી હોય છે. તેને ભાષા, ખાતાપીતા બધું શીખવાડવું પડે પણ ગુસ્સો

કેમ કરવો, રાગદ્વેષ કેમ કરવા તે શીખવાડવુ પડે છે? વગર ભણાવે આવડે છે ને? સ્કુલ, કોલેજોમાં શિક્ષણ અપાય છે પણ ત્યાં ક્રોધ કેમ કરવો, રાગદ્વેષ કેમ કરવા તેની સ્કુલ-કોલેજો છે? ના, કારણ અનંતકાળની પડેલી વૃત્તિઓ છે તેને સલાહ સૂચનની જરૂર નથી. નિમિત્ત મળે ને તરત જ ઉભી થાય. આ જગતમાં જન્મે ત્યારથી અનંતા જન્મના સંસ્કારો સાથે લઈને જ જન્મે છે. પવિત્ર કે નિર્દોષ મનવાળા જન્મતા જ નથી. ઘણા બોલે છે ને કે બાળકો નિર્દોષ છે. પરંતુ બાળક નિર્દોષ નથી, પણ અવિવેકી ને મૂઢ છે. બાળકોમાં ક્રોધ-કામ, ઈર્ષા વગેરે કષાયોની વૃત્તિ વિકસીત નથી. કારણ સ્વભાવની મુખ્યતા છે પરંતુ તે કાંઈ નિર્દોષતા નથી.

<u>નિર્દોષ કદી જન્મે નહિ</u> <u>અને જન્મે તે કદી નિર્દોષ હોય નહિ.</u>

આ ફુલ્સ્ટમાં એમનેમ સભ કદી થાય નહિ. જન્મવું તે મોટામાં મોટી સભ છે. જન્મ એ નિયમા દુઃખ, શોક, સંતાપ જ છે. તમે તેને ઉજવણીનો અવસર માની લીધો છે. તમે જન્મને વધાવો છો અને મોતથી ગભરાઓ છો.

તમને મૃત્યુનો ભય વધારે છે કે જન્મનો ભય વધારે છે? પરંતુ મોત એટલે તે જન્મનું ફળ છે. મરેલાને જન્મ નક્કી નથી જો મસ્તાં આવડે તો અજન્માપણું પામી શકાય છે. તીર્થંકરો પણ જન્મે એટલે તેમને મૃત્યુ પામવું પડે. પરંતુ તેમની સાધનાથી તે અજન્માપણુ પામે છે.

જન્મ એજ કર્મની સભ છે, અને સભ દોષિતને જ થાય. અનંત જન્મના દોષના ફળ સ્વરુપ આ ભવમાં જન્મ મળ્યો છે. માના પેટમાં કાંઈ રાજીખુશીથી કોઈ પેસે તેમ છે? નવ મહિના ઉંધે માથે માના પેટમાં લટકો છો તે શું તમારી મરજીથી રહો છો? કે પછી કર્મ ઘોસી રાખે છે માટે રહો છો? મહાપુરુષોના જન્મ પણ ઉંધે માથે થાય છે. આવી પરિસ્થિતિ આત્મા કાંઈ સહજ પણે સ્વીકારે ખરી? પરંતુ

આ તો સભ છે. મારે પણ્ણો સ્વીકારવું પડે છે.

મારે પંખીઓ - બાળકો નિર્દોષ નથી. સમતામાં રહેલા મહા-મુનીઓ અને વીતરાગ નિર્દોષ હોય છે. મારે જ્યારે બાળકો ખિલખિલાટ થી રમતાં હોય. પંખીઓ આકાશમાં ઉડતા હોય ત્યારે કહો કે આ લોકો કેવા નિર્દોષ આનંદને માણી રહ્યા છે. એવું કહો તો તે મિથ્યાત્વનું લક્ષણ છે.

શાસ્ત્રમાં સનત્કુમારસાધ્વીજીનું દૃષ્ટાંત આવે છે તેઓ રાજકન્યા હતા. વૈભવમાં ઉછરેલા હતા પછીથી વૈરાગ્ય સાથે ધર્મમાર્ગે તેમને દીક્ષા લીધી. ચારિત્ર સુંદર પાળતા હતા પણ એક વખત ચકલા-ચકલીનું યુગલ કેવું નજીક બેસી પ્રેમની ઈંટ સાથે ક્રીડા કરી રહ્યું છે, કેવો મુક્ત આનંદ માણી રહ્યા છે. અને આ મિથ્યાત્વના પરિણામ તેમને પેદા થયા. જે આનંદને ભગવાને વિકૃત આનંદ બતાવ્યો તે આનંદ તેમને નિર્દોષ, મુક્ત આનંદ દેખાયો.

ગલુડીયા એકબીજાને મસ્તીમાં બટકાં ભરે ગલોટીયા ખાય, દોડમ દોડા કરતાં હોય – આ આનંદને તમે કેવો માનો? ઘણા તો મોટા થઈ ગયા છે પણ હજુ મન તો તેમનું બાળકનું જ છે અને આ અવિવેક છે આ નિર્દોષ આનંદ નથી પરંતુ જેમાં કોઈ વિકાર-વાસનાને પ્રેરકબળ તરીકે ન હોય તેવી પ્રવૃત્તિમાં મળતો આનંદ નિર્દોષ આનંદ છે. ચલચિત્રો કુદરતનો પ્રેમી વર્ગ ઘણો પેદા થયો છે. પરંતુ તમને નિર્દોષ આનંદની વ્યાખ્યા જ સ્પષ્ટ નથી.

તમે અત્યારે શું માનો છો કે હસવું એ જીવનનો આનંદ છે. હાસ્ય એ તો પ્રકૃતિની ભેટ છે. પરંતુ પરમાત્માના સ્વરૂપનું જે વર્ણન છે. તેમાં આપે છે ભગવાન કોને કહેવાય? ભગવાનની ઓળખ શું? તે બતાવતા શું કહ્યું? જે ૧૮ દોષથી રહિત તે પરમાત્મા. હાસ્ય, રતિ, અરતિને દોષ કહ્યા છે. હવે તમે તેને ગુણ માનો એટલે અધર્મને

ધર્મ માન્યો કહેવાય. આમ તમે પુણ્ય અને પાપ માનો છો પણ સારાને ખરાબ માનો છો. ખરાબને સારુ માનો છો. આ બધી અવિવેક છે. પરંતુ આત્માનો ખરો આનંદ તો ધીર, ગંભીર, પ્રશાંત ભાવમાં છે. પરંતુ હસવું, રડવું, શોક, રાગ થવુ આ બધા વિકૃત ભાવ છે. આ બધા ભાવો વિકારને પેદા કરનારા છે.

સભા:- સાહેબજી, આત્માનો સ્વભાવ શું?

સાહેબજી:- આનંદ કરવો તે જ આત્માનો સ્વભાવ છે. સત્ ચિદાનંદ સ્વભાવ. પોતાના ગુણોમાં જ મસ્ત રહેવું, મગ્ન રહેવું, તેમાં જ આસ્વાદ લેવો. આ જ આત્માનો સ્વભાવ છે. જડમાં જવું તેનો વિકૃતિ છે.

સભા:- સાહેબજી, પ્રશસ્ત હાસ્ય હોય?

સાહેબજી:- હા, તમને ધર્મ પમાડવા અમે પ્રસંગે તમને હસાવીએ છીએ. સાચો ધર્માત્મા પ્રશસ્ત હાસ્ય કરે, કરાવે. પરંતુ જેમાં કોઈનું હિત પેદા ન થાય તે હાસ્ય પ્રશસ્ત હાસ્ય નથી. અને એ આત્માનો સ્વભાવ નથી. દોષયુક્ત હાસ્ય તે પ્રશસ્ત નથી. તેજ રીતે મહામુની ઉંઘે છે પણ ઉંઘવા પાછળ તેમનો ઉદ્દેશ શું છે તે સમજવો પડે. ખાલી રેસ્ટ કરવા કે આરામ લેવા તેઓ સૂતા નથી. પરંતુ થાક ઉતારી આગળ આત્માની વધારે આરાધના કરવા માટે સૂચે છે. તે પ્રમાદ છે પણ પ્રશસ્ત પ્રમાદ છે. માટે તેમને સૂતી વખતે પણ પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. જ્યારે તમને જગતાં પણ પાપાનુબંધી પાપ બંધાતા હોય છે. કારણ બંધ પરિણામ પર છે.

જો કે પ્રશસ્ત કષાય કે અપ્રશસ્ત ભાવ તે આત્માનો સ્વભાવ નથી. પરંતુ અત્યારે આ સ્ટેજમાં મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે પુણ્યાનુબંધી પુણ્યની જરુર છે. તેનાથી જ સદ્ગતિ, ધર્મસામગ્રી પામી આગળ વધી શકાશે. માટે આ ભૂમિકામાં તે જરુરી છે. જ્યારે આગળનું

સ્ટેજ આવશે ત્યારે છોડવાની વાત આવશે પરંતુ અત્યારે તો તે આવકારીય છે.

આ જગતમાં બાળકો, પંખી, ઝાડ, પાન કોઈ નિર્દોષ નથી. ઝાડ, પાન આમ તો મુંગા મોઢે શાંત ઉભા છે, કાંઈ ધમાધમ કરતાં નથી કોઈને હેરાન કરવા જંતા નથી છતાં લખ્યુ કે તેઓ પણ નિર્દોષ નથી. તમારા કરતાં તે દુનિયામાં ત્રાસ ઓછો ફેલાવે છે. કારણ શક્તિ, બુદ્ધિ નથી, પાવરધા નથી. પણ જો તેને શક્તિ મળે તો કહાચ તમારા કરતાં તે સવાયા થાય. આખી સૃષ્ટિ નિર્દોષ નથી. આખુ જગત વિકારોથી ઘેરાયેલુ છે.

જ્યારે જન્મે છે ત્યારે અનંતા જન્મોના સંસ્કારની મુડી લઈને જ જીવ જન્મે છે. સંસ્કારો અકબંધ રાખીને જ જન્મે છે. માટે આ મનના વિભાગનું શોધન કર્યા વગર તેની ચુંગાળમાંથી બહાર નિકળાય નહિ.

તમે વિચારોની શુદ્ધિ કરી લીધી પણ જો માન્યતા, પરિણતિ, યોગ્યતા સંસ્કારની શુદ્ધિ ન કરી તો અતુલ પરિવર્તન ન પામી શકો.

જેમ કોક માણસ સામાયિક કરે છે તે વખતે બે ઘડી બેકદમ સાવધાન છે કોઈ જ તે વખતે ખરાબ ભાવ કરતો નથી. બેકદમ તન્મય થઈને આરાધના કરે છે બોલે આમ વિચારશુદ્ધિ ઘણી કરી છે પણ માન્યતા, પરિણતિ, સંસ્કાર, યોગ્યતાની શુદ્ધિ નથી. જ્યારે બીજા માણસને માન્યતા, પરિણતિ, સંસ્કાર શુદ્ધિ વધારે કરી છે. તો બેમાં કોનું સામાયિક ઉંચુ ? શાસ્ત્રકારોએ આ બીજા માણસનાં સામાયિકને ઉંચુ બતાવ્યુ છે કારણ પેલાએ ઉપરથી જ શુદ્ધિ કરી છે જ્યારે બીજાએ મૂળમાંથી શુદ્ધિ કરી છે. પહેલાના સામાયિકને આમે ખરાબ નથી કહેતા કારણ તેમાં ને વખતે કોક પણ ખરાબ વિચાર નથી આવતો તે તેની જાગૃત સાવધાની સૂચવે છે પણ તે સપાટી પરનું છે. પરંતુ બીજી શુદ્ધિ મૂળમાંથી કરવાની છે. માટે સવિધિમનમાં પુરુષાર્થ કરવા

જેવો છે. તમે મનથી કાંઈ ભાગી શકો તેમ નથી. ઘર-ગામ છોડીને કદાચ જશો પણ મનને છોડીને તો ક્યાંય જઈ શકવાના નથી. માટે જ તેનું સંશોધન કરવાનું છે. તેની પ્રક્રિયા શું તે આગળ આવશે. મનની શુદ્ધિના ઉપાયો છે અને આજ દિવસ સુધી જેટલા મોક્ષે ગયા છે તે બધા આજ પ્રક્રિયાનું અનુકરણ કરી મનના સ્વામી બની મોક્ષપદને પામ્યા છે. તે પ્રક્રિયા આપણે પર્યુષણ મહાપર્વની આરાધના કર્યા પછી વિચારશું.

॥ પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમ: ॥

'૩૬-૯૫ રવીવાર ॥ મનોવિજ્ઞાન ॥ ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને આત્મ અવલોકન માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટીએ સૌથી પહેલાં જીવે પોતાના દોષોનું અવલોકન કરવાનું છે તમામ દોષોનો ભંડાર મનમાં પડ્યો છે જે તાદાત્મક ભાવે છે. મનમાં જે મલીનતા ભરેલી છે તેને ઓળખવી પડે અને તેના સંશોધિન માટે તેના ઉપાય પણ જાણવા પડે. આત્મ અવલોકન તમને તમારી ખામી વિષેનું દર્શન કરાવે છે અને તેના આધારે કેવા બનવું છે શું કરવું છે તે તમારે નક્કી કરવાનું છે.

મૂળભૂત ધર્મનો ઉપાય આત્માનું પરિવર્તન છે. આપણે જેવા છીએ તેનાથી કંઈક જુદા બનવું હોય તો ધર્મસાધના ઉપયોગી છે. તમારો સ્વભાવ શું? દુનિયાની બધી વસ્તુમાં પરિવર્તન લાવવાની ઈચ્છા છે. જેમ ઘરમાં આમ કરવાની જરૂર છે, રસ્તામાં આ બરાબર નથી, વ્યક્તિમાં આ ખામી છે, દીકરામાં આ ખામી છે, કલાકામાં આ અપલક્ષણ છે. માટે તમારા જીવનમાં તમે સેંકડોવાર બીજાને ફેરફાર કરવા અભિપ્રાય આપ્યા હશે, પાછી સોડવાઈઝ માંગ્યા વગર આપી હશે. ઘરમાં અને બહાર બધી વસ્તુમાં તમને ખામી દેખાય છે. દુનિયા આખીમાં પરિવર્તન લાવવાની તમને ઈચ્છા છે. આમ ભલે કાંઈ સમજતો ન હોય છતાં કહેશે દેશમાં પણ આ રીતના ફેરફાર લાવવાની જરૂર છે. આમ તમે દુનિયા આખી પર કંટ્રોલ કરવા માંગો છો પણ મન પર કંટ્રોલ કરવા માંગતા નથી, જે આપણા હાથમાં છે તે કરવું નથી, અને જે હાથમાં નથી ત્યાં રાત દિવસ માથુ મારવુ છે. આ અનંતકાળથી દોષ, ખામી પ્રકૃતિમાં વણાયેલા છે. આ ટેવ આપણી અનંતકાળની છે જ્યાં કાબુ નથી ત્યાં કાબુ જમાવવો છે. દુનિયા કાંઈ તમારા કંટ્રોલમાં છે? તમારે ફેરફાર કરવા હોય તો જાતમાં કરી જાઓ કે આખી દુનિયાને બદલી જાઓ? અને માટે જ આપણી

અનંતકાળથી રખડીએ છીએ.

તીર્થંકરોએ પણ શું કર્યું? તેમને આત્મપરિવર્તન કર્યું છે. ભલે આખા વિશ્વના ઉલ્યાણની કામના કરી પણ પરિવર્તન માટેનો પુરુષાર્થ તો અંતમાં જ કર્યો. આપણે કેવા બનવું છે તે આપણા હાથની વાત છે દુનિયાને પલટી શકવાના નથી ખાલી માથાકૂટ કરીને મરી જશો તો પણ. પરંતુ રસ ક્યાં છે? અંતમાં રસ નથી. રજકસાડ બહારજ તમારી નજર છે.

ઘરમાં આ બરાબર નથી. આમ ફેરફાર કરવા જેવું છે તે બધુ પ્રકૃતિમાં જ વણાયેલુ છે, પણ આપણામાં ફેરફાર કરવા જેવો લાગતો નથી. ધર્મ પહેલાં અંત પરિવર્તનની વાત કરે છે. મનનું સ્વરુપ સમજવા ભાવમનમાં રહેલા પાસામાં જે ખેલી તૂટીઓ છે તેને બદલવાની ભલામણ કરી છે. રજ કસાડ અશુભ ભાવો જે અંદરમાં વણાયેલા પડ્યા છે તેનું અવલોકન કરવાનું છે. અનંતકાળના દોષોનો સંગ્રહ આત્મામાં થયેલો છે. જો તેને મનથી છુટા પાડો તો બધા પાપોથી છુટકારો થાય. બધા બંધનું મૂળ કારણ આ મન છે. હવે મનને ઓળખ્યું પણ જો તેને સુધારવાની ટેકનીક ન હોય તો આત્માવલોકનનો ઉપયોગ શું? ખામીઓ ખૂબ ભણી પણ ભણ્યા પછી તેમાં પરિવર્તન લાવવું તેજ ખરી કળા છે અને તેનું વર્ણન હવે આવશે.

આજનું સાયન્સ મનની નબળાઈઓ બતાવે છે પણ પછી વ્યક્તિએ ટોપ ડેવલપમેન્ટ કઈ રીતે કરવું તે બતાવી શકતું નથી માટે અધુરુ છે. પરંતુ તીર્થંકરોએ તે કઈ રીતે કરવું તે બતાવ્યુ છે અને તેની પ્રક્રિયા જે સાંગોપાંગ જાણે છે અને તેને જ આત્મસાત કરે છે તે જ ખરો સાધક કહેવાય છે.

જેમ કોઈ માણસ વારંવાર શરદી ખાંસીના ઈલાજ દ્વારા સમજાવે કે આ રોગ, બીમારી છે, આટલી તેમાં વિશેષતા છે પણ રોગના નિવારણના

ઉપાય ન બતાવે તો મતલબ શું ? ખાલી દુઃખી જ થવાય ને ? ભગવાને ખાલી રોગોનું નિદાન જ નથી કર્યું પણ તેના નિવારણની સાંગોપાંગ પ્રક્રિયા બતાવી છે.

અનંત જન્મમાં અશુભ સંસ્કારો આત્મા પર આધાન કર્યા છે. જેમ વાઘ, સિંહનાં ભવમાં રાક્ષસાક ક્રુરતાના ભાવ રાખ્યા, સાપના ભવમાં ઝેરીલાપણું વણાયેલુ હતુ. માટે જે જે ભવમાં પ્રવૃત્તિ, ભાવો કર્યા તેના સંસ્કારો આધાન થયા છે. આત્મા તો તે જ છે. કાંઈ આ નવો આત્મા નથી. એક સંસ્કાર કે કોઈ વૃત્તિ એવી નથી કે આપણો તેનું સેવન ન કર્યું હોય. જેમ કૂતરા બિલાડાના ભવના સંસ્કાર જે ભમ થયેલા છે તે જેવું નિમિત્ત મળે કે તે સંસ્કાર ઉભા થાય છે. અનકોનસીયસ મનમાં વધુ પડ્યુ છે તે પ્રસંગ આવે વહાર આવે છે. માટે જે પડ્યુ છે તેનો ત્યાગ કાઢો તો ખ્યાલ આવે કે અશુભભાવો, પરિણામ, સંસ્કાર આત્મસાત થયેલા છે. માટે આ વિકૃતિ સ્વભાવગત થઈ છે.

<u>શ્રોતા</u>:- વિકૃતિ જ લાગતી નથી.

<u>સાહેબજી</u>:- વિકૃતિ નથી લાગતી તે મિથ્યાત્વ છે. જે વિવેકનો અંધાપો છે. વિકૃતિ વિકૃતિ રૂપે લાગે છતાં છોડી ન શકે તે આચરણાની ખામી છે. વિવેકશુન્ય તે મિથ્યાત્વનું લક્ષણ છે. અને આચારશુન્ય તે ચારિત્રમોહનીયનું લક્ષણ છે. મોહનીયકર્મે બધાને ડીપાર્ટમેન્ટ જુદાજુદા સોંપી દીધા છે. જે વિભાગનું કર્મ હોય તેવી જ અસર આત્મા પર દેખાડે. જ્ઞાનાવરણીયકર્મ જ્ઞાન શક્તિને કુંઠીત કરે.

<u>શ્રોતા</u>:- સાહેબ એક કર્મ બીજા કર્મને મદદ ન કરે ?

<u>સાહેબજી</u>:- હા, ચોરનો ભાઈ ચોરને મદદ કરે. મૂળથી બન્ને તો કર્મની છે. સહાયક બને પણ ખરા. પણ દર્શનમોહનીય જે અસર કરે તે કાંઈ ચારિત્રમોહનીય ન કરે.

આપણા આત્મા પર કયા કર્મનો ઉદય છે તેની કેટલી અસર છે

તે જે કર્મવાદ ભણતો હોય તે નક્કી કરી શકે. તમને જેમ ટી.વી. પર ચિત્રો દેખાય તેમ તમને કર્મવાદ ભણેલા હોય તો દેખાય કે આ કર્મની અસરથી અત્યારે આ ગતિ બંધાય છે. જેમ તમને સુંદરનું ખરેખર ભણવાની જરુર લાગતી હોય તો અહિંયા કોઈ એવો નથી કે કર્મગ્રંથ ન ભણી શકે. બુદ્ધિ, શક્તિ છે છતાં ભણતાં નથી. તેમાં કારણ રસ નથી.

સભા:- કર્મ દેખાતુ નથી

સાહેબજી:- પણ તમને કુ પ્રભુ કે બીજા વધારે કરતાં અસર, પડછો કોનો વધારે પડે છે? કર્મને નક્કી માનો છો ને? રર કલાક તમારી પ્રવૃત્તિ, વર્તન પ્રત્યેક ઘરના બધા પર પ્રબળ અસર કર્મની જ છે. ગમેતેટલા ધમપછાડા કરો પણ જે કર્મ કહે તો બોલી જવુ પડે? માટે ખાલી ખોટી રાઈ ભરીને બેઠા છો. જેમ અહિંયા બેઠા છો પણ પ્રતિક્ષણ આઠે આઠ કર્મની અસર ચાલુ છે. શ્વાસોશ્વાસ પણ તમારા મુજ્યથી ચાલે છે. હાર્ટ, કીડનો શું તમારી મરજીથી ચાલે છે? આટલુ સ્પષ્ટ દેખાય છે છતાં વિચાર કરવાનું મન નથી થતુ. આનાથી આગળ શું રીઝલ્ટ આવશે તે વિચારતા નથી જે મૂરતા છે. આટલુ સ્પષ્ટ દેખાવિચા કોઈ ધર્મમાં નથી.

સભા:- આયુષ્ય એકવાર બંધાય, પણ ગતિ તો બંધાતી હોય તેની સાથે બીજા કર્મ પણ બંધાય ને?

સાહેબજી:- હા, એક વ્યક્તિ ગતિ બાંધે છે. તે તેની સાથે કેવા જ્ઞાનાવરણીય કેવા દર્શનાવરણીય બાંધતો હશે. તેનું ક્વાલીફીકેશન આપી શકાય પરંતુ આ રીતે અત્યારે મનનું વિશ્લેષણ જ નથી. વારંવાર કહેવાનું આવે છતાં બેદરકારી છે.

સભા:- કયા કર્મનું ફળ અહિંયા ઉભાકો, રસ પેદા નથી કરતો? અને તેનાથી કયુ કર્મ બંધાય?

સાહેબજી:- બોલો સંસારનો રસ પેદા કરાવનારુ કર્મ કયું? મોહનીય. પણ કયુ કર્મ? ચારિત્રમોહનીય રાગ પેદા કરે. રસમાં ઉભાકો પેદા કરે તે

કર્મ જુદુ હોય. એટલે સંસારમાં રાગ અને રસ એ બન્ને વસ્તુ જુદી છે. એક કર્મ સંસારમાં રસ અને સંસારમાં જિજ્ઞાસા પેદા કરાવે છે જ્યારે અહિંયા તો જિજ્ઞાસાના બદલે અજ્ઞાનનો રસ પેદા કરાવે છે. આ ક્ષેત્રમાં બુદ્ધિશાળી તમને ગમે નહિ અને અજ્ઞાન રહેવું ગમે. હવે આ બને છે તેમાં કારણ કોણ? આમાં ઉપાધ્યાયજીએ લખ્યું કે સંસારનો રસ આત્મામાં રહેલી જિજ્ઞાસાને દબાવી નાંખે છે અને બૌદ્ધિક જિજ્ઞાસા પેદા કરે છે માટે તમને જ્ઞાનાવરણીય નડતું નથી પણ દર્શનમોહનીય નડે છે. માટે તમને ગમે તેટલો પ્રયત્ન કરીએ પણ આવું સદ્જ્ઞાન મેળવવાનું મન થતું નથી. આ બધી તમને પિંજણ જ લાગે છે. જેમ તમને ટ્રાફીકવાળા રસ્તામાં ખબર ન પડતી હોય તો, લાગે કે અહિંયા એમનેમ રસ્તો ક્રોસ કરશું તો હડફેટમાં આવી જઈશું તો બુદ્ધિશાળી સાથે કામ કરો ને? તેમ અહિંયા લાગે ખરું કે કર્મની હડફેટમાં આવીને મરીને જઈશું? માટે જ આજ દિવસ સુધી ખોટી રીતે કર્મની હડફેટમાં આવ્યો છો. ૯૯% આ મારમાં અજ્ઞાનતા, મૂર્ખતાનું કારણ છે. આ બધા ઘોડામાં અજ્ઞાન જ કારણ છે અને આના કારણે જ મુંઝાયા છો. પરંતુ જેને આ બધાની બુદ્ધિશાળી હોય તે સાવધાની સાથે કામ કરી શકે. તમારા જુવલમાં અજ્ઞાન ચૂલક જ ત્રાસ ઘણો છે માટે સમજણની જરુર છે. પરંતુ મોહનીયકર્મ તમારે મજબુત બનીને બેઠુ છે જે સંસારની જિજ્ઞાસા કરાવે છે અને ધર્મની જિજ્ઞાસા બુદ્ધી કરાવે છે. પરંતુ તમને તો એમ કે "આ બધુ બનીને શું કરશું? જે બનવાનુ હશે તે બનશે." હવે તેને કહીએ કે તો પછી દુકાને જવાની પણ શું જરુર? પરંતુ ત્યાં તો નહિ જઉ તો ઉંધુ વળી જશે. તેવું માનો છો ને? તેથી કહેશો ત્યાં તો જરુર જવું પડે. તેમ છે. આ ક્ષેત્રમાં તમારે આ નિયમ છે જ નહિ. ફક્ત બહાનુ કાઢવા પૂરતુ જ છે. માટે ૨૪ કલાક કર્મ છે, ૨૪ કલાક કર્મની અસર છે, બંધ છે બરાબર જુઓ તો બધુ જ ખ્યાલ આવે. માટે કર્મના બંધ વિચારો તો

ખ્યાલ આવી શકે તેમ છે કે આ કર્મથી આ ગતિ બંધ જેનાથી આ ભવ આવશે.

માટે મનના ભાવોની ઝણઝારીથી બન્ને પક્ષે લાભ છે. જેનાથી કર્મનો ઉદય અને કર્મના બંધને સોળખી શકાશે. આવી આવી કર્મની અસર થાય છે તો તેને બદલવા શું કરવું ? માટે મૂળ વિષય સંશોધનનો ઉપાય શું ? તેમાં પાંચ પોઇન્ટ બતાવેલા.

મનની શુદ્ધિ કરવા પહેલાં આત્મવિશ્વાસ જગાડવો પડે. અગાધ શક્તિવાળુ મન પણ આત્માની શક્તિ પાસે માયકાંગલુ છે. ચેતન એવા આત્માની શક્તિની તોલે જડની શક્તિ કામ આવે નહિ. પરંતુ આપણે જડની અસર નીચે આવી ગયા છીએ. તેના વર્ચસ્વ નીચે આવી ગયા છીએ પરંતુ અત્યારે જે આત્માની શક્તિ છે તે તમારા એક નહિ પણ અનંત કર્મોને તોડી શકે તેમ છે. પણ આપણી ખૂબી છે કે મજબુરી ક્યાં કે કર્મ જેમ રાખે તેમ રહેવું છે. પરંતુ જો આત્મશક્તિ વિકસાવો તો ધારો તો અનાદિના અશુભ સંસ્કારોને બદલી શકો. મૂળમાં ફેરફાર કરી તેમાં નવા સારા સંસ્કાર આધાન કરી શકો તેમ છો.

સમા:- ચૈતન્યની શક્તિ દેખાતી નથી

સાહેબજી:- શક્તિની શ્રદ્ધા થવી જોઈએ કે આવી શક્તિ વિશ્વમાં બીજે ક્યાંય નથી. પરંતુ તમારા મન પર જડનો પ્રભાવ છે તેટલો ચૈતનનો પ્રભાવ નથી. પરંતુ તમે બરાબર સમજો તમે આજના ભૌતિક સાધનો જુઓ, તેમાં પ્લેન, રોકેટો, કોમ્પ્યુટર આવ્યા. હવે તમે આ બધાની કરામત જુઓ તો સંભઇ જાઓ ને ? હવે આનો અર્થ શું ? ભલે તમે સંભઓ છો પણ સાચુ કહેજો. આ બધાનો સર્જક કોણ ? હ્યુમન બ્રેઇન જ છે ? તેમાં શક્તિ કોની ? તેનો મૂળ સર્જક આત્મા જ છે. વિચારજો જડની શક્તિ વિશેષ કે ચૈતન્યની શક્તિ વિશેષ ?

તમે સર્જનથી અંભાઓ છો પણ સર્જકનો વિચાર જ કરતાં નથી.

પરંતુ આવી શોધ કરનાર કોણ છે ? આત્મા જ છે. જે તમને ખૂબી વિશેષતા દેખાય છે તેના મૂળમાં આત્મા જ છે. ચેતનની શક્તિ છે. પ્રતિભ શક્તિ બધુ જ આત્માનું છે. આ વ્યાપક સ્તરનો નિયમ છે પણ તમને બેસશે કે કેમ ? ખબર નથી.

તમારે જૂતકાળમાં કયાં હાથથી વપરાતાં, હવે તમારે મીલો આવી. માટે કહો વિકાસ થયો. પણ રો મટીરીયલ વગર મીલો ચાલે ખરી ? તેના માટેનું ફ કોણ બનાવે છે ? તેમાં જડની શક્તિ કે ચેતનની શક્તિ ? એક ચંડિના દાણામાંથી કોઠાર ભરીને દાણા બનાવાની શક્તિ જડની કે ચેતનની ? માટે મૂળભુત સર્જનશક્તિ આત્માની છે. જે પણ નવું બને છે તે બધુ બનાવવાની શક્તિ આત્માની છે. તમને સાભ, નરવા, કેશ રાખનાર પણ આત્મા છે. અંદરથી પ્રાણ નીકળે એટલે સેકન્ડોમાં આ દેહમાં બગડવાનું ચાલુ થાય ? પછી તમને વહાલા, વહાલા કરનાર પણ ઘરમાં એક સેકન્ડ રાખે ખરા ? માટે અંદરમાં બધુ બધુ આત્માનું છે માટે સંસારમાં જે સર્જન કે વિસર્જન દેખાય છે તે બધાના પાયામાં આત્મા જ ધરબાયેલો છે.

હવે આત્મા પર કર્મ લાગ્યુ છે તેને પલટવાનું છે. પરંતુ કર્મ બળવાન કે આત્મા બળવાન ? જો કર્મ બળવાન હોય તો આજ દિવસ લગી એક જીવનો મોક્ષ થયો ન હોત.

સભા :- ક્યારેક કર્મ બળવાન, ક્યારેક આત્મા બળવાન

સાહેબજી :- આ સાપેક્ષપણે વચન છે. ગમે તેવો બળવાન વ્યક્તિ પણ જો અજ્ઞાનદશામાં હોય તો નબળી વ્યક્તિ તેના પર શક્તિ બતાવી શકે. શસક્ત માણસ સૂતો હોય ત્યારે નબળો ચઢીને એટેક કરી શક્તિ બતાવી શકે છે.

સભા :- સમકીતીને ચારિત્રમોહનીય નુકસાન કરી શકે ?

સાહેબજી :- ચારિત્રમોહનીયની અસરથી તેને ખોવાનો વખત ન આવે.

સમકીત આવ્યા પછી તેને કોઈપણ કર્મ તેના આત્માની મોક્ષમાર્ગની સાધનાને રોકી શકતું નથી, મોક્ષમાર્ગની પ્રગતિમાં અવરોધ કરી શકે નહિ. મોક્ષમાર્ગની પ્રગતિમાં અવરોધ કરાવનાર કર્મ દર્શનમોહનીય છે. હા, બીજા કર્મની તાકાત તેની સાધનાની સ્પીડ ઓછી કરે. પણ ગતિ તો ન જ રોકી શકે. તેનું વિશેષ વિવેચન આપણે યોગવિંશિકામાં વિઘ્નજયમાં આવશે.

પરંતુ અહિંયા તો આત્મા અજાગૃત હોય તો કર્મ ચઢી બેસે છે. જેમ શક્તિવાળો માણસ ૪૪ ડીગ્રી તાવમાં ઊંઘતો પડ્યો હોય ત્યારે તેને ઉઠવા માટે નાના છોકરાનો ટેકો લેવાની જરૂર પડે છે પણ આમ તાકાત કોની વધારે છે ? તેને રોગની નબળાઈના કારણે અસર થાવી છે. પણ કુણથી પહેલવાન કોણ ? તેમ આત્માની અજ્ઞાનદશાના કારણે કર્મની અસર છે પણ જો તેની સજ્ઞાનદશા આવે તો કર્મની અસર નથી.

સમકીત આવે એટલે તે કર્મને ઉથેડે છે.

શંકા :- સમકીતની હાજરીમાં પણ રોગ ન આવે ?

સાહેબજી :- સમકીતની હાજરીમાં રોગ આવે પણ તે રોગનો હુમલો તેને ભાન ન ભૂલાવે. જો ભાન ભૂલાવે તો સમકીતની હાજરી ન હોય. મિથ્યાત્વ જ ભાન ભૂલાવે છે.

શંકા :- પણ સાહેબજી ભાન ભૂલે એટલે મિથ્યાત્વ આવે કે મિથ્યાત્વ આવે એટલે ભાન ભૂલે ?

સાહેબજી :- બન્ને સાથે જ હોય. ભીંત સાથે માથુ પછડાય ત્યારે જ વાગે છે. વાગે ત્યારે જ માથુ પછડાય ? માટે બન્ને સાથે જ હોય. માટે સમકીતની હાજરીમાં સજ્ઞાનદશા છે, જાગૃતિ છે. તે વખતે કર્મ તેને હેરાન કરી શકે તેવી શક્તિ નથી. આત્મા જાગૃત થયો પછી કર્મની મજાલ નથી કે તેને જગાડી શકે. જો તે વખતે કર્મની મજાલ હોય તો કર્મના બંધથી આત્મા છૂટી ન શકે. આમ પ્રતિક્ષણે અસંખ્ય ભવ સુધી ચાલે તેવા કર્મ બંધાય છે જે તમને, મને અને ભગવાનને પણ, દીક્ષા લીધા પછી ૨૪ કલાક

સાધનામાં મગ્ન છે ત્યારે પણ પ્રતિક્ષણ કર્મ અસંખ્ય ભવ ચાલે તેવા તેમને બંધાય છે, અપ્રમત્તદશામાં પણ બંધાય છે.

પ્રશ્નઃ- સમકીતીને કર્મ બંધાય?

સાહેબજીઃ- સમકીતીને ભેખમી કર્મ ન બંધાય પણ કર્મ તો બંધાય જ. જેટલા પણ કેવળજ્ઞાન પામ્યા તેને તેની બે ઘડી પહેલાં આત્મા પર અસંખ્ય ભવ સુધી રઝળપાટ કરાવે તેટલા કર્મો હતા. માટે વગર ભોગવે જે તેને ખપાવવાની સાધના કરે છે તેનો જ નિસ્તાર થાય છે. માટે ચૈતન્યની શક્તિ વધારે છે. જેને આત્માની શક્તિ પર વિશ્વાસ છે તેવો જ વ્યક્તિ સાધના કરી શકે છે. જેકે ચિલાતીપુત્ર,રોહાળો કે દૃઢપ્રહારીએ પાપ કર્યા તેના કરતાં પણ. જો ઉગ્ર પાપ કર્યા હોત તો તેને ઉખેડવાની ચમત્કૃત રીતે શક્તિ આત્મામાં પડી છે. માટે ધર્મના ક્ષેત્રમાં નિરાશ થવાની જરૂર નથી.

સંસારમાં તમને અમુક પ્રકારના ઉંધાચત્તા થયા પછી કદાચ તેમાંથી બહાર નીકળી ન શકો પણ ધર્મના ક્ષેત્રમાં તેવું નથી. પણ જેવો આત્મા જાગૃત થાય પછી ગમે તેટલા પાપ હોય તો તેને મહાત કરી વિખેરવાની શક્તિ આત્મામાં છે. આત્માની અગાધ શક્તિ પર વિશ્વાસ બેસે પછી જ તે મનનું સંશોધન કરી શકે. અનંતકાળની વૃત્તિઓ કાઢવા પુરુષાર્થ જોઈએ, હિંમત ક્યારે આવશે? જો આત્માની શક્તિ પર વિશ્વાસ બેસે તો.

હવે જડમાં પણ આમ તો શક્તિ છે. પરમાણુમાં અનંત શક્તિ છે માટે જ આવા એટમબૉંબ બની શકે છે. નહિતર સાયન્સ આવી કરામતો ઉભી ન કરી શકતે. જડ સાવ માયકાંગલુ છે, તેવું નથી. તે બધામાં સૌથી વધારે શક્તિ કર્મમાં છે એનાથીય ચડીયાતી શક્તિ આત્મામાં છે.

પ્રશ્નઃ-

સાહેબજી:- જડ બધુ દેખાય છે જ્યારે કર્મ દેખાતુ નથી. તમને આ ટેબલ, ઘેમ, કબાટ, ભીંત બધુ દેખાય છે અને આ બાકીની જગા ખાલી દેખાય છે પરંતુ અહિંયા એક પણ ખુણો ખાલી છે ખરો? પરંતુ ખાલી જગામાં ઢાંસીઢાંસીને ભરેલુ છે, પરંતુ આપણી આ ઈન્દ્રિયથી આટલુ જ દેખાય છે. જે ઢાંસીને ભરેલુ છે તે ઈન્દ્રિયથી દેખી શકાતું નથી. આ ઈન્દ્રિયની શક્તિથી જેટલુ જોઈ શકીએ છીએ તેના કરતાં કંઈ ઘણી વિશાળ દુનિયા છે. હવે તમે અહિંયા જો અમુક મશીનો મૂકો તો અમુક રેઝ, વેવ્ઝ દેખાય છે, તે પણ સ્થુલ છે. પરંતુ આપણી શાસ્ત્રદષ્ટિએ તો દરેકપણ સુક્ષ્મ છે. વિજ્ઞાન પણ જે પકડી શકે છે તે તો ૦.૧ ટકો પણ નથી. આપણે આઠ વર્ગણા કહી છે, તેમાં વિજ્ઞાન એક વર્ગણાને પકડે છે સાત વર્ગણાને તે પણ નથી પકડી શકતુ. જ્યારે આત્મા પર આઠ વર્ગણાની અસર આમ બતાવી છે. અને અસર ન બતાવે તેવી વર્ગણા તો અસંખ્ય છે.

બહારનું જગત જુદુ છે. સુક્ષ્મ જગત જુદુ છે.

આવો કર્મ તમને દેખાતું નથી, પણ તેની અસર રૂપ કલાક દેખાય છે, જેનો અનુભવ થાય છે. જેમ એકારે નજરે દેખાતો નથી, રેડીયો વેવ્ઝ દેખાતા નથી છતાં માનવુ પડે છે, માટે આ આખા હોલમાં ધ્વનીના વેવ્ઝ છે. તેમ કર્મની અસર ઝીણી ઝીણી દેખાય છે. કેવી પરિસ્થિતિ છે તમે ખોરાક લો છો, તે પચે છે તે તમારી મરજીથી પચે છે? તમારી હોંશિયારીથી પચે છે? પરંતુ પાચન કોના દ્વારા થાય છે?

સભા:- ઓટોમેટીક થાય છે.

સાહેબજી:- આ દુનિયામાં ઓટોમેટીક કશું જ થતું નથી. આપમેળે કશું બનતું નથી. જે પણ બને છે તે બધુ ચોક્કસ કારણોથી બને છે અને આતો વિજ્ઞાન પણ માને છે. માટે કારણ વગર કશું બનતું નથી, ચોક્કસ કારણોથી જ બને છે. જો ઓટોમેટીક બનતું હોય તો, ગમે ત્યારે ગમે

તે બની જાય. પણ તેમ બનતુ નથી. જેમ: તમે ચાલતાં ભટકાવ તો જ વાગે ને? કે વગર ભટકાયે પણ વાગે ખરુ? કયરું પણ ચોક્કસ પ્રક્રિયાથી દુધ તો ઘીવાય તેમ રસોઈ પણ ચોક્કસ પ્રક્રિયાથી થાય છે. તેમ પાચન જે થાય છે તે ચેતન આત્માથી જ થાય છે. ચાલો, તમારી માન્યતા કબુલ કરીએ પણ તેમાં રેગ્યુલેટર કોણ? પુરુષ હોય તો પચે? જો પુરુષ ઓછુ હોય તો ઝાડા થઈ જાય છે. તમારો ઝાડો, પેશાબ પણ તમારી મરજી મુજબ થાય છે? આ બધી સીધી વાતો. છે માટે પ્રત્યક્ષ કર્મનો અનુભવ છે. પરંતુ તમે બુધ્ધિના દરવાજા લોક કરી નાંખ્યા છે.

સભા:- બુધ્ધિના દરવાજા લોક કર્યા છે તેમાં શું કારણ છે?

સાહેબજી:- તમારા બુધ્ધિના દરવાજા ઓટોમેટીક લોક નથી કર્યા તેના પણ કારણો છે. જો તે વિચારશું તો તમારે ઉપાધિ ઉભી થશે. તમે તત્વ વિશે કેમ વિચાર્યા નથી? કારણ જેનાથી આચાર, વિચાર બદલવા પડશે. તમને તમારા જીવનનો ઢાંચો પરિવર્તન કરવાની ઈચ્છા જ નથી. માટે આ બધી માથાફોડ છોડો તેમ નથી અને તેથી જ ધર્મમાં ઉતરતા નથી.

સભા:- પણ સાહેબ તેમાં પણ અમને કર્મ નડે છે.

સાહેબજી:- તેમાં કારણ તમે કર્મને સ્કોપ આપો છો. તેમાં ચોક્કસ કર્મને વાંક આપો નહિ, તેમાં તમારો પણ સાથ છે. તમને કર્મને ગાઢ કરવા ગમે છે. તમને અમુક કર્મનું વર્ચસ્વ ગમે છે માટે તેને ગાઢ કરો છો. અને જે અણગમતા કર્મો છે તેની સામે વગર મૂછે લડી લો છો. ગમતા કર્મ સાથે ભાઈબંધી કરો છો માટે જ કર્મને પંપાળવાનું કામ ચાલુ છે લડવાનું કામ પણ ચાલુ છે પરંતુ જુદુ દ્રષ્ટિથી.

જૈન ફીલોસોફીનું તત્વ કેવુ છે? તમે સુખી છો તો તેમાં

કારણ પણ તમે છો, તમે દુઃખી છો તો તેમાં પણ કારણ તમે છો. ચન્જર ડેવલપમેન્ટની જવાબદારી, કે તમારા વિકાસની જવાબદારી પણ તમારી જ છે. માટે બધાનું મૂળ અંદરમાં જ છે. જેમ આફત આવી ત્યારે દુઃખનું કારણ ક્યાં ? તમે કહેશો બહાર છે ત્યારે ભગવાન કહેશે ના, કારણ અંદરમાં જ છે. તમે તમારી મતે જ પાપ બાંધો છો. બીજુ કોઇ તમને પાપ ન બંધાવી શકે. તેથી તમારી મતનો કાબુ તમારા હાથમાં જ છે. પરંતુ તમે દુનિયાને નહિ બદલી શકો. તમારી પરિસ્થિતિ કેવી છે કે જે હાથમાં છે તેમાં તમને રસ નથી અને જ્યાં તમારો કંટ્રોલ નથી ત્યાં તમે ફાંફા મારો છો પરંતુ કર્મ સામે મોરચો માંડવાનો છે. મન સંઘર્ષ કરવાથી બદલી શકીએ પરંતુ તેના માટે પહેલા આત્મવિશ્વાસ જોઇએ. ઘણાને શું ? બુદ્ધિ હોવા છતાં બે, ચાર વાર નિષ્ફળતા મળે તો લાગે કે આમાં મારુ કામ નહિ. માટે જ્યારે મનમાં રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયા આવે ત્યારે પણ લાગે કે તેને રોકવા તે મારુ કામ નહિ, એ આપણા હાથમાં નથી. માટે બધે આવી વૃત્તિ હોવાથી જ પાંગળીમાં બેઠા છીએ. પરંતુ પોતાના મનની ખામી કાઢવાની શક્તિ આપણા હાથમાં જ છે. જો તમે વિશ્વાસ જગાવો તો તમારા મનના અહંકાર, માયાવી વૃત્તિ, દંભભાવ બધુ જ શાંત કરી શકો તેમ છો. પરંતુ ઘણા શું બોલે છે કે ભાઇ મનના તોફાન સામે અમે કાંઇ કરી શકીએ તેમ નથી પરંતુ તમે તમારા મનને પૂછો કે કદી મન સામે સંઘર્ષ કર્યો છે ખરો ?

<u>સભા</u>:- પણ સાહેબજી તેની સામે પ્રયત્ન કરાવે તેવું કર્મ નથી

<u>સાહેબજી</u>:- તમને તો પ્રયત્ન કરાવે તેવું કર્મ જોઇતું નથી. પરંતુ તેની સામે તો ઇચ્છા, કામના, સંકલ્પબળ જોઇએ. હું પૂછુ છુ કે શું દુશ્મન સામે લડવા માટે દુશ્મનની ઇચ્છા જોઇએ ? શું કદી પણ દુશ્મન એવી ઇચ્છા રાખે કે મારો દુશ્મન મને મારે ? માટે વિચારજો.

કર્મ તો આત્મા માટે વિરોધી તત્વ છે. તે તેનો શત્રુ છે, કાંઈ મિત્ર નથી. તમે એમ માનો કે મારે મારા વિરોધી માણસ સામે લડવું છે પણ તેની મહેરબાની હશે તો હું લડુ. આવુ જે માને તેને શું કહેવાય? કર્મની તો કેવી મહેરબાની છે કે તે તમને માયકાંગલા જ. નબળા જ બનાવવા માંગે છે. માટે જતે જ સાવદા થવાનું છે.

સભા:- પણ કષાયથી કષાય કાઢવાના નથી?

સાહેબજી:- હા, પણ તેમાં બળ કોનું વાપરવાનું? આત્મા નો એજ છે. માટે સાબદા કોને થવાનું છે. સારો લડવૈયો શું કરે ખબર છે? તે દુશ્મનની સાથે દુશ્મનને જ બઝાડી દે. પરંતુ આ કામ કોણ કરી આપે? માટે તમે કષાયને કષાય સામે બઝાડી દો, ભીડાવી દો, પછી તેને લડશે. રાજનીતિમાં લખ્યુ છે કે બળવાન શત્રુ સામે લડવા ભેદ નીતિ અપનાવવી. દુશ્મનને જ ફોડી દેવાના.

સભા:- સાહેબજી પણ અમારા દુશ્મનને અમારે શું લાંચ આપવી?

સાહેબજી:- તમે તમારા કષાયને લાંચ આપી શકો છો. તેની પણ ટેકનીકો પ્રભુએ ઘણી જ બતાવી છે. આપણે પ્રશસ્ત કષાય અને અપ્રશસ્ત કષાય માનીએ છીએ. તેમાં શુભભાવોથી ચિત્તને શાંતિ મળે છે. તે જો તમે બરાબર માનો તો અને તેનાથી સુખનો અનુભવ થાય છે માટે તેનાથી કષાયને કષાય સામે લડવાનું ચોક્કસ મન થાય. પછી તે જેમ જેમ લડતું જાય તેમ તેમ વિશેષ સુખ અને શાંતિ મળવાથી વિશેષ લડવાનું મન થાય.

દેહ, ઈન્દ્રિય, મન જીતવા કઈ રીતે? તો ધર્મ દ્વારા તેઓને અમુક સુખની અનુભૂતિ કરાવતા જવાનું છે. જેથી તમને તે તમારી સાધનામાં સહાય કરતું જાય. જેમજેમ જેનાથી મનનું સુખ વધતુ જાય તેમ મનને થાય વધારે પુરુષાર્થ કરવો છે. માટે શુભભાવથી આવુ સુખ છે. તે જો મનને અનુભૂતિ થશે તો મન ચોક્કસ આગળને આગળ

શુભભાવો કરશે.

જેમ દુશ્મનના દુશ્મનને ખાત્રી કરાવો કે આનાથી આટલો લાભ છે તેમ મનને ખાત્રી કરાવી પડે કે આ કરવાથી આટલો લાભ છે આટલી મજા છે. ધર્મથી આત્માનું સુખ તો છે જ પણ તે તમને કહીએ તો સત્યારે બેસે નહિ. પરંતુ તેનાથી મનનું સુખ મળે છે અને તેનો અનુભવ કરશો તો મજા આવવાથી મન શુભ કષાય કરવા તૈયાર થશે.

<u>સભા</u>:- શુભ કષાયમાં સુખનો અનુભવ કઈ રીતે થાય?

<u>સાહેબજી</u>:- તમે એક કલાક ક્રોધ પેદા કરો અને અનુભવ કરો અને એક કલાક પછી ક્ષમા પેદા કરીને અનુભવ કરો. તો શેમાં તમને શાંતિ, સુખ મળશે? ક્ષમામાં જ શાંતિનો અનુભવ થશે.

<u>સભા</u>:- પણ સાહેબજી ક્ષમા કરવા જોર કરવું પડે છે.

<u>સાહેબજી</u>:- ક્ષમા માટે જોર કેમ કરવું પડે છે? કારણ તમારે અંદરમાં ક્ષમા નથી. તમે બહારથી ક્રોધ ન લાવવાનો પ્રયત્ન કરો છો. જેમ ઉકળતા પાણીના ઠંડક પર વરફ મૂકો તો અંદરમાં ઠંડક થાય ખરી? માટે અંદર ક્ષમા ન હોય તો ઠંડક ન થાય. તમે ક્રોધને દૂર કરો, ક્ષમા આપોઆપ આવી જશે. તમે આ અયતરા રૂપે કરી શકો છો.

<u>સભા</u>:- પણ ક્રોધ બહુ જ જોર કરે છે.

<u>સાહેબજી</u>:- તમે જ્યાં સુધી તેની સામે ફાઈટ નથી આપતાં ત્યાં સુધી તે જોર કરે છે. નહિતર તો તમે અમુક પ્રસંગે પણ ક્ષમા ભણવી શકો ખરા? છતાં-પણ તમે ભણવો છો ને? જેમ તમને કોઈ કહે કે આ જડીબુટ્ટી છે તેની આ રીતે પૂજા કરશો તો ફાયદો થશે. પરંતુ પૂજા કરતાં એટલું ધ્યાન રાખવાનું કે ગમે તે કારણ બને પણ અકળાવાનું નહિ, મનને શાંત રાખવાનું. જો આ રીતે પૂજા કરશો તો દરેક કામનાની પૂર્તિ થશે. સાચું બોલજો તેવખતે કેવી ક્ષમા ભણવો?

<u>સભા</u>:- સાહેબજી આ ઔદયીક ભાવની ક્ષમા કહેવાય?

સાહેબજી:- ના, ઔદયીક ભાવની ક્ષમા કહેવાય. તમે ગાળ તે બોલો પણ તાકાત છે કે નહિ ? ભાવને કાબુમાં કરી શકો છો. તમે ઔદયીક ભાવની ક્ષમા ધારણ કરી તે વખતે તમને ક્રોધનો અનુભવ નથી. માટે અશાંતિમાં શાંતિ થઈને ? અને આ પ્રત્યક્ષ અનુભવ છે. જેમ તમે જુલ પર મરચાં મૂકો અને સાકર મૂકો. જ્યારે મરચાં મૂકો એટલે ચચરાટ થશે. અને સાકર મૂકો એટલે મીઠાશનો અનુભવ થશે. અને વધારે જ આ જ અનુભૂતિ થશે. માટે ગમે કાળમાં કોઈપણ વ્યક્તિ શુભભાવોનું સેવન કરે તો ચોકકસ તેને સુખ, શાંતિનો જ અનુભવ થાય, થાય ને થાય. માટે ધર્મ કરે તેને થોડીક તો મનની શાંતિ થાય જ. પછી ખાલી ધર્મના નામથી વાતો કરનારની વાત નથી. તેમ તમે મનમાં આવેગો, ઉશ્કેરાટ, મલીન વૃત્તિ કરી ત્યારે અંદરમાં શું અનુભૂતિ થાય છે ? અને મૈત્રી, પરોપકાર, ઉદારતાના ભાવો કરો ત્યારે શું અનુભૂતિ થાય છે? ચોકકસ શુભભાવથી મનને શાંતિ મળે છે અને અશુભ ભાવથી મનને અશાંતિ પેદા થાય છે. આ સંસારનું જકકર સત્ય છે. નાસ્તીક માણસ પણ શુભ ભાવના શરણે જાય તો તેને શાંતિ મળે છે અને ધર્મી માણસ પણ જે અશુભ ભાવના શરણે જાય તો તેને અશાંતિ મળે છે, દુઃખનો અનુભવ થાય છે. જેમ મરચાં અને સાકરમાં ફેરફાર કાંઈ નથી તેમ. ધર્મ પણ અનુભવ સિદ્ધ છે. માટે મનના ભાવોનું વિશ્લેષણ અતિ જરૂરી છે. જેથી શુદ્ધિ કરી શકો.

પરંતુ અત્યારે મોટા ભાગના મન સાથે લડતા નથી. અને હતાશ થઈને બેસી જાય છે. કહેશે કામ, ક્રોધ, વિકારોને નાશ કરવાની આપણી તાકાત નથી. અને તેથી જ મનને મોકળુ મેદાન મળી ગયુ છે. તમે તમારો વિશ્વાસ ગુમાવી દીધો છે. જેમ ચોરને મુનીમ જબરો મળી જાય અથવા ભાડુઆત દાદાગીરી કરીને ઘરમાં બેસી જાય તો તમે હાથ ખંખેરી નાંખો ને ? બસ તેની જેમ તમે પકડીમાં બેસી ગયા

છો. માટે અનંત કાળથી કર્મોના કારણો ચાલે છે અને ચાલવાનું છે. તે માનીને જ જતું કરો છો.

પરંતુ દરેક વ્યક્તિને કોક પ્રકારનો દૃઢ વિશ્વાસ બેસી જવો જોઈએ કે આત્મામાં કેટલા ગુણો છે, કેટલી શક્તિ છે. પરંતુ અત્યારે તમને તેની ઝાંખીરૂપે પણ વિશ્વાસ નથી. અત્યારે પરિસ્થિતિ કેવી છે કે નથી જાગૃતિ તેના માટે મથામણ કરો છો પણ આપણો આત્મા સર્વજ્ઞતાને ધારણ કરનારો છે, શક્તિરૂપે જગતની સર્વજ્ઞાન શક્તિ તેમાં પડી છે.

અત્યારે એવા પ્રયોગ થાય છે કે (જેમ હીપનોટીઝમમાં) જેમાં આત્મામાં કેટલી શક્તિ છે તે આવા પ્રયોગ દ્વારા સિદ્ધ થાય છે કોક વ્યક્તિને ડીપટ્રાન્સમાં લઈ ગયા પછી મોટા ડૉ. પણ જે રોગનું નિદાન ન કરી શકે તેવા રોગો માટે તેને પૂછીએ તો તે કહી આપે અને ટ્રીટમેન્ટ પણ સાચી આપે. આવા પ્રયોગ પછી બાળકો પણ સાચા જવાબ આપવાનું ચાલુ કરે. કારણ આત્મામાં જ્ઞાન પડ્યું છે. તમે જન્મ્યા ત્યારે તમને એકડો પણ આવડતો નહોતો પણ પછીથી ભણીને. જાણકાર બન્યાને? આ જાણકારી આવી ક્યાંથી? જે પુસ્તકમાંથી આવી તેમ કહો તો તે તો જડ સાધન છે, અને જો એમ કહો કે પ્રોફેસર પાસેથી મેળવ્યું તો પછી તેનું જ્ઞાન તેને તમને આપ્યું તો તે તો ડોબો થઈ ગયો. માટે જ્ઞાન કોઈ આપતું નથી અને કોઈ લેતું નથી. તો પછી જ્ઞાન આવ્યું ક્યાંથી? જ્ઞાન તો અંદર જ હતું. પણ જે તેના પર આવરણ હતું તે હટ્યું માટે બહાર આવ્યું છે. ડીપટ્રાન્સમાં જનાર વ્યક્તિની સ્થિતિ શું હોય છે કે, તેના મનનો, ચેતનાનો કંટ્રોલ તેના હાથમાં નથી હોતો. ડીપટ્રાન્સમાં લઈ જનાર વ્યક્તિના હાથમાં હોય છે. જો તે વ્યક્તિ કહે નાચવા માંડો તો તે નાચવા લાગે કારણ શું? તે વખતે તેની ચેતનાનો કંટ્રોલ તેના હાથમાં છે. માટે

તેના કહ્યા પ્રમાણે તે કરે છે.

સભા:- આ રીતે પાછલા ભવમાં જઈ શકાય ?

સારેબાબુ:- પાછલા ભવમાં જવું મુશ્કેલ છે. કરનાર વ્યક્તિ બહુજ વિલ-પાવરવાળી જોઈએ. પાસ્ટમાં જવા માટે પાંચ વર્ષથી, બે વર્ષ, ૧વર્ષ ૬ મહિના એમ કરતાં કરતાં માના પેટમાં પછી તેની આગળ જાય ત્યારે આગલો ભવ આવે. પણ આના માટે ઘણો જ વિલપાવર જોઈએ. પણ સિદ્ધાંતની દૃષ્ટીએ મનફેર નથી. જાતિસ્મરણ થઈ શકે છે. અત્યારે મુદ્દો આપણો શક્તિરૂપે છે. જ્યારે તમારી ચેતના બીજાના કંટ્રોલમાં આવે એટલે તે તેના ઓર્ડર થઈ તે કહે તેમ કરે. દસ વર્ષ પહેલાંનો વિચાર કરવાનું કહે તો તે કરી શકે.

તીવ્ર મનોબળવાળાની અસર થાય છે. શાસ્ત્રમાં પણ આવે છે કે તીર્થંકર પાસે, મહામુની પાસે, યોગી પાસે જવ તો વિચારો ફરી જાય છે. માટે જ સમવસરણમાં વાઘ, બકરી, સાપ, નોળિયો સાથે બેસી શકે છે. તીર્થંકરના શરીરમાંથી નીકળતાં પ્રશાંત મનોવર્ગણાની આ અસર છે.

જેમ તમે જ્યાં બેસો છો ત્યાં તમારી આજુબાજુના વાતાવરણમાં તમારા વિચારોની અસર થાય છે. જે વ્યક્તિ સારા વિચાર કરનાર છે જે શુભભાવથી વાસિત છે તે જ્યાં જાય ત્યાં શુભભાવ કરતો જાય છે.

માટે સંતો, મહાત્માઓ ઉત્તમ આલંબન છે. કારણ તેમની મનોવર્ગણાના પુદ્ગલો પ્રશાંત હોય છે. માટે તેનાથી તમારા ભાવોમાં ફેરફાર થાય છે.

સમરાદિત્યનું કથાનું દૃષ્ટાંત આવે છે.

એક સમ્રાટ છે તેઓ શિકાર કરવા લશ્કર સાથે નીકળ્યા છે. આમ તેઓ નિતિમાન રાજા છે પણ વ્યસન તરીકે શિકાર કરવા

નીકળ્યા છે. તેમને લશ્કર સાથે શિકારી કુતરા પણ રાખ્યા છે. આમ પશુપંખીના શિકાર કરવા માટે ફરતાં ફરતાં ત્યાં પ્રશાંત મુદ્રાવાળા જૈન મહાત્મા જેઓ કાઉસગ્ગ ધ્યાનમાં મગ્ન છે તેમને જુએ છે. આ રાજા નીનજૈન છે. જૈનમુની મેલાઘેલા વસ્ત્રવાળા હોય, તપથી શરીર કૃશ થઇ ગયેલુ હોય માટે તેને લાગ્યુ કે આતો મુંડીયાના અપશુકન થયા માટે શિકારી કુતરા તેને મહાત્મા પર છોડ્યા. આ કુતરાઓ તરાપ મારતાં મહાત્મા પાસે જવા નીકળ્યા છે, રાજાનો કલુષિત ભાવ છે. પરંતુ આ શિકારી કુતરા મહાત્મા પાસે જેવા પહોંચ્યા કે પાળેલા કુતરાની માફક શાંત થઇને પુછડી પટપટાવતા ગેલ કરતાં બેસી ગયા. આ જોઇને રાજાને ઘણુ આશ્ચર્ય થયુ કે આ કુતરા આમ કેમ કરે છે? નજીક જઇને જુએ છે તો કુતરાના મનોભાવ પલટાઇ ગયેલા રાજાને લાગે છે. વિશિષ્ટ સાધુનો પ્રભાવ છે જેથી કુતરા શાંત થઇ ગયા, પણ હું અકર્મી પ્રશાંત ન થયો. આ મહાત્મા સિદ્ધયોગી છે. જ્યાં સુધી તે યોગીનાં ફીલ્ડમાં હોય ત્યાં સુધી જીવ શાંત બની જાય છે. એકના મનોભાવની બીજાના મન ઉપર અસર થાય છે. હા, એટલી વાત ચોક્કસ કે દીપનીટીઝમનો દુરૂપયોગ કરે તો તે નુકશાન પણ કરી શકે છે. તે વખતે તે વ્યક્તિ બીજાના વિચારના પ્રભાવ તળે હોય છે માટે તેની વાત તે સૌએ સો ટકા સ્વીકારે છે. માટે એકબીજા પર અસર થઇ શકે છે. બાળદેવ સાધના કરે છે ત્યારે પ્રશુઓ શાંત પ્રશાંત બની ગયા છે. હરણ પકડીને ગૌચરી માટે લઇ જાય છે. જોકે અત્યારે આપણુ આ લેવલ નથી. પણ શાસ્ત્રોમાં બધુ જ છે. અને બધુ શક્ય છે. હા, પૈસાની ચોરના તેના આદેશ મુજબ ફોલો કરે છે તે વખતે આવરણ તૂટી જાય છે પણ જેવું તેના વર્તુલમાંથી બહાર નીકળે પછી કાંઇ નહિ. પરંતુ તે

વખતે બહાર આવે છે તે અંદરની શક્તિ, જ્ઞાન છે. અને આ તેનો પુરાવો છે.

જીવનમાં આત્માની શક્તિઓની ખાત્રી થવી જોઈએ. દા.ત. તમારા શરીરના તંત્રને ચલાવવાની શક્તિ આત્માની જ છે. દા.ત. આંખની નસો વાળના પચાસમાં ભાગ કરતાં પણ પાતળી છે. તેમાંથી લોહી પસાર થઈ શકે છે. આપણા તંત્રનું સર્જન આત્માએ જ કર્યું છે અને સંચાલન પણ તેજ કરે છે. અત્યારે દુનિયામાં જે પણ કાંઈ બની રહ્યું છે તેમાં કારણભૂત આત્મા જ છે. તે અનંતશક્તિનો ધણી છે. તેની શ્રેષ્ઠ શક્તિઓને બીરદાવવી જ પડે છે. કોણે, કોણે સર્જન, વિસર્જન શરીરમાં ચાલી રહ્યું છે. તે ચેતનનો જ પ્રભાવ છે. જો આ વિશ્વાસ બેસી જાય તો તમે ધારો તે કરી શકો તેમ છો.

અત્યારે તમારે અંદરમાં નિષ્ક્રિયતા, નિરાશા પડેલી છે. પણ જે વ્યક્તિ ધર્મના ક્ષેત્રમાં ધર્મ કરવા આવે તેને તો, આત્માની શક્તિઓનો વિશ્વાસ જોઈએ જ. જે આ શક્તિઓથી સંભળાયો નથી. તે સાધનામાં આગળ વધી શકતો નથી. મોક્ષમાં પૂર્ણ શક્તિઓનો વિકાસ કરવાનો છે. સર્વ શક્તિમાન બનવા માટે અંદરમાં તો પહેલાં વિશ્વાસ જોઈશે જ. અત્યારે તમે જરા જરા વાતમાં ગભરાઓ છો મનને જીતવું તે રમત વાત નથી. અનંતા જીવો મનની સાધના કરવામાં નિષ્ફળ ગયા છે. કારણ તેઓને આત્મવિશ્વાસ નહોતો. તમે બોલો છો કે પ્રસંગ આવે મન કાબુમાં રહેતું નથી પણ તમે કદી મનને કાબુમાં રાખવાનો પ્રયત્ન કર્યો છે ? પરંતુ મનુષ્યનું મન શક્તિમાન છે. શાસ્ત્રમાં ઘણા જ દાખલા છે કે જેઓ મહાવિકારી હતા તે નિર્વીકારી થઈ ગયા, મહાક્રોધી હતા તે ક્ષમાશીલ થઈ ગયા માટે બધે જ પરિવર્તન શક્ય છે.

પરમાત્માના આત્મા પોતે મોક્ષે જાય છે ત્યારે પ્રત્યેક જીવને

મોક્ષે લઈ જવાની તાકાત તેમના આત્મામાં હોય છે. બધા કર્મોને ખાઈ કરવાની તાકાત છે. કર્મની શક્તિ કરતાં આત્માની શક્તિ અનંત ઘણી છે. પણ જાગૃત થવું પડે. પરંતુ અંદરમાંથી તરવરાટ, ખુમારી, ઉત્સાહ આવતો નથી. "હું ધારું તો મનનું ઘડતર કરી શકું તેમ છું. સુખી બનવું કે દુઃખી બનવું તે મારા હાથમાં છે"

આ ચિત્તશુદ્ધિ માટેનું પહેલું સ્ટેજ આત્મવિશ્વાસ છે.

પહેલી સાધના માટેની મુડી આત્મવિશ્વાસ છે.

આત્મતત્વ પરની શ્રદ્ધા ખરી શ્રદ્ધા છે. ભગવાને કહેલો એવો આત્મા તમે માનો છો કે તમારી કલ્પનાનો આત્મા માનો છો? ખરી શ્રદ્ધા કઈ છે? અનંતશક્તિ, અનંતજ્ઞાન, અનંતવીર્યનો ધણી છે તેને માનો તે જ ખરી શ્રદ્ધા. કેવળજ્ઞાન પડ્યું છે પણ તેને પ્રગટાવવાની શક્તિ આત્મામાં છે માટે પોતાની શક્તિનો પરિચય જોઈએ. અને જેને ન હોય તો વ્યક્તિત્વનો વિકાસ કરી શકતો નથી. માટે આત્માની શક્તિ પર દૃઢ વિશ્વાસ જોઈએ. હવે જે પાંચ મુદ્દા છે તેમાંનો પહેલો મુદ્દો "આત્મવિશ્વાસ" તે આપણે થોડો વિચારીએ.

ભગવાનને જુઓ ત્યારે થવું જોઈએ કે પ્રભુ પાસે જે ગુણો છે, શક્તિ છે તે બધું સત્તારૂપે આપણા આત્મામાં પડ્યું છે. ધારીએ તો ત્યાં આપણે પહોંચી શકીએ તેમ છીએ. આ બધા કુવિકલ્પો નથી પણ મેં ખાત્રી પૂર્વકની તેના પર શ્રદ્ધા થાય તો પછી પુરુષાર્થ પ્રગટવાનો ચાલુ થાય. તમે અત્યારે બોલો છો કે આત્માની શક્તિ દેખાતી નથી પણ સમજુ, વિચારીને જુઓ તો આત્માની શક્તિ અત્યારે પણ કેટલી દેખાય છે.

બધા પર ચિંતન, મનન કરશો તો સાધનામાં આગળ વધી શકશો.

॥૫.૪. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૧૦-૬-૯૫ રવીવાર. ॥મનોવિજ્ઞાન॥ ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને આત્મતત્વનો સમ્યગ્ વિવેક કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટીએ આ જડ જગતમાં જીવને તાદાત્મ્ય દેખાવનારો પદાર્થ દેહ છે. જીવ જન્મે છે ત્યારથી દેહમાં એટલો ઓતપ્રોત થાય છે કે તેનું જે જુદુ અસ્તીત્વ છે તેનો તે સ્વીકાર કરતો નથી જેમકે માખીના ભવમાં ગયા, કીડીના ભવમાં, કુતરા, બિલાડાના ભવમાં ગયા, જે પ્રકારનું શરીર મળ્યુ, જીવન મળ્યુ તેમાં ઓતપ્રોત થઈ ગયા. પરંતુ ભિન્ન એવા આત્માનો જરાપણ વિચાર કર્યો નહિ. જે જીવ ધર્મને અભિમુખ થાય છે તેને તો બધા ધર્મો દેહથી આત્મા ભિન્ન છે તેવી વાત કરે છે પણ આ સત્ય જો જીવને સમજાઈ જાય તો જ સાધનામાં આગળ વધી શકાય છે.

હવે જરા આગળ વધીએ તો શરીરથી આત્માને જુદો સમજવો સહેલો છે તેમ ઈન્દ્રિયથી પણ આત્મા જુદો છે તે સમજવું પણ સહેલુ છે પરંતુ મન અને આત્માનો ભેદ સમજવો ઘણો જ મુશ્કેલ છે. મોટા મોટા દર્શનકારો પણ મન અને આત્માનો ભેદ સમજવામાં ગોથુ ખાઈ ગયા છે. ઘણા ધર્મમાં આત્મામાં મન ઘુસાડ્યુ છે, ઘણા ધર્મમાં મનમાં આત્મા ઘુસાડ્યો છે પરંતુ જૈનદર્શને જ આત્મા અને મન ભિન્ન છે તેની વિચારણા કરી છે. આ બન્ને સ્વતંત્ર છે. તેનું સ્વરુપ, સુખ, શુદ્ધિ બધાને જ જુદા પાડીને જૈનદર્શને બતાવ્યા છે.

ચિત્તની શુદ્ધિ જુદી વસ્તુ છે આત્માની શુદ્ધિ જુદી વસ્તુ છે

મનનું સુખ જુદુ છે આત્માનું સુખ જુદુ છે.

સભા:- મનશુદ્ધિ, ચિત્તશુદ્ધિ એજ આત્મ શુદ્ધિ ?

સાધ્વીજી:- ના, મનની શુદ્ધિ આત્માની શુદ્ધિ માટેનું સાધન બને. પણ બન્ને એક નથી કોઈ ઠેકાણે ચિત્ત શબ્દ વપરાય છે કોઈ

કેટલાકો મગજ, બુદ્ધિ, મન શબ્દ વપરાય છે. માટે શબ્દનું સ્પષ્ટીકરણ જોઈએ નહિતર ગોટાળા ઉભા થશે. બુદ્ધિ એ મનનો એક અવિભાજ્ય અંશ છે પણ મન અને ચિત્તને આપણે જુદુ માનતા નથી. જ્યારે ઘણા ધર્મના શાસ્ત્રો જુદા માને છે. અને તેનાથી જ ભ્રમણા પેદા થાય છે.

જો તમારે આત્મકલ્યાણની સાધના કરવી હોય તો મન અને આત્માનો ભેદ વિશેષરૂપે કરવાનો છે. ઈન્દ્રિય અને આત્માનો ભેદ તો સમજ્યા પણ મન અને આત્માના વિષયમાં વિશ્વાસ નહિ કરી શકો તો અધ્યાત્મમાં ગોટાળે ચઢશો. હવે કેટલાય અધ્યાત્મ, યોગમાં ધ્યાન આદિની પ્રવૃત્તિ કરતાં હોય છે પણ તેઓ મન અને આત્માનો ભેદ સમજતા નથી. માટે જ ગોટાળા ઉભા કરે છે પરંતુ તે જુદુ છે માટે જ તેનું પૃથ્થકરણ સમજવાનું છે.

ઉપાધ્યાય યશોવિજયજીએ "અધ્યાત્મસારમાં" "સમ્યક્ત્વ" અધિકારમાં લખ્યુ છે કે મનશુદ્ધિ ગમે તેટલી હોય પણ જો અધ્યાત્મ શુદ્ધિ ન હોય તો મનશુદ્ધિની કુટી કોડીની કિંમત નથી માટે આત્મ શુદ્ધિ જુદી વસ્તુ છે. આ ખૂબ જ ગહન વિષય છે માટે ધ્યાન રાખીને સાંભળવાનું છે.

હવે દ્રવ્યમન અને ભાવમન

દ્રવ્યમન એ જડ અણુ પરમાણુની રચના છે માટે આત્માથી જુદુ સમજાય છે જ્યારે આત્મા ચૈતન્યમય છે માટે જડ અણુ પરમાણુ સાથે તેને ભેળવાય નહિ. જેમકે શરીરના કોઈપણ ખૂણેથી જડ વસ્તુ જ નીકળવાની છે. શરીરના ખૂણે ખૂણે જડતા ભરી છે. તે દેહ, અણુ પરમાણુની રચના છે. તેમ દ્રવ્યમન જડ પરમાણુની રચના છે માટે તેને આત્માથી જુદુ પાડવું સહેલુ છે. વિજ્ઞાનીકો મગજનું વર્ણન કરે તેમાં નર્વસ સીસ્ટમનું વર્ણન કરે છે, જ્ઞાનતંતુનું વર્ણન કરે છે તેમાં

જડની રચનાનું જ સંયોજન છે. ન્યુરોસર્જનને પૂછો કે ઓપરેશન વખતે તમને મગજમાં શું દેખાય છે? વધુ જડ જ દેખાય છે તેમાં ક્યાંય સીધી ચેતના નથી. જ્યારે આપણામાં ૨૪ કલાક ચેતનાનો અનુભવ છે. જો મગજથી વધુ જ ચાલતું હોય તો મગજ તો જડ છે પણ નિયંત્રણ ચેતનથી જ થાય છે. હવે દ્રવ્યમન જડ છે માટે આત્માથી જુદુ પાડી શકાય છે પરંતુ પ્રશ્ન ક્યાં આવે છે? પ્રશ્ન ભાવમનમાં આવે છે.

ભાવમન ચૈતન્યમય છે. તે ચેતના સ્વરૂપ છે. છતાં તે આત્માથી જુદુ છે. માટે તેને સમજવા મથામણ કરવી પડે છે. ૨૪ કલાક ઉપયોગ ચેતના છે. તે ચેતનાને આપણે ભાવમન કહીએ છીએ. અનંતકાળથી જન્મોજન્મના સંસ્કારો સંગ્રહરૂપે ભાવમનમાં ચોવીસે કલાક જડાયેલા છે જેટલા પણ કુસંસ્કારો છે અશુદ્ધ વૃત્તિઓ છે તે બધુ ભાવમનમાં રહે છે. દ્રવ્યમન તો જડ છે તેમાં રહેતું નથી. પછી ક્રુરતાની વૃત્તિ હોય કે સ્વાર્થવૃત્તિ તે બધી વૃત્તિ રહેશે ભાવમનમાં જ. તેમ ઘણા માણસો કામવૃત્તિવાળા પણ હોય છે. તો તે વૃત્તિ પણ ભાવમનમાં જ રહેશે. ૨૪ કલાક આ ભવની ગયા ભવની, અસંખ્ય ભવની વૃત્તિઓ, સંસ્કારો, કુસંસ્કારો ઘરબાયેલા ભાવમનમાં છે જે ચેતના સ્વરૂપ છે.

અશુદ્ધ ચેતના - વિકૃત ચેતના તે ભાવમન છે.

શુદ્ધ ચેતના તે આત્મા છે.

શુદ્ધ ચેતનામય આત્માનું સ્વરૂપ છે.

સભા:- તેમાં શુભ, અશુભ બન્ને આવશે?

સાહેબજી:- શુભ, અશુભ બન્ને તેમાં આવી ગયા. શુભભાવ બોલો તે પણ અશુદ્ધ ચેતના છે આપણે ત્યાં ભાવના બે ભેદ પાડ્યા છે.

શુદ્ધભાવ - અશુદ્ધભાવ

હવે અશુદ્ધભાવના બે ભેદ પાડ્યા છે

શુભભાવ, અશુભભાવ.

જ્યારે શુદ્ધભાવના બે ભેદ પાડ્યા નથી. તેનું તો એક જ સ્વરુપ છે. માટે શુભભાવ પણ અશુદ્ધમાં જ આવશે અને તે મનમાં જ આવશે. જ્યારે શુદ્ધભાવ તે આત્માનું મૂળભૂત સ્વરુપ છે. આત્મા બોલો એટલે આત્માના ગુણ, આત્માનું સ્વરુપ, આત્માનો સ્વભાવ, તેના પર્યાયો બધુ જ તેમાં આવી જશે.

હવે ભાવમનથી શુભ અશુભ વિકારી ભાવો લેવાના છે. આ અશુભ ચૈતના અનંતકાળથી જડાયેલી છે તે જવલેજ નીકળે છે.

ઘણા કહે છે સાઈબાબા આત્માનો અનુભવ કરાવો

આત્માનો અનુભવ કરવાના ઉપાય શુ ? અનુભૂતિ કઈ રીતે થાય? પરંતુ દક્ષીણતમાં આ દુનિયામાં એક જીવ એવો નથી કે જેને આત્માનો અનુભવ ન થતો હોય. અનુભવ વગરનો એક પણ જીવ નથી. પરંતુ અશુદ્ધ આત્માની અનુભૂતિ જીવને સતત થાય છે. અત્યારે જેવો આત્મા છે તેની તમે અનુભૂતિ કરો છો. જેમ સળગતો દીવો હોય ત્યાં પ્રકાશ ન રેલાય તેવું બને ખરુ? કદાચ તમે ઉપર ઢાંકણ મૂકો તો બહાર પ્રકાશ ન આવે પણ અંદરમાં તો પ્રકાશ હોય જ. એટલે એનો અર્થ એવો નહિ કે સળગતો દીવો છે છતાં પ્રકાશ નથી. માટે આમાં ઢાંકાને સ્થાન નથી. તેમ આપણો આત્મા ચૈતન્યમય છે પછી ભલે તે શુદ્ધ હોય કે અશુદ્ધ હોય. માટે જે વ્યક્તિ આત્મા છે તેને ચૈતન્યનું સંવેદન ચાલુ હોય છે. જેમ કીડી છે, કુતરુ છે, ઝાડપાન છે, તેને તેના આત્માનું સંવેદન છે જ. જેને સંવેદન નથી તેને આપણો આત્મા કહેતા નથી. સંવેદન, અનુભૂતિ શુન્ય તો પરમાણુ છે તેને આપણો જડની કેટેગરીમાં મૂકીએ છીએ. આ ટેબલ જડ છે કારણ તેને સંવેદન, અનુભૂતિ નથી. માટે આત્માનુભવ નથી થતો તેમ

બોલાય નહિ. તે સદંતર ખોટુ છે. પરંતુ પ્રતિક્ષણ આત્માનો અનુભવ તો છે જ. પછી ભલે તમે જાગતાં હોવ કે ઉંઘતા હોવ, હસતાં હસતાં હોવ કે રાડારાડ કંઈપણ પ્રવૃત્તિની ફેરબદલી કરતા હોવ પણ આત્માની અનુભૂતિ ન થાય તેવી એક પણ ક્ષણ નથી.

આપણને અશુદ્ધ અનુભૂતિ થાય છે અને તેનાથી જ આત્માની ખાત્રી થઈ જાય છે. પણ મૂળ શું થયુ છે કે તમારો પ્રશ્ન કેવો છે કે કહેશો કે "મારામાં શ્વાસ ચાલે છે કે નહિ?" તેની ખાત્રી કરાવી આપો. હવે જો શ્વાસ બંધ થાય તો તમે જીવતા રહો ખરા? અને શ્વાસ ચાલે છે તેનો પુરાવો તમે જીવતા છો તે જ છે. માટે આમાં શું ખાત્રી કરાવવાની? તેમ અનુભૂતિ થાય જ છે. તે જ આત્મા છે માટે આત્માનુભવ બધાને છે. હવે આ વાતને બરાબર ગળે ઉતારી દેજો કે આત્માનુભવ છે-છે ને છે જ. પરંતુ આના બદલે એમ કહો કે મારે શુદ્ધ આત્માનુભવ કરવો છે તેનો આસ્વાદ લેવો છે. જેવું સિદ્ધનું સુખ છે, તેમને જે અનુભવ છે તેવો થોડો થોડો નમુનારૂપે મારે માણવો છે. મોક્ષમાં જેવો અનુભવ છે તેવો અંશથી મારે માણવો છે. બાકી તો દુનિયામાં કોઈ એવી વ્યક્તિ નથી કે જેને આત્માનુભવ ન હોય. જે ભાવો કરો છો તેનું ફીલીંગ થાય છે. હવે જેમ કીડી ખાવા માટે દોડી રહી છે. સાકર પ્રત્યે તેને અભિરુચી, આકર્ષણ છે, તરસ છે, તે એક સંવેદના છે. તે વખતે તે તૃષ્ણાનો અનુભવ કરે છે. હવે તૃષ્ણાનો રાગ કોને થયો? જડને કે ચેતનને? ચેતનને. પણ આ વિકૃત ચેતનાનો અનુભવ છે શુદ્ધ ચેતનાનો અનુભવ નથી. આ બધુ પ્રત્યક્ષ છે જે અનુભૂતિનો વિષય છે.

અશુદ્ધ ચેતનાનું સ્ટોર હાઉસ મન છે. હવે લક્ષ્ય કે મનને મારો નહિ ત્યાં સુધી વીતરાગ બનાય નહિ. અનંતકાળથી અશુદ્ધ ભાવમન છે માટે જ્યારે ભાવમનનો ઉચ્છેદ કરશું ત્યારે જ

વીતરાગતા આવશે.

સભા:- ભાવમનમાં કોનસીયસ, અનકોનસીયસ બન્ને લેવાના?

સાહેબજી:- હા, બન્ને લેવાના છે. પરંતુ જે જડ અણુ પરમાણુની રચના રૂપ દ્રવ્યમન છે તે તેમાં ન આવે. આ ભાવમન અનંત કાળથી જડાયેલુ છે. આગલા ભવના સંસ્કાર રહેવાના ક્યાં? ભાવ મનમાં જ. આગલા ભવોની વૃત્તિ, પરિણતિઓ, સંસ્કારો તેમાં ઘરબાયેલાં પડી રહે છે તેમ આ ભવના પણ.

સભા:- ૧૧-૧૨મે ગુણસ્થાનકે ભાવમન ખરું?

સાહેબજી:- ના, વીતરાગને ભાવમન નથી. તેની આવશ્યકતા જ નથી. ભાવમન એટલે સાંપરૂપે મોહાત્મક ચેતના સર્વથા છોડવી. જ્યારે જ્ઞાનાત્મક ચેતનાનો વાંધો નથી. તે કર્મબંધનું કારણ નથી. વીતરાગને જે કર્મબંધ છે તે અડીને ખરી જાય છે. ૧૧મે ગુણસ્થાનકે પણ વીતરાગતા છે. ત્યાં મોહાત્મક ભાવો નથી તેથી તેને ભાવમન નથી.

સભા:- સાહેબજી જીવ ૧૧મેથી પડે છે તો પણ ભાવમન નથી?

સાહેબજી:- ૧૧મે વીતરાગ છે. તેમાં તેમને કષાયો શક્તિ રૂપે છે વ્યક્ત રૂપે નથી. એટલે શક્તિરૂપે અને વ્યક્તરૂપેમાં ઘણો તફાવત છે. દા.ત. તમને અત્યારે પ્લેટ આદિ મળી ગયા છે તેથી તમને ક્રુપડપટ્ટી પર કાંઈ રાગ કે આકર્ષણ નથી કારણ તેમાં તમને રહેવાનું નથી પણ જે દિવસે કદાચ એવા સંયોગ આવ્યા કે તમારે ફૂટપાથ ઉપર રહેવાનું આવે તો તે વખતે ક્રુપડપટ્ટી પર રાગ, આસક્તિ થાય. માટે આસક્તિ વ્યક્ત નથી પણ શક્તિરૂપે તો છે.

સભા:- એટલે યોગ્યતા રૂપે કહેવાય?

સાહેબજી:- ના, યોગ્યતામાં તો જેને તે જાણતો જ નથી, પણ જે જાણે તો ઘણાં તેને રાગ થાય. માટે અજ્ઞાત વસ્તુ પર થયેલા કષાયો યોગ્યતામાં લેવાના છે. જેમ પેરીસના બંગલા, બગીચા તમે જોયા નથી

તેમ દેવલોક પણ જોયો નથી. પણ બે હમણાં જોવા મળે તો રાગ થાય. અર્થાત્ રાગ પડ્યો છે. જ્યારે આ તો શક્તિરૂપે છે માટે રાગ, રાગની દશામાં તફાવત છે. અમુક રાગ અભિવ્યક્ત હોય છે જ્યારે અમુક રાગને નિમિત્ત નથી મળ્યું માટે ઉભો થયેલો નથી. પણ અંદરખાને તો પડ્યો છે. જ્યારે આમાં તો અત્યારે પડ્યો નથી પણ ભવિષ્યમાં થાય તેની શક્તિરૂપે છે. દાખલા તરીકે અત્યારે તમને કુતરીને જોઈને આકર્ષણ થતું નથી પણ જેવો જીવ કુતરાના ભવમાં જાય પછી તરત કુતરી પર મોહીત થાય છે એટલે અંદરખાને સંસ્કારો શક્તિરૂપે ધરબાયેલા પડ્યા છે. જે પ્રકારના ભવમાં જાઓ તેવી વૃત્તિ ખીલે છે. અત્યારે તમને કોઈ ખાવાની વસ્તુ ફેંકે તો પીત્તો ચાલ્યો જાય પણ એજ આત્મા કુતરાના ભવમાં જાય તો બેઠવાડ પણ ચાટી, ચાટીને ખાય. રાજા થઈને ખાય એટલે શું થયું જેવા જે ભવમાં ગયા તે પ્રમાણે વૃત્તિ બદલાઈ. અત્યારે વિષ્ટા જોવી ગમતી નથી પણ ભૂંડના ભવમાં ગયા એટલે તેને જોઈને ગોઝ થવાય. માટે તેવા તેવા ભવે વૃત્તિ, ભાવો બદલાય છે. એટલે ભવ પ્રમાણેના અમુક અમુક રાગો પડ્યા છે.

૧૧મે ગુણસ્થાનકે તેના મનમાં રાગનો કણીયો નથી. દ્વેષ-આસક્તિનો કણીયો અનુભૂતિ રૂપે પણ નથી. કષાયોનો ઉદય નથી. આખા જગત પ્રત્યે નિર્લેપ, અનાસક્ત છે તે વખતે તેને વીતરાગદશા સોએ સો ટકા છે. પણ આ વીતરાગતા કેવી છે? અમુક રાગમે નિમિત્ત મળે તો રાગદશા બહાર પણ આવે. એટલે તે શક્તિરૂપે છે. જ્યારે રાગ ધરબાયેલો પડ્યો છે તે ઇન્ટર્નલ એક્ટીવ છે જ્યારે પેલો તો અન એક્ટીવ જ છે.

અને જે કષાય એક્ટીવ ન હોય તેનાથી કદીપણ કર્મ બંધાવ જ નહિ.

પ્રશ્નઃ- ભવ બદલાય છતાં વૃત્તિ ન બદલાય ખરી?

સાહેબજી:- હા, અતિશય ગાઢ પણે જે વૃત્તિને કેળવી હોય તે ન બદલાય. પણ બીજી ઘણી વૃત્તિઓ બદલાય છે. જેમ કુતરાના ભવમાં ગયા એટલે ભસવાનું ચાલુ. ગધેડાના ભવમાં ગયા તો ભૂંડવાનું ચાલુ તેમ વાંદરાના ભવમાં ગયા એટલે કુદાકુદ ચાલુ તેમ ઉંદરના ભવમાં ચચળતા કેટલી? જેમ ગાય શાંત બેસી શકે પણ ઉંદર શાંત બેસી શકે? તેમ વાઘ, સિંહના ભવમાં ગયો એટલે ક્રુરતા આવી જાય. ઝાડીને કેમ ખાવું તે શીખવાડવું પડ્યું નથી. કારણ ક્રુરતા છે. અને જો આત્મા બીજા ભવમાં જાય તો આ વૃત્તિ ન હોય. તેમ ઘણી વખત ગાયનું કાગડો કંઈક ખેંચે તો પણ તે શાંત બેઠી હોય છે. કારણ અમુક ભવ સાથે અમુક વૃત્તિ સંકળાયેલી હોય છે. ખાવા-પીવામાં, કામ-ભોગ, વર્તન બધામાં વૃત્તિ બદલાય છે. જેમ અત્યારે વિષ્ટાની ચિતરી થાય છે પણ ભૂંડના ભવમાં જીવને શું ડીમાન્ડ હોય? આત્મા તો એનો એજ છે ? છતાં કેમ?

સભા:- આવી વિષ્ટા પર જુગુપ્સા કરે માટે આવો ભવ મળે છે?

સાહેબજી:- હા, એ પણ એક કારણ બને પણ તે ભવ માટે તે એક એકલુ કારણ નથી. એક એક ગતિના ભવમાં ઘણુ વિવેચન આવે છે તેમાં એક પરિબળ કામ નથી કરતું. બધા પરિબળો પેદા થાય, અથવા ચોક્કસ પરિબળ ભેગા થાય પછી તે જાતિમાં ભરાવું પડે છે. જેમ ગોત્રકર્મ છે તેના બે ભેદ છે ઉચ્ચગોત્ર, નીચગોત્ર. નીચગોત્ર માટે પરિબળ તરીકે કેવા ભાવો આવે તે જરા વિચારીયે.

અત્યારે આપણા દોષોને આપણે ગંભીરતાથી પચાવી જઈએ છીએ જેમકે તમારા જીવનની કોઈ ખામી નબળાઈ હોય તેનો કોઈ ઢંઢેરો પીટાવતા નથી ગુપ્ત રાખો છો. જ્યારે બીજાના દોષ આવે ત્યારે તો જોયા નથી ને ગાવાના ચાલુ થાય, જરુર પડે નાનો દોષ હોય તેને મોટો કરીને કહો. જેમ ભાઈની ભૂલને તરત છાપરે ચઢાવો. હવે જે આવી વૃત્તિઓ છે તે નીચ ગોત્રનું કારણ છે. પોતાના દોષને ઢાંકવા અને

બીજાના દોષને ખુલ્લા કરવા, જરૂર પડે ઉમેરીને કહેવુ આ વૃત્તિથી નીચગોત્ર બંધાય છે. મારે જેવી વૃત્તિ પડી હોય તે પ્રમાણેનો બંધ ચાલુ છે. પશુયોનિ નિચગોત્ર જ છે. નીચગોત્ર બાંધો ત્યારે પશુયોનિમાં જવાય છે મારે જેવા ફેકટર્સ ભેગા થાય તે તે ભવ પ્રમાણે ગતિ ચોઙઙસ થાય.

હવે આગળ ૧૧મે ગુણસ્થાનકે શક્તિરૂપે કષાયો છે પણ વ્યક્તરૂપે નથી. જ્યારે ૧૨મે ગુણસ્થાનકે તો તે વ્યક્ત કે શક્તિરૂપે પણ નથી, પણ નાશ પામેલા છે. ત્યાં નિર્બળતા છે માટે મોહને ઉઠવાનો ત્યાં સવાલ જ નથી.

આપણે ભાવમનનો અર્થ કર્યો, અશુદ્ધ મોહાત્મક ચેતના. આ ભાવમનને આપણે ૨૪ કલાક સાથે લઈને ફરીએ છીએ. હવે તેનું સંશોધન કરવું છે જે આત્મકલ્યાણમાં ખૂબ જ ઉપયોગી છે. તમે ગમે તેટલુ મન શાંત, સ્વસ્થ, નિર્મળ બનાવો પણ તેનાથી આત્મા નિર્મળ ન બને તો તે સાધના ફેલ જશે. આ ગંભીરતાને સમજવાવાળા ઘણા ઓછા છે. તમે મનને નિર્મળ બનાવ્યુ એટલે ખાલી મન શાંત થશે.

સભા:- તેથી સમકીત ન આવે?

સાહેબજી:- વિચારજો, સમકીત ક્યારે આવે? આત્મશુદ્ધિ પેદા થાય ત્યારે જ આવે છે માટે ખાલી ચિત્તશુદ્ધિનું મહત્વ નથી. તેથી જ આત્મશુદ્ધિ અને ચિત્તશુદ્ધિનો ભેદ પાડવાનો છે અને માટે તેનું પૃથક્કરણ કરવાનું છે.

અત્યારે ઘણા માણસો એવા છે કે જે ઉદાર, સૌજન્યશીલ, શાંત સ્વભાવવાળા હોય. તેની સાથે વાત કરો, હળોમળો તો સારો અનુભવ થાય. ક્યાંય દુષ્ટતાનો અનુભવ ન થાય તેવી તેની પ્રકૃતિ જ હોય અને આ મૂળભૂત પ્રકૃતિ હોય. છતાં પણ તેના જીવનમાં અધ્યાત્મ

ન હોય. મોક્ષ લક્ષીતા, અધ્યાત્મ ન હોય. સંસારથી ને વિરક્ત ન હોય. હવે આ શાંતમનને કેવું કહેવુ પડે કે જેનાથી તેને થોડુ પુણ્ય બંધાય. પણ તે આત્મકલ્યાણનું સાધિન ન બને. જેમ નાસ્તીક માણસ પણ મારા, તમારા કરતાં શાંત સ્વભાવનો હોય, નીતિમાન હોય, સરળ હોય. તેના કારણે તેનું મન શાંત, સ્વસ્થ વધારે હોય. તેથી તેને આવેગ, ઉશ્કેરાટ, સંકલેશ મને તમને થાય છે તેવા ન થતાં હોય, છતાં તેને આત્મકલ્યાણ લક્ષ્ય નથી માટે આ ચિત્તશુદ્ધિની કોઈ જ કિંમત નથી. ઘણા માને છે કે મન શાંત, સ્વસ્થ, નિર્મળ બન્યુ એટલે કલ્યાણ થઈ જશે પણ ખાલી ચિત્તશુદ્ધિ કરવાથી આત્મકલ્યાણ થતું નથી.

સભા:- મનશુદ્ધિ ઓછી હોય તો આત્મશુદ્ધિ વધારે ન હોય ને?

સાહેબજ:- ના, તેવું નથી. મનશુદ્ધિ ઓછી હોય તો પણ આત્મશુદ્ધિ વધારે હોઈ શકે છે. માટે બેઉને જુદા તારવા પડે. જેમ યુગલીકો છે તેમના સ્વભાવ કેવા? આપણા મનમાં કષાયો છે, આવેગો છે તેના કરતાં કષાયો, આવેગો ઓછા હોય છે. દા.ત. અમને કોઈ હેરાન કરે કે કદાચ મનભેદો થાય ત્યારે સંકલેશ, ઝઘડો થતા હોય છે. જ્યારે તેમને તો સંકલેશ, ઝઘડો થતા જ નથી. છતાં શાસ્ત્રદૃષ્ટિએ આ ચિત્તશુદ્ધિ આત્મકલ્યાણનું સાધિન બનતું નથી. માટે ખાલી કષાયો શાંત થાય, મન નિર્મળ થઈ જવાથી આત્મ કલ્યાણનો માર્ગ જોડવાનો નથી. પણ આત્મશુદ્ધિ તો સ્વતંત્ર છે. આપણે આટલો ટાઈમ ચિત્તશુદ્ધિનું વર્ણન કર્યું પરંતુ હવે મને તમને આત્મશુદ્ધિનો ખ્યાલ આપવો જરૂરી લાગ્યો છે. મનશુદ્ધિ અને આત્મશુદ્ધિને જો જુદા ન પાડો તો તેમાં ભલભલા સાધકો ગોથા ખાઈ ભયંકર ભૂલો કરે છે.

સભા:- સાહેબજ, આ ઔદયીકભાવની શુદ્ધિ કહેવાય?

સાહેબજી:- દા, ઔદયીક ભાવની ચિત્તશુદ્ધિ કહેવાય છે.

હવે નવમાં ગ્રૈવેયકના દેવતાઓના મન શાંત હોય છે તેમની પાસે ચિત્તશુદ્ધિ હોય છે. બીજની પાસેથી કોઈ નવી સંપત્તિ લેવાનું તેમને મન નથી. માન, પાન અહંકારને પોષવાનું પણ મન તેમને થતું નથી. તેમની પાસે ઐશ્વર્ય, પ્રભાવ ઘણો જ છે. છતાં તેમને કાંઇ કરવાનું મન થતું નથી. જ્યારે તમારામાં કોઈ શક્તિ હોય તો તે તમારા પરિચયવાળા ન જાણે તો જણાવ્યા વગર રહો ખરા? ત્યારે તેમની પાસે તો આટલી શક્તિ હોવા છતાં બતાવવાનું મન જરાપણ નથી.

સભા:- શક્તિ બતાવવાની પણ શક્તિ જોઈએ ને?

સાહેબજી:- તેમની પાસે શક્તિ બતાવવાની પણ શક્તિ છે, બતાવવાની ચતુરાઈ છે, કાંઇ તે દેવતાઓ મૂર્ખા નથી. પોતાનો પ્રભાવ, શક્તિ, ઐશ્વર્ય બતાવવાની આવડત છે. પણ તેમને ઈચ્છા નથી, આવેગો નથી, ઉત્સુકતા નથી. જ્યારે આપણને તો તેના અભરખા જ થતા હોય છે. જેમ બધા મને આ રીતે સમજે, આ રીતે જાણે, આમ રાખે. પરંતુ તેમને તો આમાનું કશું જ થતું નથી.

સભા:- સાહેબજી હવે જલદી બતાવો અમારામાં શું ખૂટે છે?

સાહેબજી:- બતાવીશ, ચોક્કસ, ધીરજ રાખો.

હવે અભવિના જીવ પણ નવમાં ગ્રૈવેયકે જાય છે ત્યાં તેનું મન નિર્વીકારી, શાંત, નિર્મળ સ્વરૂપ હોય છે. અભવે વર્ષ સુધી આ સ્વભાવ હોય છે. આવેગો, ઉશ્કેરાટ નથી, નિર્વિકારી છે તેને ગમે તેવી અપ્સરા બતાવો પણ નખમાં પણ વિકાર પેદા ન થાય, કારણ વિકાર શુન્યતા છે. ગમે તેવો વૈભવ બતાવો તો હું મેળવી લઉ તેવું પણ ન થાય. હવે આટલી ચિત્તશુદ્ધિ હોવા છતાં અભવિના જીવનું રત્નીલાર પણ આત્મકલ્યાણ નથી થતું.

સભા:- તેને આત્મશુદ્ધિ ગમતી નહિ હોય ?

સાહેબજી:- તેને તેની સુઝ જ નથી. તમને પૂછે આત્મશુદ્ધિ, ચિત્તશુદ્ધિને જુદી પાડો તો શું કરો ? તેમ તેને તેની ખબર જ નથી. માટે જ તે અનંતકાળથી રખડે છે. મનના આવેગો વિકારો તો દરિયાની ઓટ અને ભરતી જેવા છે. જેમ દરિયામાં અમુક ટાઇમ ભરતી આવે અમુક ટાઇમ ઓટ આવે છે તેમ અનંતકાળમાં ઘણી વખત જબરદસ્ત આવેગો આવ્યા, ઘણી વખત આવેગો એટલા શાંત થઈ ગયા કે જીવ ડાહ્યો ડમરો થઈ ગયેલો લાગે. પરંતુ તે મનશુદ્ધિ જ હતી, આત્મ શુદ્ધિ નહોતી. અને તેથી જ રખડીએ છીએ. માટે જ હું તે બન્નેને જુદુ પાડવા માંગુ છું.

હવે જે આત્માને વિકારોમાં દુઃખનું સંવેદન નથી થતું તેવો જીવ ગમે તેટલા વિષયો શાંત કરે તેનાથી મનશુદ્ધિ મળે પણ આત્મ શુદ્ધિ ન મળે. કારણ મૂળરૂપે વિકૃતિ પડી છે. તેથી જ અશુદ્ધ ચેતનાનો જ તેને અનુભવ થાય. હવે શુદ્ધ ચેતનાનો સંતાથી અનુભવ કરવો એટલે શું ?

મૂળમાંથી તે વિકૃતિ તેટલા ભાગમાંથી નાબુદ થવી જોઈએ. સંતાથી મૂળમાંથી ઉખડવી જોઈએ. જેમ સોનું ઘણો વખત એમનેમ પડી રહ્યું હોય તો મેલ, કાટ ચડી જાય. આમ તો તે સોનામાં મૂળભૂત લાઇટનો ગુણધર્મ તો છે જ પણ અત્યારે ઉપર મેલ જડાયેલા છે. માટે મૂળ ચમકનો અનુભવ થતો નથી. હવે તમે આખા સોનાને સાફ કરો તો ચમક દેખાય પણ જો તેટલી અત્યારે તાકાત ન હોય તો, જેમ તે સોનું પિત્તળ સાથે જ પડ્યું છે, કદાચ પિત્તળ કરતાં પણ ખરાબ લાગે છે ત્યારે કોઈ કહે કે આ સોનું છે તેની ખાત્રી શું ? સોનાની ચમક બતાવો. તો તે વખતે તમે તેનો એક ખુણો સાફ કરીને બતાવો. તે વખતે ભલે બીજા બધી બાજુથી

મેલી હોય પણ જે અંશથી સોનું ચોખ્ખુ થયું ત્યાં તો ચૂળજન ચમક હોવાથી સોનાની ચમક દેખાય છે. તેની જેમ આત્માની આખી અશુદ્ધતા નીકળી જાય તો મોક્ષ થઈ જાય પણ જે તે ન કરી શકો ત્યાં સુધી અંશથી તેને શુદ્ધ કરવાનો છે એટલે થોડી અશુદ્ધતા પણ મૂળમાંથી નીકળવી જોઈએ. તમારા વિષય, કષાયોને તમે શાંત કરો, વિષય કષાયના ભાવો મંદ કરો પણ એક પણ વિષય કષાય જે મૂળમાંથી ટૂટે નહિ તો ખાલી મનશુદ્ધિ છે, પણ આત્મશુદ્ધિ નથી. જે મૂળથી ટૂટે તોજ આત્મશુદ્ધિ થાય છે.

મૂળમાંથી એકપણ વિકાર, દોષ ન નીકળે ત્યાં સુધી આત્માની ઓરીજીનલ લાઈટ બહાર આવતી નથી.

સલા:- એટલે અંશથી આત્મ પ્રદેશો શુદ્ધ થશે ત્યારે આત્મશુદ્ધિ થશે ? તો આઠ રુચક પ્રદેશ શું ?

સાહેબજી:- મેં અંશ દોષમાં લીધા છે જ્યારે તમે આત્મ પ્રદેશોને અંશથી લો છો. આપણા આત્માના આઠ રુચક પ્રદેશો તો શુદ્ધ જ છે. તમામ આત્મ પ્રદેશો કર્મથી ખરડાતા નથી. નિગોદમાં રહેલા જીવને પણ આઠ રુચક પ્રદેશ સિદ્ધ સ્વરુપ છે. રુચક પ્રદેશ તે આત્માનું કેન્દ્ર બિંદુ છે. કર્મ તીવ્રતાથી, ગાઢતાથી આત્માના સંપર્કમાં આવે પણ પૂરેપૂરા આત્મ પ્રદેશ પર તે કબજો જમાવી શકતું નથી. જ્યાં સુધી દીવો સળગતો હોય ત્યાં સુધી પ્રકાશ લગીર જેટલો પણ રહેવાનો જ, પવન હોય તો પણ. તેની જેમ આત્માની ચેતના પૂરેપૂરી બુઝાતી નથી. જડ કર્મ ફુમલો કરે, આપણી ચેતનાને બુઠ્ઠી કરે, જડ બનાવે પણ બધી ચેતનાને તે જડ કરી શકતું નથી. જોકે આપણે અત્યારે ઘણી ચેતના ખોઈ બેઠા છીએ. જેમ બેઈન્દ્રિય, તેઈન્દ્રિયના જીવો છે તેમની અતિશય અવિકસિત ચેતના છે માટે જ ઝાડપાન ઉભા હોય તેને આગળ, પાછળ શું ચાલી રહ્યું છે તેની ખબર ન હોય.

માટે જેમ કર્મનો ક્ષેટેક વધે તેમ જ બને પણ આઠ રુચક પ્રદેશ તો ખુલ્લા જ રહે છે. માટે અમુક આત્મ પ્રદેશો કર્મથી નિર્મળ થાય તો આત્મશુદ્ધિ થાય તેવું નથી. અહિંયા જે કંઈ સંજ્ઞાથી બોલ્યુ છુ તેમાં વિકાર, દોષોની સંજ્ઞાથી શુદ્ધિ લેવાની છે.

સભા:- મનશુદ્ધિ વગર આત્મશુદ્ધિ સંભવીત છે?

સાહેબજી:- હા, બની શકે છે. કોઈનું મન અશાંત, ઉદ્વેગટવાળુ હોય છતાં તેને આત્મશુદ્ધિ હોઈ શકે છે. જે સંજ્ઞાથી છે સંપૂર્ણ નથી. સમ્યગ્દૃષ્ટિ આત્માને પણ નિમિત્ત મળે તો ક્રોધ આવેગ ઉદ્વેગ આવે જેથી ગમેતેમ બોલે, મારામારી કરે, છતાં તે વખતે તેને સમકીત છે માટે આત્મશુદ્ધિ છે જ. પણ મન અશાંત અસ્વસ્થ છે, સંક્લેશથી ભરેલુ છે. જેમ નરકમાં શ્રેણિક મહારાજ અને કૃષ્ણ મહારાજનો જીવ છે જે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ છે. શ્રેણિકમહારાજના આત્માએ તો તીર્થંકર નામકર્મને નિકાચિત કર્યું છે. પ્રભુ મહાવીરની સેવી ભક્તિ, ઉપાસના કરી છે કે જેના દ્વારા તીર્થંકર નામકર્મ નિકાચીત કર્યું છે. જેથી ત્રેવીસ હજાર વર્ષ પછી મહાવીર તુલ્ય તીર્થંકર થવાના છે. અત્યારે તેમનો આત્મા નરકમાં છે તેમને પછી વચમાં બીજો ભવ નથી. પરંતુ અત્યારે તેમની શું સ્થિતિ છે? ત્રાહીમ પોકારે તેવી શરીર, ઈન્દ્રિયની વેદના તેમને થાય છે જેથી મન રાતદિવસ બેચેન, અશાંત છે, લેશ્યા પણ અશુભ છે, કાપોત લેશ્યા છે. નારકીમાં વૃત્તિઓ ખરાબ હોય માટે પરમાધામી સાથે ઝઘડો પણ કરે, તેના માટે ભયંકર દ્વેષ પણ થાય, ઉગ્રતાથી બોલાચાલી પણ થાય તેવી માનસીક સંક્લેશ ત્યાં છે. મન સ્વસ્થ નથી, બેચેન છે, આવેગ, ઉદ્વેગ, કષાયો છે છતાં પણ ક્ષાયીક સમકીત છે. તેમની શુભ પરિણતિ છે, પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે, કર્મની સકામ નિર્જરા કરે છે આવું મન હોવા છતાં આત્મશુદ્ધિનો અનુભવ કરે છે. કારણ

શું ? સમકીતની હાજરીમાં થઈ શકે તેવા જ કષાયોનો ઉદય છે. જેનાથી મન અસ્વસ્થ છે પરંતુ માન્યતા રૂપે તો શુદ્ધ જ છે, ત્યાં અવિવેક નથી. અશુભ ભાવોનો આવેગ છે. સમ્યગ્દૃષ્ટિને મારવા આવે તો તે હાથ જોડીને ન ઉભો રહે. તેને ગુસ્સો પણ આવી શકે છે. પણ કષાય, આવેગ કેવા હોય ? ક્યાંય તેમને વિવેક ચૂકાવે નહિ. વિવેક સાથે જળવાયેલો જ હોય. હવે તેની સામે અભવિના જીવને મારી નાંખે તો પણ તે કાંઇ કહે નહિ, એમનેમ ઉભો રહે. માટે ત્યાં મન એકદમ શાંત છે. નિરતિચાર ચારિત્ર તે પાળે છે ત્યારે તેની પાસે અધ્યાત્મશુદ્ધિ નથી, મનશુદ્ધિ છે જ્યારે શ્રેણિકરાજા પાસે અધ્યાત્મ શુદ્ધિ છે.

<u>સભા</u>:- મનોયોગ તે વખતે અશુભ થાય તો પણ પાપ ન બંધાય ?

<u>સાહેબજી</u>:- બંધાય, મનોયોગ જે માત્રાનો અશુભ થયો હોય તેટલી માત્રાનો કર્મબંધ થાય. સમકીતીને પાંચ ટકા પાપ બંધાય છે. ૯૫% પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. તેને કદી પાપાનુબંધી પુણ્ય કે પાપાનુબંધી પાપ બંધાતુ નથી.

<u>સભા</u>:- મન જીતે તે ઈન્દ્રિયને જીતી શકે ?

<u>સાહેબજી</u>:- મનને જીત્યુ હોય તે અવશ્ય ઈન્દ્રિયને જીતી શકે. તે જીતેલો જ હોય છે.

હજુ તમને આની ગંભીરતા સમજાતી નથી અત્યારે આપણે આટલી આરાધના કરી જેથી મન શાંત થયુ માટે ધર્મ ફળ્યો થયો પણ તેવું નથી.

<u>સભા</u>:- "મન જીત્યુ તેને સઘળુ જીત્યુ" તે કઈ રીતે ?

<u>સાહેબજી</u>:- ત્યારે તેને મન કઈ રીતે જીત્યુ હોય ? આત્મા જીતાય તે રીતે મનને જીતવાનું છે. તે વખતે મન અને આત્માનો ભેદ કરી નાંખવાનો છે.

સભા:- "મન ચંગા તો કથરોટમેં ગંગા" કઈ રીતે?

સાહેબજુ:- આ જૈન વાક્ય નથી, જૈનેતર છે. આની સાથે આત્માની નિર્મળતા થાય તો લાભદાયક છે. યુગલીકના મન કેટલા શાંત હોય છે, દેવતાના મન પણ કેટલા શાંત હોય છે છતાં આત્મકલ્યાણની દૃષ્ટીએ કશું મેળવી શકતા નથી.

સભા:- નિમિત્ત મળે તો થાય ને?

સાહેબજુ:- નિમિત્ત મળે તેની સાથે સંગત નથી. પરંતુ આત્મશુદ્ધિ જોઈએ. જેને વિષયોમાં દુઃખનો અનુભવ થાય તે વ્યક્તિ આત્મ શુદ્ધિ માટે લાયક છે.

સભા:- નાં, સાહેબજુ હું યુગલીક માટે કહુ છુ કે તેને નિમિત્ત નથી મળતુ માટે?

સાહેબજુ:- હા, યુગલીકને નિમિત્ત નથી મળતું તે બરાબર છે.

હવે બત્રીસીમાં લખેલુ છે આત્મશુદ્ધિ વગરની ચિત્તશુદ્ધિ કોડરા બરાબર છે. જેને આત્મશુદ્ધિ નથી તેની મનશુદ્ધિ પણ સંસારમાં રખડાવવાનું સાધન બનશે. માટે વિચારમો કેટલી આ ગંભીર વાત હશે. એક માણસ દયા, ક્ષમા, સૌજન્યતા, શાંતિ કેળવીને પણ જો તેને તેનાથી આત્મશુદ્ધિ ન હોય તો તે આવી પુણ્યને બાંધી તેનાથી ભોગ ભોગવીને તે સંસારમાં રખડશે.

સભા:- આત્મા સત્‌ચિદાનંદ સ્વરુપ કઈ રીતે?

સાહેબજુ:- તમે વાક્ય ખોટુ બોલો છો ચિદાનંદ લેવાનું છે. અહિંયા ચિદાનંદ શબ્દ તે જ્ઞાન છે. જ્યારે ચિત્ત વસ્તુ જુદી છે. આત્મા જ્ઞાનમય છે, જ્યારે ચિત્ત વસ્તુ જુદી છે. સંસ્કૃતમાં જરા ફેરફાર થાય તો શબ્દનો આખો અર્થ ફરી જાય છે.

તમે આત્મશુદ્ધિ માટે પ્રયત્ન કરો. ચિત્તશુદ્ધિ તે આત્મશુદ્ધિનું સાધન બની શકે છે. હવે આત્મશુદ્ધિ કરવા શું કરવાનું?

તમારા શરીરને નિરોગી, સ્વસ્થ બનાવો, સશક્ત મજબુત બનાવો તે શરીર આત્મકલ્યાણમાં સહાય બની શકે છે પણ તેટલા માત્રથી આત્મસાધિના થઈ ગઈ તેમ કહેવાય નહિ. છતાં સાધુ માટે પણ લખ્યુ કે પોતાના શરીરને સાધના માટે કેવું કેળવવું અને તેના માટે ઉપાય અજમાવવાની પણ છુટ આપી છે. જેમ તીર્થંકર ૨૪ કલાક ધ્યાનમાં ઉભા રહી શકે. કારણ તેમને મન, શરીર કેળવ્યુ છે. આપણે તો ગબડી જ પડીએ. તમે છ મહિનાના કાઉસગ્ગમાં ઉભા રહી શકો ખરા?

સભા:- કલાક પણ નહિ.

સાહેબજી:- તેમાં તો તમે મનથી ચાડી ગયાં છો. શરીરની શક્તિ તો બે પણ ચાર કલાક ઉભા રહેવાની છે પણ જરા તકલીફ આવી એટલે પાટલીમાં બેસી ગયા છો. પરંતુ છ મહિના ઉભા રહેવાની કોઈની શક્તિ નથી. જે શક્ય જ નથી. પરંત મન અને શરીરને કેળવ્યુ હોય તો આત્મ સાધનામાં ઉપયોગી થાય. પણ મન કેળવ્યુ એટલે સાધના સમાપ્ત થઈ ગઈ તેવું નથી. કોઈ માણસે આંખને કેળવી છે એક મચ્છુ માર્યા વગર કાઉસગ્ગ કરી શકે છે. આપણે આંખ પટપટાવ્યા વગર રહી શકતા નથી જ્યારે કાઉસગ્ગ આંખ પટપટાવ્યા વગર કરવાનો છે. પરંતુ આપણે તો વડવડ ચાલુ છે પણ જેને આંખ કેળવી છે તે કરી શકે છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિ સૂર્ય સામે અનિમેષ નેત્રે હતા એમનેમ શ્રેણિકરાજા પ્રભાવીત થયા નહોતા. માટે કેટલુ ઈન્જિય, દેહનું તેમને ઘડતર કર્યું હશે? તેમ કોઈ મનને તૈયાર કરે જેમ શરીર સાધના માટે સાધન બને તેમ, માટે મન પણ સાધન બની શકે છે પણ તે કાંઈ આત્મશુદ્ધિ નથી. તેનો અર્થ શું કે કોઈ માણસ કલાકો સુધી એકાગ્રે ચિત્તે બેસી શકે. કોઈ તેને ગાળ આપે કે નિંદા કરે તો પણ જરાપણ તેને

ગુસ્સો ન આવે. આ તેને આત્મ સાધનામાં સાધન તરીકે ઉપયોગી થાય. પણ તેટલા માત્રથી કાંઈ તે સાધના થઈ જતી નથી. માટે શરીર ગમે તેટલું કેળવો પણ તેના ઉપયોગથી આત્મશુદ્ધિ ન થાય તો તેની જરાપણ કિંમત નથી. તેની જેમ ઈન્દ્રિયનું ઘડતર કરો પણ આત્મ શુદ્ધિમાં ઉપયોગી ન થાય તો કિંમત નથી. તેની જેમ મનનું પણ ગમે તેટલું ઘડતર કરો પણ જો આત્મશુદ્ધિમાં ઉપયોગી ન થાય તો તેની જરાપણ કિંમત નથી. અત્યારે તમારે સામાયિકમાં જવા માટે કેટલી મુશ્કેલી પડે છે જ્યારે યુગલીકનું મન સાધન દશાએ શાંત હોય છે માટે તેમને તેમાં જવું સહેલુ છે. જ્યારે તમને સહેલું નથી કારણ તમારું મન તમે કેળવ્યુ નથી. જ્યારે તેમને જન્મથી આવુ શાંત મન મળેલ હોય છે.

ઘણા માણસો છે જે ધર્મમાં માનતા જ નથી. હવે ધર્મ કરનાર માણસને. ઉપવાસ, આયંબીલ આકરા થાય છે પરંતુ ધર્મ ન માનનારને ઉપવાસ આદિ કરવા સહેલા પડે છે. હવે ધર્મ કરનાર વ્યક્તિ. ખાવા બેસે ત્યારે તેને કેટલીય આઈટમોના ટેસ્ટ લેવાનો સ્વભાવ છે. શરીરો આદિ થતાં હોય ત્યારે તેને ગલગલીયા થાય છે કારણ મન કેળવ્યું નથી. ખાવામાં તેને આસક્તિ છે. હવે તેની સામે ધર્મ નહિ કરનાર નાસ્તીક છે જે આત્મા, પરલોક, પુણ્ય, પાપમાં માનતો નથી. પરંતુ તે ખાવા બેસે ત્યારે દાળ, રોટલી આપો તો પણ ખાઈ લે. કદાચ સારી વાનગી પડી હોય તો પણ ઝટ લઈને ખાવુ, ખાધા વગર ઉઠી ગયો તેવો ભાવ નથી થતો. પણ તે આમ તપ-ત્યાગમાં માનતો નથી. પણ તેને ખાવામાં આસક્તિ નથી તેથી તેને ઉપવાસ આદિ કરવા કોને સહેલા બને ? નાસ્તીકને જ. કારણ તેને મન કેળવ્યુ છે છતાં તે મનની ઉપયોગીતા શું ? આસક્તિ ઓછી છે માટે સામાન્ય ખાઈને તે ચલાવી લે છે. પણ તેનાથી

આત્મકલ્યાણ થવાનું નથી. માટે તે કેળવેલા મનની ઉપયોગીતા નથી થવાની. તેમ તમારા શરીર, મન, ઈન્દ્રિયની શુદ્ધિ કરી પણ તેને આત્મસાધનાના ઉપયોગમાં લો છો ? કે પછી ખાલી શુદ્ધિ કરી શાંતિ માની લો છો ? મનને કેળવીને ધર્મ સમાપ્ત કરી લો છો કે આત્મશુદ્ધિમાં આવો છો ? પરંતુ હજુ પાયામાં જ ભ્રમ છે. આ વિષય ઘણો જ અઘરો છે પણ ખાલી ચિત્તશુદ્ધિમાં ધર્મ સંપૂર્ણ નથી માનવાનો.

પરંતુ આત્મશુદ્ધિ કરવા માટે મનને કેળવીને ઉપયોગ કરવાનો છે. અને અનંત ભવમાં આ જ કડી ખૂટી છે.

ગંભીરતા પૂર્વક ધ્યાનથી વિચારતા થાઓ માટે સાબદા કરું છું. જેમ કેળવેલો દેહ આત્મશુદ્ધિનું કારણ બની શકે. તેમ ઈન્દ્રિય અને મન પણ કેળવેલા હોય તો આત્મશુદ્ધિમાં સુગમતા રહે છે. બેઉ પાસાને લેસેન્સ રાખવાના છે. નહિતર બદાર જઈને કહેશો કે મહારાજ સાહેબ કહેતા હતા કે ચિત્તશુદ્ધિ ઉપયોગી નથી. પરંતુ ચિત્તશુદ્ધિ ઉપયોગી છે, તેમાં ખાસ ધ્યાન રાખવાનું કે

ચિત્તશુદ્ધિ તે સાધન છે પણ
સાધ્ય અને ચિત્તશુદ્ધિ સાધ્ય નથી

માટે, સાધનનો તફાવત સમજવાનો છે.

સાધ્ય તો આત્મશુદ્ધિ જ છે.

ધર્મદ્વારા મેળવવાનું શું છે ? ધર્મ દ્વારા આત્મશુદ્ધિ ન પામો તો લક્ષ્ય બરાબર નથી. આત્મશુદ્ધિ જ ધર્મ દ્વારા મેળવવાની છે.

અત્યારે ઘણા ધ્યાનની વાતો કરે છે તેમાં ઘણાં નામો આપે છે. પણ ૯૯% તેમાં મનને ખાલી શાંત બનાવવાની વાતો છે. આત્મ શુદ્ધિનું કોઈ જ લક્ષ્ય નથી. તેમાં સાધ્ય વગરની સાધના બતાવી છે.

તમને કહે મનને નિર્મળ કરો, કષાયો મંદ કરો, હવે આવી શાંતિ કરી એટલે શું ધર્મ થઈ ગયા ?

સભા:- એટલે શું તેઓ છેતરપીંડી કરે છે ?

સાહેબજી:- ના, હકીકત તેઓ સમજ્યા નથી, ઈરાદો ખરાબ નથી. ઉંધા પાટે ચઢાવવાની વાત નથી. પણ ચિત્તશુદ્ધિ સાધન છે આત્મશુદ્ધિ સાધ્ય છે તે સમજવામાં થાપ ખાઈ ગયા છે. અને આ ગંભીર રહસ્ય છે. જો તે બરાબર સમજાઈ જાય તો દૃષ્ટિ બદલાઈ જાય. પછી તમે કોઈપણ ધર્મને મુલવી શકો. પછી દરેક ધર્મમાં આત્મશુદ્ધિ, ચિત્તશુદ્ધિ પર જ તમારી નજર જશે. આ સાધન છે સાધ્ય નથી.

વિષય કષાયો શાંત બને, મન શાંત થાય, નિર્મળ બને તો સાધન સારૂ મળ્યુ પણ સાધ્ય તો જુદુ જ છે. આવુ સાધન જનકાળમાં ઘણી વખત મળ્યુ છે, આપણો નિરતિચાર ચારિત્ર પાળ્યુ છે. તેમાં મનશુદ્ધિ હતી પણ આત્મશુદ્ધિ નહોતી માટે જ હવા ખાતા રખડીએ છીએ. અત્યાર સુધી દેહ, ઈન્દ્રિય, મન જુદા પાડ્યા પણ હવે આત્મશુદ્ધિ જુદી પાડવી છે. આત્માનુ સુખ જુદુ છે.

।। પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ।।

૧૭-૯-૯૫
રવીવાર
ભા.વદ. આઠમ

।। મનોવિજ્ઞાન ।।

ગોધાણિયા ટેક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને આત્મશુદ્ધિ પ્રાપ્ત કરાવવા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટિએ આ જગતમાં ધર્મની આરાધનામાં કેન્દ્ર સ્થાને આપણો આત્મા છે. આપણા આત્માને પરિશુદ્ધ સ્વરુપે પામવો તે જ વાસ્તવમાં પામવા લાયક વસ્તુ છે. ધર્મ આરાધનાના કેન્દ્ર સ્થાનમાં આત્માની શુદ્ધિ અને મુક્તિ છે.

જેમ દાખલા તરીકે આત્માને પરતંત્રમાંથી સ્વતંત્ર બનાવવો છે. જડમાંથી કાંઇ સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની નથી. માટે બધી આત્મલક્ષી વાતો જ મુખ્ય બિંદુ બનશે. અને આને ન સમજવાથી જ જીવ આડે રસ્તે ફંટાઈ જતો હોય છે. માટે સાધ્ય શું અને સાધ્ય શું તે સમજવામાં જ બહુ જ ધ્યાન રાખવાની જરૂર છે.

દા.ત. અન્ય ધર્મમાં યોગાસન અને પ્રાણાયામને યોગના સાધનો માન્યા છે. જ્યારે આપણે તેને કાંઇ મોક્ષના સાધનો માન્યા નથી. ઘણા શું માને છે કે આસન કરીએ એટલે યોગ આવ્યો, પ્રાણાયામ કરીએ એટલે ચિત્તશુદ્ધિ થાય. અને આમાં જ બધો ધર્મ આવી જાય. અધ્યાત્મની વાતો કરનાર શ્રાવકો પણ આવું માનતા હોય છે કે યોગાસન દ્વારા શરીરશુદ્ધિ અને પ્રાણાયામ દ્વારા ચિત્તશુદ્ધિ કેળવી લઈએ એટલે મનની એકાગ્રતા આવી જાય બસ તેમાં આપણો બધો ધર્મ સમાઇ જાય છે પણ વાસ્તવમાં આ સાચી વ્યાખ્યા નથી. પૂર્વધર થયેલા મહાપુરુષોએ કહ્યું છે કે અન્ય ધર્મમાં ૮૪ આસનનું વર્ણન છે પરંતુ આપણને આસન બાબતમાં કહ્યું જ જાકુડારી નથી તેવું ન લાગે તે માટે યોગશાસ્ત્રમાં અષ્ટાંગ આસનનું વર્ણન કર્યું છે. આચાર્ય આનું વર્ણન કરીને ખાસ નોંધ મૂકી છે કે આત્મકલ્યાણ કરવું હોય તો આસન કે પ્રાણાયામનો પ્રયત્ન કરવાની કશી જ જરુર નથી.

નહિતર શક્તિને વેડફવા બરાબર થશે.

જૈનશાસન સાધ્ય અને સાધનની ભાવનામાં બહુ જ સ્પષ્ટ છે. આત્મકલ્યાણના માર્ગમાં જે સાધ્યને સાધન માનો, અને સાધનને સાધ્ય માનો તો મૂર્ખતા છે. ઘણા કહે છે યોગ કરીએ તો શરીરમાં સ્ફુર્તીનો અનુભવ થાય છે પ્રાણાયામ કરીએ તો નાડીઓની શુદ્ધિ થવાથી ચિત્ત એકાકાર થઈ શકે છે. અંદરમાં આંતરીક સુખનો અનુભવ થાય છે. જ્યારથી આ કરવાનું ચાલુ કર્યું છે ત્યારથી મનના આવેગો શાંત થવા લાગ્યા છે. ક્રોધ હતો તે એકદમ ઓછો થઈ ગયો છે. મનના ઉધકેરાટો, આવેગો સમવા લાગ્યા છે. આનુ પ્રત્યક્ષ રૂપ અનુભૂતિ રુપે મળવા લાગ્યુ છે

આમ વર્ષોથી સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, ભક્તિ કરતો હતો પણ આવી અનુભૂતિ નહોતી થઈ, પણ આ કરવાથી તરત જ અનુભૂતિ ચાલુ થઈ છે. માટે લાગે છે કે આટલા વર્ષોથી ભટકતા જ હતા અને તેમાં જે કડી ખૂટતી હતી તે હાથમાં આવી ગઈ છે. હવે આવા જે જીવોને સાચો માર્ગ છોડ્યા પછી ઉંધા માર્ગમાં શાંતિ લાગવા માંડી છે તેમના માટે શું કહેવુ? શરીર, ઈન્દ્રિય, દેહ, મનની નિર્વિકારીતા, ચિત્તશુદ્ધિ આવી ગઈ એટલે કામ પૂરુ થયું. આવી માન્યતાવાળા ઘણા જ જીવો છે જે થાપ ખાનારા છે. પરંતુ તેઓ આત્મશુદ્ધિને ભૂલી જ ગયા છે.

ધર્મનું મુખ્ય રૂપ તો આત્મશુદ્ધિ જ છે.
ચિત્તશુદ્ધિ તો સાધન છે જ્યારે
આત્મશુદ્ધિ તે સાધ્ય છે.

પ્રશ્નઃ- આમાં તો સદ્ગુરુભગવંતો પણ ગોટાળા કરે છે માટે આવી શિબિરો કરાવે છે.

સમાધાનઃ- જે આગમના વચનો ભૂલી ગયા હોય તે આવું કરાવે છે. પરંતુ શાસ્ત્રમાં પદાનુસારીએ લબ્ધિ છે કે શ્વાસોશ્વાસ નિરોધ કરવો

અને પ્રાણાયામ કરવું તે કાયાક્લેશ કષ્ટ છે. મોક્ષમાં તેનો સીધો ઉપયોગ નથી. હા, આડકતરી રીતે તે સાધન બની શકે. જેમ એક માણસને વા આવ્યો હોય, પેટમાં દુઃખતુ હોય, માથુ દુઃખતુ હોય, કંઇ થઇ ગયો હોય તો પૂજા, ભક્તિ, સામાયિક બરાબર કરી શકો નહિ. તાવ આવતો હોય તો સો ઉપવાસમણા આપી શકો નહિ. માટે ધર્મ આરાધના કરવા માટે શરીરની સ્વસ્થતા જરુરી છે. હવે તમે તાવના કારણે સામાયિક, પૂજા નથી કરી શકતા માટે તાવને દૂર કરવા ક્વીનાઇન આદિની ગોળી લો જેનાથી તાવ મટી જાય અને શરીરની સ્વસ્થતા પ્રાપ્ત થાય. માટે શું આ દવાની ટીકડી યોગનું અંગ છે ? મોક્ષ પ્રાપ્તિ માટેનુ સાધન છે ? તેની જેમ આસન કરવાથી દેહની નિરોગીતા પ્રાપ્ત થાય તો શું આસન તે મોક્ષ પ્રાપ્તિ માટેનું સાધન કહેવાશે ? તેમ પ્રાણાયામથી ચિત્તશુદ્ધિ થવાથી મનની સ્થિરતા, એકાગ્રતા આવી શકે છે. હવે ભક્તિના ગીતો ગવાતા હોય તો કોઇને તેનામાં મધુરતાના કારણે ભક્તિમાં તલ્લીનતા આવી જતી હોય છે માટે તેને તલ્લીન બનવામાં મધુર સંગીત આલંબન બન્યુ. તેમ પ્રાણાયામથી મનની એકાગ્રતા આવી શકે છે પરંતુ હરીભદ્રસૂરિએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ કે અમે તેને યોગના અંગ તરીકે માનતા નથી.

સભા:- ભાવ પ્રાણાયામ માનીએને ?

સાધ્વીજી:- ભાવ પ્રાણાયામ એટલે અંદરના અશુભ ભાવોનું વિરેચન કરીને શુભભાવોનું પુરણ કરવું, તેતો આંતરીક શુદ્ધિ થઇ. તેને બહારની શુદ્ધિ સાથે કાંઇ લેવા દેવા નથી. પરંતુ આ સાધનને આપણે યોગના અંગ માનવા તૈયાર નથી. પરંતુ આત્માની શુદ્ધિ, આત્માની નિર્મળતા, આત્માના ગુણોનો વિકાસ, આત્માના દોષોનો હ્રાસ, તેને જ આપણે સાધ્ય માનીએ છીએ.

જેમ ઉપવાસ કરો એટલે આરોગ્ય જળવાય. માટે કાંઇ આરોગ્યના સાધન તરીકે ઉપવાસ બનાવ્યો નથી. પણ કર્મનો ક્ષય થાય, આત્માની નિર્વિકારીતા વધે, નિર્જરા થાય તે માટે ઉપવાસ બનાવ્યો છે. આપણો ત્યાં દરેક ઠેકાણે સાધ્ય ફીક્સ છે. માટે આત્મશુદ્ધિનું જ લક્ષ્ય હોવું જોઇએ. પરંતુ મનના આવેગો શાંત થવાથી માનો કે મને ધર્મનું ખરુ ફળ મળી ગયુ, તેતો એક મનનો ભ્રમ છે. આપણા તીર્થંકરના આત્માઓએ પણ ચિત્તશુદ્ધિ અનંતીવાર કરેલી પણ તે વખતે આત્મશુદ્ધિ નહોતા કરી શક્યા માટે જ સંસારમાં રખડ્યા હતા અને તરીકે તેઓ તે વખતે નિષ્ફળ ગયા હતા.

જેમ કમઠ પંચાગ્નિ તપ તપે છે. તેમાં તેની શરીરની સાધના કેવી છે? જ્યાં ઉલાઠ પલાંઠી વાળીને ઘોર તાપમાં ધ્યાન લગાવીને બેસે છે. તેને શરીરને કેવું કેળવ્યુ હશે? લોકો કાંઇ એમનેમ તેની પાછળ ગાંડા થયા નથી. બધાને લાગે છે કે કેવો કઠોર તપ છે! કેવી કઠોર સાધના છે? કેવો ત્યાગ છે? કેવી ચિત્તની સ્થિરતા છે? આ કેવો સાધક છે? આ બધુ તેને કર્યું કે નહિ? તેની જેમ આપણા આત્માએ અને તીર્થંકરના આત્માએ પણ આવી જબરદસ્ત સાધના કરીને દેહ, ઇન્દ્રિય નિર્મળ બનાવ્યુ, મનમાં જરાપણ ક્રોધના આવેગો, ઉશ્કેરાટ ન આવે તેવું શાંત નિર્મળ મન બનાવ્યુ પણ બધુ જ એકડા વગરના મીંડા બરાબર હતુ. કારણ તે વખતે આત્મશુદ્ધિ નહોતી.

<u>સભા</u>:- આત્મશુદ્ધિથી ચિત્તશુદ્ધિ થાય?

<u>સાહેબજી</u>:- આત્મશુદ્ધિથી ચિત્તશુદ્ધિ અવશ્ય થાય. પણ તરત જ આવી જાય તેવો એકાંતે નિયમ નથી. પણ વહેલી મોડી થાય. ઘણી વખત આત્મશુદ્ધિ વધારે હોય પણ ચિત્તશુદ્ધિ ન હોય, અને ઘણી વખત ચિત્તશુદ્ધિ હોય ને આત્મશુદ્ધિ ન હોય.

<u>સભા</u>:- ચિત્તશુદ્ધિ સહિત ખરુ ને?

સારૈવભુ :- સાધિન ક્યારે ? જો તે સાધિન સાધ્યને મેળવી આપે તો બરાબર નહિતર તે સાધિન પણ ભારરૂપ લાગશે. આ તમારા ચશ્મા પણ તમને જોવાનું સાધિન બને તો ઉપયોગી નહિતર ભારરૂપ થશે. માટે સાધિનની ઉપયોગીતા થાય તો તે સાધિન બરાબર. જેમ તમે વેપાર કરો છો પણ તે વેપારમાં જો નફો ન મળે તો તે ધંધાની કેટલી કિંમત ? નહિતર ખાલી મજુરી થશે. દા.ત. ઘણા એવા નાસ્તીક માણસો છે કે જેઓ પુણ્ય, પાપ, આત્મા, પરલોકને માનતા નથી પણ મારા તમારા કરતાં પણ વધારે શાંત, સરળ, અનાસક્ત ભાવવાળા છે. પણ જે ધર્મને જ માનતા નથી તેના સદ્‌ગુરુની કિંમત કેટલી ? જેમ યુગલીકોના મનની શુદ્ધિ, નિર્મળતા કેટલી ? કેટલા શાંત, ભદ્રીક હોય છે. માટે તેઓ પુણ્યથી દેવલોક એક વખત જઈ આવે છે. એટલે આ મનની શુદ્ધિનું ફળ શું ? એક વખત દેવલોકના સુખો ભોગવીને પછી સંસારમાં રખડવાનું. આવી ચિત્તની શુદ્ધિ આપણા આત્માએ અનંતીવાર કેળવી છે. આવી ચિત્તશુદ્ધિને શાસ્ત્રમાં ઉપમા આપી છે –

જેમ રેતીના રણમાં સપાટ મેદાનમાં ખાલી રેતીના જ ઢગલા હોય છે ક્યાંય ઝાડ, પાન પણ ન દેખાય અને ત્યાં સૂર્યનો તડકો પડે એટલે અતિશય ગરમી વધે માટે હવામાનમાં તફાવત પડે એટલે ઘણી વખત શું થાય કે એકદમ પવન જેસી ભય અને અમુક વખત એકદમ વંટોળીયા આવે તેનાથી રેતીના ઢગલે ઢગલા એવા ફંગોળાય કે તેમાં આપણા માણસના મણસ દટાઈ જાય તો પણ ખબર ન પડે. આમ થવાથી જ્યાં રેતીના ઢગલા હતા તે જગ્યાએ ખાડા પડી જાય અને જ્યાં ખાડા હતાં ત્યાં ઢગલા થઈ જાય. આમ આપણા આત્મા પર ઘણીવખત કર્મના રજકણોની વૃદ્ધિ થવાથી ઢેરા ખડકાયા છે અને ઘણી વખત કર્મોનો અતિશય

હ્રાસ થવાથી ખાડા પડી ગયા છે. અથવા દરિયામાં જેમ ભરતી અને ઓટ આવે તેમ આપણા આત્મા પર બનતું હોય છે.

જ્યારે આત્મા પર કર્મોની ભરતી આવે તે વખતે આપણામાં વિકૃતિઓનો પાર ન હોય માટે દુષ્ટતા અને દુર્ગુણોનો ભંડાર દેખાય અને જ્યારે કર્મો ઘસાઈને પાતળા પડે ત્યારે આત્મા પર અનેક સદ્‌ગુણો ખીલી નીકળે જેનાથી એકદમ સજ્જનતા અને રત્નત્રયોનો ભંડાર દેખાય.

<u>સત્સા</u>:- કાંઈ કર્યા વગર કર્મો પાતળા પડે?

<u>સાહેબજી</u>:- આમ સદ્‌ગુણો માટેનો સામાન્ય પુરુષાર્થ કર્યો હોય, પણ લક્ષ્ય બાંધીને તત્ત્વના વિવેક સાથેની કોઈ સાધના ન કરી હોય. જેમ દા.ત. યુગલીકોના કેટલા કષાયો મંદ હોય છે. તેમાં તેમને શું સાધના કરી? અથવા જેમ એક ગાય જતી હોય તે વખતે તમે તેને જરા પણ ન છંછેડો તો પણ સામેથી શીંગડું મારશે, જ્યારે બીજી ગાયને તમે પાછળથી પુછડું આંબળો તો પણ તે કાંઈ ન કરે. આમ તો બેઉ ગાય છે. પરંતુ એકનો સ્વભાવ શાંત છે અને એકનો સ્વભાવ ઉગ્ર છે. હવે સ્વભાવ શાંત છે કારણ તેનાં કર્મો ઘણાં છે. માટે.

<u>સત્સા</u>:- કર્મો ઘણા કઈ રીતે થાય?

<u>સાહેબજી</u>:- સ્વભાવીક રીતે થાય છે નદીઘોળ પાષાણ ન્યાય આદિથી થાય છે. જેમ પાષાણ અથડાઈ, કુટાઈને તેને ઘસારો લાગે છે તેમ આત્માને દુર્ગતિમાં રખડતાં, રખડતાં ઘણા કર્મો ભોગવાઈ જાય અને સાથે નવા કર્મ ઘણા ન બંધાતા કર્મો ઘણા થઈ જાય. દુર્ગતિનો આવેગ ઘટી જાય આને કર્મની ઓટ કહેવાય છે.

હવે કર્મો જ્યારે પાતળા પડે છે ત્યારે જ ગુણ પેદા થાય છે. જેના જીવનમાં ચિત્તશુદ્ધિ આવે છે તે પણ એમનેમ આવતી નથી.

જ્યારે સદ્‌ગુણોનો વિકાસ થાય છે ત્યારે આવે છે. મનની મલીનતા તે દોષ છે. પણ જેનામાં સરળતા, ઉદારતા કે થોડા ગુણો આવે છે તેનું મન નિર્મળ કહેશો ને? માટે સાધકપણાની વ્યાખ્યામાં સદ્‌ગુણો જ આવ્યા. અને સદ્‌ગુણોના વિકાસથી ચિત્તશુદ્ધિ આવે.

ચિત્તશુદ્ધિ આવી ક્યારે? કર્મ પાતળા થવાથી આવી પણ આ આત્મશુદ્ધિ નથી. આત્મશુદ્ધિ વગર ચિત્તશુદ્ધિની કૂટી કોડીની કિંમત નથી. ઉલ્ટુ ઘણા કેડાઓ નુકશાનનું કારણ બને છે જે સંસારમાં રખડાવવાનું કારણ બને છે. માટે ચિત્તશુદ્ધિને જે આત્મશુદ્ધિ માની બેસો તો ઉત્કૃષ્ટ ભ્રમ, વિઘ્ન કરેવાશે. કારણ માર્ગમાં જ ભ્રમ થયો છે. જે માર્ગ આત્મકલ્યાણના સાધનરૂપ છે તેમાં જ ભ્રમ થયો છે.

હવે આગળ કરે છે કે આત્મશુદ્ધિ કરવી કઈ રીતે? તેના ઉપાય શું? કરેવાય કોને? આ બધા ગંભીર પ્રશ્નો છે, સમજવા જેવા છે. બીજા ધર્મોમાં આના માટે ભલભલા ગોટાળા કરે છે. આપણે ત્યાં પણ નહિ સમજનારા ઘણા ગોટાળા કરે છે. એક અમરેન્દ્રવિજયજી થઈ ગયા. વ્યક્તિગત વાત કરતો નથી પરંતુ તેમને આ સમજવામાં જબરદસ્ત થાપ ખાધી છે. તેઓ લખે છે કે ચિત્તશુદ્ધિ તે ધર્મનું અંતિમ લક્ષ્ય છે. ચિત્તશુદ્ધિથી ક્રિયા સફળ છે. આચાર, વિચાર, પ્રતિક્રમણ, સામાયિક, પૂજા બધી ક્રિયાથી ચિત્તશુદ્ધિ ન લાવી શકો તો કોડ છે. જે ચિત્તશુદ્ધિ લાવો તો તે ક્રિયાઓ સફળ છે. અમારી દૃષ્ટિએ તેઓ અગત્યની કડી ચૂકી ગયા છે. જે ચિત્તશુદ્ધિને અધ્યાત્મીક શુદ્ધિ કહેતા હોય તો પછી જેનું મન વધારે શાંત હોય તે ઉંચી ભૂમિકામાં ગણાશે. પરંતુ તેવું આપણા શાસ્ત્રો કહેતા નથી. પણ લક્ષ્ય કે જીવ કષાયોથી તદ્દન શાંત થઈ ગયો હોય, પ્રસન્ન ચિત્તવાળો હોય, સમતાનો અનુભવ કરતો હોય પણ જે તત્ત્વમાં સમકીત ન હોય તો તે નીચલી ભૂમિકામાં છે. ઘણી વખત નાસ્તીકોના

પણ એટલા મન શાંત હોય છે કે તેમને મહેનત કરીને ગુસ્સો કરાવો તો પણ કરે નહિ. સ્વપત્નિને છોડીને તેને બીજે કોઇ કુવિચાર પણ ન આવે. જમતાં પણ કાંઇ કડાકૂટ ન હોય, પણ તેઓ ધર્મમાં માનતા ન હોય. ધર્મનું કોઇ તેમને લફરું ન હોય, ગામ શ્રીમંત હોવા છતાં પણ સાદગીથી રહેતા હોય, સરળ હોય, ઉઠા ભણાવવાની ક્યાંય વાત ન હોય, માયા લુચ્ચાઇ ન હોય. માટે કહેવું પડે કે તેનું મન કેટલું શાંત છે. હવે તેને બદલે બીજો સાચા દિલથી ધર્મ કરતો હોય પણ તેનામાં માયા, લુચ્ચાઇ, આસક્તિ હોય, મોજમઝા કરતા હોય તેને ચિત્તશુદ્ધિ નથી તો શું આ વ્યક્તિ પેલી વ્યક્તિ કરતાં નીચલી ભૂમિકામાં કહેવાય? ના, તેવું કહી શકાય નહિ. માટે ખાલી મનની નિર્મળતાથી કશું જ વળે નહિ. આત્મશુદ્ધિ તો જોઇએ જ.

સભા:- તો પછી " મન જીત્યુ તેને સઘળુ જીત્યુ "

સાહેબજી:- અહિંયા મન અને આત્માનો અભેદ કર્યો છે. અને આખા મોહને જીત્યો છે. એવો અર્થ લીધો છે.

સભા:- છાપામાં એક મા, દીકરીનો લેખ આવેલો ને કે..

સાહેબજી:- હા, તેમાં શું છે કે, તેની એકની એક દીકરી છે. જે ૧૬-૧૭ વર્ષની હતી. તેને બોયફ્રેન્ડ હતો. અનાર્યદેશમાં તો આમે કોઇ મર્યાદા હોતી નથી. હવે તેને તેના પર અનુરાગ થઇ ગયેલો. માટે તે છોકરો લગ્ન કરવા માટે તેને આગ્રહ કરે છે પણ તે છોકરી ના પાડે છે. ઘણી તેને મહેનત કરી પણ તેને ના જ પાડી. માટે એક વખત તેને કહ્યુ હા પાડે છે કે નહિ. પણ પેલીએ ના પાડી માટે તેને ગોળી મારી તેનું ખૂન કરી દીધુ. હવે આ એકની એક દીકરી, તેને બાપ પણ નથી. માના માટે તો લાગણીનું આ એક જ સ્થાન હતુ. પેલો છોકરો પુરાવા સાથે પકડાઇ ગયો. ગુનો કબુલ થાય તેમ છે પણ માએ સાક્ષી આપવાની જરૂર છે. કારણ મા ઘરમાં હતી ને ખૂન થયુ છે. માટે મા સાક્ષી આપે તો જ

ગુનો કબુલ થાય તેમ છે. હવે માને થાય છે કે દીકરી તો મરી ગઇ, કાંઇ પાછી આવવાની નથી. કું સ્ટેટમેન્ટ આપીશ તો આને ફાંસી, કાં જન્મટીપ થશે. તેનું જીવન બરબાદ થઇ જશે. આમ કરવાથી મારી દીકરી કાંઇ પાછી આવવાની નથી. તેને આવેશમાં આવીને ભૂલ કરી છે શું કામ મારે કોઇનું જીવન બરબાદ કરવું ? મારે સ્ટેટમેન્ટ આપવાની ઘસીને ના પાડે છે. હું દિલથી તેને ક્ષમા આપું છું. મારે મારે કોઇ સામે પગલાં લેવા નથી. હવે વિચારજો આ બાઇનો ક્ષમા ગુણ કેવો ? દુશ્મને જેવું કામ કર્યું છે તેનો બદલો લઇ શકાય તેવા સંયોગો છે છતાં વૈર લેવાની વૃત્તિ ન રાખે તે કેવો ક્ષમા ગુણ કેળવ્યો હશે. હવે તેટલા માત્રથી તે બાઇ શું અધ્યાત્મીક બની જાય ? મારો તમને પ્રશ્ન છે એટલા માત્રથી શું ભાવજૈન બની જાય ? અમારામાં કે તમારામાં ક્ષમા ગુણ નથી તેના કરતાં પણ કંઇ ઘણી વધારે ક્ષમા છે એટલે શું તે ભાવથી જૈન છે ?

સભા:- અપરાધી પ્રત્યે ક્ષમા કરે તો સમકીત આવે ?

સાહેબજી:- ઇશુખ્રિસ્તે કેવી ક્ષમા આપેલી એટલે શું તેઓ સમકીતી હતા ? માટે જ આપણે ત્યાં આવા દેવ, આવા ગુરુ, આવો ધર્મ એમ શબ્દ વાપર્યા છે. માટે આનંદઘનજીએ કહ્યું રામનામ જપો.... મહાવીર જપો તો જ તરી જશો એવું નથી. પણ ગમે તે નામ હોય, પરંતુ આટલા આટલા ગુણ હોય તે મારા પ્રભુ. આટલા ગુણ હોય તે મારા ગુરુ. સોનું સાચું છે કે જડસી છે તેને નક્કી કરવા યુનીવર્સલ ચેક જ હોય છે. ગમે ત્યાં જાઓ પણ સોનાની પરીક્ષાનું ધોરણ ચેક જ હોય. દુનિયામાં બધા માન્ય કરે તેવા જ ધોરણ આપ્યા છે. જે નિષ્પાપ જીવન જીવતાં ન હોય તેને સદ્‌ગુરુ કેમ કહેવાય ? હિંસા, ચોરી, અસત્ય પાપ છે. આ બધું જેના જીવનમાં હોય તેનું જીવન નિષ્પાપ જીવન કેમ કહેવાય ? માટે જૈનધર્મ કહે છે

દેવ-ગુરુ-ધર્મને ઓળખવા માટે વિશ્વસ્તરના જે ઘોરણ છે તેને શોધીને માનો. " હું જે ધર્મ બનાઉ છુ જે આચાર વિચાર બનાઉ છુ તેના કરતાં ઉંચો ધર્મ બીજે હોય તો એમને માની શકો છો. પણ બીજે ક્યાંય આના કરતાં ઉંચો ધર્મ-દેવ-ગુરુ તત્વ નહિ મળે. માટે જ આ ઉંચુ છે.

તમે પ્રમાદીડતાથી ધંધો કરતા હોવ તો ફસ્સો હોય ને? તમે કહોને કે બીજેથી મળે તો ઉંચુ મેળવી લો, ન મળે તો પછી પાછા આવજો. તેમ જૈનશાસ્ત્રો અતિશુદ્ધ ઉંચો ધર્મ છે.

હવે આત્મશુદ્ધિ કરવી હોય તો ઉપાય શું? તેનું સ્વરુપ શું? આત્મશુદ્ધિ આવી છે કે નહિ તેની ખાત્રી શું? આના ઘણા જ પાશા છે.

મનશુદ્ધિ ક્યારે થઈ કહેવાય? મનમાં રહેલા દોષો પાતળા પડે, સદ્ગુણોનો વિકાસ થાય તો મનશુદ્ધિ થઈ કહેવાય. હવે આત્માને અનંતકાળથી કર્મના આવરણ લાગ્યા છે માટે અનંત દોષો જામ થઈને બેઠા છે. અનંત ગુણો છે તેમ દોષો પણ અનંત છે. તેમાં એક દોષ પણ જે મૂળમાંથી નાબુદ થાય તો એટલા અંશે આત્મામાં શુદ્ધિ થઈ ગણાય. મૂળમાંથી દોષ જવો જોઈએ. પણ દોષો પાતળા પડે, મંદ થાય તેને અધ્યાત્મનો વિકાસ કહેતા નથી.

સભા:- સાદેવજુ દાખલો આપો

સાદેવજુ:- પહેલા સમજો આત્માની અશુદ્ધિ કર્મના પ્રભાવે છે. મારે આત્માનું વિરોધી તત્વ કર્મ છે. કર્મમાં આઠ કર્મ બતાવ્યા છે. આપણે કર્મનો બંધ મોહ દ્વારા માન્યો છે. આઠે કર્મની અસર જુદી જુદી થાય છે, પણ કર્મબંધ કરાવનાર તો મોહનીયકર્મ જ છે. અનંતકાળથી આત્મા કર્મોથી બંધાયો છે. હવે દુર્ગુણો છોડવાના છે અને સદ્ગુણો કેળવવાના છે. પણ મોહનીયકર્મથી તમામ કર્મો બંધાય છે. માટે આત્માના તમામ

દોષો મોહમાં સમાયા છે. માટે મનમાં જેટલો મોહ છે તેટલા આત્મામાં દોષો છે. તેથી દોષ સાથે સમીકરણ મોહ સાથે મંડાય છે.

હવે મોહના જેટલા ભાવો છે તેમાંથી એક મોહના ભાવને જેટલા અંશથી મૂળમાંથી ઉખેડો તેટલા અંશમાં શુદ્ધિ થઈ કહેવાય. જેટલા મોહના પરિણામરૂપ દોષો છે તેને લેવાના. આ પરિભાષાથી ચાલવાનું છે. રાગ, દ્વેષ, ક્રોધ, વાસના, આસક્તિ, સ્વાર્થ, સંકુચીતા બધાને જ દોષો તરીકે લેવાના છે. આવા દોષો અનંતીવાર સેવાયા છે. માટે જડાઇને ગાઢ થયેલા છે. છતાં પણ તે હંમેશા એક જ માત્રામાં હોતા નથી. તેમાં ચડતી, પડતી આવે છે. ક્યારેક ઉગ્ર કષાય તો ક્યારેક શાંત કષાય થયા છે. ક્યારેક સ્વાર્થી સ્વભાવ તો ક્યારેક સરળ સ્વભાવ થયો છે. અનેક પ્રકારના દોષો મંદ અને તીવ્ર થયા કર્યા છે. પણ એક વખત પણ આત્માએ તેને મૂળમાંથી ઉખેડ્યો નથી.

તેની ઉપમા માટે વડલા જેવું લીલુછમ ઘટાદાર ઝાડ છે હવે તમારે તે ઝાડને તોડી પાડવું છે તો શું કરશો? ડાળી, ડાખળાં, પાંદડા, ફળ તોડશો, થડ પણ તોડશો, પણ મુળિયા રહેવા દો તો? હવે જો મુળિયા સાબુત રહ્યો, તે ફરી ઊભવાનું છે, ફરી ઘટાદાર બનવાનું છે. હાં, તેમ થતાં થોડીવાર લાગશે. જેમ પાનખરઋતુમાં પાન ખરી જાય પણ વસંતઋતુ આવે એટલે પાછુ ઘટાદાર થઈ જાય. ઝાડના અંદર મુળિયા બરાબર સાબુત છે. માટે પોષણ બરાબર મળી રહે તેમ છે. તેમ આપણા આત્મા પર પણ અનંતીવાર આમ જ બન્યુ છે. તમારા મનમાં રહેલા દોષોને જેમ ક્રોધને નાબુદ કર્યા, અહંકારને તોડી નાંખ્યો, સરળતા કેળવી, ક્ષમા કેળવી આવુ અનંતીવાર કર્યું. એટલે ઝાડ હતુ તેમ ખબર પણ ન પડે તે રીતે સપાટ ભૂમિ કરી નાંખી પણ મુળિયા પર મહાર ન કર્યો

માટે ફરી કુંપળો ફૂટી, ડાળી આવી, ફળ આવ્યા અને એમ કરતાં ઘટાઘાર ઝાડ થયું. તેમ અનંતીવાર આત્માએ દોષોને નાબુદ કર્યા માટે ઉંચા દેવલોક આદિ ગતિમાં જઈ આવ્યા. પણ અંદર મુળિયા સાબુત રાખ્યા માટે ફરી ઉગ્યા. ઘણી વખત તો એક પણ દોષ શોધ્યો જડે નહિ તેવો આત્માને બનાવ્યો પણ મુળિયા પર પ્રહાર ન કર્યો.

મુળિયા પર પ્રહાર એટલે શું ?

આપણે પેલી બાઈના દૃષ્ટાંતમાં જોયું કે ક્ષમા કેવી કેળવી છે પણ મોહના વિકારો કેવા ? સંસાર કેવો ? વિષય કષાયો કેવા ? આ બધા તેને ખરાબ લાગે તેવો નિયમ નથી. અને ખરાબ સમજીને તેને કાંઈ ક્ષમા આપી નથી. પરંતુ શુભ ભાવના કારણે દયા ભાવ આવ્યો તેથી ક્ષમા આપી. આવી રીતે સદ્‌ગુણો કેળવીને સંસાર રૂપી વૃક્ષનું મુળિયા પર પ્રહાર ન કરે, તે આખા સંસારને છેદી નાંખે પણ મુળ પર પ્રહાર ન હોવાથી પાછો તેનો સંસાર લીલોછમ થઈ જાય.

<u>સર્જનનું વિસર્જન કર્યું</u>, <u>પણ સર્જનની શક્તિનું વિસર્જન નથી કર્યું</u>. પેલી બાઈની ક્ષમાને અધ્યાત્મની ક્ષમા સાથે કેમ જોડાય ? જેમ સગા ભાઈ માટે ઉલ્લાસથી કરોડોનું નુકશાન સહન કરી લો. પાંચ પચ્ચીસ આપી દો ત્યારે આ ઉદારતા થઈને ? સ્વાર્થી કે લુચ્ચો માણસ કાંઈ આવું ન કરી શકે માટે આ ઉદારતા જ છે. પણ આ કરતાં ભાવ શું ? મારો ભાઈ ફરી કમાઈ, ખાઈપીને મોજથી રહે તો આ મારું કરેલું બધું લેખે લાગે. પરંતુ લોભ, આસક્તિ તેને તે વખતે ખરાબ લાગતા નથી માટે મુળમાં પ્રહાર કર્યો નથી. ઉદારતા લોભનો વિરોધી છે. લોભના વિરોધી ગુણને કેળવી લોભને શાંત પાડ્યો પણ મુળમાંથી લોભને કાઢવાની વિચારણા કરી નહિ.

"માટે તે સદ્‌ગુરુને ચિત્તશુદ્ધિ કહેવાય આત્મશુદ્ધિ કહેવાય નહિ.

સભા:- ક્ષયોપશમભાવના ગુરુ હોય જ છે ને ?

સાહેબજી:- "મોક્ષમાર્ગની અધ્યાત્મની આરાધના કરતાં ચઢે અને પાછા પડે ત્યારે તેને વિકાસ કરેલો ગુમાવવો પડે છે. માટે ક્ષાયિક ભાવનો ગુરુ એજ ખરો ગુરુ છે. જ્યારે ક્ષયોપશમ અને ઉપશમ ગુરુ તો આવ્યા પછી ચાલ્યા જાય. તેથી મુળમાંથી દોષનું નિરાકરણ થતુ નથી. ઉપશમભાવ એટલે દોષોને દબાવે છે. અને ક્ષયોપશમ ભાવ કામચલાઉ દોષોને હટાવી દે. માટે મુળ દોષનું નિરાકરણ થતું નથી." પરંતુ આ એક ખોટો ભ્રમ છે. પણ જીવ જ્યાંથી વિકાસ કરે છે ત્યાંથી અમુક દોષોનું નિરાકરણ થાય છે. દોષોમાંથી અમુક પ્રકારનું ત્રણે ભાવમાં નિરાકરણ થાય, થાય અને થાય જ છે.

આ બધી હજુ પીઠીકા છે. મોક્ષમાર્ગની પહેલી ભૂમિકા અપુનર્બંધિક દશા છે. આ પારિભાષિક શબ્દ છે. આ અધ્યાત્મની ભૂમિકા પામેલો આત્મા સંસાર સાગરમાં પડે, ધર્મથી પતન થાય તો પણ તે આત્મા ઉત્કૃષ્ટ કર્મની સ્થિતિને બાંધે નહિ. કારણ એટલો દોષ તેના આત્મામાંથી નાબુદ થયો છે ધર્મ મૂકી જાય તો પણ એક વખત ગુંડો બને તો પણ જૂનકાળમાં જેવો કષાયનો ચાકો રતો તેવો ફરી તેને પેદા થાય નહિ. માટે કાયમ ધોરણે અમુક દોષનું નિરાકરણ થાય તેજ અધ્યાત્મ શુદ્ધિ પામી શકે.

સભા:- આત્મશુદ્ધિ પામ્યા છીએ તેની ખબર કેમ પડે ?

સાહેબજી:- ટાઈટ થયો છે કે નહિ તે કેમ ખબર પડે ? તેના લક્ષણો પરથી જ તો. માથાના દુઃખાવામાં પણ માઈગ્રેન છે તે કેમ ખબર પડે ? તેના લક્ષણોથી જ. પણ જ્યારે બધા જ દોષો જતાં રહેશે ત્યારે આત્માનો મોક્ષ થશે. તેથી મોક્ષે જતાં પહેલાં એક પણ દોષ રહેવાનો નથી. માટે જ પહેલાં દોષો કાઢવાનું કહ્યું છે

તેમાં પણ જે દોષને પછીથી કાઢવાનો કહ્યો છે તેને પહેલા કાઢશો અને જે દોષને પહેલા કાઢવાનો કહ્યો છે તેને પછીથી કાઢશો તો મહેનત કરીને પણ ફેલ જશો. જેમ ડોક્ટર થવું છે પણ કરે કું પહેલા કોલેજ, હાઇસ્કુલ કરુ પછી પ્રાયમરી ભણું તો શું થાય? કોઈપણ લક્ષને સફળ કરવું હોય તો ક્રમનું અનુસરણ કરવું જ પડે. અને તેજ રીતે પુરુષાર્થ કરવો પડે. મેલા કપડાંને સાફ કરવા પહેલા ધોકા મારો ને પછી સાબુ અને પાણી લગાડો તો શું થાય?

મારે મોક્ષમાર્ગની સાધનાનો ક્રમ ન સમજે ને એમનેમ દોડતો અને દુઃખવાદી છે. મારે આત્મ-કલ્યાણ કરવા માટે પહેલાં કયો દોષ પછી બીજો પછી ત્રીજો એમ કયો દોષ કાઢવાનો છે તેનું નોલેજ જોઈએ. તેમાં આડાઅવળા જશો તો નિષ્ફળ જશો. મારે ક્રમબધ્ધ સાધના જ કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ. મારે જે વ્યક્તિ મોટા દોષને પહેલાં કાઢતો નથી. અને નાનાનાના દોષોને કાઢે છે તેનું અનુષ્ઠાન અસદ્ અનુષ્ઠાન કહેવાય છે. મધ્યમ બુધ્ધિવાળા આવુ અનુષ્ઠાન કરે છે તેને મોક્ષમાર્ગમાં સ્થાન આપ્યુ નથી.

હવે મુખમાં પણ પહેલા ક્યાં પ્રહાર કરવાનો?

જેમ ઝાડ કાપ્યુ, પણ મુળિયા નથી કાપ્યા હવે મુળિયા કાપવાના પણ ચાલુ કર્યા તો પહેલાં ક્યાંથી પ્રહાર કરવાનો? જેમ મોટા ઝાડના મુળિયા તો ચારેબાજુ ફેલાયેલા હોય છે. ઘણા તો વાળ જેવા પતળા પણ હોય છે. હવે તેમાં ચારેબાજુથી આવા બધા મુળિયા કાપે પણ વચમાં જે મજબુત થાંભલા જેવુ મુળિયુ હોય તે ન કાપે તો શું થાય? તેને અકબંધ રહેવા દે તો શું થાય? માટે પ્રહાર તો મુળિયાના પણ મુળમાં જ કરવાનો આવશે.

તેની જેમ બધા દોષોનું મૂળ મોહમાં છે.

હવે મોહનું મૂળ ક્યાં ?

મોહ કેમ જન્મ્યો છે ? લીલોછમ કેમ છે ?

મોહનું મૂળિયું ક્યાં છે ? તો કહે છે

મોહનું મૂળિયું મિથ્યાત્વ છે.

મુખ્ય મૂળિયાને ઉપરથી કે વચમાંથી ખાલી કાપો પણ નીચેથી ન કાપો તો શું થાય ? અનંતકાય હોવાથી જલ્દી ઉગી જાય. જ્યારે ઝાડના થડમાં તો એક જ જીવ છે. અનંતકાયમાં અનંતા જીવો હોય છે. માટે તેનો ગોથ બરાબર હોય છે. અમુક વખત એવી ગ્રંથી હોય કે તેને ગમે ત્યાંથી કાપો, ત્યાંથી ઉગી જાય. અનંતકાયમાં ખુબ ખુબ જીવ છે. સ્વતંત્ર જીવ છે. થડમાં સર્જન શક્તિ છે તેના કરતાં મૂળિયામાં અસંખ્ય ઘણી સર્જનશક્તિ છે. માટે મૂળનો મુખ્ય ભાગ છે જ્યાંથી જીવન શ્રોત છે ત્યાં પ્રહાર કરવાનો છે.

હવે મિથ્યાત્વના મૂળિયા ક્યાં

મિથ્યાત્વનું મૂળિયું ગ્રંથી છે.

એક વખત આત્મા સમકીત પામે એટલે તેનો ગ્રંથીભેદ થઈ જાય. પછી તે સંસારમાં ગમે તેટલુ રખડે પણ ગ્રંથીભેદ તેને ફરી કરવાનો રહેતો નથી. કારણ તેને મિથ્યાત્વનું મૂળિયું ભેદી નાંખ્યુ છે. મૂળિયુ કાપી નાંખેલુ હોવાથી કદાચ મિથ્યાત્વ આત્મા પર ઝીલે તો પણ સંસારમાં અમુકથી વધારે તેને ન રખડાવે.

સભા:- ફરી ઉગે ખરુ ?

સાહેબજી:- હા ઉગે, ઉપશમશ્રેણિ માંડે ત્યારે ૧૧મા ગુણસ્થાનકે જીવ વીતરાગ બને છે. આ વ્યક્તિએ મોહને ઉખેડી નાંખ્યો છે, કાપી નાંખ્યો છે છતાં ફરી ઉગશે, વાવશે. જ્યારે ક્ષપકશ્રેણિમાં મૂળમાંથી ઉખેડીને તેને બાળી નાંખ્યો છે. માટે તેને ઉગવાનો સવાલ નથી.

સરકાર ઝાડને આખા મુળિયા સાથે લાવીને વાવે છે તો ફરી ઉગે છે. દા, મુળિયા સાવ જ તૂટી ગયા હોય તો તે ફરી ઉગે નહિ માટે એક વખત દોષને થોડુ પણ મુળમાંથી ઉખેડી, બાળી નાંખશો તો, તેટલા પ્રમાણમાં આત્માની શુદ્ધિ થઇ કહેવાશે.

હવે ગ્રંથીનું મુળિયુ શું ?

સંસારનો રાગ, કદાગ્રહ, સંસારની રસીકતા, તે ગ્રંથીનું મુળિયુ છે.

તેને પ્રહાર કરીને તોડી નાકો તો જ અધ્યાત્મની ભૂમિકા ચાલુ થાય. જે આને તોડે છે તે અપુનર્બંધક અવસ્થાને પામે, પામીને પામે જ.

।।પ.પૂ.શ્રી યુગદૃષ્ણાવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ।।

૨૪-૯-૯૫

રવીવાર. ।।મનોવિજ્ઞાન।। ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ આત્માને ભાવ આરોગ્યને પ્રદાન કરનારા ધર્મની તીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટિએ આ ધર્મનો ઉપદેશ એક જ છે. અનાદિના કારણે આત્માને લાગેલા રોગોનું નિરાકરણ કરી આત્માના ભાવ આરોગ્યને પ્રાપ્ત કરાવવું. આપણે લોગસ્સમાં પણ માંગીએ છીએ. ૨૪ તીર્થંકરની સ્તવના કર્યા પછી પરમાત્મા પાસેથી આપણે આત્માનું ભાવ આરોગ્ય અને બોધિનો લાભ થાય તેમ માંગીએ છીએ.

આ એક જ સાધવા લાયક તત્વ છે. હવે અહિંયા પ્રશ્ન ક્યાં થાય છે કે આત્માને અનંતકાળથી કયો રોગ લાગુ પડ્યો છે ? આ ૮૪ લાખ જીવાયોનિમાં જે પરિભ્રમણ છે તેતો પરલોકની વાત છે પણ માના પેટમાં આવ્યા ત્યારથી આધિ, વ્યાધિ, ઉપાધિ છે. દેવલોકમાં પણ ૨૪ કલાક આત્માને શરીર, ઈન્દ્રિય, મનના સંયોગ છે માટે તેનાથી અનેક પ્રકારની આવશ્યકતા ઉભી થાય છે. અને તેમાં પણ પુણ્ય ક્ષીણ હોય તો સંતોષ અને સંક્લેશનો પાર નહિ. આ ૮૪ લાખ જીવાયોનિના સ્વરૂપનું અવલોકન કરનારને દેખાય કે આ સંસારમાં દુઃખનો પાર નથી. પછી રાજા હોય, મહારાજ કે ઈન્દ્ર હોય કે ચક્રવર્તી હોય પણ બધાના જીવનમાં હોય છે. આ બધા દુઃખનું મુળ નિદાન શું ? આપણો આત્મા, દેહ, ઈન્દ્રિય, મનના પીંજરામાં પુરાયેલો છે. દેહ, ઈન્દ્રિય, મનનો જે સંયોગ છે તેને જ જન્મ કહીએ છીએ અને તેજ દુઃખનું નિમિત્ત છે. બધા દુઃખનું મૂળ જન્મ છે. મૃત્યુનો સવાલ પણ જન્મ છે માટે જ છે. ખરેખર રોગને સમજીને નિદાન કરવું હોયતો રોગના મુળ સુધી જવું પડે. જેમ એલોપથી દવા શું કરે છે ? રોગ આવે દવા આપે તેનાથી ટેમ્પરરી રાહત થાય. એટલે એલોપથી જીવનભર જો કોઈ લે તો રહે તો ભ્રમમાં કે મને

આરોગ્ય મળી ગયુ છે. પણ મુળમાંથી રોગ ગયો હોય નહિ. અંદર તો રોગના મુળ મજબુત પડેલા હોય તે તેને ખબર જ ન પડે કારણ રોગનું મુળનું નિદાન જ થયુ નથી. તેમ આપણે અનંતકાળથી આ સંસારરૂપી વ્યાધિનો નાશ કરવા પ્રયત્ન કર્યા પણ ક્યાં સુધી ? દેહશુદ્ધિ કરી, ઈન્દ્રિયશુદ્ધિ, મનશુદ્ધિ કરી પણ આત્મશુદ્ધિ સુધી પહોંચ્યા નહિ કારણ શું ? ખ્યાલ નથી આવ્યો માટે આપણા પુરુષાર્થમાં ગડબડ થઈ છે.

આ સંસારરૂપી રોગના મુળનું નિદાન શું ? આધિ, વ્યાધિ, ઉપાધિ જે પણ છે તે કર્મથી છે. આ જડ એવું કર્મ આત્માને ચોંટ્યુ છે માટે આત્માને સંતાપ છે. હવે કર્મ આત્માને કેમ વળગ્યુ ? કારણ શું ? જડ વસ્તુનો આત્માને મોહ છે માટે જડ કર્મ ચોંટે છે. જડ પ્રત્યે આત્માને આકર્ષણ છે માટે આત્માને ચોંટે છે. ખેંચાઈને આવે છે. જેમ લોહચંબુકમાં લોહાને ખેંચવાની આકર્ષણ શક્તિ છે માટે ખેંચાઈને આવે છે તેની જેમ જડ પ્રત્યે આત્માનું આકર્ષણ છે માટે ખેંચાઈને આવે છે. આ કુદરતના ક્રમથી વળગે છે. પદાર્થ વિજ્ઞાનના સિદ્ધાંતથી કર્મ ચોંટે છે. કર્મને કાંઇ ઈચ્છા નથી. તેનું કાંઇ પ્લાનીંગ નથી છતાં ચોંટે છે કારણ આપણને તેના માટે મોહ થાય છે.

સુલા:- મોહ થવાનું કારણ શું ?

સાહેબજી:- હા, હા મુળ સુધીનું નિદાન કરીશ. હવે નાના છોકરાને તાવ આવે ત્યારે તમે ડોક્ટર પાસે લઈ જાવ છો, દવા, ઈંજેક્શન અપાવી દો એટલે બસ કામ પુરુ થઈ ગયુ. આ દવાથી તાવ ચાલ્યો જાય, હવે ઘણી વખત તો છોકરા આઈસ્ક્રીમ ચોકલેટ ખાતા હોય જેથી શરદી, કફથી તાવ આવતો હોય અને ત્યારે તમે આવી ખોટોપથી દવા, ઈંજેક્શન અપાવો. માટે અશક્તિ આવી જાય જેથી

પાછુ જરા હવામાનમાં ફેર પડે એટલે ફરી તાવ આવે, શરદી થાય, આમ સર્કલ ચાલુ રહે. છ, સાત વર્ષના થતાં સુધી તો ઘણા છોકરાઓને કેટલીય વખત કડ, શરદી, તાવ આવી જતાં હોય છે. આમ સર્કલ ચાલ્યા કરે પછી રસ ઈજેક્શન લે. કારણ આજના ડોક્ટર રોગનું મુળ નિદાન કરતાં નથી. તેની જેમ આપણને સંસારરૂપી મહારોગ લાગ્યુ પડ્યો છે પણ તેનું બીજ ક્યાં છે ત્યાં સુધી આપણે પહોંચ્યા નથી.

સંસાર એ મહારોગ છે હવે
સંસારનું મુળ કર્મ છે
કર્મનું મુળ મોહ છે

મોહ નથી તેને કર્મ ચોંટતું નથી. માટે મોહ એજ તમામ કર્મબંધનું કારણ છે. હવે
મોહનું મુળ મિથ્યાત્વ છે.

મિથ્યાત્વ છે ત્યાં સુધી મોહને પોષણ મળે છે. જેમ રોગનું કારણ જો હાજર હોય તો રોગને પોષણ મળે. તેમ મોહને પોષણ આપનાર મિથ્યાત્વ છે. મિથ્યાત્વ એવી બુદ્ધિ કરાવે કે મોહમાં જ મજા આવે, મોહ ગમે, મોહ સારો લાગે. માટે મોહનું મુળ મિથ્યાત્વ છે. જેનું મિથ્યાત્વ મર્યું તેનો મોહ પ્રાય વજ્રના સ્લેવર જેવો છે. માટે સમકીતીનો મોહ પ્રાય વજ્રના સ્લેવર જેવો છે. તેનો મોહ તેને સંસારમાં રખડાવનારો નથી. હવે મિથ્યાત્વનું મુળ બીજ ક્યાં? છેલ્લે સુધી જવું હોય તો મંથન કરવાનું આવશે. હવે મિથ્યાત્વ પણ કર્મ છે. મોહનીયકર્મથી મોહ પેદા થાય. તેમ મિથ્યાત્વના પરિણામ જગાડે, તેનું બીજ શું? તેમાં કારણ ગ્રંથી છે. મિથ્યાત્વ આત્મામાં બેસી કેમ શક્યુ છે? કારણ ગ્રંથી. અને તેને "તમો ગ્રંથી" કહીએ છીએ. જે ગાઢ અંધકારમય ગ્રંથી છે, અજ્ઞાનતાનું પડલ છે. આ ગ્રંથી

હોય ત્યાં સુધી મિથ્યાત્વ લહેર કરે છે માટે આ મિથ્યાત્વની ગ્રંથીને તોડવાની વાત છે.

ગ્રંથી એ પારિભાષિક શબ્દ છે. હવે મોહ એટલે જડનું આકર્ષણ, મોહ સારો લાગે તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વનું કારણ ગ્રંથી છે. પણ આ ગ્રંથીની ઉપમા છે. હવે જે ભાવાત્મક મિથ્યાત્વની ગાંઠ છે તે કયો ભાવ? તો કહે છે કે

સહજ રાગ-દ્વેષની તીવ્રતા તેનું નામ મિથ્યાત્વની ગાંઠ છે. રાગ-દ્વેષ પ્રચલીત શબ્દ છે. પણ અહિંયા ખાલી રાગ-દ્વેષ નહિ પણ સહજ રાગ-દ્વેષ. જેમ કૃત્રીમ, અકૃત્રીમ, અસલી, નકલી આખી દુનિયામાં જેટલા રાગ-દ્વેષ થાય છે તેમાં બે ક્વોલીટી છે. ૧) કૃત્રીમ એટલે કાયમના નહિ, કામચલાઉ, ઔપચારીક ઉભો થયેલો રાગ-દ્વેષ. આ દુનિયામાં જડ વસ્તુ પર કે વ્યક્તિ પર જે રાગ થાય છે તેને ઔપચારીક રાગ-દ્વેષ કહ્યા છે. જેમ નવું કપડું લઈ આવ્યા તેના તરફ રાગ, આકર્ષણ છે પણ કયાં સુધી? જ્યાં સુધી તેની ડીઝાઇન, કલર સારાં, તમને સુખ આપે ત્યાં સુધી, જરા ડાટે કે જુનુ થાય પછી તેને જ ફેંકી દોને? માટે પહેલાં જે રાગ થયો તે કાંઈ કાયમી રહ્યો? જ્યારે ડ્રેસ લાવ્યા ત્યારે કોઈ જરા ડાઘો પાડે તો ચીડાઈ જાઓ ને? કારણ રાગ છે. જ્યાં રાગ છે ત્યાં તેને નુકશાન થાય તો દ્વેષ થાય. જ્યાં સુધી તમને અનુકુળતા મળે છે ત્યાં સુધી તે વસ્તુ કે વ્યક્તિનો રાગ રહે છે. જ્યારે તે સુખનું સાધન ન બને એટલે દ્વેષ થાય. તેમ શરીરનો રાગ પણ ક્યાં સુધી? તેના તરફથી અનુકુળતા મળે ત્યાં સુધી. તેના ડાર્ા જરા કડવા મળવાનું ચાલુ થાય પછી તેમાંથી છુટવાનું મન થાય છે. માટે ઘણા આપઘાત કરતાં હોય છે. માટે વસ્તુ કે વ્યક્તિ પરનો રાગ કૃત્રીમ છે સહજ નથી. જેમ તમારે દીકરો

'જન્મે કેટલો રાગ થાય. તેને કેવી રીતે સાચવો? પણ પછી તે જ દીકરો મોટો થઈને તમારી વાત ન માને, તમારી ઉપેક્ષા કરે, વાતવાતમાં ઝાડો ઉતરે, પછી ગમે ખરો? માટે રાગ-દ્વેષ સ્વાર્થ સાથે સંકળાયેલા છે. માટે આ બધો રાગ કૃત્રીમ, ઔપચારીક છે. હવે ખરો રાગ ક્યાં છે? ખરો, અસલી, સહજ રાગ તમારા મારા સુખ પર છે. તમને જેમાંથી સુખ મળે ત્યાં રાગ ને? તેમાંથી સુખ મળતું બંધ થાય એટલે બીજે જ્યાંથી સુખ મળે ત્યાં રાગ? માટે ભૌતિક સુખ પર તમને સહજ રાગ છે. તે રાગ મહેનતથી પેદા નથી થતો, કોઈનો કરાવ્યો પણ થતો નથી, અને કોઈનો છોડાવ્યો છુટતો પણ નથી. તમને તમારી 'મા' પર રાગ કેમ થાય છે? લાગણી આપી પંપાળીને મોટો કર્યો માટે. જન્મ પહેલા આ વ્યક્તિ પર રાગ નહોતો, પણ પછી ધીરે ધીરે વાતાવરણ મળ્યુ માટે રાગ ઉભો થયો. તેમ ઘણી વખત શું બને કે લગ્ન કે સગાઈ પહેલાં બન્ને વ્યક્તિ એક બીજાને ઓળખતી ન હોય, જાણતી પણ ન હોય પણ સગાઈ થતાં કેવા રાગ જન્મે છે અને પાછા વાંધા પડે તો તૂટે પણ કેવા છે. તમારા સંસારનું સ્વરુપ કેવું છે. જેમ સગી દીકરીને જન્મ આપો, પાલન પોષણ કરી મોટી કરો, ભાઈ બ્હેનો સાથે હળીમળી મોટી થાય અને પછી સગપણ થાય એટલે "એ ઘર મારુ" કારણ શું હવે ત્યાં સુખ વધારે લાગે છે. સંસારમાં જ્યાં જીવને સુખ લાગે ત્યાં કાંઈ છોડતાં વાર લાગતી નથી. અમે જ્યારે દીક્ષા લઈએ ત્યારે બધુ છોડીને નીકળીએ તો કહેતા હોય છે કે કેવી રીતે છોડીને જાય છે. પણ તમારી દીકરીને કોઈની સાથે લવ થાય તો કુંટુબને છોડતાં વાર કરે ખરી? તેમ કેટલાયના છોકરા આમ છોડીને નીકળી ગયા ને? આવા તો કેટલા દાખલા મળે. ગમે તેટલો રાગ, લાગણી હોય પણ એક ઝાટકે તોડતાં વાર લાગે?

કારણ ભુવને હવે ત્યાં સુખ દેખાય છે અને એજ વ્યક્તિ ન ફાવે એટલે તેને છોડતાં પણ વાર ખરી? શું સ્થિતિ છે? આમાં મૂળ કારણ ઔપચારીક રાગ છે. જ્યાંથી સુખ મળે તે જોઈએ અને દુઃખ મળે તે જોઈતું નથી.

ભૌતિક સુખ અને દુઃખ પર રાગ-દ્વેષ છે. હવે તે રાગ-દ્વેષ પર જે તીવ્રતા છે તેને મિથ્યાત્વની ગાંઠ કહીએ છીએ. એટલે મિથ્યાત્વની ગાંઠ તે સહજ રાગની તીવ્રતા છે. હવે

ગાંઠનું મૂળ ક્યાં છે? રાગની તીવ્રતા મિથ્યાત્વ સાથે જડાયેલા છે. મિથ્યાત્વની ગાંઠ તૂટી એટલે સહજ રાગ નબળા પડે, તૂટે પણ તે ગાંઠ તૂટી છે કે નહિ તેની ચકાસણી કરવી પડે.

અનંતકાળમાં મિથ્યાત્વની ગાંઠ એક વખત ભેદાય પછી તે ફરી બંધાતી નથી. અને જ્યાં સુધી તે ભેદાતી નથી ત્યાં સુધી સમકીતના દરવાજા બંધ છે. ગાંઠ નાળુ મારીને બેઠી છે. એક વખત તૂટી પછી ફરી તે બંધાવાની નથી. કદાચ આત્મા દુષ્ટ બને, ઉગ્ર પાપ કરે તો પણ મિથ્યાત્વની ગાંઠ જામતી નથી.

સુખનો સહજ રાગ છે.

દુઃખનો દ્વેષ છે.

જે જન્મ્યા ત્યારથી છે અને મરતાં સુધી રહેવાનો છે. હા, સ્થિતપ્રજ્ઞની ભૂમિકામાં સુખનો રાગ-દ્વેષ ન હોય. આપણે તો અત્યારે ૨૪ કલાક અનુકૂળતા ઇચ્છીએ છીએ. પ્રતિકૂળતા આવે એટલે તરત જ ઉંચા થઇ જઈએ છીએ. અને અનુકૂળતા આવે એટલે ગેલમાં આવી જઈએ છીએ. પણ તેમાં તીવ્રતા તો ન જ જોઈએ, પ્રગાઢતા તો ન જ જોઈએ.

સંસારના ભૌતિક સુખને જ્ઞાનીઓએ નિંદ્યા છે કેમ? કારણ બધા સુખ વિકારથી પામી શકાય છે. વિકારના પોષણથી જ પામી શકાય, ભોગવી શકાય તેમ છે. સંસારના સુખ મારે પહેલા વાસના

જોઈએ. તેમ ધનની આસક્તિ જો પહેલાં હોય તો પૈસા, શ્રીમંતાઇનું સુખ મળે. પૈસાથી માનસીક આનંદ કોને આવે? જેના મનમાં ધનની તૃષ્ણા હોય. અમને કોઈ કહે કે લો લાખ રૂપિયા તો આનંદ થાય? કારણ અમે તેને પકડવાના પક્ષ નથી, તે જડ વસ્તુ છે. ભલે તમે ભૌતિક સંસારમાં મહત્વ આપતાં હોય, પણ આ છોડવા જેવું છે. જે પાપનું સાધન છે. તેનાથી થતો ધર્મ કરતાં ઉંચો ધર્મ કરવા જેવો છે. માટે અમને તેમાં રસ કે રાગ ન હોય માટે આનંદ ન થાય. તેની જેમ સંસાર સુખમાં વિકારો સેવવાના છે આ બધુ વિકારથી પેદા થતુ સુખ છે. આમ મુળભૂત રીતે શાસ્ત્રમાં સુખની નિંદા નથી. સુખ પમાડવા માટે જ ધર્મ સ્થપાયો છે. જે સુખ નથી મળ્યુ તેને પામવા માટે ધર્મ છે. તીર્થંકરોને પણ સુખ જોઇતુ હતુ, માટે સંસાર છોડ્યો છે. જો સુખ હોય નહિ તો મોક્ષે જવાની જરુર નથી, સાધનાની પણ જરુર નથી. પરંતુ જે નિંદા છે તે વિકારી સુખની નિંદા છે. માટે આ સુખનો સહજ રાગ ભ્રમણાના કારણે જન્મ્યા છે. અનંતકાળથી વિકારોમાં જ જે મજા આવે છે તે મહાભ્રમણા છે. હવે

મહાભ્રમણા એટલે શું?

મિથ્યાત્વનું મુળ ગ્રંથી છે

ગ્રંથીનું મુળ તીવ્ર રાગદ્વેષ

રાગ-દ્વેષનો જે રાગ તેજ તીવ્રતા છે

તીવ્ર રાગ-દ્વેષને ગાંઠ કહી છે

તીવ્ર રાગ-દ્વેષ જન્મ્યા કેમ?

તીવ્ર રાગ-દ્વેષમાં મજા આવે છે માટે તીવ્રતાથી જન્મે છે. અને માટે જ રાગ-દ્વેષ પરના રાગની તીવ્રતા આવે છે માટે ગ્રંથીનું મુળ પણ છે.

જેમ ઝાડને કાપી નાંખો પણ મુળિયા સાબુત હોય તો ફરી

ઊગી જાય. જેમ ઘણા શું કરે ઝાડના ડાળી, ડાળખાં, પાન, ફળ કાપી નાંખે. પણ તેના મુળિયા સાબુત રાખ્યા હોવાથી ઊગી જાય. તેમ ઘણા આના સાથે થડ પણ કાપે પણ મુળિયા સાબુત હોવાથી પાછા ઊગી જાય. ઘણા આગળ વધીને શું કરે મુળિયા પણ ઉપર ઉપરથી કાપે, આજુબાજુથી પણ કાપે પણ મુખ્ય મુળિયા પર નીચેથી પ્રહાર ન કરે. મુળિયાની જે નીચલી જડ છે તેને જ નથી કાપતા માટે તેના પર જે પ્રહાર નથી કરતો તે ઝાડને ઉખેડી શકતો નથી. તેની જેમ અનંતીવાર આત્માએ ડાળી, ડાંખળા થડ થોડા કાપ્યા પણ મુખ્ય મુળિયાને હલવા જ ન દીધો. માટે જ સંસાર લીલોછમ રહ્યો, હરિયાળો રહ્યો. રજ કલાક રાગ-દ્વેષમાં મજા કોણ કરાવે છે ? રાગ-દ્વેષ પ્રત્યેનું આકર્ષણ છે તે. જ્યાં સુધી રાગ-દ્વેષનું આકર્ષણ હશે ત્યાં સુધી તેમાં મજા આવશે અને ત્યાં સુધી સંસાર કપાવાનો નથી. માટે રાગ-દ્વેષ પ્રત્યેનો જે રાગ છે તે ખરાબ લાગવો જોઈએ. તે ખરાબ કેમ નથી લાગતો ? તેના માટે હરિભદ્રસૂરિએ લખ્યું કે અનંતકાળથી રાગનો અસદ્ અભિનિવેશ છે.

અસદ્ અભિનિવેશ એટલે આગ્રહ છે. એક પ્રકારનો રાગ-દ્વેષ પ્રત્યેનો, કષાયોનો આગ્રહ પડ્યો છે. એક વસ્તુ સારી લાગે એટલે મમત્વ રૂપે આગ્રહ બંધાઈ જાય. મોટા ભાગના જુવો ધર્મ કરનારા અને ધર્મ ન કરનારા એમ માને કે પ્રસંગે રાગ-દ્વેષ કરવા જોઈએ. રાગ-દ્વેષ વગર જીવનમાં મજા શું ? અવસરે ક્રોધ, પાપ કરવા જોઈએ. સાથે ગુણ કેળવતાં એવું થાય કે ગુણો કેળવશું તો લુટાઈ જઈશું, બરબાદ થઈ જઈશું દેવાન થઈ જઈશું. જેમ ઉદારતા કેળવવી એટલે શું ? ખિસ્સુ ખાલી થશે. દાન આપતી વખતે શું લાગે છે ? ખાલી થઈ ગયા કે કોઈક મેળવ્યુ લાગે ?

આનો અર્થ શું કે દાન આપવામાં ગુમાવાનું છે. માટે રાગ-દ્વેષ કરવા લાયક છે, સારા છે. તેમાં ઉંડે ઉંડે મજા પડી છે. તેને અસદ્ અભિનિવેશ કહે છે. અને તે સંસારની મા છે. ભાવમલ છે, કર્મની મા છે તેનાથી નવા કર્મ, તેનાથી નવા કર્મ આમ સર્કલ ચાલ્યા જ કરે છે. અને આ સર્કલનું મુળ કારણ અસદ્ અભિનિવેશ છે. રાગનો રાગ સારો કેમ લાગે છે કારણ રાગના રાગ પરનો આગ્રહ વધ્યો છે, તેનો ટેસ્ટ સારો લાગે છે માટે મજા માની મમત્વનો પૂર્વાગ્રહ ઉભો થઈ ગયો છે. હવે આ મમત્વ છુટવુ કેમ નથી ?

સલા:- ખોટુ છે તે માનવા છતાં પણ આદતી મજા કેમ ?
સમજાતું નથી. દાખલો આપો.

સાહેબજી:- બીડી પીનારને તેનાથી ફેફસા ખલાસ થઈ ગયા હોય છતાં તે છોડતો નથી. અને પાછા પીએ ત્યારે મજાથી પીએ ! પાછા માને મજા આમાં જ છે ! દારૂ પીનારને પણ શું ? થોડો ટેસ્ટ તો કરી લેવા દો બસ મજા તેમાં જ છે. ભલે દારૂથી આબરૂ પાયમાલ થઈ ગયા હોય છતાં તેને પૂછો કે જીવનની મજા શું ? તો શું કહેશે ? જેમ ડ્રગ્સ લેવાવાળાને શું હોય ? દવા લે ત્યારે જ મજા આવે. ડોઝ આપો પછી બીજી વાત તેમ કહે. અને ન આપો તો રડે, કારણ લત લાગી છે. માટે તેનો આગ્રહ છે. ભલે હેરાન ગમે તેટલો થાય. તેને ખબર પણ હોય કે હું આમાં પાયમાલ થઈ ગયો છુ. તે જાણતો હોય આ દવાઓથી શરીર પણ હાડપીંજર થઈ જાય છે, ભૂખ મરી જાય છે. સમાજની દૃષ્ટિએ પણ ગુનેગાર. પકડાઈ ન જાય તે રીતનો રસ્તો કાઢી લે છે. આમ વધુ સહન કરે છતાં આ જોઈએ જ ? આ સંસારનું સ્વરૂપ છે. તેની જેમ આત્માને અનંત અનંત કાળથી આની લત લાગી છે માટે મનમાં એક આગ્રહ તેનો વધ્યો છે. જો આ અસદ્ અભિનિવેશ નષ્ટ થાય અને મન શાંત

કરો, કષાયોને નબળા પાડો, ચિત્તશુદ્ધિ કરો પણ તે એકડા વગરનાં મીંડા જેવું છે. કારણ મુળ ચૂક્યુ નથી. જેમ દવાથી ઓછ ટકો પણ મુળમાંથી રોગ નાબુદ થાય તો તે દવા ખરી છે કારણ તે દવાથી લાંબા ગાળે પણ રોગ નાબુદ થશે પણ મુળમાંથી નાબુદ ન થાય તો તે દવા કૃત્રિમ છે. તેમ તે ધર્મથી ચિત્તશુદ્ધિ થાય પણ આત્મશુદ્ધિ ન થાય તેને ઔપચારીક ધર્મ કહ્યો છે. પણ જે ધર્મથી આત્મશુદ્ધિ થાય તે જ ખરો ધર્મ છે.

તમારે ધર્મ કરતાં અપેક્ષા શું રાખવાની છે? ચિત્તશુદ્ધિ ઓછી થાય તો ચાલે પણ આત્મશુદ્ધિ તો થવી જ જોઈએ. જેને મુળમાંથી રાગ-દ્વેષ ખરાબ લાગતા નથી તેને આત્મશુદ્ધિ આવતી નથી. અત્યારે આપણો સુખ પરનો સહજ રાગ ઝમેલો જ છે.

જેમ કોઈકને બહુ કડક ચા ભાવતી હોય માટે તે કડક જ પીએ. બીજુ આપે તો મોંમાં પણ ન મુકે. કારણ તેને કડકમાં જ ટેસ્ટ આવે છે માટે ઈચ્છા કડકની જ છે. પણ હવે કોઈ વ્યક્તિ તેને કહે આવી કડક ચા પીવાથી આંતરડા, લીવર વગાડી જશે અંદર જે નિકોટીન હોય છે તેનાથી બ્રેઈન પણ ડેમેજ થશે. ઘણા નુકશાન કરશે. માટે તે ઓછી કરે ઓછી પીએ કદાચ બંધ કરે કારણ નુકશાન થશે. પણ કડકનો ટેસ્ટ તો તેને પડ્યો જ છે. માટે મુળથી ઈચ્છા મરી નથી. પણ ખાલી નુકશાન કારણો ઈચ્છા દબાવી છે. બીજો જે ચા ન પીતો હોય તેને આપો તો કેવું મોં કરે. કારણ તેમાં તેને ટેસ્ટ નથી. કદાચ ચાના કારણો મીઠાશનો સ્વાદ ગમતો હોય, ગરમ ગરમ પીવાનું ગમતું હોય પણ સ્ટ્રોંગ સ્વાદનો તેને ભાવ નથી. કારણ કડક પીનાં કડવાશનો અનુભવ તેને થાય છે.

તેમ રાગદ્વેષમાં થોડી પણ કડવાશનો અનુભવ થાય અને

'બેસ્વાદ પણાનો સ્વાદ લાગે તો જ રાગ તૂટે. તમને કહીએ કે આવા આવા ભાવોથી કેવા કેવા કર્મો બંધાય તે જ્યારે વિપાકમાં આવશે ત્યારે જીવની શું હાલત થશે તે બધુ સાંભળીને આ ભવમાં ગુસ્સો ન કરો. તેમ તમને ગુસ્સો કરવાથી શરીર પર શું શું નુકશાનો થાય તે સમજાવીએ જેમકે ગુસ્સો કરવાથી બાયોકેમીકલ પર કેવી અસર પડે છે જે મગજ તંત્રમાં મહત્વના છે તેમાં ઈનબેલેન્સ થાય છે. માટે વધારે ગુસ્સો કરતાં શરીરમાં ઝેરી પદાર્થો ઉભા થાય છે જેથી લાંબાગાળે શરીર અને મગજ બંધામાં નુકશાન થાય જેથી વિચારવાની ક્ષમતા પણ તૂટે છે. અનેક આવેગો, ઉશ્કેરાટ કરવાથી મનની શક્તિ નબળી પડે છે. આ બધુ જાણીને કદાચ ગુસ્સો ન કરો પણ તેમાં કડવાશનો અનુભવ નથી. સમતામાં રહેલા જીવને માનસીક થાક નથી. જ્યારે આપણને છ-બાર કલાકની ઉંઘવાની જરૂર પડે છે. તે વખતે મગજ ડલ હોય છે. આજુબાજુ પણ શું થાય છે તેની ખબર પડતી નથી. અત્યારે ૨૪ કલાકમાં ઘણાને દસ-બાર કલાક સુધુ પડે છે કારણ માનસીક થાક વધારે છે. ભગવાને દીક્ષા લીધા પછી ૧૨॥ વર્ષમાં એક અંતઃમુહુર્ત ઉંઘ લીધી છે. ઉંઘ્યા પણ કઈ રીતે ? ઉભા ઉભા ધ્યાનમાં ચિંતન મનન કરતાં કોઇકવાર અડધી મીનીટનું ઝોકુ આવી જાય. માણસ ફીઝીકલી ઓવર વર્ક કરે ત્યારે થાક લાગે. રોગીની આ વાત નથી. તેને તો એમનેમ પણ થાક લાગે. ભગવાન દીક્ષા લીધા પછી મીનીમમ દિવસનાં ૨૧ કલાક ધ્યાનમાં રહ્યા છે. વધારેમાં વધારે ૨૪ કલાક પણ રહ્યા છે. ઘણી વખત. ચોમાસાની ચૌદસથી ધ્યાનમાં રહે તો બીજ ચોમાસી ચૌદસ આવે ત્યાં સુધી ધ્યાનમાં જ હોય. પણ ઓછામાં ઓછું ૨૧ કલાકનું તેમને ધ્યાન હોય. મગજ કેટલુ સક્રિય હોય, ઉભા

રહે તેથી શરીરને શ્રમ પડે. ધ્યાન કરવાથી મગજને શ્રમ પડે. તમે ૦।૦ કલાકમાં થાકી ગયો ને? પણ પ્રભુને સ્ફુર્તી હોય, જરાપણ થાક ન હોય. કારણ તેમને ક્યાંય આવેગ નથી. જ્યારે આપણને કષાયોના આવેગનો પાર નથી.

સભા:- ભગવાન શાનું ચિંતન કરે?

સાહેબજી:- આખી દુનિયાનું ચિંતન કરે. ભીંત ઉપર વિચારવાનું ચાલુ કરે તેમાંથી અધ્યાત્મનુ રહસ્ય સ્ફુરે. તમે દ્રવ્યાનુયોગ ભણ્યા હોય તો થોડુ ચિંતન મનન કરી શકો. તમે ને ભીંત દેખાય તો શું વિચારો? ધોળી છે, પીળી છે, ખરબચડી છે, લીસ્સી છે. જો સારી હોય તો રાગ થાય અને ખરાબ હોય તો દ્વેષ થાય. માટે ચિંતન આવેગના તાંતણાથી જ ચાલુ થાય. જેમ ફર્નીચર જુઓ તો શું વિચારો. કેટલાનું છે? શું ક્વોલીટી છે? કેવું લાગે છે? આના બદલે આવો કલર, કપડુ સારુ લાગને. કેટલી સગવડતા આપે તેવું છે. માટે બધે રાગ-દ્વેષના ભાવથી જ શરૂઆત થાય. જ્યારે ભગવાન ચિંતન, મનન નિર્લેપ ભાવથી જ કરતાં. જેમકે ભીંત એટલે જડ દ્રવ્ય છે. જડ દ્રવ્ય આત્મા, ચેતનથી જુદુ છે. મુળભૂત રીતે તે જુદુ છે. તેને ચેતનને કાંઇ લેવા દેવા નથી. માટે ચેતન માટે સુખનું સાધન બની શકે નહિ. તેમને ચિંતન કરતાં આવેગ હોય જ નહિ. કારણ તેમને રાગ નથી દ્વેષ નથી, આકર્ષણ નથી અપાકર્ષણ નથી, આસક્તિ નથી અનાસક્તિ નથી. માટે તેઓ તટસ્થતાથી મુલ્યાંકન કરી શકે. એક તરફ ઝોંથાયેલો માણસ સત્યનું દર્શન કરી શકે નહિ. તમારે વેપાર કરવા પણ તમારી સંસારમાં કરેલાની કામચલાઉ સમતા જોઇએ. જેમ ભાગીદાર એક સલાહ આપે, જ્યારે તમારો દીકરો બીજુ સલાહ આપે. હવે આ વખતે તમારો ભાગીદાર જરા કચકચીયો હોય તેની સાથે

તમારે જરા ઓછુ ભમનું હોય અને દીકરા તરફ મમત્વ હોવાના કારણે આ દ્વેષ અને રાગ સાથે રાખીને તમે ધંધાનો નિર્ણય સાચો કરી શકો ખરા? આવેગો સાથે વાસ્તવીક સત્યનું દર્શન કરી શકો નહિ. માટે સાચો નિર્ણય કરવા ભાગીદાર તરફનો દ્વેષ અને દીકરા તરફનો રાગ બન્ને છોડવા પડે. માટે કહો છો ને કે ધંધામાં લાગણીવેડા ન થાસે. તે વખતે તમે મમતાને પણ બાજુ પર મૂકો છો ને?

સભા:- સાથે એમ પણ કહે છે કે ધંધામાં ધરમવેડા પણ ન થાસે.

સાહેબજી:- જેનો જેને ભાન નથી તે આવું બોલે છે. કહે છે કે ધર્મ બધે લાવીએ તો બરબાદ થઈ જઈએ. માટે તમારા હિસાબે ધર્મ એ બરબાદીનું કારણ છે ને? આ જે મગજમાં બેઠેલુ છે તે મિથ્યાત્વ છે. માટે મુળમાં જ ખામી છે. ભુવનમાં એવુ કોઈ ક્ષેત્ર નથી કે તમે ધર્મ લગાડો અને સુખ, શાંતિ ન મળે. પરમ સુખ શાંતિનું સાધન ધર્મ છે. માટે આવુ બોલનારના મતે ધર્મ બરબાદીનું કારણ છે. માટે તે મિથ્યાત્વ છે. ધર્મથી આ ભવમાં અને પરભવમાં સુખ, શાંતિ મળે છે. ભગવાનની આજ્ઞા એનું નામ જે એકાંતે સુખકારી હોય. વીતરાગની આજ્ઞા કદી દુઃખકારી હોય નહિ. જેના હૃદયમાં સર્વ જીવોના કલ્યાણની ભાવના હોય તેના ઉપદેશમાં કદી કોઈનું પણ ખરાબ કરવાની ભાવના હોય? માટે આવુ બોલનારને ધર્મ પર અરુચી પડી છે. ઘણાને થાય કે બહુ ધર્મ ન કરવો. લીમીટમાં જ કરવો. વધારે કરીએ તો પાયમાલ થઈ જઈએ. મારે ધર્મ તરફ મુળમાંથી અરુચી છે. હજુ તમને વાસ્તવીક ધર્મની ઓળખાણ નથી. ધર્મ કહો પણ પત્ની, ભાઈ, દીકરા સાથે મતભેદ થાય તેવી કે ધર્મના

ક્ષેત્રમાં પણ નુકશાન થાય તેવી સલાહ આપશો ખરો? ધર્મના ક્ષેત્રમાં કે ભૌતિક ક્ષેત્રમાં આત્માનું ભલુ થાય તેવી જ સલાહ આપશો.

માટે તીર્થંકર કોઇપણ વસ્તુનું ધ્યાન કરે તે તટસ્થતાથી જ કરે. હેમચંદ્રસૂરિએ લખ્યુ કે સમતા સાથે ધ્યાનને છેડા છોડી બંધાયેલી છે. જેનું મન તટસ્થ નથી તે વાસ્તવીકતાનું દર્શન ન કરી શકે. રાગ-દ્વેષ એ એક પ્રકારનો પક્ષપાત છે. પક્ષપાતથી વિચારેલી વાત અવાસ્તવીક, મિથ્યા જ હોય.

દીકરાના રાગથી ધંધામાં વિચાર કરશો તો ફેઇલ જશો તેમ ભાગીદારના દ્વેષથી ધંધામાં વિચાર કરશો તો પકા ફેઇલ જશો. માટે સંસારના સાચા નિર્ણય કરવા હોય તો તટસ્થ બનવું પડે. આવેગ શુન્ય બનવુ પડે. માટે ભૌતિક દ્રષ્ટિએ સફળ થનારને મનના આવેગો પર કાબુ રાખવો પડે છે. જીવનમાં સફળતા માટે સાચા નિર્ણયની આવશ્યકતા છે. અને સાચા નિર્ણય માટે તટસ્થતાની આવશ્યકતા છે.

સભા:- ભગવાન ભીંત પર ધ્યાનમાં શું ચિંતન મનન કરે? જણાવોને!

સાહેબજી:- જેમ ભીંત દ્રવ્ય તરીકે શું? ક્ષેત્રના ગુણ શું? પર્યાય શું? તેનું સ્વરૂપ શું? તેમને પવિત્ર નિર્મળ જ્ઞાનની ધારા હોય અને જ્ઞાનરૂપ ધારાનો આસ્વાદ હોય. જેમ ભીંત મુળથી શાશ્વત કે અશાશ્વત છે. અપેક્ષાએ શાશ્વત છે અપેક્ષાએ અશાશ્વત છે. જે અણુ પરમાણુની રચનાથી થઇ છે તે અણુ પરમાણુ શાશ્વત છે. તેમાંથી બનતો આકાર, રૂપ અશાશ્વત છે. તેમનું ચિંતન સ્યાદ્વાદમય જ હોય. અપેક્ષાએ સુંદર છે અપેક્ષાએ અસુંદર છે, અપેક્ષાએ ભિન્ન છે, અપેક્ષાએ અભિન્ન છે. આ બધા પાસાથી ચિંતન કરવા દાર્શનિક જ્ઞાન જોઇએ. તેમના ચિંતનમાં સપ્તભંગી,

નયવાદ, સ્યાદ્વાદ બધું જ આવી જાય. માટે તમામ પાસાથી ચિંતન કરવા સ્યાદ્વાદ દૃષ્ટિ જોઈએ. તમારો આત્મા અને ભીંત અપેક્ષાએ જુદા છે અને અપેક્ષાએ એક છે.

સભા:- જડ અને ચેતન એક કઈ રીતે ?

સાહેબજી:- એ પણ દ્રવ્ય છે અને હું (આત્મા) પણ દ્રવ્ય છું. દ્રવ્ય એક જ છે. તત્ત્વાવત ગુણધર્મોનો છે. સ્યાદ્વાદ ભણો તો આ બધો વિચાર કરી શકે. ભીંત અપેક્ષાએ ભિન્ન છે અપેક્ષાએ અભિન્ન છે. જેમ બીજા આત્મા પણ અપેક્ષાએ ભિન્ન છે. અપેક્ષાએ એક છે. કારણ અમુક રીતનું જુદાપણું છે અમુક રીતની સમાનતા છે.

સભા:- પણ જડ પદાર્થ અને આત્મા એક કઈ રીતે સાહેબજી.

સાહેબજી:- આત્મા પણ દ્રવ્ય છે. જડ પણ દ્રવ્ય છે. તમે ચેતન અને જડનો વિચાર કરો તો જુદા છે અને એ તો ગુણ થાય ને? સત્તામાં અસ્તિત્વ દ્રવ્યરૂપે આખા જગત સાથે અભેદ છે એટલે બાહ્ય સ્વરૂપ છે. બધે સ્યાદ્વાદ, નયવાદ છે. નીર્યઠરો મહિના સુધી ચિંતન કરે તો પણ તેમને જૂટે નહિ. અગાધ જ્ઞાન હોય. લખ્યું છે ને કે ભગવાન મહાવીરે આખી રાત એક પરમાણુ પર ચિંતન કર્યું હતું તમે બે મીનીટ પણ ન કરી શકો.

સભા:- આવા વિષય પર ધ્યાન કરે તો કર્મ ખપે ખરા?

સાહેબજી:- હા, અનાસક્ત, નિર્લેપતા પૂર્વકનું નિર્મળ જ્ઞાન કર્મ ખપાવાનું સાધન છે. જ્યારે તમારું જ્ઞાન વિકારી છે માટે કર્મ બંધાય છે. ભગવાને પરમાણુ પર ચિંતન કર્યું તેમાં કેટલાય કર્મ ખપી ગયા? અત્યારે બધાને ભ્રમ છે કે આત્માનું જ ધ્યાન કરીએ તો કર્મ ખપે, નહિતર ન ખપે. તમે આત્મા, પરમાત્માનું ધ્યાન કેમ કરો છો? કારણ આપણું મન અશુભ ભાવોથી છવાયેલું છે. માટે જ શુભ આલંબન લઈએ છીએ. અશુભ ભાવો ગયા પછી ગમે તેનું

ચિંતન કરો તે કર્મ નિર્જરાનું સાધન બને છે. ભગવાને કહી દેવાસર જઈને કે. પ્રતિમાનું ધ્યાન કર્યું નથી અને ક્યાંય શાસ્ત્રમાં આવું વર્ણન આવતુ પણ નથી. તેમને શુભ આલંબનની જરુર નથી જ્યારે આપણને છે. કારણ આપણો અશુભના આવેગથી ઘેરાયેલા છીએ. માટે ક્ષપકશ્રેણિમાં પણ આત્માનું ધ્યાન કરે તો જ કેવળજ્ઞાન થાય, તેવું નથી. ઉલટાનું તે વખતે અનેક વિષયનું ધ્યાન હોઇ શકે. જુનભદ્ર ક્ષમાશ્રમણે... "ધ્યાનશતક" ગ્રંથમાં લખ્યુ કે શુક્લધ્યાનમાં અરુપીનું ધ્યાન કરવું હોય તેને રુપી પર પહેલા એકાગ્ર થવુ પડે. તેનો ક્રમ શુ ?

પહેલાં શુભ આલંબન લે ને અશુભ આલંબન છૂટે
સ્થુલ કરે તેમાં સ્થિર થાય પછી
સુક્ષ્મ કરે, તેમાં સ્થિર થાય પછી
અરુપીનું ધ્યાન કરે.

<u>શિષ્ય</u>:- સિદ્ધ ભગવંતને ધ્યાન છે ?

<u>સાધ્યજ્ઞ</u>:- ધ્યાન કોને કરવું પડે ? સાધકને. જે અધુરાશની નિશાની છે. સાધક છે તેને કાંઇક મેળવવાનું બાકી છે માટે ધ્યાન કરે છે. જ્યારે સિદ્ધ ભગવંતને કાંઇ મેળવવાનું બાકી નથી. તેઓ પૂર્ણ છે.

<u>શિષ્ય</u>:- ભગવાન છઠ્ઠે-સાતમે ગુણસ્થાનકે ધ્યાન કરે છે કઇ રીતે ?

<u>સાધ્યજ્ઞ</u>:- સવિકલ્પ દશા આવવાથી જીવ નીચે ઉતરે અને નિર્વકલ્પ દશામાં જાય, તે ઉંચી ભૂમિકામાં છે.

એટલે છઠ્ઠે સવિકલ્પ દશાનું ધ્યાન છે જ્યારે સાતમે નિર્વકલ્પ દશાનું ધ્યાન છે. પાર્શ્વપ્રભુની સ્તુતિ આવે છે ને કે

" ક્રમઠે ધરણેન્દ્રે ચ, સ્વોચિતં કર્મ કુર્વતિ
પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિઃ પાર્શ્વનાથ શ્રિયેસ્તુવઃ "

તેમાં ભગવાનની નિર્વિકલ્પ દશાનું સૂચક છે. અને તે ગાથા પછી "इता पराधीपिजने, कृपामंथर नारयोः ईषद्बाष्पार्द्रयोर्भद्रं, श्री वीरजिन नेत्रयोः" આ ગાથા ભગવાનની સવિકલ્પ દશા સૂચવે છે. મહાવીર પરમાત્માની આ જે દશા છે તે વિકલ્પ યુક્ત ધ્યાન દશા છે. જે નીચલી ભૂમિકા છે. આમ પ્રભુ પાર્શ્વનાથને અને પ્રભુ મહાવીરને બન્નેને મરણાન્ત ઉપસર્ગ આવ્યા છે. પાર્શ્વપ્રભુને એક રાતના સમયનો ઉપસર્ગ છે. જ્યારે પ્રભુ મહાવીરને ૬ મહિનાનો સમય છે. બન્ને દુષ્ટ દેવતા છે. તેમથી મરણાન્ત ઉપસર્ગ કરે છે એક રાતમાં પણ ક્રમકે કેવા ઉપસર્ગ કર્યા છે ? ક્રૂર આપવામાં કોઇ બાકી રાખ્યુ નથી. હાથી વિકુર્યા છે દાંતો માર્યા છે, છતાં પાર્શ્વપ્રભુની શું દશા છે? તે વખતે ધરણેન્દ્રે આવીને ઉપસર્ગ નિવારણ સાથે અદ્‌ભૂત ભક્તિ કરે છે. એક જીવે ઉપસર્ગ કરીને પાપકર્મ બાંધ્યા. જ્યારે બીજાએ ભક્તિ કરીને ધર્મ કર્યો છે. છતાં પ્રભુનું બન્ને પ્રત્યે મન કેવું છે? એકે ઘોર ઉપસર્ગ દ્વારા ઘોર પાપ બાંધ્યા. અને એકે ભક્તિ દ્વારા ધર્મ કર્યો છતાં પ્રભુને ક્યાંય ક્રમઠ પ્રત્યે અરુચી, દ્વેષનો ભાવ થયો નથી. કરુણા પણ નથી આવી. અને ધરણેન્દ્રની આરાધના ભક્તિ જોઇને એવો ભાવ પણ નથી થયો કે કેવી ઉત્તમ ભક્તિ કરી, આરાધના કરી, સમકીત નિર્મળ કર્યું. આ ધર્મપ્રવૃત્તિ જોઇને રાજી પણ થયા નથી. પ્રમોદનો કે કરુણાનો ભાવ પણ નથી આવ્યો.

<u>સભા</u>:- તો કયો ભાવ આવ્યો?

<u>સાહેબજી</u>:- સમાન ભાવ આવ્યો છે. બન્નેના કર્મમાં કે પ્રવૃત્તિમાં સમાન ભાવ છે.

<u>સભા</u>:- અહિંયા કયો સહેજ આવ્યો?

<u>સાહેબજી</u>:- તમામ સહેજ આવી ગયો.

તેની સામે મહાવીર પરમાત્માનું દૃષ્ટાંત વિચારીએ. પ્રભુ મહાવીર દીક્ષા લઈને વિચરે છે. તે વખતે સંગમ ઉપસર્ગ કરે છે. છ-છ મહિના સુધી ભયંકર પીડા, સંતાપ આપે છે. નિર્દોષ આહાર પણ પ્રભુ નથી મેળવવા દીધા. કેટ કેટલા ઉપસર્ગ કર્યા છતાં પ્રભુ ડગ્યા નથી. ઇન્દ્રમહારાજે જે વર્ણન કર્યું હતું તેના કરતાં સવાયું છે. ભયંકર કદર્થના કરી છે ચલિત થવાય એવું એવું કર્યું છે. ધર્મનો રાગ હોય તેને અસર થયા વગર રહે નહિ. છતાં તેઓ ડગ્યા નથી. આ જોઈને સંગમ છેલ્લે ક્ષમા માંગવા આવ્યો છે. પ્રભુને ખ્યાલ છે કે હૃદય પૂર્વક કાંઈ તેનું પરિવર્તન થયું નથી. હૃદયપૂર્વક તેને ક્ષમા આપી નથી. હવે તે જ્યારે જાય છે ત્યારે પ્રભુને થાય છે કે ઘોર સંસારમાંથી અને તારનારા કહેવાઈએ જ્યારે આ જીવ મારું જ આલંબન લઈને ઘોર સંસારમાં ડૂબશે. આ કર્મના ઋણ તરીકે તેને સંસારમાં રખડવું પડશે. માટે આ કાર્યથી તેમને કરુણા આવી. જેથી તેમનું બે પાંપણ જરા ભીની થઈ છે. "અરર આ બિચારાં જીવનું શું થશે?" આ શ્રેષ્ઠકોટિના ભાવદયાની કરુણા છે. હવે આંસુ સમતા ન રહે. માટે શુભભાવ રૂપ વિકલ્પ જેવા થયો તેથી સવિકલ્પ દશા આવી છે. જોકે તેમને કાયમ આવું થયું નથી. ઘણા જ ઉપસર્ગ વખતે તેઓ સમતામાં જ રહ્યા છે. ક્યારેક આમ નીચે આવ્યા છે.

. . હવે આગળ શું વાત કરી?

હા, પ્રભુ ધ્યાન કરે છે તેમાં લગભગ નિર્લેપતાથી સૂક્ષ્મ ચિંતન હોય. જેમ પરમાત્મા ધ્યાનમાં - પરમાણુ જેવું છે, એક હોવા છતાં તેમાં અનેકતા કઈ રીતે? આ બધી સ્યાદ્વાદ દ્વારા છે. તે અનેક ભંગાથી વિચાર કરી કાઢે છે. ઘણા વૈજ્ઞાનિકો લેબોરેટરીમાં વાર-વાર કલાક ચિંતન-મનનમાં પડી જતા હોય

છે જે આપણને તો ગાંડા જેવા જ લાગે. તમે શું તે જ વસ્તુ પર વિચારી શકશો ખરા ?

સભા:- પણ સાહેબજી ભગવાનનું ધ્યાન ઉંડા ઉંડા ઊંચોપશમવાળુ હોય તે વધુ શાસ્ત્રમાં આપેલુ હોય ?

સાહેબજી:- તેમને કરેલું ધ્યાન તે શાસ્ત્રના વિરુધ્ધ ન હોય, સત્યને અનુરુપ ચિંતન હોય. દ્રવ્યાનુયોગ એવો વિષય છે કે તેના માટે કહો તો અમે એક એક લીટી પર છ-છ મહિના ઉપદેશ આપી શકીએ. જૈનેતરમાં જેને દર્શનનો અભ્યાસ કર્યો હોય તે પણ બોલી શકે. હું જે પંડિત પાસે ભણેલો તેઓ તે વખતે ૭૭ વર્ષના હતા હું ત્યારે ૧૭ વર્ષનો હતો ત્યારે તેઓ આની એક એક લીટી પર છ મહિના બોલી શકતા. અભ્યાસ હોય અને ચિંતન થાય તો બોધ મળવાનો જ છે. શાસ્ત્રમાં પણ આપેલુ છે કે કેટલા કેટલા વખત સુધી ગુરુ શિષ્યોના વાદ ચાલ્યા. ધર્માચાર્યોના પણ વાદ ચાલ્યા. રાજસભામાં સામ-સામે વિરુધ્ધ પેનલો બેઠી હોય તેમાં પણ છ-છ મહિનાના વાદ ચાલ્યા છે. જ્યાં જીતવા, હારવાનો પ્રશ્ન હોય, ત્યારે વિચારમાં વાદ કઈ રીતે ચાલે ? માટે ભગવાને જે ચિંતન કર્યું તે વધુ શાસ્ત્રમાં છે. તમે દ્રવ્યાનુયોગ ભણો તો ખબર પડે.

અસ્તિત્વનો અને નાસ્તિત્વનો વિચાર કઈ રીતે કરે ?

જેમકે એક ઘડિયાળ માટે અસ્તિત્વનો અને નાસ્તિત્વનો વિચાર કરે તો તેમાં તેમને કલાકોના કલાકો નીકળી જાય. ઘડિયાળનુંકયા સ્વરુપે અસ્તિત્વ છે ક્યા સ્વરુપે નાસ્તિત્વ છે. તેના કયા ગુણધર્મ અસ્તિત્વના છે કયા ગુણધર્મ નાસ્તિત્વના છે.

અત્યારે તમારે શું થયુ છે કે લોકોને જ્ઞાનમાં ઉંડા ઉતરવું જ ગમતુ નથી. બુધ્ધુ રહેવુ જ ગમે છે. બસ વિકલ્પોમાં જ અથડાતા

રહેવુ હોય છે જે કાંઇ થોડા ભોગ મળ્યા છે તેમાં જ રચ્યા પચ્યા રહેવુ છે. પણ આ બધો આભાસિક આનંદ છે. કોઈ પણ જ્ઞાનનો સાચો આનંદ માન્યો છે ખરો?

જ્યારે આત્માનો શ્રેષ્ઠ સ્વભાવ જ્ઞાન છે.

જ્ઞાનના કારણે જ જડ અને ચેતન જુદા પડે છે. મોક્ષમાં નિર્મળ આનંદ જ્ઞાનનો જ છે.

સભા:- એકલા જ્ઞાનનો જ કેમ? તો અનંત આનંદ કઇ રીતે?

સાહેબજી:- અત્યારે જ્ઞાનનો વિષય ચાલે છે માટે જ્ઞાન, અજ્ઞાન પર બોલીએ છીએ. આત્માની અંદર આનંદ તો અનંતો છે. અનંત આનંદ કેમ? કારણ જેટલા ગુણો છે તે મુળથી તો આત્માને આનંદની અનુભૂતિ કરાવનારા છે. માટે અંદર અનંત આનંદ છે.

આનંદઘનજીએ ગાયુ છે ને કે "આપ પ્રભુ કેવા છો?

પહેલી કડીઓમાં તેમને પ્રભુના અનંતા ગુણો બતાવ્યા છે પછી આગળ કહે છે

આત્મામાં જેટલા ગુણો છે તે બધાનો આનંદ છે. સુખના આનંદનો તો ગુણાકાર છે. માટે તું પ્રભુ પરમાનંદ સ્વરુપ છે.

જ્યારે આપણા આત્મામાં થોડુ જ્ઞાન છે, થોડુ સત્વ, થોડી નિર્ભયતા પણ છે. હવે જેટલી નિર્ભયતા છે તેટલુ સુખ છે. બાકી ભયનું દુઃખ છે. હવે નિર્ભયતાનું જે સુખ મળ્યુ તે એક પ્રકારનો આનંદ છે. તેમ જેટલી સ્વતંત્રતા છે તેટલુ સુખ છે જેટલી પરાધીનતા છે તેટલુ દુઃખ છે. જ્યારે મોક્ષમાં પૂરા સ્વતંત્રતા છે, પૂર્ણ નિર્ભયતા છે, જેમ તમારા જીવનમાં થોડો સંતોષ છે તો શાંતિ છે અને જેટલો અસંતોષ છે તેટલુ દુઃખ છે. જ્યારે મોક્ષમાં પૂર્ણ સંતોષ છે માટે પૂર્ણ શાંતિ અને સુખ છે. સિદ્ધના જેટલા ગુણો સામે એટલી ખ્યાલ આવે કે ત્યાં કેટલો આનંદ છે. માટે ત્યાં અનંત આનંદ છે.

અત્યારે તમારા આત્મામાં પહેલા ઉગ્ર સ્વભાવ હતો તેના કરતાં અત્યારે તેનો આવેગ ઓછો થયો. માટે આત્મામાં થોડી ક્ષમા આવી. હવે તેના કારણે કેટલી શાંતિનો અનુભવ થાય છે. જ્યારે થોડી પણ ક્ષમા નહોતી ત્યારે આત્માને કેટલો ત્રાસ હતો. માટે અત્યારે આટલી ક્ષમાથી આટલો આનંદ સુખ છે તો પછી પૂર્ણ ક્ષમાનો આનંદ અને સુખ કેટલા? "ગુણ ઇઝ ઇક્વલ ટુ આનંદ" "દોષ ઇઝ ઇક્વલ ટુ દુઃખ" આ સમીકરણ જો મનમાં બેસી જાય તો મુશ્કેલીઓ પર પ્રહાર થઈ ગયો સમજો.

બધામાં મુળ કારણ રાગ પરનો રાગ અને તેનો આગ્રહ છે. જ્યારે જીવ રાગની મુળ પીડા પર અકળાશે ત્યારે તેનો જે તીવ્ર આગ્રહ હતો તે તૂટશે. કારણ દોષમાં દુઃખનો અનુભવ થયો. રાગમાં થોડે અંશે દુઃખની અનુભૂતિ થઈ.

જેને દોષમાં દુઃખની અનુભૂતિ તેને આત્મશુદ્ધિ આવી. કદાચ સમ્યગ્દૃષ્ટિની ચિત્તશુદ્ધિ ઓછી હોય અને અભવ્યની ચિત્તશુદ્ધિ વધારે હોય છતાં બેમાં ઉંચો કોણ? સમ્યગ્દૃષ્ટિ જ.

સલાહ:- અમે તો બીજાના ગુણમાં આનંદ પામીએ છીએ, અનુમોદના કરીએ છીએ.

સાહેબજી:- બીજાના ગુણમાં આનંદ ક્યાંથી પમાય? પોતાના ગુણમાં જ આનંદ થાય. જ્યાં સુધી ગુણમાં સુખનો અનુભવ નથી તેને સાચી અનુમોદના પણ ક્યાંથી હોય? દા.ત. જેને સ્ટ્રોંગ ચામાં ટેસ્ટ આવે છે પણ તે કદાચ જુદ્ધજ્ઞાનના કારણે ચા છોડશે પરંતુ તે વખતે ખાલી ને ઇચ્છા જ દબાવશે. તેમ તમને જ્યાં સુધી દોષમાં મજા આવતી રહે ત્યાં સુધી તમે ત્યાંથી સુખો, દોષો દબાવશો તે પણ અનિચ્છાથી અને ગુણો ખેંચશો તો પણ તેમાં આનંદ નથી પણ અનિચ્છા જ રહે. જેમ કોઈ વ્યક્તિ દુર્વપક્ષ પીવા બેઠો છે અને કોઈ કહે તેમાં ઝેર નાંખ્યું છે તો તે પીવા

વગર કેમો થઈ જશે. હવે તેને દુધપાક કેમ છોડ્યો? દુધનું આકર્ષણ નથી? દુધપાક ભાવતો નથી માટે છોડ્યો? કે પછી મરવાના ડરથી દુધપાક છોડ્યો છે?

અત્યારે તમે રાગદ્વેષ કેમ છોડો છો? કર્મના ડરથી, દુર્ગતિના ભયથી, પાપના ભયથી છોડો છો. તેમ તમે પ્રસંગે ખાવાપીવાનું સુખ છોડ્યું તે કેમ છોડ્યું? શું સુખ નથી ગમતું મારે? ના ગમે છે ઘણું. પણ આમ છોડવાથી થોડું પુણ્ય મળે અને થોડા પાપ છૂટે.

સભા:- અમને તો બેઉ ગમે છે?

સાહેબજી:- આતો કેવું કહેવાય કે મને મોદા રહેવું પણ ગમે છે અને સાજા રહેવું પણ ગમે છે. આપ બોલનાર કેવા ચક્રમ જ કહેવાયને? માટે ધર્મ ગમે છે અને અધર્મ પણ ગમે છે આવું કહેનારાને ખસી ગયેલા જ માનવાને?

સભા:- ઇચ્છાથી બાંધા લે છે તેમાં શું?

સાહેબજી:- ઇચ્છાથી બાંધા લે છે પણ ઉપરથી છોડે છે કે અંદરથી છોડે છે? તમારા સંસારના પ્રસંગે તમે બે પાંચ લાખનો ખરચો કરો. હોંશે હોંશે નાચતાં, કુદતાં ખરચો. ખુબ લગ્નમાં હોંશથી ખરચો, પણ તે વખતે લાગે શું? કે હું ખાલી થયો. આ પાંચ લાખ ગયા તે તમને ગમે કે અફસોસ થાય? પાંચ લાખ ખૂટ્યા વગર જો આ રીતે લગ્ન થાય તો પાંચ લાખ તમે ખરચો ખરા? મારે વિચારજો ઇચ્છા કેવી છે? બસ, મરથી બાંધા લે, પણ આવી. છોડે છે ઇચ્છાથી, પણ ઇચ્છા જ ખરાબ ન લાગે ત્યાં સુધી શું કામનું?

॥ પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૧૫-૧૦-૯૫
રવીવાર

॥મનોવિજ્ઞાન॥ ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવ માત્રને પોતાના આત્માના દોષના નિવારણ માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટિએ ધર્મતીર્થનું લક્ષ્ય આપણા આત્મામાં રહેલા દોષોનું પરિપૂર્ણ રીતે નિવારણ કરી સર્વ ગુણસંપન્ન આત્માને બનાવવો, તેજ તેનો ઉદ્દેશ છે.

આ શાસનની છાયામાં જીવ આવે છે, તે જે આ શાસનનો ઉપદેશ આધાર પામી જાય તો તે જીવને સંકલ્પ બંધાઈ જાય કે મારે તમામ દોષોનું નિવારણ કરી શુદ્ધ આત્માને પ્રાપ્ત કરવાનો છે. અને પૂર્ણ સુખ આત્માને મેળવવાનું છે. આ મળ્યા વગર આખી દુનિયાની સંપત્તિ પણ જો મળી જાય તો તે અધુરી છે. પૂર્ણ સુખ તો શુદ્ધ આત્માની ઉપલબ્ધીમાં જ સમાયેલુ છે.

આ આત્મશુદ્ધિ પામવા માટે કઈ રીતે આગળ વધવું જોઈએ તે આપણે જોઈ ગયા. તેમાં બે ભેદ પાડ્યા હતા. ચિત્તશુદ્ધિ કરતાં આત્મશુદ્ધિનો મહિમા અનંતગણો છે. તેમાં બધા દોષોના મુળ સુધી જવુ જોઈએ.

ખાલી દોષોનું સપ્રેશન થાય કે દબાઈ જાય તેટલા માત્રથી આત્મશુદ્ધિ થતી નથી. પણ આત્મામાંથી દોષોનું ઉન્મુલન થવું જોઈએ. આપણા આત્માના દોષો અનંતીવાર દબાયા છે. શાંત થયા છે તેવું અનંતીવાર બન્યુ છે. ખાલી દોષોનું આચ્છાદન થાય તેવી પ્રવૃત્તિ વાસ્તવમાં શુદ્ધિ નથી. હવે તેનું મુળ ક્યાં છે? તો કહે છે કે

મુળ કર્મમાં છે.
કર્મનુ મુળ મોહમાં છે.
મોહનું મુળ ગ્રંથીમાં છે.

ગ્રંથીનું મૂળ સહજરાગ છે.
અને સહજરાગનુ મુળ સંસારનો રસ અને કદાગ્રહમાં છે. દોષોમાં સુખનું સંવેદન છે. ત્યાં સુધી કોઇ પણ દોષ જવાનો નથી. પરંતુ દોષોમાં દુઃખાનુભવ થશે ત્યારે જ કામ થશે. જ્યાં સુધી તમારી નબળાઇ સારી લાગશે ત્યાં સુધી તેને દૂર કરવાના પ્રયત્નમાં ભલીવાર આવશે નહિ. પરંતુ અંદરમાં ફીલીંગ થાય કે આ દોષોની નબળાઇ જ અનેક સંતાપનું મુળ છે અને તોજ સાચી દિશામાં પ્રયત્ન થશે. જે જુવને થોડુ ઘણુ પણ આત્માનું તત્વ સંવેદન પ્રગટ્યુ હશે તેજ જુવ આત્મશુદ્ધિનો અધિકારવાળો કહેવાશે. બાકી બધા આત્મશુદ્ધિને પામ્યા નથી. ભલે ને ચિત્તશુદ્ધિને પામ્યા હોય. આપણો ધર્મ મોક્ષમાર્ગની ભૂમિકાવાળો છે.

સભા:- તત્વ સંવેદન કયા અર્થમાં લેવાનું?

સાહેબજી:- તત્વ સંવેદનમાં જ્ઞાનની વાત લેવાની નથી. પણ તત્વની અનુભૂતિની વાત લેવાની છે. સંવેદન એટલે અનુભૂતિ લેવાનું છે. દેખાતું બાહ્ય જગત લેવાનું નથી પણ આંતરીક જગત લેવાનું છે. ચેતન શ્રેષ્ઠ તત્વ છે. માટે તત્વથી આપણા આત્માનો આંતરીક ભાવ તેનું સંવેદન લેવાનું છે. જુવ માત્ર ચેતન છે જડ નથી. તેનામાં રહેલી સંવેદના તેજ ચેતનની વિશેષતા છે. જડ પુદ્ગલ તો અનુભૂતિ શુન્ય છે. જ્યારે અનુભૂતિ તે ચેતનનો ગુણ છે સાથે ખુબી શું છે કે દરેક વ્યક્તિ જ કલાક પોતાના ભાવોની અનુભૂતિ કરે છે. આ દુનયામાં સંવેદના શુન્ય કોઇ જુવ નથી. તેના વગરનું જુવન આત્મા કહેવાય નહિ. આ ચેતનનું સ્વપ્રતિત લક્ષ્ય છે. તમે સવારથી ઉઠો અને સુઓ ત્યાં સુધી, અરે ઉંઘમા પણ તમારી સંવેદના પરોવાયેલી હોય છે.

જેમ તમે ખાતા-પીતાં વસ્તુનો અનુભવ કરો છો. જુઓ ત્યારે દશ્યોનો ઈન્દ્રિય દ્વારા અનુભવ કરો છો ત્યારે આ દેખાતું બાહ્ય

જગતના ભોગવટાનો અનુભવ કરાય છે. અને તેમાં જ સુખદુઃખ માણી છો. માટે માન્યતા છે કે પુદ્ગલના ભોગવટાથી સુખદુઃખનો અનુભવ થાય છે. પણ આ તો ગૌણ વસ્તુ છે. ચેતન તત્વ જડનો અનુભવ કરી શકતો નથી. પણ તે તો આંતરીક ભાવોનો જ અનુભવ કરે છે. બાકી નો કહેવાનુ બધુ ગૌણ અને ઔપચારીક વાતો છે. પરંતુ ખરેખર તો તમે આંતરીક ભાવોની સંવેદનામાં સુખદુઃખ માણો છો.

એક માણસ મોજ કરે છે. તેને તૃપ્તિનું જ્ઞાન થાય છે. તે તેનો અનુભવ કરે છે. ભોજનની તૃપ્તિના સુખનો અનુભવ કરે છે ને તેના તત્વના જ્ઞાનનો અનુભવ કરે છે. પરંતુ જ્યારે બેભાન માણસને નળીથી પ્રવાહી નાંખો તો તેને તૃપ્તિનો અનુભવ થતો નથી. તેને ખરાબનો બેસ્વાદ કે સારાનો સ્વાદ આવતો નથી, ખાલી પેટ ભરાય છે.

<u>સભા</u>:- તેને અનુભવ થતો નથી પણ ખબર તો પડે ને?

<u>સાહેબજી</u>:- જો તેને ખબર પડતી હોય તો ભાનમાં આવે ત્યારે કહેને? પણ તે તો કહે છે મને કશીજ ખબર નથી. તમે કઈ વસ્તુ ખવડાવો તેની કાંઇ જ ખબર નથી. જ્યુસ પીવડાવ્યો કે કારેલાનુ પીવડાવ્યુ તેની કશીજ ખબર નથી. કારણ તેને અનુભૂતિ નથી, કારણ મગજની સક્રિયતા ઓછી થઈ જવાથી પરિસ્થિતિનું જ્ઞાન થતું નથી. આ દાખલો બહુ જ વિચારવા જેવો છે.

અત્યારે તો તમે શું માનો છો કે વસ્તુ હોય અને તેને ભોગવીએ તો જ સુખ અને તો જ આનંદ મળે. પણ તે તદ્દન ખોટી વાત છે. સંસારની દરેક પ્રવૃત્તિ કરતાં ભોગની વસ્તુ હોય તેવું જરૂરી નથી. જેમ છોકરાઓ નોવેલ આખી રાત વાંચતાં હોય છે ત્યારે એકે ઇન્દ્રિયનો ભોગવટો થાય તેવું નથી. તેમાં

કાંઈ કોનને મઝા નથી કે પૈટ પણ ભરાતુ નથી કે નથી નાહને મઝા છતાં પણ એક રાતમાં પુરી કરતાં હોય છે.

મોટાભાગના શોખ આવા જ હોય છે. રમવાના શોખીનો પણ સવાર પડતાં ઉપડી જતાં હોય છે. ઘણાને મેચ જોવાનો શોખ હોય છે. તેમાં ચાઠ કલાક પણ પસાર થઈ જાય તો તેમને ખબર પડતી નથી.

સભા:- તેમાં મનનો આનંદ મળે છે.

સાહેબજી:- મનનો આનંદ શેના કારણે મળે છે? જેની વખતે હર્ષના, શોકના ભાવો થાય છે. તેનાથી સુખદુ:ખના અનુભવ થાય છે. ત્યાં કાંઈ વસ્તુ નથી છતાં સુખદુ:ખનો અનુભવ થાય છે. રામનો રમતાં શરીરને શ્રમ પડતો હોય છે તેમાં શારીરીક તો શ્રમ જ છે કાંઈ શરીરને મઝા નથી પરંતુ શરીરને તો શ્રમ જ છે.

સભા:- શ્રમમાં જ આનંદ મળે છે.

સાહેબજી:- જો તમે શ્રમમાં આનંદ માનતા હોય તો પછી કરાવીએ તમને ઉઠબેસ. કોઈને શ્રમમાં આનંદ આવતો નથી. માટે ખાલી ગપ્પા ન મારો. વૈભવ, સુખ, સગવડતાના સાધનોએ તમારા જીવનમાં શ્રમ ઓછો કર્યો છે. શ્રમ નહોતો ગમતો માટે જ આ સાધનોમાં સુખ-સગવડતા લાગે છે. બેઠા બેઠા જો મનગમતુ હાજર થતું હોય તો હાથ પણ તમે હલાવો તેમ નથી. હકીકતમાં શ્રમ દુ:ખ જ છે. સ્વાભાવિક વાજબી ચાવવી પડે છે તે પણ દુ:ખ જ છે. પરંતુ તેમાં માનસીક આનંદ મળે છે. ફરવા-ફરવા, ખાવા, પીવા બધામાં શ્રમ છે. પણ માનસીક આનંદ મળતો હોવાથી ગમે છે. માટે ૯૦% લોકો માનસીક આનંદ જ મેળવતાં હોય છે.

રમતાં પણ શું ભાવ હોય છે કે કું હાર્યો કે જીત્યો? જીત્યો તેનો રસ છે, અહંકાર છે, મમતા છે. મારી ટીમ જીતી, આપણા દેશની ટીમ જીતી, ત્યાં તેનું મમત્વ છે. બીજા દેશવાળા પારકા છે

માટે તેઓ હાર્યા તેનો આનંદ છે અને આપણે જીત્યા તેનો આનંદ છે. વાસ્તવમાં કોઇ તથ્ય નથી. શ્રમ એ તો વ્યક્તિનો સમય અને શક્તિનો બગાડ છે. માટે રમકડાઓ વસ્તુથી જ આનંદ મળે તેવું નથી. પણ ભાવોથી જ હર્ષ, શોકની લાગણી પેદા કરીને સુખદુઃખનો અનુભવ કરો છો. માટે જે વખતે જેવો ભાવ થાય તેવો અનુભવ થાય છે.

ભાવ તેવી જ અનુભૂતિ થાય છે. દરેક વ્યક્તિ પોત પોતાની દુનિયામાં છે. તમારા મનના આંતરીક ભાવ તે તમારી દુનિયા. મારા મનના આંતરીક ભાવ તે મારી દુનિયા.

માટે દરેક વ્યક્તિ પોતાના ભાવોનો કર્તા છે, ભોક્તા છે. તમારો આત્મા ઘારે તેવા ભાવો કરી શકે છે અને તેની અનુભૂતિ તમે કરી શકો છો.

<u>પ્રશ્ન</u>:- ઉંઘમાં પણ અનુભૂતિ હોય છે?

<u>સાહેબજી</u>:- જેવા ભાવ હોય તેવી અનુભૂતિ થાય છે. સૂતા પણ જો કોઇ અચાનક અવાજ કરે તો ગભરાઇ જાઓ ને? માટે ઉંઘમાં પણ ભયની લાગણીનો અનુભવ ચાલુ છે. તમારા ઘરમાં કે ધંધામાં કોઇ ટેન્સન આવી ભય તો તે વખતે રાડ કે આઘાતની લાગણી થાય છે ત્યારે તમને ઉંઘમાં પણ આ ટેન્સન કે ભયની ચિંતા હોય છે. આવા ટેન્સનમાં ઉંઘમાં જે આરામ મળે અને ટેન્સન ફ્રી હોય ત્યારે ઉંઘમાં જે આરામ મળે તેમાં ફેર પડવાનો જ. તમારી ઇચ્છા મુજબ કેટલીય બાબતો થતી નથી તેનો અફસોસ મનમાં સંઘરાયેલો હોય જ છે. તેમ તમારી ઇચ્છાઓ સંતોષાય તેનો આનંદ પણ મનમાં પડ્યો હોય છે. અને જ્યારે આ બધા ભાવો નથી રહેતા ત્યારે જ સમતા આવે છે. અત્યારે વૃત્તિ, ભાવો, રાગ-દ્વેષ બધાની અસર મન પર છે. માટે એક ક્ષણ પણ મન આવી અસરોથી મુક્ત નથી. મનમાં હજારો પ્રકારના રાગ-દ્વેષ ઘરબાયેલા પડ્યા છે.

સભા:- રાગ-દ્વેષ પરસ્પર વિરોધી છે તો એક જ વસ્તુ માટે કઈ રીતે સાથે રહે ?

સાહેબજી:- એક વ્યક્તિ પ્રત્યે રાગ છે તેજ વ્યક્તિ પ્રત્યે દ્વેષ પણ છે. એક વસ્તુથી હર્ષ પણ થાય છે અને તે જ વસ્તુ પર શોક પણ થાય છે. જુદા જુદા વિષય પર રાગ-દ્વેષ તો હોય છે પણ એક જ વસ્તુ પર પણ જુદા જુદા સમયે રાગ-દ્વેષ હોય છે. જેમ તમે એક નવો ડ્રેસ લાવ્યા. લાવ્યા ત્યારે ગમતો હતો. માટે રાગ હતો તેથી પહેરીને હસતાં હસતાં હતાં. પણ એજ ડ્રેસ જુનો થયો એટલે રાગ ઓસરવા માંડ્યો અને દ્વેષ ચાલુ થયો પછી બીજો લાવ્યા, ત્રીજો લાવ્યાં. માટે અત્યારે ગમે છે તે ભવિષ્યમાં ન ગમે. જેમ પેંડા ભાવે છે - ખાતાં ખાતાં થાય કે હવે નથી ખાવું .ને વખતે આગ્રહ કરીને કોઈ ખવડાવે તો શું કરો ? આગળ ખાધેલો પણ બહાર કાઢો ને ? માટે એક જ વસ્તુ જુદા જુદા કાળે ગમે પણ અને ન પણ ગમે. તેમ એક જ વસ્તુ પર એક જ ટાઇમે રાગ-દ્વેષ પણ હોય છે. જેમકે તમારી પત્નીનો સ્વભાવ ખુબ જ ગમતો હોય માટે રાગ હોય. પરંતુ તેની ઓછી બુદ્ધિ હોય તેના કારણે તે વખતે ન ગમતી હોય માટે દ્વેષ પણ હોય. જેમ ઘણાને તેનું મોં આમ ગમતું હોય પણ મોં પર જરા ડાઘ હોય તો તેના કારણે ન ગમતુ હોય. માટે એક જ વસ્તુ માટે એક સમયે રાગ-દ્વેષ બન્ને હોઈ શકે છે.

તમે હર્ષ અને આનંદમાં હોવ ત્યારે પણ આડકતરી રીતે શોકની લાગણી પડેલી હોય છે. તમારા જીવનમાં પડેલા દબાયેલા દુઃખ અંદરમાં પડેલા હોય છે. આ અંદરની સાઇડને સમજવાના પાસા છે. હવે જેમ એક માણસને ચાર ઠેકાણે વાગ્યું છે તેથી તેને પીડા થાય છે. તેમાં એક ઠેકાણે મસાજ કરી,

દબાવીને દુઃખ દબાવુ કરો ત્યારે મૂઢમારમાં રાહતનો, સુખનો અનુભવ થાય પણ તે વખતે બીજા ભાગે ઢેકાણે વાગેલાનો દુઃખાવો તો સાથે હોય. તમારા શરીરમાં અમુક પ્રકારની સ્વસ્થતા છે. અમુક પ્રકારની અસ્વસ્થતા છે બન્ને સાથે છે. તે જ રીતે મનમાં દુનરી પ્રકારના સુખ છે. દુનરી પ્રકારના દુઃખ છે. અને આ બધાંની અસરથી રંગ બેરંગ મન ઘેરાયેલુ હોય છે માટે ઉંઘમાં પણ મન લાગણીથી શુન્ય નથી.

જેમ તમે બિછાનામાં બેઠા છો ત્યારે કાંઇ ગુમાવ્યાનો અફસોસ પણ છે અને સાથે સલામતીનો આનંદ પણ છે. જેમ તમે એન્જીનીયર થઈ ગયા તેનો આનંદ પણ છે અને હજુ એન્જીનીયર લાઇનમાં સેટ નથી થયા તેનો અફસોસ પણ છેઃ આમ બન્ને સાથે મનમાં રહેલા હોય છે માટે ઉંઘમાં આ બધી અસરો હોય છે

જેમ કોઇ પ્રીતિ પાત્ર વ્યક્તિ અણધારી મૃત્યુ પામે ત્યારે ઘણા ટાઇમ સુધી મુખ ગ્લાન દેખાય. પણ ત્યારે તે હરે-ફરે, ખાય, પીએ છતાં હસતાં પણ તેનું હાસ્ય પહેલાં જેવું તો ન જ હોય. કારણ હાસ્ય વખતે અંદરમાં પીડા છે, શોક પણ છે, અસર અંદર ચાલુ છે. તમે બોડકસ પ્રકારની લાગણીઓ વ્યક્તિ અને વસ્તુ પર બાંધીને બેઠા છો તમે કાંઇ તેનાથી રૂી નથી. સંપત્તિ, પૈસા, ટકા બધા પર તમારી લાગણીઓ છે. અહીં બેઠા ને ખબર પડે કે તમારો સોદો તૂટી ગયો તો દુઃખ થાય ને? કારણ કનેકશન છે. માટે અસર મનમાં રહેલી છે. તમને મનમાં જે લાગણીઓ પેદા થાય છે તેનો જ તમે અનુભવ કરો છો કાંઇ બાહ્ય જગતથી અનુભવ કરતાં નથી.

તમારા મનના ભાવોનો અનુભવ તે જ તમારું સુખ દુઃખ છે. કોઇ માણસને ધંધામાં લાખ રૂપીયાનું નુકશાન થાય પણ તે વખતે

તે બહારગામ હોય, અને તેને ખબર ન પડે તો તેનો શોક થાય ખરો? ના, કારણ કે આત્મા નથી. અને આત્મા પણ જો નિસ્પૃહી હોય તો તેને દુઃખ ન થાય પણ આત્મા પછી અંદરમાં જે આઘાતની લાગણી થાય તો તેને દુઃખ થાય. મારે દુઃખ અપાવનાર લાગણી છે.

જેમ કોઈ વેપારીને ખોટા સમાચાર મળ્યા કે તેને અમુક સોદામાં દસ લાખનું નુકસાન થયું છે તો તેને ખૂબ જ દુઃખ થાય. ખરેખર તેને નુકસાન થયું નથી પણ સમાચાર ખોટા મળ્યા છે, માટે દુઃખ થયું તેથી સુખદુઃખની આધાર લાગણી છે. તમે તમારા જીવનમાં પણ સ્હજ વિચારજો કે આજ દિવસ સુધી સુખદુઃખ ક્યાંથી આવ્યું છે. કોઈ જીવ એવો નથી કે જે પોતાના આંતરીક ભાવોથી સુખદુઃખને ન પામ્યો હોય. જો હું મારા મનને કાબુમાં લઈ લઉં તો મારું સુખ મારી પોતાની માલિકીનું છે. પણ અત્યારે તો ગણિત જુદા છે.

અત્યારે તો તમારું ધ્યાન પ્રવૃત્તિને વસ્તુ પર જ છે. આ મળશે તો સુખ આ નહિ મળે તો દુઃખ પણ જો દૃષ્ટિ બદલાય તો મારા કેવા ભાવથી મને સુખનો અનુભવ થાય છે અને કેવા ભાવથી દુઃખનો અનુભવ થાય છે એ જોવાનો પ્રયત્ન થશે.

જીવ માત્ર માટે અનુકૂલતા કે સુખદુઃખની આધાર શિલા તો આંતરીક ભાવો જ છે. આ વસ્તુ જેને બેસશે તેને તત્વ સંવેદન સમજશે. આ બધી વાતો જકાર સાથે જ છે. તમે જેને પણ તમારું સુખદુઃખ માન્યું હોય તે તમારા ભાવથી જ છે.

કષાયોની મમતા છોડવી પછી વાત છે. પણ તમને બેસી જવું જોઈએ કે મારા ભાવો જ મને સુખદુઃખ આપે છે.

અનંતકાળથી આત્મશત્રુ નથી થયો કારણ કષાયો છોડ્યા પણ તત્વનું સંવેદન થયું નહિ. જેને તત્વનું સંવેદન થયું તેનો તો

અધ્યાત્મની દુનિયા ખુલી ગઈ.

તમારા જીવનમાં તત્વ સંવેદન આવે તો આખી અનુભૂતિ પલટાઈ જાય. પછી તો તેને લાગે કે મેં જે વિચાર્યું હતુ કે સમજ્યો હતો કે જાણ્યુ હતુ તે બધુ નક્કામુ હતુ. પછી તો પોતાની ભૂલ પર હસવુ આવે કે આપુ નક્કર સત્ય પણ મને સમજાયુ નહિ. જેમ તમારી બુદ્ધિ કરતાં ઓછી બુદ્ધિવાળા પર હસવુ આવે છે. તેમ. જેને તત્વસંવેદન પ્રગટે તેને પોતાના ભૂતકાળ પર હસવુ આવે.

હવે પહેલુ ગુણસ્થાનક મોક્ષમાર્ગની સાચી ક્રિયા કરનાર માટે છે.

ચોથા ગુણસ્થાનકે સમકીત –

અપૂર્વ આલોચન.

તે જીવ કોઈ પણ ક્રિયા કરે, સૂત્ર બોલે, પ્રતિક્રમણ કરે, પૂજા કરે, ધર્મની કોઈપણ પ્રવૃત્તિ કરે ત્યારે અપૂર્વ આલોચન ગુણ હોય. તેનો અર્થ કે પૂર્વ કદી પણ અનુભવ્યુ ન હોય, વિચાર્યુ ન હોય તેવું તેને હવે સ્ફુરવા લાગ્યુ છે. તેની આ બધી ક્રિયા મોક્ષસાધક છે. મોક્ષમાર્ગની છે. અને જેને આ નથી તે મોક્ષમાર્ગની બહાર છે. માટે આ અદ્ભુત ગુણ છે.

આપણે કાંઈ ગયા ભાવથી સમકીત લઈને આવ્યા નથી તેથી જન્મ્યા ત્યારે કાંઈ ધર્મની ગતાગમ પણ નહોતી. આપણો બધો પૂર્વાધિ અવિવેકી હતો. તત્વનો બોધ કે વિશેષ સમજણ નહોતી પરંતુ હવે જો પામીએ તો ભૂતકાળ જોઈને થાય કે ભૂતકાળમાં કેટલી અજ્ઞાનતા હતી. અને જેમાં મેં સુખ માન્યુ હતુ તે મારી તમસાત્મક અનુભૂતિના ખ્યાલો હતા. આવો તમને અપૂર્વ આલોચનનો અનુભવ થાય છે ખરો?

સભા:- ક્રિયા કરતા કઈ રીતે આનંદ આવે?

<u>સાહેબજી</u>:- ક્રિયામાં રસ હોય તો તે ક્રિયા કરતાં આનંદ આવે.

રથયાત્રાના મેળામાં લોકો ઉઘાડા પગે નાચતાં, કૂદતાં જતાં હોય છે ત્યારે ત્યાં હર્ષ સમાતો નથી હોતો. પહેલાં શું આપણે કોઈ ક્રિયા નહોતી કરી? ઘણા ક્રિયાઓ કરી હતી. અત્યારે દુનિયામાં ધર્મના નામથી આબાસિક ક્રિયાઓ કેટલાં કસ્સાં હોય છે. પણ તેમાં ઢંગધડા નથી હોતા. ઉત્તર ધર્મમાં બાર મહિને હજાર, પાંચ હજાર જેટલા મેળા ભરાતા હોય છે. લોકોને જુઓ તો કઈ રીતે ત્યાં ઉમટતા હોય છે. કેટલા તપ-ત્યાગથી મેળામાં જતાં હોય છે. જમીન માપતાં માપતાં જતાં હોય છે. સાષ્ટાંગ દંડવત પ્રણામ કરતાં ભૂમિને સ્પર્શ કરતાં કરતાં મંદિર સુધી પહોંચતા હોય છે. પાછા આ બધુ શ્રદ્ધાથી કરતાં હોય છે. જે આટલો ભોગ આપીને પછી મંદિરે પહોંચે ત્યારે દર્શન કરતાં તેને કેટલો આનંદ હોય? જેમ હજ પઢીને આવે તો પણ જિંદગીભર યાદ કરતાં હોય છે અને રાજી થઈને આનંદ પામતાં હોય છે. તેમને પ્રતિક તરીક થાંભલા હોય છે તેને પથ્થર મારતાં હોય અને કહે અમે મહાન ક્રિયા કરી અને પથરો જો ફેંકાય જાય તો કહે યાત્રા નિષ્ફળ થઈ. આમાં કેટલો આનંદ, પણ બધો વિવેક વગરનો આનંદ મારે શું કામનો!

તેમ પાલીતાણા યાત્રા કરવા જનાર શ્રદ્ધાળુ હોય છે. તેમને યાત્રા કરતાં હર્ષ સમાતો ન હોય. દર્શન કરતાં નાચતાં હોય. ભક્તિ યથાશક્તિ ઉલ્લાસથી કરતાં હોય. આમ બધુ કરે પણ પાછા સંસારમાં પહોંચે ત્યાં તેઓ લીલા લહેર કરનારા હોય છે.

એટલે ધર્મ કરે ત્યારે ધર્મમાં અને સંસારમાં જાય ત્યારે સંસારમાં સંસાર જેવા.

<u>સભા</u>:- અનુષ્ઠાન કહેવાય!

<u>સાહેબજી</u>:- આ સનનુષ્ઠાન કહેવાય. સારુ કામ કર્યું એટલે ભુવનમાં સારુ થયું? રૂપ લાખ કમાયા તેમાંથી પાંચનું દાન કરે એટલે સફળ

જીવન બની ગયું? દિકરાને પાંચ આપો ને તેમાંથી પચ્ચીસ કમાય તો તેનું જીવન સાર્થક?

ધર્મીને સારા કામ પણ કરવા છે અને સંસારમાં મોજમજા પણ કરવી છે. સત્ કાર્યો કરવા છે. દાન-ભક્તિ-ધર્મ-આરાધના-તપ-ત્યાગ કરવા સાથે મોજ મજા કરવી છે. પાપના કાર્યો કરે અને કહે મજા આવે છે. આ આખો સંસાર પાપમય છે. જે છોડવા જેવો છે તેવું માનનાર બહુજ થોડો વર્ગ છે. આવા વૈરાગ્યવાળા જીવો કેટલા? અનનુષ્ઠાન લેટસે અધ્યાત્મ રીતે નુકસાનકારી છે.

એકલા પુણ્યબંધથી નર્યાનો છેડપણ દાખલો નથી. મોક્ષે જવા માટે સકામ નિર્જરા સિવાય વિકલ્પ નથી.

ઉલ્લાસ ગમે તેટલો હોય પણ તેનું અધ્યાત્મદૃષ્ટિએ કાંઈ નથી. દા.ત. કોઈ વ્યક્તિ ખૂબજ ભક્તિવાળા હોય, પ્રભુ દર્શન કરતાં રડી પડતો પણ હોય, લાગ આવે દાન કરે ત્યારે તેને લાગે કે સારું સત્કાર્ય કર્યું. આવા અવસરે ઉલ્લાસ પણ હોય, પણ જો બીજુ બાજુ તેને સંસાર અસારનું ભાન ન હોય, તત્વનું સંવેદન ન હોય તો તે ચિત્તશુદ્ધિ ધર્મ નથી પણ આત્મશુદ્ધિ જ ધર્મ છે.

<u>સભા</u>:- દાન આપતાં ઉદારતા ગુણ તો ખરો ને?

<u>સાહેબજી</u>:- હા, તેને ઘણા ગુણો ખીલેલા હોય માટેજ આવા ઉલ્લાસ સાથે દાન કરતા હોય છે. પણ જો સાથે સંસારની મોજમજા ગમતી હોય, તેને સારો માનતાં હોય તો તેની ચિત્તશુદ્ધિ જ છે આત્મશુદ્ધિ નથી.

ક્રિયા કરતાં કદાચ નાની નાની ખામીઓ હોય પણ તેવી ક્રિયા કરતાં જો મોક્ષ સાધક ભાવ હોય કે આત્મ અનુસંધાન પૂર્વકની તેની ક્રિયા હોય, તો તેને શાસ્ત્રમાં પ્રધાન દ્રવ્યક્રિયા કહી છે. અભવ્યની અપ્રધાન દ્રવ્યક્રિયાઓ હોય છે. તે લાખ વાર કે ક્રોડવાર કરે તો પણ તે ક્રિયાઓ વાયા વાયા પણ આત્મકલ્યાણનું સાધન

બનતી નથી. જ્યારે પ્રધાન ક્રિયા વાયા વાયા પણ આત્મકલ્યાણનું સાધન બને છે.

સભા:- તત્વ સંવેદનમાં શું કરવાનું ?

સાહેબશ્રી:- આંતરીક જાગૃતિ કરવાની છે. અંદરમાં જે ભાવો છે તેનું જ સંવેદન કરવાનું છે. અત્યારે બાહ્ય પદાર્થોનો ખૂબ જ વિચાર કરો છો. કપડુ ફાટી જાય, તૂટી જાય તો અફસોસ થાય છે, થામડી પર ઉઝરડો પડે તો વેદના પણ થાય છે. પણ અંદરના ભાવોમાં શું ઘમસાણ ચાલે છે તેની જરૂ ધ્યાન જ નથી. અંદરના ભાવોનું વિશ્લેષણ કરશો તો દ્રષ્ટિ બદલાઇ જશે. સવારથી ઉઠો ત્યારથી વિચારો કે ઘરમાં બેઠા કાંઇ અણગમતુ બન્યુ, છોકરાઓએ કાંઇ તોડફોડ કરી, કોઇ સાથે બોલાચાલી થઇ. ત્યારે તે બધાથી તમને મનમાં કેવી અસર કેવા ભાવો થાય છે તે બધાનુ સંશોધન કરો. વિચારજો કે આ બધી વસ્તુની અસર ન લો તો કાંઇ દુ:ખ થાય ખરુ? ઘરમાં તમારી હાજરી ન હોય ને આવી કોઇ પ્રવૃત્તિ થાય તો દુ:ખ થાય ખરુ? કારણ જાણતા નથી માટે તમે અસર લીધી નથી. માટે જે દુ:ખ થાય છે તે તમારા ભાવોથી જ થાય છે.

હવે તમે સંસારમાં શું ભોગવો છો ?

ખાવાનું પીવાનું

ના

પણ તે ખાતા જે ભાવો થાય છે તેને તમે ભોગવો છો.

સભા:- અફસોસની લાગણી ક્યાં થવી જોઇએ ?

સાહેબશ્રી:- [illegible] અપ્રશસ્ત ભાવે લાગણીઓ છે. જે તમને લાભકારી વસ્તુ લાભકારી ન બની શકે પણ નુકસાનકારી બનતી હોય તો અફસોસ લાગવો જોઇએ. જેમ કૃત્ય કરવા ગયા અને સારી રીતે થયા તો આનંદ થવો જોઇએ. અને કૃત્ય કરવા ગયા ને બરાબર ન

થાય તો દુઃખ થવું જોઇએ. અપ્રશસ્તમાંથી પ્રશસ્તમાં જવાનું છે. પ્રશસ્ત રાગને શુભ ઉલ્લાસ કહી શકાય.

સભા:- તો સાહેબજી આ ગ્રંથ આખો પૂરો નહિ થાય તો અમને શોક થશે.

સાહેબજી:- જે આખા ગ્રંથના તત્વ સાંભળવાની ઇચ્છા રાખી હોય ને ન થાય તો શોક થાય.

સભા:- તો આપને પણ અફસોસ થશે કે નહિ?

સાહેબજી:- એક મહિનામાં આ ગ્રંથ પૂરો થઇ જાય તેવો છે છતાં ચાર મહિનામાં પણ નથી કરી શક્યો. કારણ સામે. તત્વને ઝીલનાર પર્ષદા નથી.

સભા:- ઝીલનારને પકડવાનું કામ તમારું છે.

સાહેબજી:- જૈન સંઘમાં શ્રાવકો જો પાયામાંથી જ જિજ્ઞાસા કેળવીને આવે તો કામ જલદી થાય. પણ જે જિજ્ઞાસા જ અમારે કેળવવાની હોય તે લોંગ પ્રોસેસ છે. અત્યારે ઘણા બોલતાં હોય છે કે આખો ગ્રંથ કોઇ પૂરો કરતાં નથી. પરંતુ મુખ્યત્વે ગ્રંથને પ્રધ્ધતિસર ફટાફટ ઝીલનાર પર્ષદા નથી. સામે બમ્પર થાય તેવું કરવાનો કોઇ સ્વાર્થ નથી. આમાં તો પર્ષદામાં રહેલી વ્યક્તિનું વ્યક્તિત્વ વિઘ્નરૂપ બનતું હોય છે. વર્ષો પૂર્વેની પણ પ્રાથમિક કક્ષાવાળા જુવોને કેટલુ આપી શકે? વધુ મર્યાદા આવી જતી હોય છે. બાકિતર શ્રાવકોને જ આગમ સંભળાવવાની ના નથી. પૂર્વના મહાત્માએ જ આગમ શ્રાવકોને સંભળાવ્યા હતા. આ ૨૦ ગાથાનો ગ્રંથ છે તેમાં કેટલો ખજાનો ભર્યો છે.

અત્યારે તો અમારે પર્ષદાનો મુડ ટકાવવો પડે છે. પરંતુ શ્રોતાને એવી અપેક્ષા નથી હોતી કે તીર્થંકરોએ કહેલુ કેટલુ તત્વ સાંભળ્યા, સમજ્યા બાકી છે. પણ પરિસ્થિતિ કેવી છે કે ક્યારે તમારો ક્યુઝ

ડાઉન થઈ જાય તે કહેવાય નહિ? તમને તો શું થાય કે નવુ
થોડુ ભણવા મળે તેમાં પણ સાથે રસ પડે, આનંદ મળે,
મનોરંજન મળે તેવું જોઈએ. બસ, અત્યારે આ રીતની જ પર્ષદા છે.

સભા:- ધીરે ધીરે આવશે.

સાહેબજી:- ક્યારે અમે દેવલોકમાં જઈશુ પછી. બીજ થાર મહિના કે બાર મહિના આપુ તો પણ તમે બાળપોથીમાં જ ને? માટે જ અમે જૈનશાસનની અદ્‌ભુત વાતો સભામાં નથી કરી શકતાં. આ શાસનમાં અદ્‌ભુત સિદ્ધાંત સ્યાદ્‌વાદ છે. જો ફીયલ કોન્ટેક્ટમાં પીરસાય તો ફીદા થઈ જવાય. પણ આવુ અદ્‌ભુત તત્વ જ્ઞાન ભંડારોમાં જ રહે છે.

સભા:- જ્ઞાનભંડાર નામ પણ એવું જ આપ્યુ છે.

સાહેબજી:- હા, બસ ત્યાંજ ભંડારવાનું છે. કારણ તેનામાં તો બીજુ ઘણુ ભંડારાયેલુ છે. પ્રત્યાઘાતો ક્યાં છે તે વિચારજો.

:સાધુસંસ્થા પર છે. આ પાટ પર બેસીને સામાન્ય સદ્‌ગુરુની જ વાત કરે શકુ ને? નીતિ, નિયમ, આર્યસંસ્કૃતિ, વ્યસનો ખરાબ છે એ આવુ વધુ સમજવુ તો જવાબદાર વ્યાખ્યાનો થાય. પછી મરતાં સુધી મહાવીર કોણ અને તેનો મોક્ષમાર્ગ શું છે તેનો એક શબ્દ પણ તેમાં ન આવે. જેથી સાધુને પણ કોઈ ભણવાની ઉપયોગીતા ન રહે. પરંતુ ભૌતિકદૃષ્ટિએ, અધ્યાત્મદૃષ્ટિએ શાસ્ત્રજ્ઞાન અનીવાર્ય છે. દિવસે દિવસે ઉપદેશમાં પણ આવો વર્ગ ઘટવાના કારણે ડીમાન્ડ બહલાઈ છે માટે ૫૦, ૧૦૦ વર્ષ પછી ખરો મોક્ષમાર્ગ શું? મોક્ષતત્વ શું? તે પૂછશો તો આખા સંઘમાં કોઈને પણ ખબર નહિ હોય.

સભા:- તો શાસન કેમ ચાલશે?

સાહેબજી:- આ ખાલી અહિંની વાત છે આખા ભરતક્ષેત્રની વાત

છે. પણ બીજા ક્ષેત્રમાં તો શાસન ટકશે જ. પરંતુ જો આ પતંગની ગતિને રોકવામાં નહિ આવે તો આમ જ બનીને રહેશે.

સભા:- બન્નેના વિચારોમાં ફેર છે

સાહેબજી:- હા, કારણ તમારી અસરો અમને ફાવે તેમ છે. શ્રાવકોની અસર અમને થવાની જ છે. અમે જંગલમાં રહેનાર જિનકલ્પી અમારા જીવનમાં કોઈપણ વસ્તુની જરૂરીયાત હોય તો તમારી પાસે જ આવવાના છીએ. માટે સાધુ પર શ્રાવકસંઘની અસર છે જ. માટે બન્નેએ સાવધાન થવાની જરૂર છે.

હવે આગળ.

તમે તમારા ભાવોનું એનાલીસીસ કરતાં થઇ જાવ. આવા ભાવો દુ:ખનો અનુભવ કરાવે છે આવા ભાવો સુખનો અનુભવ કરાવે છે. પછી નક્કર સત્યને સમજતાં થઈ જશો તો દિશા મળવાનું ચાલુ થઇ જશે.

ક્રોધ, કામ, હર્ષની અનુભૂતિ થઇ ત્યારે એનાલીસીસ કરો તેમાં જેમ જેમ સ્પષ્ટ અનુભૂતિ થશે તેમતેમ આત્માના ગુણો પાકતા જશે. પછી તેને સત્યનો ખ્યાલ આવવા માંડશે. તમે જો આ ભવમાં બાટલુ તત્વ સંવેદન પ્રગટાવી શકશો તો તમારો મનુષ્ય ભવ સફળ થઇ જશે.

સભા:- એકાદ દાખલો આપો

સાહેબજી:- સંસારના સ્વરુપનું અવલોકન કરો, ચિંતન મનન કરો ને વખતે જે ભાવો પેદા થાય તેની અનુભૂતિ કરતાં શું થાય તે વિચારો તો ખબર પડશે.

જેમ નવી વાનગી આવી, મોંમાં મૂકો ત્યારે ધ્યાન ક્યાં હોય છે? તેનો કેવો સ્વાદ આવે છે. જેવો સ્વાદ આવે તેવો પ્રતિભાવ આપો છો. તમે વસ્તુનું એનાલીસીસ કરો છો તેવું તમારા ભાવોનું એનાલીસીસ

'કરો તો તેમાંથી તત્વ સંવેદન પ્રગટશે. સમકીત માટે રસ્તો ખુલ્લો થશે. આત્મશુદ્ધિ થોડી પણ પ્રગટશે તો ચિત્તશુદ્ધિના ઘણા જ લાભ છે.

હવે પછી મનને સમગ્રતાથી સંશોધિન કરવા માટે

લેશ્યા અને ધ્યાન સમજીએ.

શુભ ધ્યાન આવે તો ઉપયોગ મન શુદ્ધ થાય.
શુભ લેશ્યા આવે તો લબ્ધિમન શુદ્ધ થાય.

આ બન્નેને જો પકડી શકો તો આખુ મન શુદ્ધ થાય.

તેમાં પણ બે પ્રકાર છે.

શુભ, અશુભ.

અત્યારે મોટાભાગના ધ્યાનમાં શું કહે છે કે મનને એકાગ્ર કરો, વિચિકના લાવો, પણ તેમાં શુભ અશુભ વિકલ્પ પાડતા નથી. પણ આપણે શુભ અશુભ બન્ને વિકલ્પ પાડીએ છીએ.

આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુકલધ્યાન

તમામ કબરો કાઢવાની તાકાત લેશ્યા અને ધ્યાનમાં છે. બધા મહર્ષિ ગયા તે આ બે આલંબનને પામીને ગયા છે.

।। પ.પૂ.શ્રી યુગભૂષણવિજયજી સદ્ગુરુભ્યો નમઃ।।

૨૯-૧૦-૯૫
રવીવાર

।। મનોવિજ્ઞાન ।। ગોવાળિયા ટેંક

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવ માત્ર સર્વકર્મનો ક્ષય કરી પરમ પદને પ્રાપ્ત કરે તેના માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આપણા આત્માના બંધનનું મૂળ કર્મ છે. અને કર્મનું મૂળ મનમાં છે. આપણા મનનું શુદ્ધિકરણ કે મારણ ન કરી શકીએ ત્યાં સુધી મુક્તિ મેળવી શકાતી નથી. માટે મનની શુદ્ધિ, ચિત્તશુદ્ધિ અનીવાર્ય છે.

ને પામવા માટે

શુભ લેશ્યા, શુભ ધ્યાન બતાવ્યા છે. શુભ લેશ્યા, શુભ ધ્યાનનું જે શરણું સ્વીકારે છે તે જ પાર પામી શકે છે. માટે બધાને અંતે શરણ ધ્યાન છે. અપકશ્રેણિમાં શુક્લ ધ્યાનની શ્રેણિ કરવાની છે. માટે બધાએ ધ્યાનને અંતે ઉપાસવું જ પડે છે.

ધ્યાનમાં બે ભેદ છે. શુભ - અશુભ

લેશ્યાનાં બે ભે છે. શુભ- અશુભ

આ બે દ્વારા સમગ્ર મનનો અભ્યાસ થઈ જાય છે. ચિત્તશુદ્ધિ કરવી હોય તો શુભલેશ્યા શુભધ્યાનનું આલંબન લેવું પડે પણ તેમાં પહેલું શું લેવાનું ? તે વિચારવા લાયક છે.

શુભલેશ્યા કરતાં શુભધ્યાનનું મહત્વ ઘણું છે. કર્મનિર્જરા, પુણ્યબંધ તેમાં અનેક ઘણો છે. જીવ અનંતીવાર શુભલેશ્યાને પામ્યો છે. શુભ લેશ્યા પામે એટલે જીવ મોક્ષે જાય તેવું નથી. શુભ લેશ્યામાં રહેલા જીવને પણ અશુભ ધ્યાન હોઈ શકે છે. પણ શુભ ધ્યાન કદી અશુભ લેશ્યામાં આવતું નથી.

કોઈ વ્યક્તિની લેશ્યા શુભ છે પણ તે અશુભ ધ્યાનમાં હોઈ શકે. જેમકે નાસ્તીક આત્મા, પુણ્ય, પાપ માનતો નથી. પણ તેની પ્રકૃતિ સજ્જન, ઉદાર, સરળ, સહિષ્ણુ હોય, પ્રકૃતિજન્ય તેને સુંદર

'ગુસ્સો હોય માટે તેની લેશ્યા શુભ હોઈ શકે. કારણ પ્રકૃતિ સાથે લેશ્યાને સંબંધ છે. પણ નાસ્તીક હોવાના નાતે તેને શુભ ધ્યાન આવવાનો સવાલ જ નથી. પણ તે વ્યક્તિ વિચાર કરે, પ્રવૃત્તિ કરે, ખાતો પીતો હોય કે દુઃખ આપત્તી આવે ત્યારે તે આર્તધ્યાનમાં જ હોય. એટલે ધ્યાન અશુભ હોય ને લેશ્યા શુભ હોય.

યશોવિજયજીએ કહ્યુ કે અશુભધ્યાનમાં અશુભ લેશ્યાનો સંભવ છે. પણ તેવું એકાંતે નથી. પણ શુભધ્યાન તો કોનામાં હોય કે જેનામાં શુભ લેશ્યા જ હોય. માટે શુભધ્યાન પામવા માટે શુભ લેશ્યા પામવી જ પડે. આપણે જીવનમાં શુભ ધ્યાનના માર્ગે જવુ હોય, અથવા તેના દ્વારા ચિત્તશુદ્ધિ કરવી હોયતો બેકગ્રાઉન્ડ તરીકે શુભ લેશ્યા કેળવવી પડે. તે નહિ આવે ત્યાં સુધી શુભધ્યાન દીવા સ્વપ્ન જેવી વાત બનશે.

અત્યારે શુભધ્યાન માટે ઘણી જ ગેરસમજો છે.
બાલી પલાંઠી વાળીને બેસી જઈએ, ચિંતન કરીએ એટલે ધ્યાન આવ્યો જતું નથી. સામાન્ય રીતે મન જે શુભ પ્રવૃત્તિ કરતું હોય તેમાં એકાકાર બને ત્યારે શુભ સંકલ્પ આવે, શુભ વિચાર આવે, પણ તે શુભધ્યાનં જ બની જતું હોય તેવું નથી.

પલાંઠી વાળી નવકારના અર્થનું ચિંતન કરતાં થઈ જઈએ કે પરમાત્માની મુર્તિ સાથે લયલીન બની બેસી જઈએ કે આત્મસંબંધી ચિંતન કરીએ એટલે ધ્યાન આવી જતું નથી. તેમાં શુભ ચિંતન, શુભ ભાવનાઓ થતી હોય પણ તે ધ્યાન માટેનું સ્ટેજ નથી. પરંતુ શુભ ધ્યાન માટે શુભ લેશ્યા અનીવાર્ય છે.

જેમ એક વ્યક્તિ પરમાત્માની ભક્તિ બહુ જ લયલીન થઈને કરે છે. પણ જો તેનો સ્વભાવ સ્વાર્થી હોય જેમકે ધંધામાં તેને સ્વાર્થ આવે તો સામે વ્યક્તિને ગમે તેટલુ નુકશાન થાય તે જોવા

પોતે તૈયાર ન હોય. અને પોતાના માટે ગમે તે કરવા તૈયાર હોય તો તે વ્યક્તિની લેશ્યા અશુભ જ ગણાય. તે સારા વિચારોમાં તલ્લીન થાય પણ તેને શુભધ્યાન આવવાની તો કોઈ જ શક્યતા નથી, પોસીબીલીટી નથી. અશુભ લેશ્યાનું શુભ લેશ્યામાં સંક્રમણ નથી થતુ ત્યાં સુધી શુભધ્યાન શક્ય નથી.

શુભ લેશ્યા એ જૈનદર્શનનો આગવો વિષય છે. દુનિયાના ધર્મશાસ્ત્રોમાં ક્યાંય આ વાત આવતી નથી. જૈન શાસ્ત્રોમાં દુનિયાના બધા જીવોની પ્રકૃતિનું ક્લાસીફીકેશન કરીને મૂક્યુ છે. મનનું, પ્રકૃતિનું સુંદર વિશ્લેષણ લેશ્યા દ્વારા જૈનદર્શને કર્યુ છે. જૈનધર્મની સામાન્ય ક્રિયા કરવા પણ પ્રકૃતિ બદલવી પડે છે, તો શુભ ધ્યાન માટે તો ચોક્કસ પ્રકૃતિમાં શુભ લેશ્યા જોઈએ.

હવે જેમ કોઈ વ્યક્તિને દેહ પર, રૂપ પર, સૌંદર્ય પર આકર્ષણ હોય, તે સંસારમાં રચ્યો પચ્યો રહેતો હોય, કારણ તેને શરીર પર મમતા છે, ખાવાની આસક્તિ પણ છે. હવે આવા જીવો ધર્મ કરવા બેસે જેમકે કોઈ દયા, દાનની, ઉદારતાની પ્રવૃત્તિ કરે ત્યારે પણ તેમનું કેલીબર કેવું હોય કે લેશ્યા તો મમતા, આસક્તિના કારણે અશુભ જ હોય. કારણ તેમાં તેને કોઈ પરિવર્તન આવ્યુ નથી. માટે લેશ્યા ગ્રુપમાંથી ચેન્જ થઈ નથી.

જેમ તમે ચૈત્યવંદન કરવા બેસો ત્યારે તમારામાં રહેલ સ્વાર્થ વૃત્તિના કારણે કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ પડેલો હોય તો તે વખતે તેમને તેનાથી કર્મબંધ ચાલુ છે. જેથી ધર્મક્રિયામાં ખામી આવે છે.

સર્વશ્રેષ્ઠ અનુષ્ઠાન ધ્યાન છે. સમતામાં પહોંચવા માટે શુભ ધ્યાન એ અમોઘ ઉપાય છે.

વર્તમાન શાસ્ત્રના પારગામીને, જ્ઞાનના ઘણીને કર્મક્ષય કરવા અને સર્વ દોષોનું ઉન્મુલન કરવા ધ્યાનનું જ શરણું લેવું પડે છે.

ધ્યાન એ આરાધનાનો શ્રેષ્ઠ પ્રકાર છે. બધો ધર્મ કરીને તેનું ઉત્તમ ફળ તો આત્માને શુભ ધ્યાનમાં સ્થિર કરવો તે જ છે. આવી સાધનાને સિદ્ધ કરવી હોય તો શુભ લેશ્યા અનીવાર્ય છે.

આપણામાં જો શુભ લેશ્યા ન હોય તો આપણા માટે ધ્યાન તો દૂરમાં બાચકા ભરવા જેવી વાત છે.

લેશ્યાના બે છે તેમાં ટોપમાં શુભ લેશ્યામાં શુક્લ લેશ્યા છે. અને પ્રાથમિક શુભ લેશ્યામાં તેજો લેશ્યા છે. અને તેનાં વર્ણનું જે આપણો પ્રકૃતિ સાથે સરખામણી કરીએ તો પ્રાથમીકમાં પણ આવવું આપણા માટે ઘણુ જ મુશ્કેલ છે. અત્યારે ધ્યાનની શિબિરો ઘણી થાય છે. અત્યારે ઘણો વર્ગ એવો છે કે તેમને અમુક અનુષ્ઠાનમાં જોડાવાનું કહીએ તો તૈયાર થાય નહિ. પણ સમુહમાં પલાંઠીવાળી ચિંતન, મનન કરીને મનને એકાગ્ર કરવાનું કહે એટલે તૈયાર. પણ આમાં ભુલ ક્યાં થાય છે કે શુભલેશ્યા વગર શુભ ધ્યાન શક્ય જ નથી.

આ કાળમાં શુક્લ ધ્યાન તો શક્ય જ નથી. માટે જુઓ આ કાળમાં કરી શકે તો પ્રાથમિક કક્ષાનું શુભ ધ્યાન કરી શકે. પણ અશુભ ધ્યાન તો કરવા જેવું છે જ નહિ. નહિતર વગર કારણે ફુટાઈ જશો.

આ કાળમાં સાધુ, સાધ્વી, સમ્યગ્દૃષ્ટિ, ભાવશ્રાવક પ્રાથમીક કક્ષાનું ધ્યાન કરી શકે છે. જેનો આજે વિચ્છેદ નથી. માટે પ્રાથમીક કક્ષાનું ધ્યાન કરનારને ઉચીત કક્ષામાં મૂકી શકાય.

ધ્યાન એ મનની અવસ્થા છે. સંસારમાં પણ સુખદુઃખના તીવ્ર અનુભવ ધ્યાનમાં થાય છે. તેમ આ ક્ષેત્રમાં પણ તેવા સુખના અનુભવ પણ ધ્યાનમાં જ છે. તમે કોઈપણ પ્રવૃત્તિમાં તન્મય ન બનો તો સ્વાદ આવતો નથી. ક્રિયા કરીને અનુષ્ઠાન કરવાનો એક માત્ર ઉપાય ધ્યાન છે. પણ આપણને બધા ચંચલ મનવાળા જ

જુવીએ છીએ. જેમ ખાતા એક કોળિયો પેટમાં ગયો ન ગયો ને ઉતારી દઈએ, જેનાથી ખોરાક પચે નહિ, અને તે પોષણ આપે નહિ પણ ઝેરરો થઈને બહાર નીકળી જાય. તેમ આપણે જે પણ પ્રવૃત્તિ કરીએ તે સાવધાનથી જ કરીએ છીએ. તમે સંસારની કે ધર્મની કોઈ પણ પ્રવૃત્તિ મનને એકાકાર કરી તલ્લીન થઈને કરો છો ખરા? કે આડધી-પડધી જ કરો છો?

ખાવામાં ખાવાના જ વિચાર કે ત્યારે પણ ઘંઘાના વિચાર હોય? બધે જ મન ભાગનું હોય છે. તન્મય થઈને પ્રવૃત્તિ કરનારા જુવો ઓછા હોય છે. મનને પ્રવૃત્તિ સાથે પૂર્વાપર અનુસંધાન નથી હોતુ. વિચારોમાં ધારાબદ્ધતા નથી હોતી. ગમે તે વિચાર ગમે ત્યારે ટપકી પડતાં હોય છે. માટે પ્રવાહબદ્ધતા જોઈએ તે નથી હોતી. અરે તમને જે વિચાર આવે તેમાં પણ એકાકારતા ખરી? હાથમાં લીધેલ પ્રવૃત્તિમાં પણ તમારે ઠેકાણુ નહિ ને? સત્તર જાતના વિચારો ચાલતાં હોય છે. માટે ચંચલ અને અસ્વસ્થ જ ચિત્ત હોય છે.

ધર્મ આરાધના નિરતિચાર કરવી હોય તો તેના વિચારમાં પ્રવાહબદ્ધતા જોઈએ. એકાકારતા, લયલીનતા જોઈએ.

તીર્થંકર ભગવંત દીક્ષા લે પછી તેઓ જે પણ પ્રવૃત્તિ કરે તેમાં જ તેમનો ઉપયોગ હોય. ગોચરીએ જતાં આત્માનું ચિંતન કરતા ન હોય. ઉપયોગ શુન્યતા પૂર્વક જે ખાવાની ક્રિયા કરે તો સાધુપણામાં દોષ લાગે. જેમ ખાતા સ્તવનના ભાવોમાં કે કદાચ પરોવાઈ જાઉ તો દોષ લાગે. માટે જે ક્રિયા કરતાં હોય તેમાં જ ઉપયોગ એકાકારતા જોઈએ.

જે મહાત્મા નિરતિચાર ચારિત્ર પાળતાં હોય તે ઉપાશ્રયથી નીકળે ત્યારે તેમને ખ્યાલ હોય કે તેમને ક્યાં જવુ છે તે બાજુ જ

તેમના પગ ઉપડે. ચાલતાં જયણામાં જ ઉપયોગ હોય. પછી જેના ઘરે જવાનું હોય ત્યાં જઇને જે પ્રવૃત્તિ કરવાની હોય તેમાં જ ઉપયોગ હોય, પણ રસ્તે ચાલતાં કે તે વખતે કાંઇ સ્વાધ્યાય કે શાસ્ત્રના વિચાર તેમને ન હોય.

તમે જન્મથી માંડીને અત્યાર સુધીમાં એક પણ ક્રિયા આખી સોપોપાંગ તન્મયતાથી કરી છે ખરી?

ના,

કારણ મનની પ્રવાહ બધ્ધતા નથી, માટે જ આખી પ્રવૃત્તિ તે રીતે કરી શકતા નથી. ગમે તે વિચાર ગમે ત્યારે ટપકી પડતાં હોય છે. હવે આવી અવસ્થાવાળી વ્યક્તિમાં શુભધ્યાન આવવાની શક્યતા જ નથી.

પૂછ્યું કે કઇ ક્રિયાથી ધ્યાનમાં ચઢાય? તો જવાબમાં કહ્યું કે કોઇપણ પ્રવૃત્તિથી ધ્યાનમાં ચઢી શકાય. મુનીની પ્રત્યેક ક્રિયા ધ્યાન બની શકે છે. તેમ શ્રાવક માટે પણ બધી ક્રિયા ધ્યાનનું સાધન બની શકે છે. પણ મનમાં એકાકારતા સાંગોપાંગ જોઇએ. અત્યારે તો શુભ લેશ્યા નથી અને કેળવાયેલું મન પણ નથી માટે શુભધ્યાન આવવાનો સવાલ નથી. તેથી પહેલાં મન કેળવી શુભલેશ્યા પામવાની છે.

હવે શુભલેશ્યા પામવા મનનું સ્ટાન્ડર્ડ કેવું હોય તે જોઇએ.

શુભ લેશ્યા પામવા બધાં માનસીક અશુભ ભાવો, દોષો ટળી જવા જોઇએ જ એવું કોરણ નથી. અત્યારે કોઇનું મન એવું નથી કે સંપૂર્ણ શુભધ્યાનમાં જ હોય. જો કોઇનું હોય તો તે વ્યક્તિ દર્શનીય ગણાય. પણ અત્યારે આટલા હાઇ લેવલના મળતો નથી.

સભા:- નાના નાના ખરાબ વિચારો આવી જાય છે.

સાહેબજી:- નાના ખરાબ વિચારોનો અર્થ શું ? જેમ તમે બેઠા છો, ગરમી છે એટલે અકળામણ થાય છે ત્યારે જરા ઠંડક થાય તો સારુ લાવો બારી ખોલીએ આવું ઠંડપણ થાય એટલે અપેક્ષા આવી, માટે અશુભભાવ થયો કહેવાય. પરંતુ કોઈનું લુંટી લેવુ, વિકારો કે વાસનાના વિચાર આવવા તેજ ખાલી અશુભભાવ છે તેવું નથી. પણ કોઈપણ પ્રકારની અપેક્ષા આવી એટલે અશુભ ભાવ થયો કહેવાય.

જેમ ખાતાં સ્વાદીષ્ટ વસ્તુમાં રસ પડ્યો એટલે અશુભભાવ આવ્યો કહેવાય. પરંતુ અશુભભાવથી સંપૂર્ણ મુક્ત ક્યારે થવાય કે. જ્યારે સુખની અપેક્ષા ન હોય અને દુઃખની નારાજગી ન હોય. આવા સ્થિતપ્રજ્ઞ જુવો હોય છે. આવા જુવો પર સંપત્તિનો વરસાદ થાય કે દુઃખોની ઝડી વરસે પણ તેમને કોઇ અસર ન થાય. પણ જેને જરાજરામાં અસર થાય છે તેતો અશુભ ભાવમાં જ છે. આપણો બધા જ કલાકમાંથી એક સેકન્ડ પણ અશુભભાવથી મુક્ત નથી. આપણને ચોવીસે કલાક અમુક પ્રકારના સુખની અપેક્ષા તો ઉભી ને ? રહેવા ઘર જોઇએ તેમાં પણ કેટ કેટલી સગવડતા જોઇએ. જે મંપી છે તે બધી ... ... ની લાગે છે ? માટે જાગતાં, ઉંઘતા, ઉઠતાં, બેસતાં બધી અપેક્ષાઓ છે જ.

તમને કેટલાય દુઃખ ન આવે તો સારુ તેવી ઈચ્છા ને કામનાઓ પણ પડી છે. મોટા રોગો ન આવે તો સારુ તેવી ઈચ્છા હોય છે ને ? કોઈને આવા મોટા રોગો આવ્યા હોય તેનું સાંભળો ત્યારે શુ થાય છે ? બાપા આપણને આવું ન થાય તો સારુ. માટે હજારો પ્રકારના દુઃખ ન આવે તેની કામના પડી હોય છે. અને જેટલા પણ સુખો છે તે બધા મને મળે અને મળેલા સુખો જળવાઈ રહે તો સારુ. આ બધા આર્તધ્યાનના સંકલ્પ વિકલ્પો છે.

જીવને અનુકુળતાની અપેક્ષા અને પ્રતિકુળતાના વિયોગની

ઓછો છે, માટે રાગદ્વેષ આર્તધ્યાનની ભૂમિકાવાળુ મન છે. તમને રાગદ્વેષ રૌદ્રધ્યાન છે એવું નથી. આર્તધ્યાનની ક્રિયા પણ જીવનમાં ઓછી હોય છે પણ તેના સંકલ્પ-વિકલ્પમાં જ મન રમતું હોય છે.

છઠ્ઠ ગુણસ્થાનક પામેલા જીવ જો નિરતિચાર ભૂમિકામાં ન હોય તો તે પ્રાયઃ કરીને આર્તધ્યાનમાં હોઈ શકે. પણ સ્થિતપ્રજ્ઞદશા આવે એટલે આર્તધ્યાનના સંકલ્પ વિકલ્પો ભાગી જાય. પણ અત્યારે તો જરાક દુઃખ આવે છે તો ઉંચા નીચા થઈ જવાય છે.

શંકા:- ચોથા ગુણસ્થાનકે સ્થિતપ્રજ્ઞદશા પમાય?

સાંઈબાબા:- જ્યા ગુણસ્થાનકે સ્થિતપ્રજ્ઞદશા આવી શકે પણ છઠ્ઠ ગુણસ્થાનક કરતાં નીચલી ભૂમિકાની હોય છે. છઠ્ઠા ગુણસ્થાનકે પણ સંયોગોની, નિમિત્તોની અસર થાય તેવું નબળુ મન હોય છે. માટે તેમને અમુક દશા પામવાની બાકી હોય છે. જેમ અમુક જીવો અમુક ભૂમિકામાં અમુક વિકાસ-સાધી લેતા હોય છે પણ અમુક વિકાસ હજુ તેમને સાધવાનો બાકી હોય છે. તેથી છઠ્ઠા ગુણસ્થાનકે આર્તધ્યાન દશા હોઈ શકે અને જ્યા ગુણસ્થાનકે પણ સ્થિતપ્રજ્ઞદશા હોઈ શકે છે અને આર્તધ્યાન દશા પણ હોઈ શકે છે.

શંકા:- તેમાં પ્રતિબંધક કર્મ કયુ?

સાંઈબાબા:- મોહનીયકર્મથી અશુભભાવો થાય છે. જ્ઞાનાવરણીયકર્મ અજ્ઞાન બનાવવાનું, અંતરાયકર્મનું કામ બીજા બધામાં વિઘ્ન કરવાનું પણ સીધા અશુભભાવ પેદા કરવામાં તો મોહનીયકર્મ જ છે.

અમારુ મન પણ રાગદ્વેષ શુભભાવમાં નથી. અશુભભાવો પણ હોય છે. પણ ચોક્કસ કોઈ રાગદ્વેષ અમને વિષય વાસના નથી. સત્તા કે સંપત્તિ જોઈને કોઈ અમને ગલગલીયા થતા નથી હોતા. આમ તો અમે બધુ છોડીને આવ્યા છીએ માટે અમને ઘણા અશુભભાવોથી મુક્તિ મળી ગઈ છે. જેમ તમને ગાડીમાં બેસતા જોઈએ ત્યારે અમને થાય કે

દશા અમે તો આવા પાપોમાંથી છુટ્યા છીએ. પણ હજુ અમને થોડા ઘણી સુખદુઃખની અપેક્ષા હોય છે. માટે કઈ કક્ષાના અશુભ ભાવો હોય તો લેશ્યા ટકી શકે અને કઈ કક્ષાના અશુભ ભાવો હોય તો લેશ્યા ભાગી જાય તેનું પૃથ્થકરણ કરવું પડે.

હવે તમને જીવનમાં સગવડતા જોઈએ છે, મેળવવા ઈચ્છો છો, મળે તો તમે રાજી પરંતુ ને મેળવવા બીજાનું જે થવું હોય તે થાય, "મને સગવડતા મળવી જોઈએ, બાકી બધા જહન્નમાં" આવી વૃત્તિવાળા જુવો શુભલેશ્યા પામી શકતા નથી. તેની પ્રકૃતિમાં એટલો સ્વાર્થ છે કે ક્યારે ને વિશ્વાસઘાત, છેતરપીંડી કરશે તે કહેવાય નહિ. કારણ "મારે ગમેતેમ સગવડતા જોઈએ, કોઈપણ હિસાબે ને મળવી જ જોઈએ" તે માટે બીજાનું શું કરવું તેમાં કોઈ લીમીટ નહિ.

અત્યારે ધંધામાં ગળાકાપ હરીફાઈ ચાલી હોય છે તેમાં કોઈ આડો આવે ને કરોડોનું નુકશાન થાય તેમ લાગે ત્યારે શું વિચારો? ગમે તે રીતે તેને પતાવવાની તૈયારી ખરીને? તમારા કરોડ-બે કરોડ ક્યાંક ફસાતા હોય ત્યારે તમને કઈ રેન્જના અશુભભાવો આવે? ગમે તે લોકો પૈસા કઢાવવાના ને? જેનામાં આવા ભાવોની તીવ્રતા હશે તેને શુભ લેશ્યા હોય જ નથી. પોતાના સ્વાર્થ ખાતર ગમે તેવી બેઈમાન લેવા તમારી તૈયારી હોય છે.

તેમ ધંધામાં લાગે કે જરા વિશ્વાસઘાત કરશું તો બે પાંચ કરોડ મળશે ત્યારે સામે પાયમાલ થાય તેમ હોય છતાં શું વિચારો? તેનું જે થવું હોય તે થાય, પણ આપણે તો મેળવી લો. આ બધા કૃષ્ણ લેશ્યાના ભાવો છે. પછી ભલે તે પ્રસંગે દાન, દયા, પરોપકાર કરતો હોય પણ મૂળથી પ્રકૃતિ ઉગ્ર સ્વાર્થવાળી છે.

હા, ઘણા જન્મે ત્યારથી શુભ લેશ્યા લઈને જન્મ્યા હોય છે. પણ એવા જુવો ઘણા જ ઓછા નીકળે. આપણે જન્મ્યા ત્યારથી અશુભ

લેશ્યા લઈને જન્મ્યા હોઈએ પણ હવે શુભ લેશ્યામાં જઈ શકીએ તેમ છીએ. પરંતુ તેના માટે સંકલ્પ જોઈએ.

સભા:- પૈસા રોક્યા પછી તે માણસ બદમાશ નીકળે ને પૈસા ન આપે તો ?

સાહેબજી:- શ્રાવક માટે આજ્ઞા શું છે ? શ્રાવકને માણસ ઓળખીને વ્યવહાર કરવાનો છે. માટે ભૂલ તમારી છે કે તમે ઓળખ્યા વગર મુડી રોકી. તમને પૈસાની ભૂલ દેખાય છે, તે બદમાશ લાગે છે. પણ તમે બદમાશને ઓળખ્યો નહિ, તો તમે ડોબા નહિ ?

સભા:- રાંડ્યા પછીનું ડહાપણ

સાહેબજી:- તમે વ્યવહાર કરતાં લાલચમાં વધારે મરો છો. વધારે વ્યાજ મળે છે ને ? માટે લોભને લાલચમાં ગમે ત્યાં લશરાવો છો. પછી છાતી ફૂટે તેમાં શું વળે. માટે વ્યવહાર સજ્જન સાથે જ કરવાનો છે. સજ્જન માણસની કફોડી સ્થિતિ આવે તો પણ તમને ચિંતા ન હોય, તેની પાસે આવશે ત્યારે તે આપ્યા વગર રહેશે નહિ. પણ તમે ધિરાણ કરતાં માણસની લાયકાત ચકાસો છો ખરા ? કે ખાલી વાળવર જુઓ છો ? માટે જ તમને ધુતારા મળે છે.

હવે તેને લેશ્યાવાળાને પોતાના ૨૦-૨૫ મળ તો એમ ન થાય કે તેને હું સીધો કરી નાંખુ, પતાવી દઉ. પૈસાને પાડીને પૈસા મેળવી લઉ, પછી તેનું જે થવું હોય તે થાય. આ બધુ તેને લેશ્યાવાળાને શક્ય નથી. તેને તો વિચાર આવે કે અત્યારે તે કેવી પરિસ્થિતિમાં છે. તેમાં મારા સ્વાર્થ ખાતર શું હું વધારે દુઃખ આપુ ? તેને તેના કુટુંબ પરિવારની ચિંતા હોય.

માટે જેને ભુવનમાં પોતાના સ્વાર્થની જ ચિંતા હોય તે કદીપણ શુભલેશ્યામાં જઈ શકે નહિ.

તેજોલેશ્યા પામવા માટે પ્રકૃતિમાં નાનીનાની બાબતોમાં પણ

સરળતા જોઈએ.

તમે ઘરમાં પત્નિ સાથે પણ શું કરો કે તેને મોટા મોટા વિશ્વાસ આપો પછી થોડુ કરીને બદાના કાઢો, ઘડીમાં વાત કરોને ઘડીમાં ફરી ભમો, તેમ છોકરાને પણ છાનો રાખવા કહો કે "છાનો-ધર્યું જ કરવા લઈ જઈશ, શાંત થાય પછી ફરી ભમો. પરંતુ આવી નાની નાની ખોટી પ્રવૃત્તિ પણ તેજો લેશ્યાવાળો કરે નહિ.

સભા:- છોકરાને શાંત રાખવા શું કરવું?

સાહેબજી:- તે પણ મારે ભણાવવાનું? તમે તેને આશ્વાસન આપો, લાગણી આપો, વાત્સલ્ય આપો, તેની તકલીફનું નિવારણ કરો. પણ તેને કાંઈ ઉઠા તો નજ ભણાવાય ને? ઘણી વખત તો છોકરા બહુ પરેશાન કરે ત્યારે ધમકાવો ને બાવાનો ડર બતાવોને? જેમ ઘણી વખત શાંત કરવા તમારી ઘડીયાળ આપો, અને પછી રમતાં રમતાં ઘડીયાળ લઈ લો અને કહો બાવો લઈ ગયો, અત્યારે તમે તેને કેવા ઉઠા ભણાવો છો પછી તે તમને કેવા ઉઠા ભણાવશે ખબર છે ને?

સભા:- આખુ ગામ કેટલુય આવુ બધુ બીજુ ખોટુ કરતુ હોય છે તો શું કરવુ?

સાહેબજી:- પહેલાં તમે તમારા પર બ્રેક લગાવો. તમે કાંઈ આખા ગામના ગુરુ છો? જે વ્યક્તિ તેવા સ્થાન પર હોય તેને બીજાને સુધારવાની જવાબદારી આવે છે. હા, તમારા ઘરમાં કોઈ ખોટી પ્રવૃત્તિ કરતાં હોય તેને સુધારવાની તમારી જવાબદારી ખરી, પણ આખા ગામને સુધારવાની જવાબદારી તમારી નથી.

ટ્રાફીકના નિયમને તમે હાથમાં લો તો ચાલે ખરુ? સંસારમાં પણ વ્યવહાર કઈ રીતના હોય છે તે સમજવાનું છે.

તમારા હાથ નીચે જેટલા હોય તે ખોટુ કરે તેને અટકાવવાની

જવાબદારી ખરી, પણ આખા ગામની નહિ.

સત્સ:- ઘરમાં નોકર કોઇ ખોટુ કામ કરે તો અમને પાપ લાગે?

સાહેબજી:- ઘરમાં નોકર ખોટુ કામ કરે તેનું પાપ શેઠને પણ લાગે. તમારો દીકરો પણ કોઇ ખોટુ કામ કરે તો તમને પાપ લાગે. ત્યારે રોકવું જોઇએ, ન રોકો તો પાપ લાગે. જેમ શિષ્ય અધર્મના માર્ગે જતો હોય તો ગુરુને રોકવો જોઇએ. ન રોકો તો તમને પાપ લાગે. પણ આખા સંઘમાં બીજા કોઇ સાધુ કોઇ અયોગ્ય કરતાં હોય તો અમને પાપ ન લાગે. અમારી જવાબદારી અમારા શિષ્ય પરિવાર માટે હોય છે.

પતિ, પત્નિને જવાબદારી આવે. પરસ્પર કર્તવ્ય કરવું છે માટે સુધારવાની જવાબદારી આવે. પણ તેમાં પણ જ્યાં ત્યાં માથુ મારો તો દોષ લાગે. તેમ ધર્મના ક્ષેત્રમાં પણ કોઇ નવો આવ્યો હોય તે વખતે તમે થોડા વધારે જાણકાર હોવ તો તેના ગુરુ બની જાવને? તે ચાલે નહિ.

તેમ ઘણી વખત બધાને વહાલા થવા, રાજી રાખવા પ્રયત્ન કરતાં હોવ છો. જેમ સગાવહાલાં મળે ત્યારે એવી મીઠી, મીઠી વાતો કરે કે જેમાં જુઠાણાનું ગણિત જ ના હોય. વિચારને વૃત્તિ કેવી છે. સામાને જરા ખુશ કરવા સત્તર જુઠાણા ચલાવો. તેમજ જરા કોઇનાથી ઓછુ આવે તો વાતવાતમાં ખોટુ લાગી જાય, ઓછુ આવી જાય, મામુલી બાબતમાં ઓછુ આવે, વાંધા વચકા પડે. આ બધા અશુભ લેશ્યાજન્ય ભાવો છે. તેનામાં તેમને લેશ્યા દેખાય નથી.

માટે વિચારવાનું છે કે આપણે શુભલેશ્યાના દોરણમાં આવી ગયા લીધે છે નહિ? તે પામવી છે કે નહિ? અને જો પામવી હોય તો તેના માટે ચિંતન, મનન વિચારો દ્વારા પુરુષાર્થ કરવાનો છે.

અશુભ લેશ્યાથી ઉંઘમાં પણ ભારે કર્મબંધ થાય છે. અશુભ

લેશ્યામાં રહેલા જીવો દુર્ગતિ બાંધનારા હોય છે. તમને સ્વાર્થ ક્યારેક આવે છે, તેની તકો પણ ક્યારેક આવે છે અને તેમાં પણ સફળતા ક્યારેક મળે છે. પણ પ્રકૃતિમાં સ્વાર્થ છે માટે પાપ તો ૨૪ કલાક બંધાય છે.

જેમ તમારા છોકરા-છોકરીનું કેલીબર ગમે તે હોય, પણ તમને શું ઈચ્છા કે તેઓને તો સારામાં સારુ મળવુ જ જોઈએ. માટે અપેક્ષા શું આવી? પછી સામા કારણે ડોળ અને છેતરપીંડી ચાલુ થાય. પરંતુ ખબર નથી કે સામા કારણે ભવાંતરમાં અનેક જન્મો સુધી સારા પાત્રો, સારુ સ્થાન નહિ મળે. કારણ વૃત્તિ કેવી છે? પકડીકુ બાંધીને પધરાવી દેવાની વાત છે. ગમે તેવી પ્રવૃત્તિ કરીને ઉંધા ક્રમમાં નાંખવાની વાત છે. આપણે ત્યાં અસત્ય ભાષણમાં "કન્યા, ગૌ, ઢોર, ભૂમિ વગેરે લખ્યુ છે ને?

જીવનમાં છોકરાઓ પર રાગ છે માટે જ ખામીવાળી દીકરીને પધરાવી દઈએ. પણ તે વખતે તે ખામી ન જણાવેલ હોવાથી સામેનાની શું હાલત થશે તેનો કદી વિચાર કરતાં નથી. માટે તેમને લેશ્યા નથી.

તમને કોઈ આવુ કરે તો શું લાગે?
મને પાયમાલ કરી નાંખ્યો

તમારા જીવનમાં બીજા આવા તો કેટલાય પ્રસંગો, નબક્કા હોય છે. જેમાં બધી આવી વૃત્તિઓ, પ્રવૃત્તિઓ ચાલુ જ હોય છે. હજારોને છેતરવાથી કેવા પાપ બંધાશે તેનો કદી વિચાર કર્યો નથી.

અત્યારે તમે થપ્પડ મારીને ગાલ લાલ રાખો છો, પણ તમારી પાસે છે તેટલુ સ્ટેટસ જોઈએ છે કે નથી તેનાથી વધારે સ્ટેટસ જોઈએ છે. જેટલા સુખી છો તેનાથી વધારે સુખી હોવાના ડોળ કરો છો પણ આ બધા અશુભ ભાવો છે. આવા બધા જુઠાણાથી બીજા તેમાં ભરાઈને પાયમાલ થઈ જતાં હોય છે.

અતિચારમાં બોલો છો ને કે "રાગ દ્વેષ લગે એકને મારિ પરિવારે વાંદી, એકને મૃત્યુ હાનિ વાંછિ."

લાગણી હોય તેના માટે સારા અભિપ્રાય આપો, અને દ્વેષ હોય ત્યાં તેને ગમે તે રીતે પાયમાલ કરી નાંખો. આવી બધી પ્રકૃતિઓ અશુભ લેશ્યામાં હોય છે. અને આવી બધી મનોવૃત્તિવાળા જીવો માટે શુભ લેશ્યાનો ચાન્સ નથી.

॥ પ.પૂ. શ્રી યુગભૂષણવિજયજી સદ્‌ગુરુભ્યો નમઃ॥

૫-૧૧-૯૫

સ્વીવાર. ॥ મનોવિજ્ઞાન॥ ગોવાળિયા ટેંક

અનંતજ્ઞાની અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માએ જગતના જીવોના આત્મીક કલ્યાણ માટે અસંખ્ય યોગોની પ્રબોધ કરનારા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જૈન શાસનમાં આરાધના માટે અસંખ્ય યોગો છે. અને બધા યોગોનું વર્ણન ૧૪પૂર્વરુપ લુપ્તદશાંગીમાં છે. પણ સંક્ષેપમાં જો વિશ્લેષણ કરીએ તો ભક્તિયોગ, કર્મયોગ, શાસ્ત્રયોગ, જ્ઞાનયોગ, સામ્યયોગ, આમ ક્રમસર યોગો બતાવ્યા છે. અને તે બધામાં પણ ટોપ લેવલમાં ધ્યાનયોગ છે. દરેક સાધનામાં અંતિમ ચરણમાં ધ્યાન યોગ છે તેની સામે બધા નાચીઝ યોગ છે. આ યોગ દ્વારા બધા કર્મોને ખપાવી શકાય છે. ઉગ્રમાં ઉગ્ર કર્મને ખપાવવાની કીમતા ધ્યાન યોગમાં છે. મનનું અંતે મારણ આ ધ્યાન યોગમાં છે. અનંત કાળનો જમેલો મોહનો ઉચ્છેદ કરીને છેલ્લે અમનસ્ક દશાને પામી શકાડવાની તાકાત આ ધ્યાન યોગમાં છે.

આપણે મનની અશુદ્ધિઓ જાણી, તેની સામાન્ય પ્રક્રિયા પણ જાણી, પણ મનની ટોપ લેવલની શુદ્ધિ માટે સાધન તરીકે ધ્યાનયોગ જ છે. અને આજ અંતિમ રાજમાર્ગ છે. જે જીવો શુક્લ ધ્યાનના જ પાયામાંથી પસાર થાય તેજ મુક્તિને પામે છે. આઠમા ગુણસ્થાનકથી માંડીને બધી ભૂમિકા ધ્યાનથી પામી શકાય છે. શાસ્ત્રોમાં ધ્યાનની મહિમા ખૂબજ ગાયો છે.

યોગના ક્રમમાં પહેલા ભક્તિયોગ, કર્મયોગ, શાસ્ત્રયોગ, જ્ઞાનયોગ, સામ્યયોગ અને પછી ધ્યાનયોગ આવે છે. કર્મયોગનું વર્ણન આચારરુપે અધ્યાત્મમાં આવે છે. સાધુક્રિયા કર્મયોગમાં આવે. શાસ્ત્રોમાં પહેલુ શાસ્ત્રજ્ઞાન જોઈએ. જ્ઞાનયોગ પામેલાને સામ્યયોગ આવે અને પછી ધ્યાન આવે છે. ટોપમાં ધ્યાન યોગ છે. અત્યારે

જે બધા ધ્યાન કરે છે તે પ્રેક્ટીસ કરે છે, એમ કહેવાય. કારણ આગળ બતાવેલ બધા સ્ટેપ પસાર કર્યા પછી જ નિર્મળ ધ્યાન આવે છે.

જેને પણ આનું આલંબન લેવું હોય તેને શાસ્ત્રનું પ્રોપર ગાઇડન્સ લઈને કરવાનું છે. નહિતર ટ્રેનીંગના નામથી ઉંધુ વેતરાઇ જશે. માર્ગદર્શન લઈને જ કરવા જેવું છે. આ ભૂમિકાને ભજ્યા વગર જો ઝંપલાવશો તો હવાનિયા ભરવા જેવું થશે. અમે તમને સદંતર કરવાની ના નથી પાડતા. પણ બીજુ બધી આરાધનાને ગૌણ કરીને ધ્યાન કરવાનું નથી. જેમ પ્રતિક્રમણ કરવાની વાત આવે ત્યારે કહે કે "હું તો ધ્યાન કરુ છુ." પરંતુ આ બધી ક્રિયામાં સણીશુદ્ધતા આવી ન હોય અને ધ્યાનમાં ચડી જાય તે બરાબર નથી. જેમ ઘણા શું કહે મને ઘોંઘાટમાં પ્રભુ કરવી ફાવતી નથી માટે ધ્યાન કરુ છુ. પરંતુ તમારે તમારા શ્રાવક તરીકેના શ્રાવકાચાર બરાબર પાળવા જોઇએ અને સાથે અભ્યાસ રૂપે ૦॥ કલાક ધ્યાન કરો તે બરાબર છે.

અમારે સાધુપણામાં પણ કહ્યુ છે કે દીક્ષા પછી પૂર્વ અને મધ્ય અવસ્થામાં ચિંતન, મનન શાસ્ત્રાભ્યાસ છે પણ ધ્યાન નથી. ધ્યાન તો ઉત્તરાવસ્થામાં કરવાનું છે. માટે બીજુ બધી આરાધના છોડીને ધ્યાનમાં બધી આરાધના સમાઇ જાય છે તેમ માનીને ઝંપલાવવાનું નથી.

શાસ્ત્રમાં બતાવેલ શુક્લ ધ્યાન કરવા માટે તો હજુ ઘણા સ્ટેજ પસાર કરવાના છે. આતો અભ્યાસ રૂપે કહેવાશે.

<u>સભા</u>:- અભ્યાસરૂપે ધ્યાનમાં શું કરવું ?

<u>સાહેબજી</u>:- જૈન શાસનમાં ધ્યાન પર વૌલ્યુમોના વૌલ્યુમો ભરાય તેટલા શાસ્ત્રો છે. એના ઘણા જ ભેદો છે. ચાર લાખ ચૌતાલીશ હજાર ત્રણસોને અડસઠ ભેદો છે. માટે સમજણથી ચિત્તની શુદ્ધિ કરવા આ બેલ્લુ સ્ટેજ છે. પરમપદ પામવા માટે ધ્યાનને શરણે જવાનું છે.

તેમાં હઠયોગ, રાજયોગ, કુલ્ય સમાધિ, ભાવ સમાધિ આવી

'ભય તેવુ વિસ્તૃત વર્ણન છે. પણ તમે મુંઝાઇ ન ભઓ તે માટે
હું સેન્ટરલાઇન બનાવવા માગુ છુ. જેના પર રાજમાર્ગ સ્થપાયેલો છે.
સૌથી પહેલા પૂર્વ ભૂમિકા રુપે
ચિંતન અને ભાવના આ બે સ્ટેજને આત્મસાત
કરવાના છે. અત્યારે યોગા ધ્યાનની શું વ્યાખ્યા કરે છે કે ચિત્તની એકાગ્રતા આવી એટલે ધ્યાન આવ્યુ પણ તે બરાબર નથી. આવી વ્યાખ્યા કરનારને પૂછો કે તમે કોઈપણ વસ્તુનો વિચાર કરો છો ત્યારે તમારુ મન તેમાં જ પરોવાયેલુ હોય ને ? તમારાં જીવનમાં એવુ કાંઈપણ બન્યુ છે કે એકાગ્ર થયા વગર તમને કોઈ વસ્તુનું જ્ઞાન થયુ હોય?

પણ આ એકાગ્રતા નો ઉપયોગ કહેવાય આમ રજકલાક જીવનો ઉપયોગ નો ચાલુ જ છે. માટે શું એમ કહેવાય કે બધા રજકલાક ધ્યાન કરે છે ? માટે આ ધ્યાનની વ્યાખ્યા નથી.

તમે રજકલાક ચિંતન પણ કરતા નથી પણ. આડાઅવળા સંકલ્પ, વિકલ્પ જ ચાલતા હોય છે. રજકલાક આજ ચાલુ હોય છે. સંકલ્પ-વિકલ્પના આંદોલનવાપુ જ મન હોય છે. આતો રખડતું મન છે. પવનના મોજાથી પાણી ઉછળતુ હોય છે માટે પાણી સ્થિર નથી. બસ તેવું જ મન છે. પણ તે વખતે પણ એકાગ્રતા તો હોય છે.

એકાગ્રતાનો ગાળો લાંબો નથી હોતો એક વસ્તુમાંથી તરત બીજી વસ્તુમાં મન જતુ હોય છે. આમ ચિત્તની ચંચળતા હોય છે. પણ તેમાં પણ એકાગ્રતા હોય છે. માટે તેને ધ્યાન કહેવુ તે બરાબર નથી.

હવે ચિંતન, ભાવના, અનુપ્રેક્ષા, ધ્યાન આમ ચાર સ્ટેજ છે. આપણે શુભ ચિંતન લેવાનું છે. બધે શુભ જ લેવાનું રહેશે.

સંસારમાં પંડ્યા અશુભ સ્ટેજ આજ પ્રમાણે છે. અને તેમાં [illegible] દુનિયાદારી પસાર થતા હોય છે.

મારે આપણે શુભ ચિંતન લેવાનું છે. હવે તેમાં એક વિષય લઈને તેમાં ઉંડા ઉતરતા જઈએ, ચિંતન કરો, ઉહાપો કરો. નવો બોધ થયા કરશે. ધારાબદ્ધ વિચારણાને ચિંતન કહેવાય છે. ધ્યાન કરનારને કલાકો સુધી ચિંતન કરવાની પહેલા ટેવ પાડવી પડશે. તેના વગર ધ્યાનનો દાંચો ગોઠવાતો નથી.

પરમાત્મ તત્વ લો. સ્વસ્થ બની તેના પર ચિંતન કરો, ઉહાપો કરો. કે ભગવાન છે. તમે તેમની ભક્તિ કરો છો. તમે થોડો ટાઈમ મનને સૂચન આપો કે મારે પરમાત્માના ગુણોનુ. તેમના સ્વરુપનું ચિંતન કરવું છે.

પરમાત્મા કેવા છે?
પરમાત્માના ગુણો કયા છે?
પરમાત્માનું સ્વરુપ શું છે?
પરમાત્માના ગુણો કઈ માત્રાના છે?
પરમાત્મ તત્વ અદ્વિતીય કેમ છે?

આમ એક એક મુદ્દા ઉભા કરો અને તેના પર ઉંડા ઉતરતા જાઓ. તેનાથી તમને ખ્યાલ આવશે કે તમે એક જ વિષય પર કેટલો ટાઈમ ચિંતન કરી શકો છો.

સંભા:- સાહેબજી આ બધુ કરવા અમારી પાસે જ્ઞાન નથી.

સાહેબજી:- તેના માટે જ્ઞાન નો જોઈએ જ. તમે જ્યારે એક શુભ વિષયમાં ધારાબદ્ધ વિચારી પણ ન શકો તો સમગ્રતાથી છવાઈ જાય તે રીતે ધ્યાનમાં કઈ રીતે જઈ શકો? તમારે અત્યારે વિષયનું કોઈ અનુસંધાન નથી હોતુ. તમે તે વસ્તુ બહાર ત્યજી પડતી હોય છે. મારે આ ચિંતનની શૈલી નથી.

જેમ કોઈ આત્માનું ચિંતન કરતા હોય ત્યારે વચમાં ટેબલનું ચિંતન ચાલુ થઈ જાય. આ શૃંખલાબદ્ધ વિચારધારા નથી. ભલે તમે પાંચ મિનિટ વિચાર કરો પણ મનને બરાબર સૂચન આપીને કરો. અને તેમાં જો તમારું મન સેટ ન થાય તો શુભધ્યાનમાં કઈ રીતે જશો. શુભધ્યાનમાં તો ૧૦૦% મન પર કાબુ જોઈશે.

ચિંતન એટલે એક જ વસ્તુ પર ધારાબદ્ધ ઉંડાણથી વિચારવાનું છે. ચિંતન કરવું હજુ સહેલુ છે કારણ તેમાં આત્માને એક વિષયમાં નવું નવું જાણવા મળે છે. જેમકે કર્મ.

જો તે વખતે મનનો કાબુ હોય તો કર્મ પર વિચારતાં

કર્મની વ્યાખ્યા શું ?
કર્મનું સ્વરૂપ શું ?
કર્મના ભેદ કેટલા ?
કર્મ બંધાય કઈ રીતે ?
કર્મની અસરો શું ?
તેને ખાખી શકો કઈ રીતે ?

આમ નવુ નવુ સ્ફુરે અને જાણવા મળે. આમ તો મનને કુતુહલ વૃત્તિ હોય છે માટે હજુ ચિંતનમાં મન ટકી જાશે. પણ ભાવનામાં તો એકની એક વાતનું રીપીટીશન કરવાનું છે.

સલાહ:- અમને તો નવું જ જોઈશે

સાહેબજી:- સાચુ કહેજો, તમારા સંસારમાં નવુ નવુ છે કે રીપીટીશન છે? દરરોજ નાહવુ, ખાવુ, પીવુ, ઉંઘવું, વેપાર, ધંધા કરવાના આમ રીપીટીશન જ છે. પીકચરના શોખીનો રોજ પીકચર જુએ છતાં તેને મજા આવે છે ને? તમને સંસારની એકની એક ક્રિયામાં રસ આવે છે. કારણ? તમને ભાવતી વસ્તુ મહિનામાં ૨૫ દિવસ આવો તો પણ ગમે ને? પરંતુ જ્યાં તમને તીવ્ર રસ નથી ત્યાં જ રીપીટીશન ફાવતું નથી.

'સંસારમાં પાંચે ઇન્દ્રિયના ભોગોનું જુવો ત્યાં સુધી કેટલું રીપીટીશન કરી છો. એની એજ કામ-વાસના, એના એજ ભોગો, છતાં કેટલી મજા આવે છે? તમે પૈંડો ૧૦૦ વાર ખાધો હોય અને એજ પૈંડો આપે તો રસ આવે છે. માટે રુચીની ચડાસણી ભાવનામાં જ થાય છે. જેને ભાવના ન ફાવે તે ધ્યાનમાં જઈ શકતો નથી. ત્યાં નવી નવી સીરીયલ્સ નથી ચાલવાની. પણ એક જ વિષયમાં ચેતનાને ઘારાવધ્ધિ ગોઠવવાની છે. મારે ધ્યાનમાં જો વિષયાંતર કરો તો સ્ખલના કહેવાય.

ઘણો શ્રોતાવર્ગ શું કહે કે. વ્યાખ્યાનમાં એકની એક વાત રીપીટ થાય છે. તેમ ક્રિયામાં પણ એકની એક ક્રિયા શું કરવાની? અમને રસ તો નવુ નવુ ભણવામાં, સમજવામાં, નવુ પામવામાં છે.

અમારા તીર્થંકરો, ૧૪ પૂર્વધર ગણધરોએ બતાવેલ ક્રિયામાં જેને રસ ન પડે તેના માટે આગળની ભૂમિકા નથી. જેને ધર્મમાં ખરો સ્વાદ આવ્યો હોય તેને જ તે ધર્મમાં રીપીટીશન ગમે છે.

જેને આત્મા. માટે મહાહિતકારી વાત વારંવાર રીપીટ કરે ને ન ગમે તેને ધ્યાન કઈ રીતે આવશે?' જેને આમાં કંટાળો આવે ત્યાં સુધી તે આગળ વધવાને લાયક નથી. જેમ કલ્પસૂત્ર હજારવાર સાંભળ્યુ મારે જ વ્યાખ્યાન માળામાં જનારા થયા ને? જે પ્રભુ પ્રત્યે પરમપ્રીતિ હોય તો ૧૦૦ વાર સાંભળતાં રુવાડા ઉભા થાય, રોમાંચ થાય. તમારે પીકચરોમાં લવની વાત કેટલી આવે છે છતાં પણ ગમે છે ને? તેમ નોવેલો પણ હજાર વાંચતાં રસ પડે છે. કક્કા ત્યાં તીવ્ર રુચી છે. માટે જ ત્યાં પુનરાવર્તનનો દોષ રહેતો નથી. ૧૪ પૂર્વ ભણેલાને પણ સાર તરીકે ધ્યાન કરવાનું છે.

મારે ધર્મમાં રીપીટીશન આવશે જ. માટે ચિંતન પછી ભાવના કરવાની છે. જે ભણેલુ છે તેની વારંવાર ભાવના કરવાની છે. જે હૃદય સાથે જડાઈ જવી જોઈએ. તમારે સંસારમાં પણ ભોગની પ્રવૃત્તિ જેટલી છે તે વારંવાર વિચારો તો જ તેમાં તમે ઓતપ્રોત વધારે થઈ શકો

છો. રીપીટ કરો તો જ ભાવિત થવાય છે.

તેની જેમ એકની એક વાતને આત્મામાં ભાવિત કરવાની છે. જેમ ૧૨ ભાવનાઓ છે. સંસાર અનિત્ય છે, શરણ્ય તેમાં કોઇનું નથી. આમ બધી ભાવનાઓ ભણી લીધી પણ કાંઇ તેનાથી આત્મા એમનેમ ભાવિત થતો નથી. પણ વારંવાર તેનું પુનરાવર્તન કરતાં એવી અસર નીચે આવી જવાય કે થાય કે આ સંસારમાં ખરેખર કોઇનું શરણ નથી.

અત્યારે ધર્મના વિષયમાં જે જ્ઞાન છે તે બધુ ખાલી માહિતિ રૂપે જ છે. ૧% જ્ઞાન પણ ઇન્ફેક્ટીવ નોલેજ નથી. પણ તે જ્ઞાન જો ચિંતન રૂપે થાય તો અસર થાય અને તે જ જ્ઞાન જો ભાવનારૂપે થાય તો વધારે જોરદાર અસર થાય અને પછી જ આગળના સ્ટેજમાં વધી શકાય.

હવે તમારે ધ્યાનની પ્રેક્ટીસ કરવા માટે આલંબનો ઘણા છે. જેમ કે ગુરૂ, પ્રતિમા, મહાપુરૂષો, તીર્થંકરો, તીર્થો, સાક્ષાત્ તીર્થંકરો આદિ સમવસરણમાં બીરાજમાન છે. આવા ઘણા શુભ આલંબનો લઇ શકાય છે. જેમ નવકારનું આલંબન લીધુ તેમાં એક એક પદ પર ચિંતન કરવાનું છે. પહેલુ પદ લીધુ ત્યારે તેનું જ ચિંતન કરવાનું તેમાં ત્રીજુ કે ચોથુ પદ ના ઘુસી જવું જોઇએ. જે વિષય લીધો હોય તેના ઉંડાણમાં જ આગળ વધવાનું છે. જેમ અરિહંતનું સ્વરૂપ, તેમના ગુણો; તેમનું જીવન, તેમના ભાવો, તેમની સાધના એમ તેના પેટા ભેદોમાં આગળ આગળ ચાલ્યા જવાનું. જો તમે આ રીતે પ્રેક્ટીસ પાડશો તો આગળ વધી શકશો. તમે આ રીતે પ્રેક્ટીસ કરશો તો બુધ્ધિ, પ્રજ્ઞામાં સુબધ્ધતા ચોક્કસ આવશે. મનને ટેવ પડશે. ધ્યાનથી મનોબળ, વિચારશક્તિ, એકાગ્રતા વધે છે. તેનાથી તમને સંસારમાં પણ લાભ થાય છે. તેનો સદ્ ઉપયોગ કરવો કે દુરૂપયોગ કરવો તે જુદી વાત છે.

અત્યારે તમારા મનમાં સુબધ્ધતા નથી કારણ ધ્યાન નથી. માટે

ચિંતન, ભાવના વગરના જીવો સંસારમાં પણ અસ્તવ્યસ્ત જીવનારા હોય છે. શક્તિને પણ કેળવ્યુ ન હોય તો પ્રસંગે તે યોગ્ય રીતે ઉપયોગમાં નથી આવી શકતુ. જ કલાક સળંગ બેસીને કામ કરી શકતા નથી. તેની જેમ અહિંયા પણ મન કેળવવાનું છે. કેળવાયેલુ મન સાધન તરીકે ખૂબ જ ઉપયોગી છે.

સાયન્સ પાસે શુભ અને અશુભ ધ્યાનની વ્યાખ્યા નથી પણ તેઓ ધ્યાનને તો માને છે મારે મોટી મોટી કંપનીઓમાં ધ્યાનની પ્રેક્ટીસ અપાય છે. કારણ તેનાથી સ્ટાફની પ્રોડક્ટીવિટી વધી જાય છે. સ્ટ્રેસમાં આવુ ઘણુ ચાલે છે. ભૌતિક દૃષ્ટિએ ઉપયોગી છે માટે કરે છે, પણ અશુભ ધ્યાન માટે દુર ઉપયોગ છે. પરંતુ મહત્વ છે, લાભ છે માટે કરે છે.

હવે ચિંતનમાં વ્યક્તિ ચિંતન કરે એટલે એ વિષયમાં ખાલી તન્મય થવુ તેમ નથી પણ મૈત્ર્યાદિ શુભ વિચારોથી અંતઃકરણ વાસીત થવું જોઈએ. તેનો અર્થ શું થયો કે તમે સંસારમાં પણ ક્યારે અશુભ ચિંતન કરી શકો કે જ્યારે તમને વિષય, કષાયમાં આસક્તિ હોય, આકર્ષણ હોય, સંસારમાં રસ હોય તોજ તમે સંસારનું ચિંતન કરી શકો છો. જેમ ખાવાનું ચિંતન ક્યારે કરો? જે ખાવામાં આસક્તિ હોય, ટેસ્ટની વૃત્તિ હોય તોજ તે વાનગીઓનું ચિંતન થઈ શકે છે. માટે સંસારમાં પણ ચિંતન કરવા આકર્ષણ, રસ, આસક્તિ, ઈચ્છા. અતુટ જોઈએ છે તેની જેમ અહિંયા પણ આકર્ષણ, ઈચ્છા, રસ, રુચી જોઈએ.

આત્માનું ચિંતન કરવા આત્મામાં રસ જોઈએ. શુભ ચિંતન કરવા માટે સંસારીક ભાવોથી પર થવું જોઈએ. જેટલો ટાઈમ સારા વિચારોમાં રમવું તેટલુ જ ન જોઈએ પણ જેટલો ટાઈમ સંસારના વિષયોથી પર થવુ જોઈએ. તમે ૦।। કલાક પરમાત્માનું ચિંતન

કરવા બેઠા ને વખતે જેટલા જીવો પ્રત્યે ગૌરવતવ કર્યા હોય તેના પ્રત્યે ક્ષમાનો ભાવ ભેગો થશે. નહિતર ચિંતન ન કહેવાય. શાસ્ત્રમાં લખ્યુ છે કે આવુ શુભ ચિંતન કરો તો તેનાથી અસંખ્ય કર્મો ખપે છે. તે એક અદ્ભુત ધર્મ છે. શુભ ચિંતન કર્મની નિર્જરા ને પુણ્યબંધનુ સાધન છે.

હરિભદ્રસૂરિએ "યોગબિંદુ" માં લખ્યુ કે મૈત્ર્યાદિ યુક્ત ભાવોથી ચિંતન તે અધ્યાત્મ કહીએ છીએ.

કહેશો કે અત્યારે આત્માનું કે તપધર્મનું ચિંતન કરવું છે તેમાં ક્ષમાની શું જરુર ? પરંતુ શુભનું ચિંતન કરવું હોય તો શુભભાવો જ ભેગાં થશે. જેમ સંસારમાં પણ તમારે સંસારને અનુરુપ ભાવો ભેગાં થયા છે. માટે શુભ ચિંતન કરતાં પ્રકૃતિમાં અશુભભાવોને કાઢીને. શુભ ભાવોને ગોઠવવાના છે.

જેમ પીકચર જોતા હોય ત્યારે શૃંગારરસથી આકર્ષિત કેમ થાવ છો? કારણ પીકચર જોતા પહેલાં પણ તમે કામરસિક છો. એટલે જ એમાં તમે તલ્લીન થઈ શક્યા. ત્યારે એક વિરાગી આત્માને આવા પ્રોગ્રામ દેખાડો તો કંટાળો આવે, માથુ દુઃખવા આવે કારણ બેકગ્રાઉન્ડમાં તેને રસ નથી, આકર્ષણ નથી, વાસના, વિકાર નથી.

તેમ ધર્મનું ચિંતન પણ ક્યારે થાય ? અહિંયાને અનુરુપ ભાવો પ્રકૃતિમાં વણાય ત્યારે શુભ ચિંતન આવે. ઘણા કહે છે કે ભલે અમે સંસારમાં જે કરતાં હોઈએ તે કરીએ પણ જ્યારે ધર્મમાં આવીએ ત્યારે તેમાં જ એકાકાર થઈ જઈએ છીએ. પણ આ અશક્ય છે. કારણ જેને અશુભ પર રાગ છે ને શુભમાં આવી શકતો નથી. માટે જ પહેલા અન્નકરણમાં હૃદયને શુભ ભાવોથી, મૈત્ર્યાદિ ભાવોથી વાસિત કરવાનું છે.

તેથી કોઈપણ ક્રિયા કરતાં પહેલા "ઈરિયાવહિયં" કરવાના છે. તેમાં જગતના જીવ માત્ર પ્રત્યે ક્ષમા, મૈત્રી આવે, પ્રમોદ ભાવ આવે

જેનાથી હૃદયને વાસીત બનાવાનું છે. માટે ભક્તિ કરતાં ઈરિયાંવહિયં મૂક્યુ છે. ચૈત્યવંદન બોલો ત્યારે સ્તવના થાય છે એટલે મૂળો દ્વારા સ્તવના કરવા માટે પણ ઈરિયાવહિયં મૂક્યુ કારણ શું ?

હૃદયને આ રીતે વાસીત નહિ કરો તો આગળની ભક્તિ, સ્તવના સાથી નહિ થઈ શકે તેમ તમારે પૌષધમાં પણ કેટલીવાર ઈરિયાવહિયં મૂકયા છે.

ઈરિયાવહિયંના પદના ભાવો વિચારો તો ખબર પડે કે આત્માથી જ્ઞાતના જુવ માત્રને નાની મોટી ઘણી આશાતના થયાઈ છે. માટે આ વધી આશાતનાની ક્ષમાપના કરવાની છે.

તમે કોઈને દુઃખ આપો ને તમને શાતા મળે તે કદી બનવાનું નથી. ભલે તમે શાતા ન આપી શકો કે અશાતાને પાછી ન લઈ શકો પણ તેની ખરા હૃદયથી ક્ષમાપના કરી શકો છો જેથી તમારું હૃદય કોમળ થાય. કાઉસગ્ગમાં પણ મહા ઉપકારી તીર્થંકર ભગવંતના ગુણોની સ્તવના કરવાની છે. છતાં પણ તેમાં તમને કંટાળો આવે છે તો સમજવાનું કે સારા પ્રત્યે તમને વિરોધ છે.

. સલા:- જ્ઞાન નથી માટે કંટાળો આવે છે.

સાહેબજી:- અમે તમને કોઈ જ્ઞાન મેળવવાની ના પાડી નથી પણ રસ નથી માટે જ સઝિંયા ભણવાની અરુચી છે. સંસારમાં ઘાટલુ મેળવ્યુ પણ સઝિંયા મેળવવાનું મન નથી કારણ કે એલર્જી છે, એની ઉપયોગીતા, મહત્વ, રસ, આકર્ષણ નથી.

પણ ક્રિયા કરવા મનને ગુણોથી ભાવિત કરવું જોઈએ. અમુક પ્રકારના ગુણોથી જો ભાવિત ન થાય તો તે જુ ચિંતન, ભાવના કરી શકતો નથી.

શરુઆતમાં મનને નવુ નવુ મળે તો જ તે ટકવાનું છે અને પછી જ ભાવનામાં તે સ્થિર થાય છે. માટે પહેલા નવુ, નવુ સમજો, ભણો

અને માટે જ સ્વાધ્યાય આદિ કરવાનો છે. પછી જ તેમાં આગળ વધીને ભાવના કરવાની છે. એકનો એક લોગસ્સ હજાર વાર બોલતાં કંટાળો ન આવે ત્યારે તમે આગળ વધવા માટે યોગ્ય છો. જેમ સંસાર પ્રેમીઓ હજારવાર મળે તો પણ વિયોગ ઈચ્છે ખરા? કારણ - ત્યાં રાગ છે.

પ્રભુ મહાવીરે દીક્ષા લીધી ત્યારે કોઈ બધા શાસ્ત્રોનું તેમને જ્ઞાન મેળવી લીધું નથી. ૧૧ અંગનું તેમને જ્ઞાન હતું. જ્યારે ગજસુકુમારને ૧૪ પૂર્વનું જ્ઞાન હતું. છતાં મહાવીરપ્રભુ દીક્ષા લીધા પછી શાસ્ત્રોનું એક પાનું ભણ્યા નથી. પણ તેનું ચિંતન, ભાવના, અનુપ્રેક્ષા, ધ્યાન કર્યું છે. ચાર સ્ટેજમાં તેઓ ફરતા હતા. ચિંતનથી તેઓ નીચે ના ઉતરે. બધી લીધેલાનું રીપીટીશન જ કરતા.

પ્રભુ તીર્થંકર હોવા છતાં, સમતાની ભૂમિકાને પામેલા હોવા છતાં પણ એકની એક વાતને રીપીટ કરતા હતા કે દેહથી આત્મા ભિન્ન છે છતાં દેહની અસર આત્મા પર થાય છે કે નહિ તેનું ચિંતન તેઓ કરતાં.

ભગવાન અનાર્ય દેશમાં કર્મ ખપાવવા ગયા છે. એમને કર્મ ખપાવવાની ઉતાવળ ન હોય છતાં પણ અનાર્ય દેશમાં કેમ ગયા? સમતાની ચકાસણી કરવા ગયા છે. બીજાનો દેહ પરાયો છે તેમ મારો દેહ પણ સ્વતંત્ર છે. બીજાને ખીલી વાગે તો તેની વેદના જેના દેહને થાય એમ મારા દેહની પણ મને અસર છે કે નહિ? માટે જ્યાં પરિષહ આવે ત્યાં જઈને તેઓ ઉભા રહેતા. તેમ પોતાની સમતાને તેઓ તારવતા હતા.

જે કર્મ ખપી ગયા તો તેમને હર્ષ ન થાય અને જે કર્મ ન ખપે તો તેમને શોક ન થાય. કારણ તેઓ સમતાની ભૂમિકામાં છે.

અત્યારે આપણુ આ સ્ટેજ નથી. આપણે બોલીએ કે આત્મા-દેહ જુદા છે પણ દેહની અસરથી આપણે નિર્લેપ નથી થવાના. જેમના

ને આપણા સ્ટેજમાં ઘણો તફાવત છે.

ભાવનાને ધર્મના પ્રાણ કહ્યા છે માટે જેને પુનરાવર્તન ન ગમે તેને માટે ધર્મ નથી. શું દર વર્ષે આજ કલ્પસૂત્ર, બારસાસૂત્ર સાંભળવાનું ? હવે આવું નહિ થાય ને ? પરંતુ પરંપરાગત વ્યાખ્યાનમાં રસ ઉડી ગયો છે માટે જ તમે બધા વ્યાખ્યાનમાળામાં જતા થઇ ગયા. પરંતુ ભૂતકાળમાં શ્રાવક દરેક શ્રાદ્ધ કલ્પસૂત્રો સાંભળતો. છે બધું કે આ શબ્દના શ્રવણથી મહાલાભ છે. ૧૪ પૂર્વધરોએ રચેલા મહામંગલમય શબ્દો છે. માટે એટલી શ્રદ્ધાથી સાંભળે કે અંદરથી દિલ ભાવીત થાય. ઉપસર્ગ સાંભળતાં અંદરનાં દિલના તાર હલી જાય. દર વર્ષ આ કલ્પસૂત્ર સાંભળતાં પરિણામ વધવા જોઈએ પણ ઘટવા ન જોઈએ.

જેને ધર્મમાં રીપીટીશનમાં રસ નથી તેને ધર્મનો સ્વાદ ચાખ્યો નથી. ભગવાન મહાવીર ૪ મહિના કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા ત્યારે જે બધું ભાવેલું હતું તેનાથી જ વારંવાર આત્માને ભાવીત કરતા.

મારે પહેલા તમને જેટલું ધર્મનું જ્ઞાન છે તેને ચિંતનના સ્ટેજ પર લાવો, પછી ભાવનાના સ્ટેજ પર અને આ સ્ટેજ પાર કરશો પછી જ ધ્યાન આવશે.

પ્રશ્ન:- ધ્યાન કરતાં ધ્યાન બીજે જતું રહે ?

સાહેબજી:- ધ્યાન કરતાં ધ્યાન બીજે જાય તે ઇમપોસીબલ છે. કારણ ચિંતન, મનન, ભાવના પછી ધ્યાન આવે છે. હા, આકસ્મીક કોઇ એવું નિમિત્ત મળે અને ધ્યાન બીજે થાલ્યું જાય તે જુદી વસ્તુ છે પણ એમનેમ ધ્યાન બાજે જાય તે ધ્યાન નથી. પણ બાકી સારા વિચારો છે. તેતો દૂરના ધ્યેયની ભ્રમણા છે. હાઇ લેવલને લો લેવલ તમે માની લીધું છે. જેમ દેહને આત્માને જુદો માનો એટલે શું સમકીત આવી જાય ? દેહ આત્માને જે જુદો માને તે તો આસ્તીક છે મારે બધા આસ્તીક

શું સમઝીની છે?

પણ ધ્યાનને સમજાવવા માટે દૃષ્ટાંત આપવું હોય તો - આ મન-વચન-કાયાની શક્તિ મુખ્યયોગે મળેલી છે. ૭૪ લાખ જીવાયોનિમાં ન મળે તેવી આ શક્તિ છે. હવે તેમાંથી આપણે અમુક ટકા જ વાપરીએ છીએ. સતત સક્રિયતાથી આપણે કામ કરતા નથી. જેમ તમે એમનેમ બેઠા બેઠા ગપ્પા મારો ત્યારે તમારી માનસીક શક્તિ કેટલી રોકેલી હોય? અને તેના બદલે તમારા ઘરમાં કોઈ કોયડો આવે ત્યારે તેને ઉકેલવામાં કેટલી સતેજતા, શક્તિ વાપરશો. તેમ ઉંઘમાં પણ સતેજતા ઓછી હોય છે માટે બધે સમાન સતેજતા નથી.

તેમ શારીરીક ક્રિયામાં પણ તમે પથારીમાં પડ્યા છો ત્યારે શારીરક રીતે ક્રમાણે ચાલે છે એટલે હાર્ટ, કીડની ચાલુ છે. માટે તે વખતે તમે શરીરથી સાવ નિષ્ક્રિય નથી. તેમ સુવામાં દ્વાર થઈ સુઓ ત્યારે કેટલી સક્રિયતા બેઠા થાઓ ત્યારે? પછી ઉભા થાઓ ત્યારે? પછી ચાલવા લાગો ત્યારે, અને આગળ વધીને ઝડપથી ચાલો ત્યારે? અને પછી દોડો ત્યારે? અને મુઠ્ઠીવાળીને દોડો ત્યારે? માટે જેમ પુરુષાર્થ વધે તેમ શરીરની સક્રિયતા વધે છે.

તેમ ધ્યાનમાં મન-વચન-કાયાના યોગની સક્રિયતા છે. અત્યારે તો જીવનમાં આપણે સાવ મોંદલા કરતા હોઈએ છીએ. માટે મન-વચન-કાયાની શક્તિ ઘણી જ આઈડીયલ પડેલી હોય છે. જ્યારે ધ્યાનમાં શક્તિ આઈડીયલ પડેલી ન હોય.

સભા:- ધ્યાનમાં મન-વચન-કાયયોગ કઈ રીતે?

સાહેબજી:- ધ્યાનમાં ત્રણે યોગ સતેજ છે. તમે સૂક્ષ્મ વચનયોગને સમજો. કોન્સ્ટ્રેશનમાં લોગસ્સ ગણતાં હોવ ત્યારે હોઠ પણ ફફડાવાય નહિ, જીભ હલાવાય નહિ, માટે તે વખતે વ્યક્ત વાણીનો ઉચ્ચાર ન હોય. પણ

અંદરમાં જ્યારે ગણો છો ત્યારે લોગસ્સના શબ્દો આંતરધ્વની રૂપે પેદા થાય છે. તે તમે પોતે સાંભળી શકો છો. માટે તેનો અર્થ શું કે વાણીનો પ્રયોગ ચાલુ છે. માધ્યમમાં વાણીનો પ્રવાહ ચાલુ છે સૂક્ષ્મ નાદ રૂપે. અને તેને આપણે પરાધ્વની કહીએ છીએ. આમ બધા યોગની અસરો બતાવી છે.

શ્રાવ્ય ધ્વની કરતાં અશ્રાવ્ય ધ્વનીની દસ્તરો ગણી તાકાત હોય છે. અત્યારે તમારે જોરથી અવાજ કરીને ભીંતમાં તીરાડ પાડવી હોય તો તમે ના કરી શકો. પણ શાસ્ત્રોમાં છે કે મહાવીર પ્રભુને કાનમાંથી ખીલા કાઢ્યા તે પ્રબળ ઉપસર્ગ હતો. તેમાં પારાવાર વેદના થઈ છે. તેના જેવી વેદના ક્યારેય ઉપસર્ગમાં નથી થઈ. પગમાં ખીર રાંધે છે ત્યારે પણ નહિ. પણ આ વેદના વખતે પણ ધ્યાનમાં છે. છતાં અસહ્ય વેદના થતાં તેમને ચીસ નીકળી ગઈ અને જેનાથી પર્વતની શીલા ફાટી ગઈ, સમુદ્રો ખળભળી ગયા. સ્થુલ ધ્વનીમાં પણ આટલી તાકાત છે તો સૂક્ષ્મ ધ્વનીમાં તો કંઈ ઘણી તાકાત છે.

વાસુદેવો શંખનાદ કરે ત્યારે સામુ સૈન્ય બેભાન થઈને પડી જાય. પણ આપણી પાસે આવી શક્તિ નથી. કારણ અત્યારે આપણી પાસે તે સંઘયણ નથી.

અત્યારે વિજ્ઞાન પણ સૂક્ષ્મ ધ્વનીની તાકાત બતાવતાં કહે છે કે- ન હોય તેવા પ્રકારનો અશ્રાવ્ય ધ્વની જો આજુબાજુ ફેલાવે તો આખુ મકાન તૂટીને કાટમાળમાં ફેરવાઈ જાય.

તમારા જાપનું ફળ કેમ નથી મળતુ. અત્યારે તમારો જાપ નાદ રૂપે છે? અત્યારે ઘણા જ હોઠ ફફડાવીને જ જાપ કરતાં હોય છે. માટે જ ફળ મળતુ નથી. ધ્વનીના વૈખરી, મધ્યમા આદિ ભેદો શાસ્ત્રોમાં પાડેલા છે.

<u>સભા:-</u> પ્રાણાયામ જરૂરી ખરું?

સાઈબમુઃ- બધા સાધક માટે પ્રાણાયામ જરૂરી નથી.

અત્યારે ઘણા જ કલાક પલાંઠી વાળીને બરાબર બેસી શકતાં હોય છે. જ્યારે ઘણાને વા, સાંધાની તકલીફ હોવાના કારણે દવા લઈને રોગ કાઢવો પડે છે તો શું બધાને દવા લેવી પડે? માટે બધાને પ્રાણાયામ જરૂરી નથી. પણ જેનું મન સ્થિર ના રહેતું હોય તેના માટે છે. હકીકતમાં ધ્યાનમાં જવું હોય તેને શુભ આલંબન લઈ ચિંતન ચાલુ કરવાનું છે તેના માટે જે સ્થાન સારુ લાગે તે પસંદ કરી લેવાનું છે તે સ્થાને બેસીને તમને ગમે તેવો શુભ વિષય, જેમાં માહિતિ તમને વધારે હોય તે પસંદ કરવાનો. તેમાં તમે આંખો મીંચીને કરો કે આંખો ખુલ્લી રાખીને કરો પણ વિષય શુભ લેવાનો. જેમાં તમને ભાવોની અભિવૃદ્ધિ થાય. આજ ધ્યાનમાં જવાનો રાજમાર્ગ છે. બેકલા મનનો ઉપયોગ તે ધ્યાન નથી. પણ મન-વચન-કાયાનો સમગ્રતાથી ઉપયોગ તેનું નામ ધ્યાન છે. અત્યારે આપણે ઈન એક્ટીવ ઘણા જ છીએ. આમ શક્તિ ઘણી જ છે પણ ઉપયોગ રુપે પ્રવર્તમાન ઓછી છે

સામાન્ય રીતે મોટા માણસ શું કહે કે ઉઠાતું નથી, ચલાતુ નથી, ટેકો આપજો તો જ ઉઠી શકીશ, ચાલવા પણ લાકડી જોઈશે. મારે કોઈ દોડવાનું કહેતો તે ના જ પાડી બેસે.

એક વખત એક સાઈકીયાટ્રીસ્ટ ડોક્ટરે પ્રયોગ કરેલો.

પેશન્ટો કહે કે ડોક્ટર અમારાથી ચલાતુ નથી, ઉભા નથી થવાતુ. ત્યારે ડોક્ટર કહે કે કસરત કરો. ડોક્ટરને વિચાર આવ્યો કે આ લોકો મનથી ભાંગી પડ્યા છે કે વાસ્તવમાં જ ફીપલ છે. તે જાણવા તેમને પ્રયોગ નરીકે કહ્યુ કે મકાનમાં આગ લાગી છે માટે દોડો. હવે આ વખતે પથારીમાંથી ઉભા નહિ થનારા ભાગવા માંડ્યા. કંપાઉન્ડની બહાર પહોંચી ગયા. ડોક્ટરે તેમને પૂછ્યુ કે તમને અહિંયા કોણ લાવ્યુ? માટે હકીકતમાં મેદ્ર ઘણી જ તાકાત છે.

તેની જેમ આપણે ભુવનમાં ૧૦૦% શક્તિને વાપરી નથી કરતા જ્યારે ધ્યાનમાં તો બધી શક્તિ કામે લગાડવાની છે.

ધ્યાનમાં પરિશ્રમ તીવ્ર છે, રીલેક્સેશન નથી, ક્ષપકશ્રેણિ માંડનારને થાક કેટલો લાગે ખબર છે ? સ્વયંભૂ સમુદ્ર કોઈ માણસ દ્વારથી તરે તેને જેટલો થાક લાગે તેના કરતાં અધિક થાક ક્ષપકશ્રેણિ માંડનાર શુક્લ ધ્યાનના બે પાયા પાર કરનારને લાગે છે. તે વખતે વીર્યનો ધોધ વહે છે. માટે આવા ઉંચા ધ્યાનમાં જવા માટે પહેલું સંઘયણ બળ જોઈએ. તીવ્ર ભાવો કરવા માટે પણ શરીરબળ જોઈએ. અત્યારે સાતમી નરકે નથી જવાનું કારણ એને અનુરુપ એવા અશુભ ભાવો કરવાની શક્તિ નથી.

એક કાકા અને ભત્રીજો સાથે રહેતા હતા. તેમને એક વખત સખત ઝઘડો થયો. મારામારી પર આવી ગયા. તેમાં કાકાને એટલો આવેશ આવ્યો કે તેમાં તેમનું હાર્ટફેઈલ થઈ ગયું. આ રીતે મર્યા હશે તો તેમનું પરલોકમાં શું થયું હશે. આવા કેસમાં જો તીવ્ર ધર્મશ્રદ્ધા હોય તો બચાવ થઈ ગયા પણ જો ધર્મી ના હોય તો તેને તો સદ્ગતિ ના જ મળે. શુભને અશુભ ભાવો પણ સહન કરવાની શરીરમાં શક્તિ હોવી જોઈએ.

માટે ધ્યાનમાં શરીરબળ પણ વપરાય છે. ત્રણે પ્રકારના યોગની સક્રિયતાની જરુર છે. અને આને આપણે છદ્મસ્થ ધ્યાનની અવસ્થા કહીએ છીએ. અત્યારે શુક્લધ્યાન નથી માત્ર ધર્મધ્યાન છે. તેમાં પણ લાખ્યો ભેદ છે. પણ સેન્ટર લાઈન નહીં કે

આજ્ઞા વિચય
અપાય "
વિપાક "
સંસ્થાન " આ ચાર પ્રકારના ધ્યાન

ઉપયોગી ને મહત્વના છે.

આજ્ઞા વિચય એટલે તીર્થંકરની આજ્ઞા શું છે તેનું ઉંડાણથી ધ્યાન કરવું. એ દુ ઝેડ આજ્ઞા શું છે તે ખબર હોવી જોઇએ. આ બહુ જ વિસ્તૃત વિષય છે. ખાલી આના પર ૪ મહિના સુધી પણ ધ્યાન કરી શકાય.

સભા:- "ગીતાર્થ ગંગા" માંથી આના પર પુસ્તકો આવશે?

સાહેબજી:- હા, ચોક્કસ આવશે. ધ્યાનમાર્ગ સાંગોપાંગ આવશે.

અપુનર્બંધક અવસ્થાથી માંડીને શૈલેષીકરણની અવસ્થા સુધી પ્રભુની શું આજ્ઞા છે તેનું નામ આજ્ઞા વિચય.

ભગવાનની આજ્ઞા સંયોગ ભેદે, વ્યક્તિ ભેદે, ભૂમિકા ભેદે બદલાય છે. માટે આજ્ઞામાં ઘણુ વ્યાપક, વૈવધ્યિ છે. જિનઆજ્ઞા સમજવી રમત વાત નથી. દા.ત. અન્ય ધર્મમાં રહેલ મુમુક્ષુ આત્મા હોય તેને મહાદેવની પૂજા કરવી એવી આજ્ઞા છે જ્યારે તમારા માટે આવી આજ્ઞા નથી. તમે મુમુક્ષુ હોવ તો પણ. પરંતુ તમારા માટે જુદી આજ્ઞા આવશે. માટે જિન આજ્ઞા સમજવા વિવેકની, મહાબુદ્ધિની જરૂર છે.

હિંસા ક્યાં કરવી
અહિંસા ક્યાં કરવી
રાગ દ્વેષ ક્યાં કરવા
રાગ દ્વેષ ક્યાં છોડવા
સદાચાર ક્યાં પાળવા આમ બધો ખ્યાલ જોઇએ.

ભગવાન ૧૨।। વર્ષમાં એક અક્ષર ભણ્યા નથી. તો તેમણે શું કર્યુ? તેઓ પારણાના દિવસે ૨૧ કલાક ધ્યાન કરતાં, આમનો ૨૪ કલાક ધ્યાનકરતાં. જે આમાં ઉતરે તેને બીજે ક્યાંય પછી આનંદ ન આવે. આ ચાર ધ્યાન વિશ્વવ્યાપી છે.

ધ્યાનનું ફળ સમાધિ છે. ધ્યાનની પરાકાષ્ઠા આવે ત્યારે સમાધિ આવે. તમારા આત્મામાંથી વિષય-કષાયનો ક્ષયમાંથી વિચ્છેદ થયો - જેનાથી આત્માને સમાધિ મળી.

મોક્ષમાર્ગમાં આવેલ જીવો સમાધિમરણને પામે છે.

જ્યારે શુભલેશ્યા તો મોક્ષમાર્ગની બહાર રહેલા જીવો પામી શકે છે. મોક્ષમાર્ગની બહાર રહેલાની સદ્ગતિ થાય તે શુભલેશ્યાથી થાય છે. તે દ્રવ્ય સદ્ગતિ છે. મોક્ષમાર્ગમાં રહેલાનું જે સમાધિ મરણ થાય તે સાચી સદ્ગતિ છે.

<u>સવા</u>:- સમાધિ પામેલા પ્રભુ પાર્શ્વનાથનો જીવ દુર્ગતિમાં કેમ ગયો ?

<u>સાહેબજી</u>:- પાર્શ્વનાથ પ્રભુનો જીવ મરીને હાથીના ભવમાં ગયો કારણ તે વખતે કમઠે શું કરેલું ? તેઓ જ્યારે ક્ષમા માંગવા ગયા ત્યારે પથરો મસ્તકમાં મારીને તેમને મારી નાંખ્યા. હવે તે વખતે તેમને વિચલતા આવી. ગંદ તે સમાધિ હારી ગયા.

માટે મોક્ષમાર્ગમાં જીવ હોવા છતાં આર્તધ્યાનના કારણે દુર્ગતિ પામી શકે છે.

જ્યારે દ્રવ્ય સદ્ગતિથી આત્મ કલ્યાણ થતું નથી. અનંતીવાર આપણે દેવલોકમાં જઈ આવ્યા. પણ આત્મકલ્યાણનું સાધન બને તેવું નહોતું. કારણ તે દ્રવ્ય સદ્ગતિ હતી.

ભાવ સદ્ગતિ એટલે અધ્યાત્મ સાથેની સદ્ગતિ.

શ્રેણિક મહારાજને ભાવથી સદ્ગતિ છે દ્રવ્યથી દુર્ગતિ છે. તેમને માટે આ દુર્ગતિથી આત્માને નુકશાન થવાનું નથી. કારણ ? જેમ ચોખા બે પ્રકારના હોય છે. તેમાં સ્ફટીક જેવા હોય છે તેમને રાંધો તો રંધાય ખરા ? જે વજ્રતંદુલ છે તેમ સમ્યગ્દૃષ્ટિ કેવો હોય કે તે દુર્ગતિમાં જાય ત્યારે તેના શરીર, મન, દેહને દુનિયાના દુઃખો

અસર કરી શકે પણ તેના આત્માને કોઇ અસર ના કરી શકે.
દુઃખ ન આપી શકે) અને તેને ભાવથી સદ્‌ગતિ કહેવાય છે.